ન્યાયવિશારદ ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજય
ઉપાધ્યાય વિરચિત

# જ્ઞાનસાર

[સ્વોપજ્ઞ ભાષાર્થના અનુવાદ સહિત]

સંપાદક:
પંડિત ભગવાનદાસ હરખચંદ

પ્રકાશક:
શ્રી જૈન પ્રાચ્ય વિદ્યાભવન
૪૫, જૈન સોસાયટી-અમદાવાદ.

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજય
ઉપાધ્યાય વિરચિત

# જ્ઞાનસાર

[સ્વોપજ્ઞ ભાષાર્થના અનુવાદ સહિત]

સંપાદક :
પંડિત ભગવાનદાસ હરખચંદ

પ્રકાશક :
ભોગીલાલ બુલાખીદાસ દલાલ
મંત્રી : પ્રકાશન વિભાગ
શ્રી જૈન પ્રાચ્ય વિદ્યાભવન
૪૫, જૈન સોસાયટી, અમદાવાદ.

( બીજી આવૃત્તિ )

વીર સંવત ૨૪૭૭ વિ. સંવત ૨૦૦૭

કિં. રૂા. ૨-૦-૦

મુદ્રક: મગનભાઈ છોટાલાલ દેસાઈ વીરવિજય
પ્રિન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ, અમદાવાદ.

# સંક્ષિપ્ત વિષયાનુક્રમ


| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ પૂર્ણાષ્ટક | ૧ | ૧૭ નિર્ભયાષ્ટક | ૧૦૧ |
| ૨ મગ્નાષ્ટક | ૯ | ૧૮ અનાત્મશંસાષ્ટક | ૧૦૬ |
| ૩ સ્થિરતાષ્ટક | ૧૭ | ૧૯ તત્વદૃષ્ટિ અષ્ટક | ૧૧૧ |
| ૪ મોહત્યાગાષ્ટક | ૨૨ | ૨૦ સર્વસમૃદ્ધયષ્ટક | ૧૧૫ |
| ૫ જ્ઞાનાષ્ટક | ૨૯ | ૨૧ કર્મવિપાકચિન્તનાષ્ટક | ૧૨૦ |
| ૬ શમાષ્ટક | ૩૫ | ૨૨ ભવોદ્વેગાષ્ટક | ૧૨૪ |
| ૭ ઈન્દ્રિયજયાષ્ટક | ૪૧ | ૨૩ લોકસંજ્ઞાત્યાગાષ્ટક | ૧૨૯ |
| ૮ ત્યાગાષ્ટક | ૪૭ | ૨૪ શાસ્ત્રાષ્ટક | ૧૩૩ |
| ૯ ક્રિયાષ્ટક | ૫૫ | ૨૫ પરિગ્રહાષ્ટક | ૧૩૮ |
| ૧૦ તૃપ્ત્યષ્ટક | ૬૧ | ૨૬ અનુભવાષ્ટક | ૧૪૩ |
| ૧૧ નિર્લેપાષ્ટક | ૬૬ | ૨૭ યોગાષ્ટક | ૧૪૮ |
| ૧૨ નિઃસ્પૃહાષ્ટક | ૭૧ | ૨૮ નિયાગાષ્ટક | ૧૫૯ |
| ૧૩ મૌનાષ્ટક | ૭૫ | ૨૯ પૂજાષ્ટક | ૧૬૫ |
| ૧૪ વિદ્યાષ્ટક | ૮૨ | ૩૦ ધ્યાનાષ્ટક | ૧૬૯ |
| ૧૫ વિવેકાષ્ટક | ૮૯ | ૩૧ તપોષ્ટક | ૧૭૪ |
| ૧૬ માધ્યસ્થાષ્ટક | ૯૪ | ૩૨ સર્વનયાશ્રયણાષ્ટક | ૧૭૯ |
| | | ૩૩ ઉપસંહાર અને પ્રશસ્તિ | ૧૮૫ |


## પરિશિષ્ટ


આત્મજ્ઞાનનાં સાધન ૧૯૯—૨૩૧ સ્વાનુભવ કથન ૨૩૨—૨૪૭

શુદ્ધિપત્ર ૨૪૮

आ. श्री कैलाससागर सूरि ज्ञानमंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा
जि. गांधीनगर. पिन-382009



પંડિત ભગવાનદાસ હરખચંદ

જન્મ સં. ૧૯૪૫ અવસાન સં. ૨૦૦૫

શ્રાવણ સુદિ ૧૦

# પ્રસ્તાવના

આ જ્ઞાનસારના કર્તા ન્યાયવિશારદ અને ન્યાયાચાર્ય ઉપાધ્યાય શ્રીયશોવિજયજી ગણી છે. તેમના સંબંધમાં અનેક પ્રકારની કિંવદન્તીઓ પ્રચલિત હતી, પરન્તુ જ્યારથી તેઓના સમકાલીન શ્રીકાન્તિવિજયગણિએ રચેલો સુજસ-વેલી ભાસ મળી આવ્યો ત્યારથી તેમના જીવન સંબન્ધી થોડી પણ પ્રામાણિક હકીકત જાણવામાં આવી છે અને એમના જીવન સંબન્ધે અનેક કિંવદન્તીઓ ખોટી સાબીત થઇ ચૂકી છે. તે ભાસને અનુસરી તેમનું સંક્ષિપ્ત જીવન-ચરિત્ર અહીં આપવામાં આવ્યું છે.

ગુજરાતમાં પાટણની પાસે કનોડું ગામ છે. ત્યાં નારાયણ નામે વેપારી રહેતો હતો. તેને સોભાગદે નામે પત્ની હતી. તેઓને જસવંત અને પદ્મસિંહ નામે બે પુત્રો હતા. તેમાં જસવંત બાલ્યાવસ્થામાં જ ઘણો બુદ્ધિમાન હતો. જ્યારે શ્રીનયવિજયજી પાટણની પાસેના કુણગેર ગામમાં ચાતુર્માસ કરી સંવત ૧૬૮૮ માં કનોડે આવ્યા ત્યારે બન્ને કુમારો માતાની સાથે સદ્ગુરુના ચરણવન્દન કરવા ગયા અને ગુરુના ઉપદેશથી વૈરાગ્યને પ્રાપ્ત થઇ જસવંત કુમારે પાટણ જઇ ગુરુ શ્રીનયવિજયજી પાસે વિ. સં. ૧૬૮૮ માં ચારિત્ર અંગીકાર કર્યું. તેમનું નામ 'યશોવિજય' અને તેમનો બીજો ભાઈ પદ્મસિંહ હતો તેણે પણ તે પ્રસંગથી પ્રેરિત થઇ દીક્ષા

લીધી અને તેમનું નામ 'પદ્મવિજય' રાખ્યું. તે બન્નેની વડી દીક્ષા પણ તે જ સાલમાં તપગચ્છના આચાર્ય વિજય-દેવસૂરિને હાથે આપવામાં આવી. તેઓએ યોગોદ્વહન કરતાં સામાયિકાદિ સૂત્રનો અભ્યાસ કર્યો.

સંવત ૧૬૯૯ માં યશોવિજયજી ગુરુની સાથે અમદાવાદ આવ્યા અને સંઘસમક્ષ આઠ મહા અવધાન કર્યા. તે સમયે અમદાવાદના શ્રેષ્ઠિવર્ય શાહ ધનજી સૂરાએ ગુરુ શ્રીનયવિ-જયજીને વિનંતિ કરી કે 'યશોવિજયજી' વિદ્યાનું યોગ્ય પાત્ર છે, તેથી કાશી જઇને ષડ્દર્શનનો અભ્યાસ કરે તો બીજા હેમચાર્ય થાય અને જૈનમાર્ગની પ્રભાવના કરે. ગુરુએ ધનજી સૂરાનું આ વચન સાંભળીને કહ્યું કે આ કામ ધન-સાધ્ય છે, કારણ કે અન્યમતિ પંડિતો વિના સ્વાર્થે પોતાના શાસ્ત્રનો અભ્યાસ ન કરાવે. આ પ્રમાણે ગુરુનું વચન સાંભળી ધનજી સૂરાએ ખુશ થઇને કહ્યું કે હું તે કાર્યમાં બે હજાર રૂપિયા આપીશ અને ભણાવનાર પંડિતનો પણ સત્કાર કરીશ.

એમ ધનજી સૂરાની વિનંતિ માન્ય કરી પં. નય-વિજયજીએ યશોવિજયજી સાથે કાશી તરફ પ્રયાણ કર્યું. પાછળથી ધનજી સૂરાએ હુંડી લખીને સહાય માટે રૂપિયા મોકલી આપ્યા.

કાશી દેશમાં વારાણસી નગરી છે, જ્યાં ક્ષેત્રના ગુણને લીધે સરસ્વતીએ વાસ કર્યો છે. ત્યાં તાર્કિક શિરોમણિ ષડ્દર્શનના રહસ્યને જાણનારા ભટ્ટાચાર્ય રહેલા હતા. તેમની

પાસે સાતસો શિષ્યો મીમાંસાદિ શાસ્ત્રોનો અભ્યાસ કરતા હતા. તેમની પાસે યશોવિજયજીએ ન્યાય, વૈશેષિક, સાંખ્ય બૌદ્ધ અને મીમાંસા શાસ્ત્રનો તથા ભટ્ટ અને પ્રભાકરના મતનો અભ્યાસ કર્યો એટલું જ નહિ, પણ નવીન તર્કશાસ્ત્રમાં ચિન્તામણિ પ્રમુખ ગ્રન્થો શિખ્યા. પંડિતને હમેશાં એક રૂપીયો આપવામાં આવતો હતો. એમ ત્રણ વરસ સુધી નિરંતર રસપૂર્વક અભ્યાસ કર્યો. તેવામાં એક વિદ્વાન્ સંન્યાસી વાદ કરવા માટે ત્યાં આવ્યો. યશોવિજયજીએ વિદ્વાનો સમક્ષ તેને વાદમાં જીતી લીધો અને પંડિતોએ તેમને ન્યાયવિશારદનું બિરુદ આપ્યું. ત્યારબાદ તેમને ન્યાયાચાર્યની પદવી મળી. પરન્તુ તેનો ઉલ્લેખ સુજસવેલી ભાસમાં મળતો નથી, તો પણ જૈન તર્કભાષાની પ્રશસ્તિમાં 'સો ગ્રન્થોની રચના કર્યા બાદ તેમને ન્યાયાચાર્ય પદ મળ્યું, એવો સ્પષ્ટ ઉલ્લેખ[1] તેમણે પોતે જ કર્યો છે. તથા ખંભાતથી જેસલમિરના શ્રાવક હરરાજ અને દેવરાજ ઉપર લખેલા પત્રમાં પણ જણાવ્યું છે કે "ન્યાયાચાર્ય બિરુદ તો ભટ્ટાચાર્યે ન્યાયગ્રન્થ રચના કરેલી દેખી પ્રસન્ન થઈને આપ્યું છે."

આવી રીતે કાશીમાં ત્રણ વરસ રહી યશોવિજયજી

---

૧ पूर्वं न्यायविशारदत्वबिरुदं काश्यां प्रदत्तं बुधैः–
न्यायाचार्यपदं ततः कृतशतग्रन्थस्य यस्यार्पितम् ।
शिष्यप्रार्थनया नयादिविजयप्राज्ञोत्तमानां शिशुः
तत्त्वं किञ्चिदिदं यशोविजय इत्याख्याभृदाख्यातवान् ॥

આગ્રા આવ્યા અને ત્યાં ન્યાયાચાર્યની પાસે ચાર વરસ પર્યંત તર્કશાસ્ત્રના કઠણ ગ્રન્થોનો વિશેષ અભ્યાસ કર્યો. તેમનો આગ્રાના સંઘે ખૂબ સત્કાર કર્યો. આગ્રાથી નીકળી તેઓ અનેક વાદીઓને વાદમાં જીતતાં અમદાવાદ પધાર્યા અને નાગોરી સરાહના ઉપાશ્રયમાં ઉતર્યા તેમની વિદ્વત્તાની કીર્તિ ચો તરફ પસરી. આ વાત ગુજરાતના સુબા મહોબતખાને સાંભળી અને તાર્કિકપ્રવર યશોવિજયજીને જોવાની તેને ઈચ્છા થઈ. તેના આમન્ત્રણથી યશોવિજયજી રાજસભામાં ગયા. અને મહોબતખાનના કહેવાથી ત્યાં તેમણે અઢાર અવધાન કર્યાં. મહોબતખાન ખુશ થયો અને તેણે તેમની બુદ્ધિની પ્રશંસા કરી તથા વાજતે ગાજતે તેમને પોતાના સ્થાનકે પહોંચાડયા અને જૈનશાસનની પ્રભાવના થઈ.

ત્યાર બાદ સકલ સંઘે મળીને ગચ્છપતિ વિજયદેવસૂરિને શ્રીયશોવિજયજીને ઉપાધ્યાય પદવી આપવાની વિનંતિ કરી અને ગચ્છપતિએ પણ તેમની યોગ્યતા જાણી ઉપાધ્યાય પદવી આપવાનો મનમાં નિશ્ચય કર્યો. ત્યારબાદ યશોવિજયજીએ વીશ સ્થાનકનું તપ વિધિપૂર્વક કર્યું અને સં. ૧૭૧૮ માં વિજયપ્રભસૂરિએ તેમને ઉપાધ્યાય પદવી આપી.

સં. ૧૭૪૩ માં ઉપાધ્યાયજી ડભોઈમાં ચાતુર્માસ રહ્યા અને અનશન કરી સ્વર્ગે ગયા. જે સ્થળે તેમના શરીરને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો તે સ્થળે સં. ૧૭૪૫ માં તેમની પાદુકા સ્થાપન કરવામાં આવી.

સુજસવેલી ભાસમાં યશોવિજયજીની જન્મની સાલ આપવામાં આવી નથી, પરન્તુ તેમણે સં. ૧૬૮૮ માં દીક્ષા લીધી હતી અને તે સમયે તેમની ઉમર લગભગ ૧૩ વરસની હોવી જોઈએ અને તેમના નાના ભાઈ પદ્મસિંહની ઉમર દસ વરસની હોય તો વિ. સં. ૧૬૭૫ની આસપાસ તેમનો જન્મ સંભવે અને ૧૭૪૩ માં કાળધર્મને પ્રાપ્ત થયા, તેથી તેમનું જીવન લગભગ અડસઠ વરસનું કહી શકાય.

સુજસવેલી ભાસમાં "શ્રીમદ્ યશોવિજયજીએ કાશીમાં રહી ત્રણ વરસ પર્યન્ત ન્યાય વગેરે શાસ્ત્રનો અભ્યાસ કર્યો અને સમર્થવાદીને વાદમાં જીતી ન્યાયવિશારદ પદ પ્રાપ્ત કર્યું. ત્યારબાદ તુરત આગ્રા આવ્યા અને ત્યાં ચાર વરસ પર્યંત તર્કશાસ્ત્રનો સવિશેષ અભ્યાસ કર્યો" તેવો ઉલ્લેખ છે, પરંતુ જૈન તર્કપરિભાષાની પ્રશસ્તિમાં તેઓએ લખ્યું છે કે "કાશીમાં પૂર્વે ન્યાયવિશારદ બિરુદ પંડિતોએ આપ્યું ત્યાર બાદ સો ગ્રન્થોની રચના કર્યા પછી ન્યાયાચાર્ય પદ-મળ્યું" તેની સાથે મેળ બેસતો નથી. જો તેઓ કાશીમાં ત્રણ જ વરસ રહ્યા હોય તો તેમણે સો ગ્રન્થોની રચના કરીને ન્યાયાચાર્યપદ ક્યારે મેળવ્યું એ પ્રશ્નનો ખુલાસો થઈ શકતો નથી. બીજું જેસલમિરના શ્રાવક હરરાજ અને દેવરાજ ઉપર લખેલા પત્રમાં તેઓ લખે છે કે "ન્યાયાચાર્ય બિરુદ તો ભટ્ટાચાર્યે ન્યાયગ્રન્થ રચના દેખી પ્રસન્ન થઈને આપ્યું છે" તેથી નિશ્ચિત થાય છે કે ન્યાય-

વિશારદ અને ન્યાયાચાર્ય બન્ને બિરુદ તેમનો કાશીમાં મળેલાં હતાં અને ન્યાયાચાર્ય બિરુદ તો સો ગ્રન્થોની રચના કર્યા બાદ મળ્યું હતું. જો કાશીમાં માત્ર ત્રણ વરસ જ રહ્યા હોય તો ન્યાયગ્રન્થોની રચના કરવાનો સમય રહેતો નથી. તેથી કાશીમાં સો ગ્રન્થોની રચના કરતાં ઓછામાં ઓછા બીજા ત્રણ વરસ રહ્યા હોય. એકંદર કાશીમાં છ વરસ રહ્યા હોય તો જ ઉપરની હકીકતનો પરસ્પર મેળ બેસે છે. ત્યાર બાદ આગ્રામાં ચાર વરસ રહી તર્કશાસ્ત્રના ગ્રન્થોનું સવિશેષ અવગાહન કર્યું હોય એ બનવા જોગ છે. વળી તેઓ ઘણા ગ્રન્થોની પ્રશસ્તિમાં પોતે કાશીનો જ ઉલ્લેખ કરે છે તેથી તેઓ આગ્રા કરતાં કાશીમાં વધારે રહ્યા હોય તેમ સંભવ છે. પરંતુ ભાસમાં શ્રીકાન્તિવિજયજીએ કાશીમાં ત્રણ વરસ રહ્યાનો ઉલ્લેખ કરેલો છે તે ન્યાયવિશારદ પદ મળ્યા બાદ ત્રણ વરસ રહ્યાનો હોય તેમ માનવામાં અડચણ આવતી નથી.

શ્રીયશોવિજયજી આગ્રાથી અમદાવાદ આવ્યા તે વખતે અમદાવાદમાં ગચ્છાધિપતિ વિજયદેવસૂરિ વિરાજમાન હતા. ત્યાંના સંઘે વિજયદેવસૂરિને શ્રી યશોવિજયજીને ઉપાધ્યાય પદવી આપવાની વિનંતિ કરી અને તેમણે ઉપાધ્યાય પદ આપવાનું યોગ્ય ધાર્યું, છતાં તેઓને સં. ૧૭૧૮ માં વિજયપ્રભસૂરિએ ઉપાધ્યાય પદવી આપી. તેનું કારણ એ હોવું જોઇએ કે વિજયદેવસૂરિ ૧૭૧૩માં ઉનામાં કાળધર્મ પામ્યા, તે પહેલાં વિ. સં. ૧૭૧૨ ની આસપાસના સમયમાં અમદાવાદના સંઘે વિજયદેવસૂરિને વિનંતિ કરી

હોય, પરંતુ ૧૭૧૩ માં તેઓ સ્વર્ગસ્થ થયા હોવાથી ઉપાધ્યાયપદ આપવાનું મુલતવી રહ્યું અને ત્યાર બાદ વિજયપ્રભસૂરિએ વિ. સં. ૧૭૧૮ માં ઉપાધ્યાય પદવી આપી.

ઉ૦ યશોવિજયજી વિજયહીરસૂરીશ્વરના શિષ્ય મહોપાધ્યાય કલ્યાણવિજયગણિના શિષ્ય પં. લાભવિજયગણિના શિષ્ય પં. જિતવિજયજીના ભ્રાતા પં. નયવિજયગણિના શિષ્ય થાય. તેઓ પ્રખર તાર્કિક, શાસ્ત્રજ્ઞ તથા સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના મહાન્ વિદ્વાન હતા. તેમણે તર્ક, આગમ, અધ્યાત્મ અને યોગના વિષય ઉપર સેંકડો ગ્રંથોની રચના કરી હતી. ગુજરાતી ભાષામાં પણ દ્રવ્યગુણપર્યાયનો રાસ વગેરે ગ્રન્થો રચ્યા છે એટલું જ નહિ, પરંતુ બાલ જીવોને પણ ઉપયોગી પદો, સજ્ઝાય અને સ્તવનોની પણ રચના કરી છે. શ્રીહેમચંદ્રાચાર્ય પછી તેમના જેવા વિદ્વાન્ કોઈ થયા નથી. જૈન દર્શનમાં દિગંબર અને શ્વેતાંબર સંપ્રદાયમાં નવીન ન્યાયની શૈલીથી ગ્રંથોનું નિર્માણ કરનારા પ્રથમ અને છેલ્લા પણ તેઓ જ છે. તેમની ગ્રંથરચનાની શૈલી ગંભીર સચોટ અને યુક્તિથી પૂર્ણ હોય છે. તેમને ભાસકર્તાએ લઘુહરિભદ્ર તરીકે ઓળખાવ્યા છે, તે યોગ્ય જ છે. કારણ કે શ્રીહરિભદ્રાચાર્યના ઘણા ગ્રન્થો ઉપર તેમણે ટીકા કરી છે. યોગના વિષયમાં પ્રથમ વિવેચનકાર તરીકે હરિભદ્રાચાર્ય પ્રસિદ્ધ છે અને તેમના ગ્રંથોનો ભાવ લઈ સ્વતંત્ર પ્રકરણો અને તેના ઉપર ટીકા કરનારા પણ ઉપાધ્યાયજી છે. ઉપાધ્યાયજીના વચન ટંકોત્કીર્ણ કહેવાય છે. કારણ કે તેમણે જે જે કહ્યું છે તે તે બધું શાસ્ત્રની

ઉંડી ગવેષણા અને તેના ઉપર સ્વતંત્ર વિચાર કરીને કહ્યું છે. તેમણે જેસલમીરના શ્રાવક હરરાજ અને દેવરાજના પત્રમાં લખ્યું છે કે, "સ્યાદ્વાદ પદ્ધતિથી બૌદ્ધાદિકની એકાન્ત યુક્તિનું ખંડન કરીને બે લાખ શ્લોક પ્રમાણ ન્યાયગ્રંથની રચના કરી છે." તેમણે કાશીમાં રહી સો ગ્રંથો રચ્યાનો ઉલ્લેખ કર્યો છે, પરંતુ તે સો ગ્રંથોનો કશો પત્તો મળતો નથી. અત્યારે જે ગ્રંથો મળે છે તેમાંના મોટે ભાગે ગુજરાતમાં આવ્યા બાદ રચાયા હોય તેમ લાગે છે. તેમનો રહસ્યપદાંકિત એકસો આઠ ગ્રંથો કરવાનો વિચાર હતો, તેમાં પોતે ઉલ્લિખિત પ્રમારહસ્ય અને સ્યાદ્વાદરહસ્ય તો મળતા નથી, માત્ર ઉપદેશરહસ્ય, ભાષારહસ્ય અને નયરહસ્ય મળે છે. એકસો આઠ ગ્રંથોમાંથી કેટલા ગ્રંથો રચ્યા હશે તે જાણવાનું કંઈપણ સાધન નથી. તેમના શિષ્યો પૈકી પણ કોઈ વિદ્વાન થયા હોય એમ લાગતું નથી, નહિ તો માત્ર અઢીસો વરસ જેટલા કાળમાં તેમનો મહાન્ ગ્રંથસંચય લુપ્ત થયો ન હોત. તેમણે તત્ત્વાર્થભાષ્ય ઉપર ટીકા રચી હતી. માત્ર તેના પ્રથમ અધ્યાયની ટીકાનો ભાગ મળ્યો છે. જો અગાધ પાંડિત્યથી પરિપૂર્ણ સંપૂર્ણ ટીકા મળી હોત તો તત્ત્વાર્થટીકાઓમાં નવીન ભાત પડત અને તેમાંથી જાણવા અને વિચારવાનું ઘણું મળી શકત. છતાં હજી જે ગ્રંથો મળે છે તે પણ એટલા બધા છે કે તેને વાંચવા અને વિચારવા માટે સમગ્ર જીવન પણ બસ નથી.

ઉપાધ્યાયજી સમર્થ તાર્કિક અને વિદ્વાન હતા એટલું જ નહિ, પણ તેઓ આધ્યાત્મિક જ્ઞાની હતા, તે તેમના

બનાવેલા અધ્યાત્મસાર, અધ્યાત્મોપનિષદ્ અને જ્ઞાનસાર જેવા ગ્રન્થોથી સ્પષ્ટ જણાઈ આવે છે. તેમને અધ્યાત્મ-નિષ્ઠયોગી આનન્દઘનજીનો સમાગમ થયો હતો, અને તેઓના સમાગમની અપૂર્વતા આનન્દઘન અષ્ટપદીમાં તેઓએ વર્ણવી છે.

" आनंदधनके संग सुजस मिले जब,
तब आनन्दसम भयो सुजस;
पारससंग लोहा जो फरसत,
कंचन होत ही ताको कस."

તેમણે રચેલા અધ્યાત્મવિષયક ગ્રંન્થોમાં જ્ઞાનસાર મુખ્ય છે, તેમાં તેઓએ પોતાના જ્ઞાન–અનુભવનો સાર વર્ણવ્યો છે તેથી જ્ઞાનસાર નામ યથાર્થ છે. જ્ઞાનસારમાં બત્રીશ-અષ્ટકો છે અને પ્રત્યેક અષ્ટકમાં એક એક વિષયનું રહસ્ય-પૂર્ણ વર્ણન કરેલું છે. પ્રથમ પૂર્ણાષ્ટકમાં આત્માની પૂર્ણ અવસ્થાનું સ્વરૂપ સાધ્ય તરીકે મૂકી તેની પ્રાપ્તિ માટે સાધનરૂપે ભિન્ન ભિન્ન અષ્ટકોનું ક્રમબદ્ધ વર્ણન કર્યું છે. સચ્ચિદાનન્દપૂર્ણ આત્મા જગતને કઇ દૃષ્ટિથી જુએ છે તે બતાવા સહજ પૂર્ણતાનું સ્વરૂપ બતાવ્યું છે. પૂર્ણાનન્દ પુરૂષની જ્ઞાનદૃષ્ટિ જાગૃત હોય છે અને તેથી તેને તૃષ્ણા અને તૃષ્ણાજન્ય દીનતા હોતી નથી. જ્યાં આત્મ-દ્રવ્યના શુદ્ધ જ્ઞાનાદિ પર્યાયની પૂર્ણતા સદા અવસ્થિત છે. ત્યાં પુદ્ગલના સંકલ્પવિકલ્પોથી થયેલી અપૂર્ણતા હોતી નથી, પરંતુ પરમઉપેક્ષા ભાવવડે સ્ફુરાયમાન પૂર્ણતા પ્રકાશિત હોય છે.

તે પૂર્ણતાની પ્રાપ્તિ માટે ચૈતન્યસ્વરૂપમાં વિશ્રાન્તિ કરવારૂપ મગ્ન પણું આવશ્યક છે. ચિત્સ્વરૂપમાં મગ્ન થયેલો આત્મા પરમાત્મસ્વરૂપમાં મગ્ન થાય છે અને તેની સ્વતઃ વિષયાન્તરમાં પ્રવૃત્તિ થતી નથી. જ્યારે આત્મા સહજ સુખમાં મગ્ન થાય છે ત્યારે તેનામાં પૌદ્ગલિક ભાવોનું કર્તાપણું રહેતું નથી કારણ કે સર્વ દ્રવ્યો નિશ્ચયનયની દૃષ્ટિથી સ્વસ્વ પરિણામના કર્તા છે, કોઇ પણ પર પરિણામનો કર્તા નથી. પણ માત્ર તેમાં તેનું સાક્ષીપણું છે. તે સર્વભાવોના જ્ઞાનરૂપ ભાવને ધારણ કરે છે, તેથી કર્તાપણાનું અભિમાન નહિ હોવાથી તેને કર્મનો બંધ થતો નથી.

મગ્નતા ચિત્તની સ્થિરતા સિવાય થતી નથી માટે મગ્નતાના હેતુભૂત સ્થિરતાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. જીવ સુખની પ્રાપ્તિ માટે ચંચલચિત્તવાળો થઇ અહીં તહીં ભમે છે, અનેક કલ્પનાઓ કરે છે, પરંતુ અસ્થિર ચિત્તવાળો હોવાથી પોતાની પાસે રહેલા સુખના ભંડારને જોઇ શકતો નથી, અને તે સુખનો ભંડાર તો સ્થિરતા જ બતાવી શકે છે. જ્યાં સુધી સ્થિરતા આવી નથી ત્યાં સુધી વાણી, નેત્ર અને વેષાદિકનો બાહ્ય સંયમ કલ્યાણકર થતો નથી. અસ્થિરતાથી સુખના સાધનોની તૃષ્ણા વધતી જાય છે અને તૃષ્ણાથી તાત્ત્વિક જ્ઞાન થતું નથી, અને જ્યા સુધી તાત્ત્વિક જ્ઞાન ન થાય ત્યાં સુધી આત્મમગ્ન થવાનુ બનતું નથી. તેથી મગ્નપણાનું કારણ ચિત્તની સ્થિરતા છે.

અસ્થિરતાનું કારણ મોહ છે અને ચિત્તની સ્થિરતા માટે મોહત્યાગ આવશ્યક છે. એટલે સ્થિરતા અષ્ટક પછી

મોહત્યાગાષ્ટક કહ્યું છે. હું શુદ્ધ આત્મદ્રવ્યરૂપ છું અને શુદ્ધ જ્ઞાન એ મારો ગુણ છે. તેથી હું અન્ય નથી, તેમ બીજા કોઈ પદાર્થો મારા નથી, આવા પ્રકારની ભાવના મોહનાશ કરવા માટે તીક્ષ્ણ શસ્ત્રરૂપ છે.

મોહત્યાગ જ્ઞાન સિવાય થતો નથી માટે ત્યારબાદ જ્ઞાનાષ્ટકનું નિરૂપણ કરવામાં આવ્યું છે. અહીં જે જ્ઞાનનું નિરૂપણ કર્યું છે તે વિષયપ્રતિભાસરૂપ જ્ઞાન નથી, પરંતુ ભાવનાજ્ઞાન છે. તે થોડું હોય તો પણ ઉત્કૃષ્ટ છે. પોતાના દ્રવ્ય, ગુણ અને પર્યાયને વિષે રમણ કરવારૂપ જ્ઞાન આત્મસંતોષ આપે છે અને એજ સંક્ષેપમાં મુષ્ટિ–રહસ્યરૂપ જ્ઞાન છે. તે જ્ઞાન મોહની ગ્રંથીના ભેદથી થાય છે અને જો તેવું જ્ઞાન થયું હોય તો તેને શાસ્ત્રના નિયંત્રણની જરૂર નથી.

હવે જ્ઞાન જ્યારે વિકલ્પના વિષયથી નિવૃત્ત થઈને શુદ્ધ આત્મસ્વરુપનું અવલંબન કરે છે ત્યારે તેને શમ કહેવામાં આવે છે. તે જ્ઞાનની પરિપક્વ અવસ્થા છે, અને શમ–ઉપશમ જ્ઞાનનું કાર્ય હોવાથી જ્ઞાનાષ્ટક પછી શમાષ્ટક કહ્યું છે.

શમ–વૃત્તિઓનો ઉપશમ ઇન્દ્રિયોને જીત્યા સિવાય થતો નથી, તેથી ઉપશમના કારણરૂપે ઇન્દ્રિયજયાષ્ટક કહેવામાં આવ્યું છે. ઇન્દ્રિયોનો જય કરવામાં ઔદયિક ભાવરૂપ ગૃહસ્થાશ્રમને લગતા ધર્મોનો ત્યાગ કરવો આવશ્યક છે. એટલે ત્યારબાદ ત્યાગાષ્ટક કહ્યું છે. ઔદયિક ભાવરૂપ બાહ્ય સંબ-

-ધના ત્યાગપૂર્વક ક્ષાયોપશમિક ધર્મની પ્રાપ્તિ અને તેની સ્થિરતા ક્રિયા સિવાય થતી નથી, માટે ક્ષાયોપશમિક ભાવની પ્રાપ્તિ અને સ્થિરતા માટે ત્યાગાષ્ટક પછી ક્રિયાષ્ટક કહ્યું છે. જ્ઞાન, ક્રિયા અને સમભાવથી આત્મતૃપ્તિ થાય છે, માટે ક્રિયાષ્ટક બાદ તૃપ્ત્યષ્ટક કહ્યું છે. આત્મતૃપ્ત થયેલો મનુષ્ય કર્મથી લેપાતો નથી, માટે ત્યારપછી નિર્લેપાષ્ટક કહ્યું છે. નીર્લેપ મનુષ્યને સ્વરૂપના લાભ સિવાય બીજું કંઈપણ પ્રાપ્ત કરવાનું હોતું નથી, તેથી આત્માના ઐશ્વર્યને પ્રાપ્ત થયેલો નિઃસ્પૃહ થાય છે. માટે નિર્લેપાષ્ટક પછી નિઃસ્પૃહાષ્ટક કહ્યું છે. નિઃસ્પૃહ મનુષ્ય જગતના તત્ત્વનું મનન કરે છે માટે તે મુનિ છે, માટે ત્યારબાદ મૌનાષ્ટક કહ્યું છે, મૌન–મુનિ–પણાનું કારણ નિત્ય શુચિ (પવિત્ર) આત્માને વિશે નિત્યપણા, શુચિપણા અને આત્મપણાની બુદ્ધિરૂપ તથા અનિત્ય, અશુચિ અને આત્માથી ભિન્ન પદાર્થને વિશે અનિત્યપણા, અશુચિપણા, અને અનાત્મપણાની બુદ્ધિરૂપ વિદ્યા (તત્ત્વજ્ઞાન) છે તેથી મૌનાષ્ટક પછી વિદ્યાષ્ટક કહેવામાં આવ્યું છે. વિદ્યાવાન જ શરીર કર્મ અને આત્માના ભેદ-જ્ઞાનરૂપ વિવેકને પ્રાપ્ત થયેલો હોય છે, તેથી વિદ્યાષ્ટક પછી વિવેકાષ્ટકનું નિરૂપણ કર્યું છે.

દેહાદિ અને આત્માના ભેદજ્ઞાનરૂપ વિવેકની પ્રાપ્તિમાં મધ્યસ્થપણું કારણ છે. રાગ અને દ્વેષને બન્ને પડખે રાખી તેની વચ્ચે રહેવું તે મધ્યસ્થપણું. એટલે વિવે-કાષ્ટક પછી માધ્યસ્થ્યાષ્ટક કહ્યું છે. મધ્યસ્થ મનુષ્ય ભયરહિત હોય છે, તેથી ત્યારબાદ નિર્ભયાષ્ટક કહ્યું છે. નિર્ભય મનુષ્ય

આત્મપ્રશંસારહિત હોય છે, કારણ કે તેને પોતાના ઉત્કર્ષ અને પરના અપકર્ષની કલ્પના હોતી નથી, માટે ત્યાર બાદ અનાત્મશંસાષ્ટક કહ્યું છે. જ્યાં સુધી મનુષ્યને તત્ત્વદષ્ટિ પ્રાપ્ત થઈ નથી ત્યાંસુધી આત્મપ્રશંસા કરે છે, તત્ત્વદષ્ટિ પ્રાપ્ત થયા પછી તેને શરીરાદિ પર પર્યાય વડે પોતાના ઉત્કર્ષની કલ્પના થતી નથી, તેથી ત્યાર બાદ તત્ત્વદષ્ટિ અષ્ટક કહ્યુ છે. બાહ્યદષ્ટિનો પ્રચાર બન્ધ પડે છે અને આન્તરદષ્ટિ-તત્ત્વ-દષ્ટિ જાગૃત થાય છે ત્યારે અન્તરમાં સર્વ સમૃદ્ધિ ( આત્મિક શકિત ) પ્રગટ થાય છે એટલે તત્ત્વદષ્ટિ પછી સર્વસમૃદ્ધ્યષ્ટક કહ્યું છે. સર્વસમૃદ્ધિ પ્રગટ થવામાં કર્મવિપાકનું ચિન્તન આવશ્યક છે. જે કર્મવિપાકનું ચિન્તન કરતો હૃદયમાં સમભાવ ધારણ કરે છે તે જ સર્વ સમૃદ્ધિનું પાત્ર થાય છે, માટે ત્યાર પછી કર્મવિપાકચિન્તનાષ્ટક કહ્યું છે. કર્મવિપાકનું ચિન્તન કરતો જ્ઞાની સંસારથી ઉદ્વિગ્ન થાય છે અને સર્વ પ્રયત્ને સંસાર સમુદ્ર તરી જવાના ઉપાયને ઇચ્છે છે, માટે ત્યાર પછી ભવોદ્વેગાષ્ટક કહ્યું છે. સંસારથી ઉદ્વિગ્ન થયેલો જ્ઞાની પુરુષ લોકસંજ્ઞા-લોકપ્રવાહમાં આસકત હોતો નથી, પરન્તુ તે લોકોત્તર સ્થિતિમાં મગ્ન હોય છે. તેથી ભવોદ્વેગાષ્ટક પછી લોકસંજ્ઞાત્યાગાષ્ટક કહ્યું છે. લોકસંજ્ઞાનો ત્યાગ કરનાર શાસ્ત્રસાપેક્ષ હોય છે, તેથી ત્યારબાદ શાસ્ત્રાષ્ટક કહ્યું છે. શાસ્ત્રાજ્ઞા સાપેક્ષ પુરુષ મૂર્છારૂપ પરિગ્રહથી મુક્ત હોય છે, માટે ત્યારબાદ પરિગ્રહાષ્ટક કહ્યું છે, મૂર્છારૂપ પરિગ્રહથી મુકત થયેલાને જ અનુભવ થાય છે, માટે પરિગ્રહાષ્ટક પછી અનુભવાષ્ટક કહ્યું છે. અનુભવની પ્રાપ્તિ યોગ સિવાય થતી

નથી, અનુભવ પ્રાપ્ત થવામાં યોગ કારણ છે, માટે ત્યારબાદ યોગાષ્ટક કહ્યું છે. યોગીને બ્રહ્માગ્નિમાં કર્મને હોમવારૂપ નિયાગ–ભાવયજ્ઞ હોય છે, તેથી ત્યારબાદ નિયાગાષ્ટક કહ્યું છે. નિયાગ–ભાવયજ્ઞને પ્રાપ્ત થયેલાને ભાવપૂજા હોય છે, તેથી ત્યારબાદ પૂજાષ્ટક કહ્યું છે. ભાવપૂજામાં લીન થયેલાને ધ્યાન હોય છે, તેથી ત્યારબાદ ધ્યાનાષ્ટક કહ્યું છે. ધ્યાનનિષ્ઠ મનુષ્યને કર્મને તપાવનાર જ્ઞાનરૂપ તપ હોય છે, તેથી ત્યારબાદ તપ અષ્ટક કહ્યું છે. તપસ્વી ( સાધુ ) સર્વનયાશ્રિત થઇ ચારિત્રના ગુણમાં લીન થાય છે, માટે ત્યારબાદ સર્વનયાશ્રયણાષ્ટક કહ્યું છે.

અહીં પૂર્ણતાની પ્રાપ્તિ સાધ્યરૂપે મુખ્ય છે, તેથી પ્રથમ પૂર્ણાષ્ટક કહી તેના અનન્તર કે પરંપરા સાધનરૂપે બીજા અષ્ટકોની ફુલગુંથણી કરી છે. તેમાં જુદા જુદા વિષયોને વધારે લંબાવ્યા સિવાય માત્ર આઠ શ્લોકોમાં તેનો ઘણી ખૂબીથી સમાવેશ કર્યો છે; તેમ છતાં તેના સમ્બન્ધી બધું ઉપયોગી વક્તવ્ય સંક્ષેપમાં કહી દીધુ છે. જૈનદર્શનમાં પ્રકરણના પ્રથમ રચયિતા તરીકે ઉમાસ્વાતિ વાચક છે, તેમણે પૂજા પ્રકરણ અને જંબૂદ્વીપ સમાસની રચના એજ પદ્ધતિથી કરી છે. શાસ્ત્રના વક્તવ્યને બહુ લંબાણથી નહિ કહેતાં સંક્ષેપમાં કહેવું તે પ્રકરણનું પ્રયોજન છે. તેથી અલ્પ શ્રમે તે વિષયનું ગ્રહણ અને ધારણ થઈ શકે છે. ત્યારબાદ સિદ્ધસેન દિવાકરે પણ સન્મતિતર્ક વગેરે પ્રકરણોની રચના કરી છે, પરન્તુ હરિભદ્રાચાર્યે તો પ્રકરણ ગ્રંથોની રચનામાં મોટો ફાળો આપ્યો છે. તેમણે પંચાશક, વિંશતિવિંશિકા

અને ષોડશક વગેરે ઘણા પ્રકરણોની રચના કરી છે એટલું જ નહિ, પણ તે તે વિષયના વક્તવ્યને માત્ર આઠ શ્લોકમાં જ કહી નાખવા માટે અષ્ટક પ્રકરણની રચના કરી છે. આવી અત્યન્ત સંક્ષિપ્ત રચનાના પ્રથમ પ્રણેતા શ્રીહરિભદ્રાચાર્ય સિવાય બીજા કોઇ જાણવામાં આવ્યા નથી. ઉપાધ્યાયજીએ પણ તેને જ અનુસરીને આ જ્ઞાનસાર અષ્ટકની રચના કરી છે.

અષ્ટકના ઘણા વિષયો તો શાસ્ત્રપ્રસિદ્ધ છે, પરન્તુ તે બધાનું વર્ણન જુદી જુદી સરલ અને રોચક શૈલીથી કરવામાં આવ્યું છે. વિદ્યાષ્ટકમાં વિદ્યા અને અવિદ્યાનું સ્વરૂપ યોગસૂત્રને અનુસરી આપવામાં આવ્યું છે. અવિદ્યા એ મિથ્યાત્વનો પ્રકાર છે, પરન્તુ તેના વર્ણનની શૈલી જુદી જ છે. પૂર્ણાષ્ટક પૂર્ણોપનિષદનું સ્મરણ કરાવે છે અને તેમાં જૈનદૃષ્ટિએ પૂર્ણતાનું સ્વરૂપ બતાવ્યું છે. યોગાષ્ટકનો વિષય યોગવિંશિકામાંથી લેવામાં આવ્યો છે. નિયાગાષ્ટકમાં ભાવયજ્ઞનું નિરૂપણ કર્યું છે. બાકીના બધા વિષયોનું વર્ણન આધ્યાત્મિક દૃષ્ટિએ કરવામાં આવ્યું છે. આ બધા વિષયોનું પ્રતિપાદન કરવામાં તેઓની પ્રતિભા, અનુભવ અને શાસ્ત્રીય સૂક્ષ્મદૃષ્ટિ જણાઇ આવે છે. એકંદર જ્ઞાનસાર આધ્યાત્મિક ઉચ્ચ કોટિનો ગ્રન્થ છે. ઉપસંહારમાં ગ્રન્થ કર્તાએ જ્ઞાનસારનું ફળ બતાવતાં કહ્યું છે કે "નિર્વિકાર અને નિરાબાધ જ્ઞાનસારને પ્રાપ્ત થયેલા અને જેઓને પરની આશા નિવૃત્ત થઈ છે, એવા મહાત્માને અહીં જ મોક્ષ છે. જ્ઞાનસારરૂપ સરસ્વતીના તરંગો વડે

આર્દ્ર—કોમળ થએલું ચિત્ત તીવ્ર મોહાગ્નિના દાહની પીડા પામતું નથી.

જ્ઞાનસારની રચના તેમણે સિદ્ધપુરમાં રહીને કરી છે અને દીવાળીના દિવસે પૂર્ણ કરી છે. તેઓએ આ ગ્રન્થના અન્તે જણાવ્યું છે કે "આ ગ્રન્થ પૂર્ણાનન્દઘન આત્માના ચારિત્ર લક્ષ્મીની સાથે પાણિગ્રહણના મહોત્સવરૂપ છે. વળી આ શાસ્ત્રમાં ભાવના સમૂહરૂપ પવિત્ર ગોમય વડે ભૂમિ લીંપી છે, ચો તરફ સમતારૂપ જલનો છંટકાવ કર્યો છે, રસ્તામાં સ્થળે સ્થળે વિવેકરૂપ પુષ્પની માલાઓ લટકાવી છે અને આગળ અધ્યાત્મરૂપ અમૃતથી ભરેલો કામકુંભ મૂકયો છે. આ બધું પૂર્ણાનન્દઘન આત્માને અપ્રમાદ નગરમાં પ્રવેશ કરવામાં મંગલરૂપ છે."

આ જ્ઞાનસારનો ભાષાર્થ—બાલાવબોધ પણ ઉપાધ્યાયજીએ જ લખ્યો છે. તેની પ્રશસ્તિમાં જણાવ્યું છે કે "સૂરજીના પુત્ર શાન્તિદાસના હૃદયને આનન્દ આપવાના હેતુથી આ બાલાવબોધ કર્યો છે." આ બાલાવબોધ સંક્ષિપ્ત છે, છતાં તેમાં જ્ઞાનસારનો ભાવ ખૂબ સ્પષ્ટ કર્યો છે. બાલાવબોધની પ્રશસ્તિમાં તેમણે કહ્યું છે કે "બાલિકાને લાળ ચાટવા જેવો આ બાલાવબોધ નીરસ નથી, પરન્તુ તે ન્યાયમાલારૂપ અમૃતના પ્રવાહ સરખો છે." તેઓએ વિદ્વાનોને પ્રિય સંસ્કૃત ભાષામાં ન લખતા પ્રાકૃત (ગુજરાતી) ભાષામાં લખવાનું કારણ બતાવ્યું છે કે 'જેમાં યુક્તિરૂપ મુક્તાફળો છે એવી સુન્દર ઉક્તિરૂપ છીપ હોય તો પછી સંસ્કૃત

કે પ્રાકૃત ગમે તે ભાષામાં ગ્રન્થની રચના ખેદજનક થતી નથી." આ બાલાવબોધ ગુજરાતી ભાષામાં રચેલો છે, તો પણ તેમાં યુક્તિઓ હોવાથી તે કંટાળારુપ થતો નથી એ તાત્પર્ય છે.

આ જ્ઞાનસારની રચના પ્રૌઢ હોવા છતાં સરલ અને હૃદયંગમ છે, અને તેના ઉપર પોતે જ બાલાવબોધ રચેલો હોવાથી તેની ઉપયોગિતમાં ઘણો વધારો થયો છે. તેમાં જ્યાં વિષયને સ્પષ્ટ કરવાની જરૂર જણાઈ ત્યાં તેઓએ જ્ઞાનસારના વિષયને ઘણો સ્પષ્ટ કર્યો છે. જ્ઞાનસાર ઉપર શ્રીમદ્ દેવચંદ્રજીએ જ્ઞાનમંજરી ટીકા રચી છે, અને તેમાં પ્રાસંગિક અને અપ્રાસંગિક ઘણી બાબતોનું વર્ણન કરેલું છે, પરન્તુ ભાષાર્થમાં માત્ર મૂલ ગ્રન્થના વિષયને સ્પષ્ટ કરવામાં જેટલું ઉપયોગી અને અવશ્યક લાગ્યું તેટલું જ લખ્યું છે, કંઈ પણ વધારે કે ઓછું લખાણ કર્યું નથી. એકંદર આ ગ્રન્થ સ્વાધ્યાય માટે ઘણો ઉપયોગી છે. તેની રચના ગીતાના જેવી ભાવવાહી અને પ્રસાદગુણવાળી છે. તે એક રીતે જ્ઞાનના ઉપનિષદ જેવો ગ્રન્થ છે. જેમ જેમ તેનું વાંચન અને મનન થશે તેમ તેમ તેનો આધ્યાત્મિક આનન્દ અનુભવ ગોચર થશે.

આ જ્ઞાનસારના ભાષાર્થનો (ટબાનો) અનુવાદ કરવામાં કર્તાએ જે શબ્દો મૂકયા છે તેમાં બનતા સુધી ફેરફાર કરવામાં આવ્યો નથી. તેમાં શ્લોકના ક્રમથી શબ્દોનો અર્થ કર્યો છે અને આ અનુવાદમાં તેને અન્વયના

ક્રમથી લખવામાં આવ્યો છે. માત્ર ક્રિયાપદના જૂના રૂપોને બદલી પ્રચલિત રુપો મૂક્યાં છે. આ ગ્રન્થની સાથે શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત યોગશાસ્ત્રનો ચોથો પ્રકાશ, જેમાં આત્મજ્ઞાનના સાધનોનું વર્ણન છે, તથા બારમો પ્રકાશ, જેમાં આચાર્યનો યોગસંબન્ધી સ્વાનુભવ વર્ણવેલો છે તે આ ગ્રન્થના વિષયને પૂરકરૂપે જાણી પરિશિષ્ટમાં આપવામાં આવેલ છે. આ ગ્રન્થનું સંશોધન કાળજી રાખીને કરવામાં આવ્યું છે છતાં પ્રમાદથી કે મુદ્રાયન્ત્રના દોષથી કંઇ પણ ભુલો થઇ હોય, ગ્રન્થકર્તાના આશય વિરુદ્ધ કે સૂત્રવિરુદ્ધ લખાણ થયું હોય તે માટે ક્ષમા યાચી તે ભૂલો સુધારી લેવા વાચકોને વિનંતિ કરું છું.

૧૫, જૈન સોસાઈટી
શારદા ભવન—અમદાવાદ
સંવત ૧૯૯૭
ચૈત્ર શુક્લ પૂર્ણિમા

ભગવાનદાસ હરખચંદ દોશી

# બે બોલ

આ પુસ્તિકાને પ્રકાશિત કરતાં અમને ઘણો હર્ષ થાય છે. શ્રી જૈન પ્રાચ્ય વિદ્યાભવને ૬ વર્ષની વયમાં જૈનસંઘની સુચારૂ સાહિત્ય સેવા કરી છે. 'સાહિત્ય પ્રકાશન' એ પણ વિદ્યાભવનનું કાર્ય છે આથી અમે જનતાના કર કમલમાં ગતવર્ષે 'ક્ષત્રિય કુંડ' પુસ્તિકા ધરી હતી અને આ સાલ "જ્ઞાનસાર" સાદર કરીએ છીએ.

પૂ. મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજે આ ગ્રંથ રચી જગત ઉપર મોટો ઉપકાર કર્યો છે. આ ગ્રંથમાંની વસ્તુ માટે અમારે કંઈ કહેવાનું નથી. પાઠક ગ્રંથમાંથી જ તે જાણી શકશે. આ ગ્રંથનું પ્રકાશન પ્રથમ પં. ભગવાનદાસભાઈએ કર્યું હતું એટલે તેની આ બીજી આવૃત્તિ છે.

પં. ભગવાનદાસભાઈએ વિદ્યાભવનને શરૂથી જ આત્મભાવે વિકસાવ્યું છે. તેઓ વિ. સં. ૨૦૦૫ શ્રા. શુ. ૧૦ બુધવાર તા. ૩-૮-૪૯ દિવસે સમાધિ પૂર્વક અવસાન પામ્યા છે. તેમને વિદ્યાભવન માટે ઘણી ધગશ હતી. જ્ઞાન પ્રચાર માટે ખુબ લાગણી હતી. સંસ્થાના નાતે અમે તેમના આભારી છીએ.

તેમના સ્મરણ માટે તેમની જ હૃદયંગમ આ પુસ્તિકાને પુનઃપ્રકાશિત કરતાં અમોને ઘણોજ આનંદ થાય છે.

અમે દરેક ભાઇ-બહેનોને સૂચવીએ છીએ કે દરેક જ્ઞાન પ્રચારમાં અમને સહયોગ આપતા રહે.

નિવેદક

જૈન સોસાયટી બં. નં. ૪૫
એલિસબ્રીજ અમદાવાદ.
તા. ૧-૧-૫૧

ભોગીલાલ બુલાખીદાસ દલાલ
મંત્રી સાહિત્ય પ્રકાશન વિભાગ
જૈન પ્રાચ્યવિદ્યાભવન ૪૫

## પંડિત ભગવાનદાસનો ટુંક પરિચય

પ્રસ્તુત પુસ્તક જેની પ્રથમ આવૃત્તિ પં. ભગવાનદાસે પ્રસિદ્ધ કરેલી તેની આ બીજી આવૃત્તિ તેમના સ્મરણ અર્થે પ્રસિદ્ધ થાય છે. તે પ્રસંગે પંડિતજીનો ટુંક પરિચય આપવો યોગ્ય છે. જેઓ પંડિતજીને નામથી પણ નહિ જાણતા હોય અને જેઓ નામથી જાણવા છતાં તેમને વિશેષરૂપે નહિ જાણતા હોય, તેવા અનેક વાચકોના હાથમાં મહત્ત્વનું પ્રસ્તુત પુસ્તક વહેલા કે મોડા જવાનું. એટલે તેમને પંડિતજી વિશે જિજ્ઞાસા થાય એ સહજ છે. એ જિજ્ઞાસાને સંતોષવા તેમજ પંડિતજીને જેઓ જાણે છે, તેમને પણ તેમના વિશે કંઇક વધારે માહિતી આપવાની દૃષ્ટિથી અત્રે પંડિતજીનો પરિચય આપવાનું યોગ્ય ધાર્યું છે.

જૈન બૌદ્ધ અને બ્રાહ્મણ એ ત્રણે પરંપરાના ઐતિહાસિક સ્થાન વલભીપુર જે અત્યારે વળા નામે જાણીતું છે; તેમાં પંડિતજીનો જન્મ ૧૯૪૫[૧] માં થયેલો. તેમના પિતાશ્રી તો તેમની લગભગ બારેક વર્ષની ઉમર હતી અને તેમણે ગૂજરાતી સાત ચોપડીનો અભ્યાસ પૂરો કર્યો હતો; તે અરસામાં અવસાન પામ્યા હતા. આર્થિક સ્થિતિ સાધારણ હોવાથી અને ઘરમાં માતા સિવાય અન્ય કોઇ વડીલ ન હોવાથી તેમને નાની જ ઉમરે અભ્યાસ બંધ કરી નોકરી કરવાની ફરજ પડી હતી. થોડો વખત નોકરી કરી તેટલામાં તેમને મેસાણા શ્રીયશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળામાં વિશેષ અભ્યાસ અર્થે જવાનો યોગ લાધ્યો. વિક્રમ

૧ આ સાલ જે રીતે યાદ હતી તે પ્રમાણે આપી છે.

સંવત ૧૯૬૦માં તેઓ મેસાણા આવ્યા, અને પાઠશાળામાં ચાલતા ક્રમ પ્રમાણે જૈન પરંપરાના તત્ત્વોનું અને આચારનું જ્ઞાન પ્રાપ્ત કરવા માંડ્યું. મેસાણામાંજ તેમને ભાઈ હીરાલાલ દેવચંદનો પરિચય થયો, તેઓ પણ ત્યાં જ ધર્મ શિક્ષણ લેવા આવેલા.

લગભગ બે એક વર્ષ મેસાણામાં અભ્યાસ કર્યો, ત્યાર બાદ શેઠ વેણીચંદ સૂરચંદે પંડિતજી અને ભાઈ હીરાલાલ વિગેરે કેટલાક યોગ્ય વિદ્યાર્થિઓને ભરૂચ શેઠ અનુપચંદભાઈ મલુકચંદ પાસે કર્મગ્રંથના વિશેષ અભ્યાસ અર્થે મોકલ્યા. શેઠશ્રી અનુપચંદભાઇ જેમનું લખેલ પ્રશ્નોત્તર રત્નચિંતામણી પુસ્તક એક કાળે જૈન પરંપરામાં બહુ રસ પૂર્વક વંચાતુ હતુ. તેઓ જેટલા શ્રદ્ધાળુ અને સદાચારશીલ હતા, તેટલાજ જૈન તત્ત્વજ્ઞાનના વિષયમાં ખાસ કરી કર્મશાસ્ત્રના વિષયમાં નિપૂણ હતા. એમની પાસે કર્મશાસ્ત્રનો અભ્યાસ પૂર્ણ કરી પંડિતજી ત્યાંથી મેસાણા પાછા ફર્યા અને એજ પાઠશાળામાં શિખેલ વિષયોના શિક્ષક તરીકે જોડાયા અને સાથે સાથે સંસ્કૃતનો અભ્યાસ પણ નવેસરથી શરૂ કર્યો.

હૈમવ્યાકરણ અને કાવ્ય-સાહિત્યનો ઠીક ઠીક બોધ કર્યા બાદ તેમની જિજ્ઞાસા ઉત્તરોત્તર વધતી ચાલી. અને વ્યાકરણ, અલંકાર, ન્યાય આદિનો વિશેષ અભ્યાસ કરવા માટે તેઓ બનારસ શ્રીયશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળામાં ગયા. ત્યાં તેઓ લગભગ દોઢેક વર્ષ રહ્યા. ત્યાંથી

પાછા ફરી તેઓ અમદાવાદમાં આવ્યા, અને વિજયધર્મ સૂરીશ્વરની પ્રેરણાથી શરૂ થયેલી બનારસ શાખાશાળામાં સંસ્કૃત પ્રાકૃતનું અધ્યયન કરાવવા લાગ્યા, દરમ્યાન તેમના જીવનમાં ખાસ અસર પાડી હોય એવા બે પરિચયો અહિં ખાસ નોંધવા જોઇએ. એક તો અમદાવાદવાસી કેશવલાલ ધરમચંદ જે શાંતિસાગરજીના ખાસ અનુયાયી હતા તેમનો પરિચય, અને બીજો ـ વિજયનીતિસૂરીશ્વરજીનો. પહેલા પરિચયને લીધે પંડિતજી શાંતિસાગરજીના ઉપાશ્રયમાં જ્ઞાનદાનનું કામ કરવામાં રસ લેતા થયા. અને બીજા પરિચયને લીધે આગળ જતા પંડિતજી અને તેમના બીજા કેટલાક મિત્રો જેમાં ભાઇ હીરાલાલ અને ભાઇ પ્રભુદાસ પારેખનો સમાવેશ થાય છે, એમનુ એક નાનું જુથ વિજયનીતિસૂરીશ્વરજીની આસપાસ એકત્ર થયું. અને ભણવા ભણાવવાના કામમાં રસ લેવા લાગ્યું. આ રીતે એક બાજુથી પંડિતજીએ કુટુંબના યોગક્ષેમ પૂરતુંજ ઉપાર્જનનું કામ ચાલુ રાખ્યું, અને બીજી બાજુથી તેમણે પોતાની અદમ્ય નવ નવ શાસ્ત્રીય જિજ્ઞાસાને સંતોષવાના પ્રયત્નો પણ ચાલુ રાખ્યા.

આ અરસામાં વિક્રમ સંવત ૧૯૭૦ ના ચોમાસામાં મેસાણા રહેવાનો સુયોગ મને અણધારી રીતે પ્રાપ્ત થયો. જો કે પંડિતજી સાથે આ પહેલા મારો સામાન્ય પરિચય હતો. પણ આજ ચોમાસામાં મારી અને તેમની વચ્ચે અનેક દષ્ટિએ મૈત્રની ગાંઠ બંધાવી શરૂ થઈ. હું મુખ્ય

પણે તો કેટલાક મુનિઓનેજ ભણાવવા સારૂ મેલાણા રહેલો, પણ ત્યાં રહ્યા પછી પંડીતજીને ભણાવવામાં હું વધારે રસ લેવા લાગ્યો. એક તો તેમની જિજ્ઞાસાજ ઊંડી, બીજું નમ્રતા પણ તેટલીજ, અને સ્વભાવમાધુરી તેમજ બુદ્ધિવિશદતા વગેરે ગુણોએ મારામાં જેટલો રસ ભણાવવા નિમિત્તે પોષ્યો તેથીએ વધારે મને તેમના પ્રત્યે આકર્ષ્યો. તે એટલે સુધી કે અમે એક જ કુટુંબના હોઇએ તેવા બની ગયા. આગળ જતાં હું અને પંડિતજી વીરમગામ અમદાવાદ વગેરે સ્થળોમાં ઓછો વત્તો વખત સંયુક્ત કુટુંબની પેઠે સાથે પણ રહ્યા. આ બધો વખત અમારૂં અધ્યયન અધ્યાપન કાર્ય તો ચાલુ રહેતું જ.

હું પોતે કાશીમાં લાંબો વખત રહી ગુજરાતમાં આવેલો અને સાથે જ મને જૈન કર્મશાસ્ત્રને વિશેષરૂપે જાણવાની વૃત્તિ પણ થયેલી. હું જુદે જુદે સ્થળે એને લગતા શાસ્ત્રોનું સૂક્ષ્મ પારાયણ કરતો, અને ઉઠતી શંકાઓ અથવા ઊઠતા પ્રશ્નોની ચર્ચા અનેક તજજ્ઞ ગૃહસ્થો અને સાધુઓ સાથે પણ કરતો. જેમાં સ્વર્ગવાસી શ્રદ્ધેય શેઠ કુંવરજી આણંદજી અને આચાર્ય શ્રી સાગરાનંદસૂરિજીનો પણ સમાવેશ થાય છે. કર્મશાસ્ત્રના વિશિષ્ટ અભ્યાસી લેખે ભાઇ હીરાલાલ દેવચંદ સાથે પણ હું એ વિષયમાં ચર્ચા કરતો, પણ મારૂં એવું સ્મરણ છે કે પં. ભગવાનદાસ કોઇ પ્રશ્નની ચર્ચામાં તાણી ખેંચી પરાણે કે મારી મચરડીને જવાબ આપવાનું વલણ ન સેવતા, જ્યાં અંધારપટ દેખાય

કે બુદ્ધિ ગમ્યતા ન લાગે ત્યાં શુષ્ક દલીલબાજી કરવા કરતાં તેમને મૌન વધારે ગમતું. એમનો એ ગુણ મને પસંદ પણ આવતો.

જો કે પં. ભગવાનદાસ મારી પાસે ન્યાય અને અલંકાર વિશેના અમુક ગ્રંથો ભણેલા, પણ તેમાં મુખ્ય સ્થાન જૈનન્યાયનું રહેતું. જૈન ન્યાયમાં પણ સિદ્ધસેન દિવાકરજી અને ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજીની કૃતિઓ પ્રધાનપદે હતી. પંડિતજીનો એ બે આચાર્યોની કૃતિઓ પ્રત્યે એટલો બધો ઊંડો આદર હતો કે અવાર નવાર તેઓ તેમની કોઇને કોઇ કૃતિ વાંચતા વિચારતા હોય અને અમે બે જણ મળીએ ત્યારે તેમાંથી જ કંઇને કંઇ પૂછવા જેવું કે ચર્ચવા જેવું કાઢે. મેં મારી જૈન તર્કભાષાની હિન્દી પ્રસ્તાવનામાં સૂચવ્યું છે કે તે ગ્રંથને વાંચવા વિચારવાની પ્રથમ તક મને પં. ભગવાનદાસેજ પૂરી પાડી. સિદ્ધસેન દિવાકરની બત્રીશીઓમાં એમને એટલો બધો રસ હતો કે તેઓ તે બત્રીશીઓને માત્ર ફરી ફરીને વાંચતા એટલું જ નહિ પણ જ્યારે જ્યારે અનુકૂળ તક મળે ત્યારે ત્યારે મારી સાથે પણ વાંચવા વિચારવા તૈયાર રહેતા. એ બત્રીશીઓમાં અમે બંનેએ ઠીક ઠીક વિહાર કરેલો. અને અનેક સ્થળે શુદ્ધિ અશુદ્ધિનો અન્ય પ્રતિઓને અભાવે પણ વિવેક થયેલો. જે એમનો મુદ્રિત પ્રતના માર્જિનમાં નોંધાયેલો હજી પણ મોજુદ છે દ્રવ્યગુણપર્યાયનો રાસ જ્ઞાનસારનો ટબો એ પણ અમારા સહ વિચારના વિષયો હતા. આટલું તો માત્ર એમની શાસ્ત્રીય રૂચિ અને સમજણ વાંચકના ધ્યાનમ

આવે તેટલા ખાતરજ અંગત સંબંધના ઉલ્લેખનો સંકોચ છોડીને પણ લખું છું. પંડીતજીની એક વિશેષતા નોંધવી જોઇએ તે એ કે તેઓ અન્ય શાસ્ત્રોની સાથે ચિકિત્સા શાસ્ત્રમાં પણ ઉંડો રસ લેતા. એટલેસુધી કે તેમણે સંસ્કૃત ગુજરાતી અને હિન્દિમાં મહત્વપૂર્ણ ગણાય તેવા વૈદ્યકના નાના મોટા અનેક ગ્રંથો વાંચેલા. એટલું જ નહિ પણ અમુક અંશે પ્રાયોગિક જ્ઞાન પણ મેળવેલું.

હવે એમની જીવન પ્રવૃત્તિઓને ટુંકમાં જોઇ જઇએ.

પંડિતજીની જીવન પ્રવૃત્તિઓ મુખ્ય પણે પાંચ ભાગમાં વહેંચાય છે. ૧ અધ્યયન અધ્યાપન ૨ ભંડારોમાંના લેખિત ગ્રંથોનું અવલોકન અને તેની યોગ્ય વ્યવસ્થા ૩ ગ્રંથ સંપાદન અને ભાષાંતર ૪ છાત્રાલયનું સ્થાપન અને તેનું સંચાલન ૫ પુસ્તક સંગ્રહ અને અભ્યાસ ગૃહને ઉત્તેજન.

એમણે સંપાદિત કરેલા ગ્રંથો મુખ્ય પણે નીચે પ્રમાણે છે. ૧ ન્યાયાવતાર ૨ ધર્મપરીક્ષા ૩ સિદ્ધ હેમમહાર્ણવન્યાસનું પહેલું પાદ ૪ વિક્રમચરિત્ર ૫ વૈરાગ્ય કલ્પલતા ૬ સમરાઇચ્ચકહા છાયા સાથે ૭ ઉપાસક દશાંગ-મૂળ ૮ નાભિનંદનજિનોદ્ધાર પ્રબંધ.

એમણે ભાષાંતારો કરેલા ગ્રંથો નીચે મુજબ છે.—૧ ભગવતીસૂત્ર ત્રીજો અને ચોથો ભાગ ૨ પ્રજ્ઞાપના સૂત્ર ૩ ઉપાસક દશાંગસૂત્ર ૪ કર્મગ્રંથ ત્રણ ૫ નવતત્ત્વ. ૬ જ્ઞાનસારની જ્ઞાનમંજરી ટીકાનું ભાષાંતર.

એલીસબ્રીજ વિસ્તારમા આવેલ સોસાઇટીમાં શ્રીજૈનવિદ્યાર્થિ

મંદિર છે, જેમાં હાઈસ્કુલના વિદ્યાર્થિઓને રહેવા ખાવા પીવા વગેરેની વ્યવસ્થા છે. તે મંદિર મુખ્યપણે પંડિતજીની પ્રેરણા અને શેઠ કેશવલાલ ધરમચંદની ભાવનાનું પરિણામ છે. તથા ત્યાંજ આવેલ શ્રી જૈન પ્રાચ્ય વિદ્યાભવન પણ પંડિતજીની વિદ્યા વિસ્તારની ભાવનાનું એક રીતે પરિણામ કહી શકાય. ઉક્ત ભવન સ્થપાયા પછી પંડિતજીનો આત્મા તેના ઉદ્દેશની સિદ્ધિની દિશાએ જ રસ લેતો. તેમનાજ અધ્યાપન રસને લીધે કેટલાક વિશિષ્ટ ધર્મ જિજ્ઞાસુ ભાઇઓ નિયમિત રીતે રાત્રીએ તેમની પાસે કોઇને કોઇ જૈનશાસ્ત્રનું શ્રવણ મનન કરવા નિયમિત હાજરી આપતા.

પંડિતજી જ્ઞાનરસિક હોવા ઉપરાંત ક્રિયા રસિક પણ હતા. તેથી તેઓ જૈન પરંપરા માન્ય શિષ્ટ ધાર્મિક આચારોને અનુસરવામાં આંતરિક તુપ્તિ અનુભવતા. એમની પ્રકૃતિ અજાતશત્રુ જેવી હતી. કોઈની શત્રુતા વહોરવી એ એમની પ્રકૃતિ બહારનું તત્ત્વ હતું. જો અમુક વસ્તુ એમને તદ્દન ન રૂચે કે અમુક બાબતમાં કોઈ સાથે ઉગ્ર મતભેદ દેખાય તો તેઓ તેવા પ્રસંગે કોઇ સાથે તકરારમાં ઉતર્યા સિવાય માત્ર એવા પ્રસંગથી તટસ્થ થઇ જતા એવો મારો અનુભવ છે.

પંડિત ભગવાનદાસને હું મધ્યમમાર્ગી કહેતો. તેઓ રૂઢિચુસ્ત ક્રિયામાર્ગી સાથે ચાલતા અને તેમનામાં રસ પણ લેતા, છતાં તેમનું માનસ બીજા એકાંગી રૂઢિચુસ્તો અને ક્રિયામાર્ગીઓ કરતાં જુદા પ્રકારનું હતું. તેથીજ તેઓ તદ્દન સુધારક હોય તેવા અને રૂઢિમાર્ગથી તદ્દન સામે જતા

દેખાતા હોય તેવા પુરૂષોની સયુક્તિક અને વિવેકી વિચાર સરણીને ધૂતકારતા નહિ, ઉલટું તેમાં પણ સાર તત્ત્વ હોય તો પોતાની કક્ષામાં રહીને પણ ગુણગ્રાહક દૃષ્ટિથી તેનો આદર કરતા. આજ કારણથી ગાંધીજી કે કિશોરલાલભાઇ જેવાની વિચારસરણીનો તેઓ આદર કરતા અને તેમના સાહિત્યને ગુણગ્રાહક દૃષ્ટિથી વાંચતા, વિચારતા. તેઓ સાંપ્રદાયિક પ્રણાલીને અનુસરતા હોઇ દેખીતી રીતે કોઇને રૂઢિચુસ્ત લાગે, પણ તેમની વિવેકશક્તિ રૂઢિને અંધતા સુધી જવા ન દેતી. તેથી જ મેં અને બીજા તેમના મિત્રોએ જોયું છે કે જ્યારે જ્યારે પંડિત પ્રભુદાસ પારેખ જેવા પોતાના સાથી અને મિત્રના અતિવિધાનોની સમાલોચનાનો પ્રસંગે આવે ત્યારે તેઓ નિખાલસ ભાવથી પંડિત પ્રભુદાસની સમક્ષ પણ તેમની સમાલોચના કરતા અને છતાંય મીઠાશ ન છોડતા. એજ રીતે મેં એ પણ જોયું છે કે મારા જેવાની અનેક વિધ પ્રવૃત્તિ જે ચાલુ પ્રણાલિકાથી જુદા પ્રકારની હોય તેમાં ભલે તેઓ જોડાતા નહિ, પણ તેનો પ્રાણ તેમને સત્પૂત લાગે તો તેઓ અલગા રહીને પણ તેના વિકાસમાં પ્રસન્નતા અનુભવતા. આજ કારણને લીધે મારા કે પુરાતત્ત્વાચાર્ય શ્રીજિન-વિજયજી જેવાના સંબંધો તેમણે આજીવન ઉત્તરોત્તર વધારે મધુરતાથી સાચવી રાખ્યા હતા. અને અમે પણ એમને અંગત મિત્ર લેખે જ માનતા આવ્યા છીએ.

આ ટુંક પરિચય પૂરો કર્યા પહેલા પંડિતજીની સ્વભાવગત વિશેષતાને દર્શાવનારી બેત્રણ બાબતોનો

ઉલ્લેખ આવશ્યક છે. જે આ યુગમાં મને ખાસ અનુકરણ કરવા જેવી લાગે છે. પહેલી બાબત એમની આતિથ્યશીલતા. પંડિતજીની આર્થિક સ્થિતિ તદ્દન સાધારણ હતી ત્યારે પણ મેં અનુભવ્યું છે કે અમદાવાદ જેવા અર્થપ્રધાન વાતાવરણમાં રહેવા છતાં તેઓ અતિથિ સત્કારમાં ખાસ પ્રસન્નતા અનુભવતા. બીજી બાબત વિદ્યાર્થિને આશ્રય આપવાની છે. કોઇ વિદ્યાર્થિ સાચો જિજ્ઞાસુ અને નિરાધાર હોય અને આવી ચડે તો તેઓ એક યા બીજી રીતે તેને ક્યાંયને ક્યંય ગોઠવવા પ્રયત્ન કરતા, એટલુંજ નહિ પણ ઘણીવાર તો તેઓ પોતાના શરૂઆતના નાનકડાશા ઘરમાં પણ વિદ્યાર્થિને કુટુંબની પેઠે સ્થાન કરી આપતા. ત્રીજી બાબત જો કે મારી સાથે સંબંધ ધરાવે છે, પણ તેમની સત્યપ્રિયતા અને નિખાલસતા ઉપર વધારે પ્રકાશ નાખનારી હોવાથી તેનો ઉલ્લેખ કરૂં છું. હું ક્યારેક મુંબઇમાં હતો અને અણધારી રીતે તેમણે કરેલ કર્મગ્રંથના ગુજરાતી ભાષાંતરની પ્રસ્તાવના મારા જોવામાં આવી. જોઉં છું તો એમાં મેં મારી હિન્દી પ્રસ્તાવનાનો કંઇક અનુવાદ યા સાર જોયો. મેં એમને પત્ર લખી પૂછ્યું કે "આ ભાગ તમે સ્વતંત્ર લખ્યો છે, કે મારા લખાણમાંથી તારવ્યો છે? જો મારા લખાણનું તારણ હોય તો તે સાથે મારૂં નામ ન આપવામાં શું વેચાણનો ભય આડે આવ્યો છે? ઈત્યાદિ." એમણે તદ્દન નિઃસંકોચ ભાવે સાચે સાચી વાત મને લખી કે તમારૂં નામ આપું તો કદાચ એ પુસ્તકોના વેચાણ

ઉપર અસર થાય એમ લાગવાથીજ મેં તમારૂં નામ નથી આપ્યું." મને એમના આવા નિખાલસ ઉત્તરથી જે આનંદ થયો, તેણે અમારી ચિરકાલીન મૈત્રીને વધારે દૃઢ અને નિર્મળ પણ બનાવી.

જૈનપ્રાચ્યવિદ્યાભવન સ્થપાયા પછી તરતમાં હું અમદાવાદ આવેલો મને [1]માસ્તર મલ્યા અને કહ્યું કે—અમુક અમુક ગ્રહસ્થભાઈઓ તમારી પાસે આવશે, ને જૈન પ્રાચ્યવિદ્યાભવનમાં તમે રહેવા આવો તે માટે તમને આગ્રહ કરશે. હવે તમે પણ નિવૃત્ત થયા છો તો અમારા ભવનમાં જ રહો અને આપણે સહ વિદ્યાસાધનાનો ચિર મનોરથ પૂર્ણ કરીએ. જ્યારે જવાબમાં મેં કહ્યું કે તમારા ભવનની વિદ્યા પ્રવૃત્તિઓમાં મારો રસ અવશ્ય છે, તમે તો મિત્ર જ છો, તમારે ઘેર હું રહેવાનું પસંદ કરૂં, પણ એક સાંપ્રદાયિક સંસ્થામાં રહેવું મારે માટે અઘરૂં છે. સંચાલકો, અને આગેવાન ગ્રહસ્થોની શેમાં આવ્યા વિના જ્યારે ટીકા કરવાનો પ્રસંગ આવે ત્યારે હું એમને ભારે પડું, અને તેમની ઉલટી મુંઝવણ વધે, તેથી મારા માટે તટસ્થ રહેવું શ્રેયસ્કર છે. માસ્તર મારૂં હાર્દ પામી ગયા અને છતાંય વિદ્યાભવનની પ્રવૃત્તિઓથી મને પરિચિત રાખતા રહ્યા. હું પણ યથામતિ તેમાં રસ સેવતો આવ્યો છું.

માસ્તરનો ઉદ્દેશ પ્રાચ્યવિદ્યાભવનને અનેક રીતે વિકસાવવાનો હતો. જૈન શાસ્ત્રોની વિવિધ શાખાઓનું વ્યાપક દૃષ્ટિએ અધ્યયન થતું રહે, જેઓ કોલેજ કે એવી બીજી સંસ્થાઓમાં ભણતા હોય અને જૈન પરંપરાના કોઇપણ વિષયના અભ્યાસમાં રસ

---

૧ પંડિતજી માટે હું માસ્તર શબ્દનોજ ઉપયોગ કરતો. તે શબ્દ તેમને માટે મને અતિ પ્રિય લાગ્યો હતો.

લેતા હોય તો તેમના રસને સક્રિય રીતે પોષવો, વિદ્વદ્‌ભોગ્ય અને લોકભોગ્ય થઇ શકે તેવું જુદુંજુદું જૈન સાહિત્ય પ્રસિદ્ધ કરવું અને પુસ્તક સંગ્રહને એવો વિશાળ બનાવવો કે જે વિદ્વાનોને આકર્ષે. હું એમ માનું છું કે જૈન પ્રાચ્યવિદ્યાભવન સાથે સંબંધ ધરાવનાર અને મારતરના આત્માને પિછાનનાર ગૃહસ્થોની તેમજ મુનિ મહારાજાઓની ફરજ છે કે તેઓ તેમના ઉદ્દેશને સિદ્ધ કરી અમદાવાદમાં એક જીવતી જૈનજ્ઞાન પ્રપાનું સ્વપ્ન મૂર્ત કરે.

આપણામાંના ઘણાના સહૃદય અને આદરણીય મિત્ર પંડિત ભગવાનદાસ લાંબી માંદગી પછી સને ૧૯૪૯ ઓગષ્ટ ત્રીજી તારીખ અને સંવત ૨૦૦૫ શ્રાવણ શુદ દશમના દિવસે સમાહિત મન સાથે સ્વર્ગવાસી થયા. જેઓ એમની માંદગી વખતે એમની પાસે જતા તેમણે જોયું છે કે બિમારીની અસહ્ય પીડામાં પણ તેઓનું મન ધાર્મિક વાતાવરણને પોષનાર એવા ભજન શ્રવણ અને વાતચિતના પ્રસંગોને જ મુખ્યપણે પસંદ કરતું. એમની પાછળ એમના ધર્મપત્ની ત્રણ પુત્રી અને બે પુત્રો એટલો પરિવાર છે. પંડિતજીએ પોતાની સંતતિને શિક્ષણ આપવા અને સંસ્કારી બનાવવા યથાસાધ્ય કાળજી સેવેલી.

એમના પીસ્તાલીસ કરતા વધારે વર્ષના સાથી અને કુટુંબના અવિભકત અંગ બની રહેલ ભાઇશ્રી હીરાલાલ દેવચંદ અત્યારે તેમની આદરેલી પ્રવૃત્તિઓને યથાશક્તિ સંભાળી રહ્યા છે, એ એક સુખદ વસ્તુ છે.

લી.

સુખલાલ સંઘવી

ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજયોપાધ્યાય વિરચિત

# જ્ઞાનસાર અષ્ટક

[ સ્વોપજ્ઞ ભાષાર્થના અનુવાદ સહિત ]

**ऐन्द्रवृन्दनतं नत्वा, वीरं तत्त्वार्थदेशिनम् ।**
**अर्थः श्रीज्ञानसारस्य, लिख्यते लोकभाषया ॥**

ઇન્દ્રના સમૂહવડે નમાયેલા અને તત્ત્વાર્થના ઉપદેશ કરનારા મહાવીર ભગવંતને નમસ્કાર કરીને જ્ઞાનસારનો અર્થ લોકભાષામાં લખું છું.

## १ पूर्णाष्टक

**ऐन्द्रश्रीसुखमग्नेन, लीलालग्नमिवाखिलम्[1] ।**
**सच्चिदानन्दपूर्णेन, पूर्णं जगदवेक्ष्यते ॥१॥**

---

१ इव=જેમ. ऐन्द्रश्रीसुखमग्नेन=ઇન્દ્ર સંબન્ધી શ્રી-લક્ષ્મીના સુખમાં મગ્ન થયેલા પુરુષ વડે. लीलालग्नं=સુખમાં મગ્ન થયેલું, સુખી. अखिलं=સર્વ જગત. अवेक्ष्यते=દેખાય

જેમ ઇન્દ્રની લક્ષ્મીના સુખમાં મગ્ન થયેલો આત્મા સંપૂર્ણ જગતને લીલા-સુખમાં લાગેલું જુએ છે, તેમ સત્-સત્તા ચિત્-જ્ઞાન અને આનન્દ-સુખ એ ત્રણે અંશ વડે પરિપૂર્ણ જ્ઞાની જગતને દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણે અંશે પૂર્ણ જુએ છે. તાત્પર્ય એ છે કે જેમ સુખી સર્વને સુખી જાણે છે તેમ પૂર્ણ બધાને પૂર્ણ જાણે છે. નિશ્ચય નયની દૃષ્ટિએ ભ્રાન્તિ નથી.

“नैवास्ति राजराजस्य यत्सुखं नैव देवराजस्य।
तत्सुखमिहैव साधोर्लोकव्यापाररहितस्य” ॥

ચક્રવર્તીને જે સુખ નથી, અને જે સુખ ઇન્દ્રને પણ નથી તે સુખ અહીં લૌકિક પ્રવૃત્તિ રહિત સાધુને હોય છે.

ઔપાધિક અને સ્વાભાવિક પૂર્ણતાનું સ્વરૂપ—

[1] पूर्णता या परोपाधेः, सा याचितकमण्डनम् ।
या तु स्वाभाविकी सैव, जात्यरत्नविभानिभा ॥२॥

---

છે. (તેમ) सच्चिदानन्दपूर्णेन=सत्-સત્તા, चित्-જ્ઞાન અને આનન્દ-સુખથી પૂર્ણ યોગી વડે. पूर्ण=જ્ઞાન, દર્શન અને ચારિત્રથી પરિપૂર્ણ. जगत्=વિશ્વ (દેખાય છે)

૧ या=જે. परोपाधेः=પર વસ્તુના નિમિત્તથી. पूर्णता=પૂર્ણપણું. (છે.) सा=તે. याचितकमण्डनं=માગી લાવેલા ઘરેણાં સમાન. (છે) तु=પરન્તુ. या=જે. स्वाभाविकी=સ્વભાવ સિદ્ધ.

જે પર વસ્તુ-આત્મદ્રવ્યથી ભિન્ન ધન ધાન્ય પરિગ્રહાદિ રૂપ ઉપાધિ-નિમિત્તથી પૂર્ણતા છે, (અર્થાત્ પરની ઉપાધિથી માની લીધેલી પૂર્ણતા છે)તે વિવાહાદિ અવસરે બીજા પાસેથી માગી લાવેલા ઘરેણાંના જેવી છે. પરન્તુ જે સ્વાભાવિકી-જ્ઞાન, દર્શન અને ચારિત્રની સ્વભાવસિદ્ધ પૂર્ણતા છે. તે ઉત્તમ રત્નની કાન્તિ સમાન છે. (ઉપાધિની પૂર્ણતા જાય, પણ સ્વભાવની પૂર્ણતા કદાપિ ન જાય એ ભાવાર્થ છે.

**[1] अवास्तवी विकल्पैः स्यात्, पूर्णताऽब्धेरिवोर्मिभिः ।**
**पूर्णानन्दस्तु भगवांस्तिमितोदधिसन्निभः ॥३॥**

તરંગો વડે સમુદ્રની પૂર્ણતા જેવી વિકલ્પો વડે અવાસ્તવિક પૂર્ણતા હોય છે. પરન્તુ પૂર્ણાનન્દ સ્વરૂપ ભગવાન્ સ્થિર--નિશ્ચલ સમુદ્રના જેવા છે.

જેમ તરંગો વડે સમુદ્રની કલ્પિત પૂર્ણતા હોયછે.

---

(પૂર્ણતા છે) सैव=તે જ जात्यरत्नविभानिभा=ઉત્તમ રત્નની કાન્તિ જેવી. (છે)

૧ ऊर्मिभिः તરંગો વડે. अब्धेः=સમુદ્રના- इव જેવી. विकल्पैः =કલ્પનાઓ વડે. अवास्तवी-અવસ્તુથી થયેલી-કલ્પિત.पूर्णता= પૂર્ણતા. स्यात्=હોય. तु=પરન્તુ. पूर्णानन्दः=પૂર્ણ આનન્દવાળો. भगवान्=શુદ્ધ સ્વભાવવાળો આત્મા. स्तिमितोदधि-सन्निभः=સ્થિર સમુદ્રના જેવો. (પ્રશાન્ત હોય છે.)

તેમ 'હું ધનવાન્ છું, હું રૂપવાન્ છું, હું પુત્ર અને સ્ત્રીવાળો છું' ઈત્યાદિ સંકલ્પ-વિકલ્પો વડે અવસ્તુથી ઉત્પન્ન થયેલી જૂઠી-સાચી નહિ એવી કલ્પિત પૂર્ણતા હોય છે. પરન્તુ પૂર્ણાનન્દ-આનન્દથી પરિપૂર્ણ ભગવાનુ-શુદ્ધ સ્વભાવવાળો આત્મા સ્થિરસમુદ્રના જેવો ( પ્રશાન્ત ) હોય છે; આત્મારૂપ સમુદ્રની જ્ઞાનાદિ રત્નો વડે સદાય પૂર્ણતા છે એમ વિચારવું. બાહ્યદૃષ્ટિ વિકલ્પરૂપ કલ્લોલો વડે પૂર્ણ માને છે. એ ભાવાર્થ છે.

१
**जागर्ति ज्ञानदृष्टिश्चेत्, तृष्णाकृष्णाहिजाङ्गुली ।**
**पूर्णानन्दस्य तत् किं स्याद् , दैन्यवृश्चिकवेदना ॥४॥**

જો તૃષ્ણારૂપ કૃષ્ણ સર્પના ઝેરનો નાશ કરવામાં અંગુલી વિદ્યા સમાન પૂર્ણતાજ્ઞાનની દૃષ્ટિ જાગૃત થાય છે તો પૂર્ણાનન્દમય આત્માને દીનતારૂપ વીંછીની વેદના કેમ હોય ?

પૂર્ણતા જ્ઞાનની દૃષ્ટિ તૃષ્ણાનો નાશ કરે છે,

---

૧ चेत=જો. तृष्णाकृष्णाहिजांगुली-તૃષ્ણારૂપ કાળા સાપના ઝેરને નાશ કરવામાં જાંગુલી-ગારૂડી મન્ત્ર સમાન ज्ञानदृष्टिः=તત્ત્વજ્ઞાન રૂપ દૃષ્ટિ. जागर्ति=જાગે છે, પ્રગટ થાય છે. तत्=તો. पूर्णानन्दस्य=પૂર્ણ આનન્દવાળાને. दैन्यवृश्चिकवेदना=દીનતારૂપ વીંછીની પીડા. किम्=કેમ. स्यात्=હોય.

અપૂર્ણને તૃષ્ણા વધે છે. જેનાથી સર્પના વિષની પીડાનો નાશ થાય, તેનાથી વીંછીની પીડાનો નાશ કેમ ન થાય? જે પૂર્ણ હોય તે તૃષ્ણાથી દીન ન હોય એ ભાવાર્થ છે.

**[1]पूर्यन्ते येन कृपणास्तदुपेक्षैव पूर्णता ।**
**पूर्णानन्दसुधास्निग्धा, दृष्टिरेषा मनीषिणाम् ॥५॥**

જે ધનધાન્યાદિ પરિગ્રહ વડે કૃપણો–હીનસત્વ, લોભી પ્રાણી પૂરાય છે તે ધનધાન્યાદિ પરિગ્રહની ઉપેક્ષા જ પૂર્ણતા છે, (અહીં ધનધાન્યાદિ પરિગ્રહનું ઉપાદાન–ગ્રહણ સવિકલ્પ છે અને ઉપેક્ષા નિર્વિકલ્પ છે માટે અહીં ઉપેક્ષા લીધી છે) પૂર્ણાનન્દરૂપ અમૃત વડે સ્નિગ્ધ–આર્દ્ર થએલી આ દૃષ્ટિ પંડિતોની હોય છે.

જયાં આત્મદ્રવ્યના શુદ્ધ જ્ઞાનાદિ પર્યાયની પૂર્ણતા સદા અવસ્થિત છે; ત્યાં પુદ્ગલ સંકલ્પિત અપૂર્ણતા જણાતી નથી. પરન્તુ પરમ ઉપેક્ષા વડે

---

૧ येन=જે ધનધાન્યાદિ પરિગ્રહ વડે कृपणाः=હીનસત્ત્વવાળા, લોભી. पूर्यन्ते=પૂરાય છે. तदुपेक्षा=તેની ઉપેક્ષા. एव=જ. पूर्णता=સ્વાભાવિક જ્ઞાનાદિગુણની પરિપૂર્ણતા (છે.) पूर्णानन्दसुधास्निग्धा=પૂર્ણાનન્દરૂપ અમૃતથી આર્દ્ર થયેલી. एषा=આ. दृष्टिः=તત્ત્વજ્ઞાનરૂપ દૃષ્ટિ. मनीषिणाम्=તત્ત્વજ્ઞાનીની. (હોય છે.)

સ્ફુરાયમાન સ્વરૂપવાળી પૂર્ણતા જ પ્રકાશે છે એ ભાવાર્થ છે.

**अपूर्णः पूर्णतामेति, पूर्यमाणस्तु हीयते ।**
**पूर्णानन्दस्वभावोऽयं, जगदद्भुतदायकः ॥६॥**

ત્યાગના ભાવથી ધનધાન્યાદિ પુદ્દગલ વડે અપૂર્ણ એવો આત્મા (આત્મિક ગુણો વડે) પૂર્ણતાને પામે છે. અને ધનધાન્યાદિ પુદ્દગલ વડે પૂર્ણ થતો આત્મા (જ્ઞાનાદિ ગુણની) હાની પામે છે. પુદ્દગલના નહિ ગ્રહણ કરવાથી જ્ઞાનાદિની પૂર્ણતા અને પુદ્દગલના ઉપચયથી જ્ઞાનાદિ ગુણની હાનિ એ પ્રસિદ્ધ જ છે. આ પૂર્ણાનન્દ રૂપ શુદ્ધ આત્માનો સ્વભાવ જગતને આશ્ચર્ય કરનાર છે. લૌકિક ભંડાર પ્રમુખ ન પૂર્યો હોય તો એ પૂરાતો નથી, અને પૂર્યો હોય તો હાનિ પામતો નથી; પણ આત્માનો સ્વભાવ તેથી વિપરીત છે માટે આશ્ચર્યકર છે.

**[૨] परस्वत्वकृतोन्माथा, भूनाथा न्यूनतेक्षिणः ।**

---

૧ अपूर्णः=ધનધાન્યાદિ પરિગ્રહથી અપૂર્ણ-રહિત. पूर्णतां=જ્ઞાનાદિની પૂર્ણતાને. एति=પામે છે. पूर्यमाणः=ધનધાન્યાદિ પરિગ્રહથી પૂરાતો. हीयते=હાનિ પામે છે. अयं=આ. पूर्णानन्द स्वभावः=આનંદથી પરિપૂર્ણ આત્માનો સ્વભાવ. जगदद्भुतदायकः=જગતને આશ્ચર્ય કરનાર. (છે)

૨ परस्वत्वकृतोन्माथाः=પરવસ્તુમાં આત્મપણાની બુદ્ધિથી

**स्वस्वत्वसुखपूर्णस्य, न्यूनता न हरेरपि ॥७॥**

પરદ્રવ્યમાં આત્મપણાની બુદ્ધિથી જેઓએ વ્યાકુલતા કરી છે એવા રાજાઓ પણ બીજાની અપેક્ષાએ પોતાની ન્યૂનતા (અપૂર્ણતા) જોવાના સ્વભાવવાળા છે, અર્થાત્ અન્યની અપેક્ષાએ પોતાનામાં અપૂર્ણતા જુએ છે. પરન્તુ આત્મદ્રવ્યમાં આત્મપણાના સુખ–નિરપેક્ષ અનવચ્છિન્ન આનન્દ વડે પૂર્ણ થએલા જ્ઞાનીને ઇન્દ્ર કરતાં પણ ન્યૂનતા નથી. સ્વભાવ સુખ સર્વને સરખું છે, ત્યાં કોઇનાથી અધિકતા કે ન્યૂનતા નથી.

**१**
**कृष्णे पक्षे परिक्षीणे, शुक्ले च समुदञ्चति**
**द्योतन्ते सकलाध्यक्षाः, पूर्णानन्दविधोः कलाः ॥८॥**

---

कृत=કરી છે उन्माथ–વ્યાકુલતા જેઓએ એવા. भूनाथाः=રાજાઓ. न्यूनतेक्षिणः=પોતાની ન્યૂનતાને જોનારા. અલ્પતાનો અનુભવ કરનારા. (છે.) स्वस्वत्वसुखपूर्णस्य=આત્માને વિશે આત્મપણાના સુખથી પૂર્ણ થએલાને. हरेरपि=ઇન્દ્ર કરતાં પણ. न्यूनता=ઓછાપણું. न=નથી.

૧ कृष्णे पक्षे परिक्षीणे=(સતિ સપ્તમી) જ્યારે કૃષ્ણપક્ષનો ક્ષય થાય છે ત્યારે. शुक्ले च समुदञ्चति=અને શુકલપક્ષનો ઉદય થાય છે ત્યારે. सकलाध्यक्षाः=સર્વને પ્રત્યક્ષ એવી. पूर्णानन्दविधोः=પૂર્ણાનન્દરૂપ ચન્દ્રની. कलाः=અંશો. ચૈતન્ય પર્યાયો. द्योतन्ते=પ્રકાશમાન થાય છે.

કૃષ્ણપક્ષનો ક્ષય થતાં અને શુકલ પક્ષની વૃદ્ધિ થતાં સર્વને પ્રત્યક્ષ એવી પૂર્ણાનન્દરૂપ ચન્દ્રમાની કલા શોભે છે.

ચન્દ્રપક્ષે કૃષ્ણપક્ષ—અંધારીયાનું પખવાડીઉં, શુકલપક્ષ—અજવાળીયાનું પખવાડીઉં, અને કલા—સોળમો ભાગ. પૂર્ણાનન્દપક્ષે કૃષ્ણપક્ષ—અર્ધ પુદ્ગલપરાવર્તથી અધિક સંસારપરિભ્રમણશક્તિ, શુકલપક્ષ અર્ધપુદ્ગલપરાવર્તની અંદરનો સંસાર, અને કલા—ચૈતન્યપર્યાયરૂપ જાણવી.

" जेसिमवड्ढो पुग्गलपरिअट्टो सेसओ अ संसारो ।
ते सुक्कपक्खिआ खलु अवरे पुण कण्हपक्खिआ"॥

જેઓનો કંઈક ન્યૂન અર્ધ પુદ્ગલપરાવર્ત સંસાર બાકી છે તે શુકલપાક્ષિક અને બીજા (તેથી અધિક સંસારવાળા ) કૃષ્ણપાક્ષિક જાણવા.

जो जो किरियावाई सो भव्वो णियमा सुक्कपक्खिआ अंतो पुग्गलपरिअट्टस्सु सिज्झइ ॥ "

જે જે ક્રિયાવાદી (આત્મવાદી) છે તે ભવ્ય છે અને અવશ્ય શુકલપાક્ષિક છે. તે એક પુદ્ગલપરાવર્તની અંદર સિદ્ધ થાય છે. એ દશાશ્રુત ચૂર્ણિના અનુસારે પુદ્ગલપરાવર્તથી અધિક સંસાર તે કૃષ્ણપક્ષ અને તેની અંદરનો કાળ તે શુકલપક્ષ જાણવો.

## २ मग्नाष्टक

१
**प्रत्याहृत्येन्द्रियव्यूहं, समाधाय मनो निजम् ।**
**दधच्चिन्मात्रविश्रान्तिं, मग्न इत्यभिधीयते ॥१॥**

ઇન્દ્રિયોના સમૂહને પ્રત્યાહરીને-પોતપોતાના વિષયરૂપ સંસારથી નિવૃત્ત કરીને અને પોતાના મનને વિષયાન્તર સંચારથી આત્મદ્રવ્યને વિશે (એકાગ્ર) કરીને, ચિન્માત્ર—જ્ઞાનમાત્રને વિષે વિશ્રાન્તિ—સ્થિરતા કરતો આત્મા મગ્ન કહેવાય છે, અર્થાત્ સર્વ ભાવના જ્ઞાનરૂપ ભાવને ધારણ કરનાર મગ્ન કહેવાય છે.

२
**यस्य ज्ञानसुधासिन्धौ, परब्रह्मणि मग्नता ।**
**विषयान्तरसंचारस्तस्य हालाहलोपमः ॥२॥**

---

१ इन्द्रियव्यूहं=ઇન્દ્રિયોના સમૂહને प्रत्याहृत्य=પ્રત્યાહરીને. વિષયોથી નિવૃત્ત કરીને. निजं=પોતાના मनः=મનને. समाधाय=આત્મદ્રવ્યમાં એકાગ્ર કરીને. चिन्मात्रविश्रान्तिं=ચૈતન્યસ્વરૂપ આત્માને વિશે સ્થિરતાને. दधत्=ધારણ કરતો मग्नः=લીન થએલો. इति=એમ. अभिधीयते=કહેવાય છે

२ यस्य=જેને. ज्ञानसुधासिन्धौ=જ્ઞાનરૂપ અમૃતના સમુદ્ર. परब्रह्मणि=પરમાત્માને વિશે. मग्नता= મગ્નપણું. તલ્લીન—

જેને જ્ઞાનરૂપ અમૃતના સમુદ્ર જેવા પ્રપંચ રહિત શુદ્ધ આત્મજ્યોતિરૂપ પરબ્રહ્મ-પરમાત્મસ્વરૂપને વિશે મગ્નપણું છે તેને જ્ઞાન સિવાય બીજા રૂપરસાદિ વિષયોમાં પ્રવૃત્તિ કરવી તે ઝેર જેવી લાગે છે,

જેમ માલતીના પુષ્પમાં રક્ત થએલો ભ્રમર કેરડાના ઝાડ ઉપર ન બેસે, તેમ અંતરંગ સુખમાં રક્ત થએલો બાહ્ય પ્રવૃતિએ ચાલે નહિ.

**स्वभावसुखमग्नस्य, जगत्तत्त्वावलोकिनः ।**
**कर्तृत्वं नान्यभावानां, साक्षित्वमवशिष्यते ॥ ३ ॥**

સહજાનન્દમાં મગ્ન થએલા અને જગતના તત્ત્વનું-સ્યાદ્વાદ વડે શુદ્ધ સ્વરૂપનું પરીક્ષણ કરીને અવલોકન કરનાર આત્માને અન્ય ભાવોનું પોતાના આત્માથી ભિન્ન બીજા પદાર્થોનું કર્તાપણું નથી,

---

પણું. (છે.) तस्य=તેને. विषयान्तरसंचारः=પરમાત્મા સિવાય બીજા વિષયમાં પ્રવૃત્તિ કરવી. हालाहलोपमः=ઝેર જેવી. (લાગે છે.)

૧ स्वभावसुखमग्नस्य=સ્વાભાવિક આનન્દમાં મગ્ન થએલા. जगत्तत्त्वावलोकिनः=જગતના તત્ત્વને-સ્યાદ્વાદથી શુદ્ધ સ્વરૂપને જોનાર યોગીને. अन्यभावानाम्=અન્ય ભાવોનું. कर्तृत्वम्=કર્તાપણું. न=નથી. (પણ) साक्षित्वम्=સાક્ષાત્ દ્રષ્ટાપણું. अवशिष्यते=બાકી રહે છે.

પણ સાક્ષીપણું બાકી રહે છે.

માટી વગેરે ભાવો ઘટાદિરૂપે પરિણમે છે તેમાં કુંભાર વગેરે સાક્ષી માત્ર છે, તો તે કેમ અભિમાન રાખે કે અમે ઘટાદિ પદાર્થના કર્તા છીએ. તેવી રીતે ભાષાવર્ગણાદ્રવ્ય વર્ણપણે, વર્ણ પદપણે, પદ વાકયપણે, વાકય મહાવાકયપણે અને મહાવાકય ગ્રન્થપણે પરિણમે છે, તેમાં ગ્રન્થકાર સાક્ષી માત્ર છે, તો તે કેમ અભિમાન રાખે કે 'હું ગ્રન્થ-કર્તા છું' સર્વ દ્રવ્યો સ્વ સ્વ પરિણામના [1]કર્તા

---

૧ શબ્દાદિનયની અપેક્ષાએ આત્મા વિભાવાદિ પર-ભાવોનો કર્તા નથી. ઋજુસૂત્રનયની દૃષ્ટિથી રાગદ્વેષાદિ વિભા-વોનો કર્તા છે પણ પૌદ્ગલિક કર્મનો કર્તા નથી, અને નૈગમ અને વ્યવહાર નયથી પૌદ્ગલિક કર્મનો કર્તા છે.

परश्रितानां भावनां कर्तृत्वाद्यभिमानतः ।
कर्मणा बध्यतेऽज्ञानी ज्ञानवांस्तु न लिप्यते ॥

પર-પુદ્ગલાશ્રિત પર્યાયોના કર્તાપણાદિના અભિમાનથી અજ્ઞાની કર્મથી બંધાય છે. પણ જ્ઞાની બંધાતો નથી તાત્પર્ય એ છે કે વાસ્તવિક રીતે આત્મા પરભાવનો કર્તા નથી, પણ કર્તાપણાના અભિમાનથી અજ્ઞાની કર્મવડે બંધાય છે, જ્ઞાનીને કર્તાપણાનું અભિમાન નહિ હોવાથી તે બંધાતો નથી.

कर्तैवमात्मा नो पुण्यपापयोरपि कर्मणोः ।
रागद्वेषाशयानां तु कर्तेष्टानिष्टवस्तुषु ॥

છે, પર પરિણામને કોઈ કર્તા નથી. એ ભાવનાએ અન્યભાવોનું કર્તાપણું નથી, પણ સાક્ષીપણું છે.

[1] **परब्रह्मणि मग्नस्य, श्लथा पौद्गलिकी कथा।**
**क्वामी चामीकरोन्मादाः स्फारा दारादराः क्व च।**

---

आत्मा न व्यापृतस्तत्र रागद्वेषाशये सृजन्।
तन्निमित्तोपनम्रेषु कर्मोपादानकर्मसु ॥

એ પ્રમાણે આત્મા શુભાશુભ કર્મનો કર્તા નથી. પણ ઇષ્ટ અને અનિષ્ટ નિમિતે થતા રાગદ્વેષરૂપ આશયનો કર્તા છે. રાગદ્વેષરૂપ આશયને કરતો આત્મા તે નિમિત્તે પ્રાપ્ત થતા કર્મને ગ્રહણ કરવાની ક્રિયામાં પ્રવૃત્ત થતો નથી (આ ઋજુસૂત્રનયનું કથન છે.)

नैगमव्यवहारौ तु ब्रूतः कर्मादिकर्तृताम्।
व्यापारः फलपर्यन्तः परिदृष्टो यदात्मनः ॥

अध्यात्मसार अ. ६ श्लोक. ११६

નૈગમ અને વ્યવહાર નય કર્મ વગેરેનું કર્તાપણું કહે છે. કારણ કે આત્માનો વ્યાપાર ફળના અન્ત સુધી હોય છે. તાત્પર્ય એ છે કે આત્મા ભાવકર્મનો કર્તા છે અને તેનું ફળ દ્રવ્યકર્મનો બન્ધ છે અને ફળપર્યન્ત આત્માનો વ્યાપાર હોવાથી આત્મા દ્રવ્યકર્મનો કર્તા છે.

1 **पर**ब्रह्मणि=પરમાત્માન સ્વરૂપમાં **मग्नस्य**=લીન થએલાને. पौद्गालिकी=પુદ્ગલ સંબન્ધી **कथा**=વાત **श्लथा**=નીરસ. (લાગે છે.) (તેને) **अमी**=આ चामीकरोन्मादः=સુવર્ણનું-ધનનું

પરબ્રહ્મ-પરમાત્મસ્વરૂપને વિષે મગ્ન થએલા પુરુષને પુદ્ગલ સંબન્ધી કથા-વાર્તા શ્લથા-શિથિલ-નીરસ લાગે છે. તો પછી તેને આ પ્રત્યક્ષ દેખાતા સુવર્ણના-ધનના ઉન્માદો ક્યાંથી હોય અને દેદીપ્યમાન એવા સ્ત્રીના આલિંગનાદિરૂપ આદર પણ ક્યાંથી હોય ?

**तेजोलेश्याविवृद्धिर्या, साधोः पर्यायवृद्धितः ।**
**भाषिता भगवत्यादौ, सेत्थंभूतस्य युज्यते ॥५॥**

ચારિત્રવંત સાધુને માસાદિક ચારિત્ર પર્યાયની વૃદ્ધિ થવાથી તેજોલેશ્યાની-ચિત્તસુખની વિશેષ વૃદ્ધિ ભગવતીસૂત્ર પ્રમુખ ગ્રન્થને વિષે કહી છે, તે આવા પ્રકારના ક્રમે ક્રમે જ્ઞાનમગ્ન હોય તેને ઘટે છે બીજા જે મન્દસંવેગી હોય તેને એ ભાવ ન હોય. ભગવતીસૂત્રમાં કહેલું છે કે—

---

અભિમાન. क्व=ક્યાં (હોય) च=અને स्फाराः=દેદીપ્યમાન, ચિત્તને ચમત્કારી. दारादराः=સ્ત્રીના આદરો. क्व=ક્યાં (હોય).

૧ या=જે. तेजोलेश्याविवृद्धिः=તેજોલેશ્યા-ચિત્તસુખની વિશેષ વૃદ્ધિ. साधोः=સાધુને. पर्यायवृद्धितः=માસાદિ ચારિત્ર-પર્યાયની વૃદ્ધિ થવાથી भगवत्यादौ=ભગવતી પ્રમુખ ગ્રન્થમાં. भाषिता=કહેલી (છે.) सा=તે. इत्थंभूतस्य=આવા પ્રકારના જ્ઞાનમગ્નને. युज्यते=ઘટે છે

"જે અત્યારે શ્રમણુ નિર્ગ્રન્થો વિચરતા હોય છે તેઓ કોની તેજોલેશ્યાને–ચિત્તસુખની પ્રાપ્તિને ઓળંગી જાય છે? હે ગૌતમ! એક માસના પર્યાયવાળો શ્રમણુ નિર્ગ્રન્થ વાનવ્યન્તર દેવોના સુખને ઓળંગી જાય છે. બે માસના પર્યાયવાળો શ્રમણુ નિર્ગ્રન્થ અસુરેન્દ્ર સિવાયના ભવનવાસી દેવોના સુખને ઓળંગી જાય છે. ત્રણુ માસના પર્યાયવાળો શ્રમણુ નિર્ગ્રન્થ અસુરકુમારેન્દ્ર દેવોના સુખને ઓળંગી જાય છે. ચાર માસના પર્યાયવાળો શ્રમણુ નિર્ગ્રન્થ ચન્દ્ર અને સૂર્ય સિવાયના ગ્રહગણુ, નક્ષત્ર અને તારારૂપ જ્યોતિષિક દેવોના સુખને ઓળંગી જાય છે. પાંચ માસના પર્યાયવાળો શ્રમણુ નિર્ગ્રન્થ ચન્દ્ર અને સૂર્યરુપ જ્યોતિષિક દેવોના સુખને ઓળંગી જાય છે. ૭ માસના પર્યાયવાળો શ્રમણુ નિર્ગ્રન્થ સૌધર્મ અને ઇશાન દેવોના સુખને ઓળંગી જાય છે, સાત માસના પર્યાયવાળો શ્રમણુ નિર્ગ્રન્થ સનત્કુમાર અને માહેન્દ્ર દેવોના સુખને ઓળંગી જાય છે. આઠ માસના માસના પર્યાયવાળો શ્રમણુ નિર્ગ્રન્થ બ્રહ્મલોક અને લાન્તક દેવોના સુખને, નવ માસના પર્યાયવાળો શ્રમણુ નિર્ગ્રન્થ મહાશુક્ર અને સહસ્રાર દેવોના સુખને, દસ માસના પર્યાયવાળો શ્રમણુ નિર્ગ્રન્થ આનત, પ્રાણુત, આરણુ અને અચ્યુત દેવોના સુખને, અગિયાર માસના પર્યાયવાળો શ્રમણુ નિર્ગ્રન્થ ગ્રૈવેયક દેવોના સુખને, અને બાર માસના પર્યાયવાળો શ્રમણુ નિર્ગ્રન્થ અનુત્તરોપપાતિક દેવોના સુખને ઓળંગી જાય છે. ત્યારબાદ સંવત્સર પછી શુક્લ–વિશુદ્ધ (અભિન્ન ચારિત્રવાળો, અમત્સરી, કૃતજ્ઞ,

સદારંભી, હિતાનુબન્ધી–નિરતિચાર ચારિત્રવાળો,) શુક્લા. ભિજાત–પરમશુક્લપરિણામવાળો (અકિંચન, આત્મનિષ્ઠ અને સદાગમ વડે વિશુદ્ધ) થઇને સિદ્ધ થાય છે. બુદ્ધ થાય છે, મુક્ત થાય છે. નિર્વાણ પામે છે અને સર્વ દુઃખોનો અન્ત કરે છે. એ સંબન્ધે કહ્યું છે કે—

**आकिञ्चन्यं मुख्यं ब्रह्मातिपरं सदागमविशुद्धम् ।**
**सर्वं शुक्लमिदं खलु नियमात्संवत्सरादूर्ध्वम् ॥**

"મુખ્ય અકિંચનપણું, બ્રહ્મને વિશે અતિ તત્પરતા અને સદાગમ–સત્‌શાસ્ત્ર વડે વિશુદ્ધ એ સર્વ શુક્લ છે, અને તે એક વર્ષના ચારિત્ર પછી અવશ્ય હોય છે."

એ સંબન્ધે ધર્મબિન્દુમાં કહ્યું છે કે—

**उक्तं मासादिपर्यायवृद्ध्या द्वादशभिः परम् ।**
**तेजः प्राप्नोति चारित्री सर्वदेवेभ्य उत्तमम् ॥**

ચારિત્રવાળા સાધુ માસાદિ ચારિત્રપર્યાય વધતાં બાર માસના પર્યાયવડે સર્વ દેવો કરતાં ઉત્તમ એવું પર–ઉત્કૃષ્ટ સુખ પામે છે.

અહીં ધર્મબિન્દુની ટીકામાં "तेजश्चित्तसुखलाभलक्षणम्" તેજ એટલે ચિત્તસુખનો લાભ એ અર્થ જણાવેલો છે.

१
**ज्ञानमग्नस्य यच्छर्म, तद्वक्तुं नैव शक्यते ।**
**नोपमेयं प्रियाश्लेषैर्नापि तच्चन्दनद्रवैः ॥६॥**

---

ज्ञानमग्नस्य=જ્ઞાનમાં મગ્ન થયેલાને. यत्=જે. शर्म=

જ્ઞાનમાં મગ્ન થયેલાને જે સુખ છે તે કહી શકાય તેવું નથી. તેમ તે સ્ત્રીના આલિંગનના સુખ સાથે સરખાવવા યોગ્ય નથી, તથા ભાવનાચન્દનના વિલેપનની સાથે પણ સરખામણી કરવા યોગ્ય નથી કારણ કે સંસારમાં બીજી કોઇ ઉપમા નથી.

**શમશૈત્યપુષો યસ્ય, વિપ્રુષોઽપિ મહાકથાઃ।[1]**
**કિં સ્તુમો જ્ઞાનપીયૂષે, તત્ર સર્વાઙ્ગમગ્નતામ્ ॥૭॥**

जे (જ્ઞાનામૃતના) બિન્દુની પણ ઉપશમની શીતળતાને પોષણ કરનારી (જ્ઞાનાદિના દૃષ્ટાન્તે) મહાકથાઓ છે, તે જ્ઞાનામૃતને વિષે સર્વાંગે મગ્નપણાની શી રીતે સ્તુતિ કરીએ? જે જ્ઞાનામૃતના બિન્દુરૂપ ધર્મકથા સાંભળતાં મહાસુખ ઉપજે છે તે

---

સુખ (છે.) तद्=તે. वक्तुं=કહેવાને. नैव=નહિ જ.शक्यते= શકાય. એટલે કહી શકાય નહિ. तत्=તે. प्रियाश्लेषैः=પ્રિય સ્ત્રીના આલિંગન વડે, (અને) चन्दनद्रवैः=ચન્દનના વિલેપન વડે. अपि=પણ. उपमेयं=સરખાવવા યોગ્ય. न=નથી.

૧ यस्य=જે જ્ઞાનામૃતના. विप्रुषः=બિન્દુની. अपि=પણ शमशैत्यपुषः=ઉપશમરૂપ શીતળતાને પોષણ કરનારી. महाकथा= મહા વાર્તાઓ. (છે.) तत्र ज्ञानपीयूषे=તે જ્ઞાનરૂપ અમૃતને વિશે. सर्वाङ्गमग्नताम्=સર્વ અંગે મગ્નપણાની. किम्=કેમ, શી રીતે. स्तुमः=સ્તુતિ કરીએ.

જ્ઞાનામૃતમાં સર્વાંગે મગ્ન થએલા છે તેના સુખની શી વાત કરવી ! અનુભવે તે જાણે.

૧
यस्य दृष्टिः कृपावृष्टिर्गिरः शमसुधाकिरः ।
तस्मै नमः शुभज्ञान–ध्यानमग्नाय योगिने ॥८॥

જેની દૃષ્ટિ કરૂણાની વૃષ્ટિ–વર્ષાપ્રવાહ જેવી છે અને જેની વાણી ઉપશમરૂપ અમૃતનો છંટકાવ કરનારી છે એવા શુભ--પ્રશસ્ત જ્ઞાન અને ધ્યાનમાં મગ્ન--લીન થયેલા યોગીને--યોગમાર્ગના સ્વામીને નમસ્કાર હો.

## ३ स्थिरताष्टक

२
वत्स किं चञ्चलस्वान्तो, भ्रान्त्वा भ्रान्त्वा विषीदसि ।
निधिं स्वसन्निधावेव, स्थिरता दर्शयिष्यति ॥१॥

---

૧ यस्य=જેની. दृष्टिः=ચક્ષુ. कृपावृष्टिः=કૃપાની વૃષ્ટિરૂપ. (અને) गिरः=વાણી. शमसुधाकिरः=ઉપશમરૂપ અમૃતનો છંટકાવ કરનારી. (છે) तस्मै=તે (ને). शुभज्ञानध्यानमग्नाय= પ્રશસ્ત જ્ઞાન અને ધ્યાનમાં લીન થએલા (ને). योगिने= યોગીને. नमः=નમસ્કાર.

૨ वत्स ! = હે વત્સ ! चञ्चलस्वान्तः=ચંચલઅન્તઃ- કરણવાળો. भ्रान्त्वा भ्रान्त्वा=ભમી ભમીને. किम्=કેમ. विषी- दसि=ખેદ પામે છે. स्थिरता=સ્થિરપણું स्वसन्निधौ=પોતાની પાસે. एव=જ. (રહેલા) निधिं=નિધાનને. दर्शयिष्यति=બતાવશે.

હે વત્સ ! ચંચલચિત્તવાળો થઇ (ઠામે ઠામે ગામે ગામે) ભમી ભમીને કેમ ખેદ પામે છે? (જો તું નિધાનનો અર્થી છે તો) સ્થિરતા તારી પાસે જ રહેલ નિધાનને દેખાડશે.

**[1] ज्ञानदुग्धं विनश्येत, लोभविक्षोभकूर्चकैः ।**
**अम्लद्रव्यादिवास्थैर्यादिति मत्वा स्थिरो भव ॥२॥**

જ્ઞાનરૂપ દૂધ અસ્થિરતારૂપ ખાટા પદાર્થથી લોભના વિક્ષોભ--વિકારરૂપ કૂચા થવા વડે નાશ પામે છે, બગડી જાય છે-એમ જાણીને સ્થિર થા.

**[2] अस्थिरे हृदये चित्रा, वाङ्नेत्राकारगोपना ।**
**पुंश्चल्या इव कल्याणकारिणी न प्रकीर्तिता ॥३॥**

ચિત્ત અસ્થિર-સર્વત્ર ફરતું હોય તો વિચિત્ર

---

૧ अम्लद्रव्याद्=ખાટા પદાર્થના इव=જેવી. अस्थैर्याद्=અસ્થિરતાથી. ज्ञानदुग्धं=જ્ઞાન રૂપ દૂધ. लोभविक्षोभकूर्चकैः=લોભના વિક્ષોભ-વિકાર રૂપ કૂચા થવા વડે. विनश्येत=વિનાશ પામે, બગડી જાય. इति=એમ. मत्वा=માનીને. स्थिरः=સ્થિરતાવાળો. भव=થા.

૨ अस्थिरे हृदये=ચિત્ત અસ્થિર હોય તો. चित्रा=વિવિધ પ્રકારે वाङ्नेत्राकारगोपना=વાણી, નેત્ર અને આકારનું સંગોપન કરવું. (તે) पुंश्चल्याः=કુલટા સ્ત્રીની. इव=જેમ. कल्याणकारिणी=કલ્યાણ કરનાર. प्रकीर्तिता=કહેલ. न=નથી.

વાણી, નેત્ર અને આકાર—આકૃતિ વેષાદિકને સંગોપન કરવા રૂપ (ક્રિયા) અસતી--કુલટા સ્ત્રીની પેઠે કલ્યાણ કરનારી કહી નથી.

હૃદય સ્થિર કર્યા સિવાય અનેક ક્રિયા કપટરૂપ કરે તેથી કોઇ પણ પ્રકારે અર્થની સિદ્ધિ ન થાય એ ભાવાર્થ છે.

[1]अन्तर्गतं महाशल्यमस्थैर्यं यदि नोद्धृतम् ।
क्रियौषधस्य को दोषस्तदा गुणमयच्छतः ॥ ४ ॥

જો હૃદયમાં રહેલા મહાશલ્યરૂપ અસ્થિરપણું દૂર કર્યું નથી, તો પછી ગુણ નહિ કરનાર ક્રિયા રૂપ ઔષધનો શો દોષ છે ? શલ્ય અન્તર્ગત હોય તો ઔષધ ગુણકારક ન થાય તે ઔષધનો દોષ નથી, પણ શલ્યનો દોષ છે, માટે શલ્ય કાઢવું જોઇએ.

[2]स्थिरता वाङ्मनःकायैर्येषामङ्गाङ्गितां गता ।

---

૧अन्तर्गतं=અંદર રહેલું. महाशल्यं=મોટું સાલ. अस्थैर्यं=અસ્થિરપણું. यदि=જો. उद्धृतं=બહાર કાઢેલું, દૂર કરેલું. न=નથી. तदा=તો. गुणं=ફાયદો, લાભ; अयच्छतः= નહિ આપનાર. क्रियौषधस्य=ક્રિયારૂપ ઔષધનો. कः=શો. दोषः=દોષ. (છે.)

૨ स्थिरता=સ્થિરતાપણું. वाङ्मनःकायैः=વાણી, મન અને

**योगिनः समशीलास्ते ग्रामेऽरण्ये दिवा निशि ॥५॥**

**જેઓને સ્થિરતા વાણી, મન અને કાયા વડે અંગાંગિપણાને—ચન્દનગન્ધની પેઠે એકીભાવને—તન્મયપણાને પ્રાપ્ત થયેલી છે તે યોગીઓ ગ્રામ—નગરમાં અને અરણ્યમાં, દિવસે અને રાત્રિએ સમ-સ્વભાવવાળા છે.**

[1]
**स्थैर्यरत्नप्रदीपश्चेद्, दीप्रः संकल्पदीपजैः ।**
**तद्विकल्पैरलं धूमैरलं धूमैस्तथाऽऽस्रवैः ॥ ६ ॥**

**જો સ્થિરતારૂપ રત્નનો દીવો સદા દેદીપ્યમાન છે તો સંકલ્પરૂપ દીપથી ઉત્પન્ન થએલા વિકલ્પરૂપ ધૂમનું શું કામ છે? અર્થાત્ તેનું કંઈ પણ પ્રયો-**

---

કાયાવડે. येषां=જેઓને. अङ्गाङ्गितां—એકીભાવને, તન્મયતાને. गता=પ્રાપ્ત થએલ છે. ते=તે. योगिनः=યોગીઓ. ग्रामे=ગામમાં. अरण्ये=જંગલમાં दिवा=દિવસે. (અને) निशि=રાત્રે. समशीलाः=સમભાવવાળા. (છે.)

૧ चेद्=જો. स्थैर्यरत्नप्रदीपः=સ્થિરતારૂપ રત્નનો દીવો. दीप्रः=દેદીપ્યમાન, પ્રકાશમાન. (છે.) तत्=તો. संकल्पदीपजैः=સંકલ્પરૂપ દીવાથી ઉત્પન્ન થએલા. विकल्पैः=વિકલ્પરૂપ. धूमैः=ધૂમાડાઓનું अलं=( નિષેધાર્થક અવ્યય ). કામ નથી. तथा=વળી. अलंधूमैः=અત્યંત મલિન. आस्रवैः=પ્રાણાતિપાત વગેરે આસ્રવો—કર્મબન્ધના હેતુઓનું ( કામ નથી. )

જન નથી. તથા અત્યન્ત ધૂમ–મલિન એવા પ્રાણા-તિપાતાદિક આસ્રવોનું પણ શું કામ છે?

સંકલ્પરૂપ દીવો ક્ષણવાર પ્રકાશ કરે છે અને (વિકલ્પરૂપ) અતિશય ધૂમથી ચિત્તગૃહ મલિન કરે છે, તે માટે સદા પ્રકાશી નિષ્કલંક સ્થિરતારૂપ દીપ જ આદર કરવા યોગ્ય છે.

[1]उदीरयिष्यसि स्वान्तादस्थैर्यं पवनं यदि ।
समाधेर्धर्ममेघस्य, घटां विघटयिष्यसि ॥७॥

જો અન્તઃકરણથી અસ્થિરતારૂપ પવન ઉત્પન્ન કરીશ તો ધર્મમેઘ સમાધિની શ્રેણિને વિખેરી નાંખીશ.

પાતંજલ યોગશાસ્ત્રમાં ધર્મમેઘ સમાધિને [2]અસંપ્રજ્ઞાત સમાધિ કહી છે. તેના ઘટાનો નાશ કરીશ એટલે આવતા કેવળજ્ઞાનને વિખેરી નાંખીશ.

૧ यदि=જો. स्वान्तात्=અન્તઃકરણથી. अस्थैर्य=અસ્થિરતારૂપ पवनं=પવનને. उदीरयिष्यसि=પ્રેરીશ, ઉત્પન્ન કરીશ. ( તો ) धर्ममेघस्य=ધર્મમેઘ નામની. समाधेः=સમાધિની. घटां=ઘટાને. विघटयिष्यसि=વિખેરી નાંખીશ.

૨ જ્યાં ચિત્તની કિલષ્ટ વૃત્તિઓનો રોધ કરવામાં આવે છે તે સંપ્રજ્ઞાત યોગ અને કિલષ્ટ અને અકિલષ્ટ બંને પ્રકારની વૃત્તિઓનો રોધ કરવામાં આવે છે તે અસંપ્રજ્ઞાત યોગ કહેવાય છે.

[1] चारित्रं स्थिरतारूपमतः सिद्धेष्वपीष्यते ।
यतन्तां यतयोऽवश्यमस्या एव प्रसिद्धये ॥८॥

યોગની સ્થિરતારૂપ ચારિત્ર છે, એ હેતુથી સિદ્ધિને વિશે પણ કહ્યું છે, માટે હે યતિઓ! આજ સ્થિરતાની પ્રકૃષ્ટ–પરિપૂર્ણ સિદ્ધિ માટે અવશ્ય પ્રયત્ન કરો.

સિદ્ધોમાં સર્વ આત્મપ્રદેશોની સ્થિરતારૂપ ચારિત્ર સિદ્ધાન્તસિદ્ધ છે, પણ સિદ્ધોમાં ચારિત્ર નિષેધ્યું છે તે ક્રિયારૂપ ચારિત્ર સમજવું. સિદ્ધમાં જે ભાવ હોય તે જાતિસ્વભાવ ગુણ કહેવાય, એવી સ્થિરતા છે, તે માટે સર્વ પ્રકારે તેની સિદ્ધિ કરવી એ ઉપદેશ છે.

## ४ मोहत्यागाष्टक

[2] अहं ममेति मन्त्रोऽयं, मोहस्य जगदान्ध्यकृत् ।
अयमेव हि नञ्पूर्वः, प्रतिमन्त्रोऽपि मोहजित् ॥९॥

---

१ चारित्रं=ચારિત્ર, स्थिरतारुपं=સ્થિરતારૂપ. (છે.) अतः= એ હેતુથી. सिद्धेषु=સિદ્ધોમાં. अपि=પણ. इष्यते=ઇચ્છાય છે, માનવામાં આવે છે. यतयः=હે યતિઓ! अस्याः=આ સ્થિરતાની, एव=જ. प्रसिद्धये=પરિપૂર્ણ સિદ્ધિને માટે, अवश्यं= અવશ્ય. यतन्ताम्=યત્ન કરો.

२ अहं मम इति=હું અને મારૂં એવો. अयं=આ.

'હું અને મારું' એ મોહરાજાનો મન્ત્ર છે તે જગતને આંધળું કરનાર છે અને નકારપૂર્વક આજ વિરોધી મન્ત્ર પણ છે તે મોહને જિતનાર છે.

પ્રાણીઓને સર્વ સંસારચક્રવાલમાં ભમાડવાને માટે 'अहं' અને 'मम' એ ચાર અક્ષરનો મોહ-રાજાનો મન્ત્ર છે. 'नाहं અને न मम' એ તેનો વિરોધી મન્ત્ર મોહને જિતનાર છે. ચારિત્રધર્મ રાજા એ મન્ત્રનો જાપ દઈ ભવ્ય પ્રાણીઓના મોહનો નાશ કરે છે.

**[1] शुद्धात्मद्रव्यमेवाहं, शुद्धज्ञानं गुणो मम ।**
**नान्योऽहं न ममान्ये चेत्यदो मोहास्त्रमुल्बणम् ॥२॥**

શુદ્ધ-નિજસત્તારૂપે રહેલ આત્મદ્રવ્ય જ હું

---

मोहस्य=મોહનો. मन्त्रः=દેવાધિષ્ઠિત વિદ્યા. जगदान्ध्यकृत्=જગતને આંધળું કરનાર. જ્ઞાનરૂપ ચક્ષુનો નાશ કરનાર. (છે.) अयमेव=આ જ. नञ्पूर्वः=નકારપૂર્વક. प्रतिमन्त्रः=વિરોધી મન્ત્ર. अपि=પણ. मोहजित्=મોહને જીતનાર. (છે.)

૧ शुद्धात्मद्रव्यं=શુદ્ધ આત્મ દ્રવ્ય. एव=જ. अहं=હું (છું.) शुद्धज्ञानं=કેવલ જ્ઞાન. मम=મારો. गुणः=ગુણ (છે.) अन्यः=તેથી ભિન્ન. अहं=હું. न=નથી. च=અને. अन्ये=બીજા પદાર્થો. मम=મારા. न=નથી. इति=એ પ્રમાણે. अदः=આ. उल्बणं=તીવ્ર. मोहास्त्रं=મોહને નાશ કરવાનું શસ્ત્ર. (છે.)

છું, વિભાવે કરીને અશુદ્ધ નથી. એ સંબન્ધે કહ્યું છે કે—

"मग्गणगुणठाणेहिं चउदस य हवंति तह य असुद्धणया
विण्णेया संसारी सव्वे सुद्धा उ सुद्धणया" ॥

"અશુદ્ધ નયની દૃષ્ટિથી માર્ગણાસ્થાનક અને ગુણસ્થાનકની અપેક્ષાએ ચૌદ પ્રકારના સંસારી જીવો છે અને શુદ્ધનયની અપેક્ષાથી બધા જીવો શુદ્ધ છે."

શુદ્ધ જ્ઞાન-કેવળજ્ઞાન જ મારો ગુણ છે. તેથી હું બીજો નથી, તેમ બીજા ધર્માસ્તિકાયાદિ પાંચ દ્રવ્યો મારા નથી, એ ધ્યાવવું તે મોહને હણવાનું આકરૂં શસ્ત્ર છે.

[1]यो न मुह्यति लग्नेषु, भावेष्वौदयिकादिषु ।
आकाशमिव पङ्केन, नासौ पापेन लिप्यते ॥३॥

જે લાગેલા [2]ઔદયિકાદિ ભાવોમાં મુંઝાતો નથી

---

૧ यः=જે. लग्नेषु=લાગેલા, औदयिकादिषु=ઔદયિક વગેરે भावेषु=ભાવોમાં. न मुह्यति=મુંઝાતો નથી. असौ=તે, આ. पङ्केन=કાદવ વડે. आकाशं=આકાશની. इव=જેમ. पापेन=પાપવડે न लिप्यते=લેપાતો નથી.

૨ ભાવ પાંચ પ્રકારના છે. ૧ ક્ષાયિક, ૨ ક્ષાયોપશમિક, ૩ ઔપશમિક ૪ ઔદયિક અને ૫ પારિણામિક-એ સંબન્ધે જુઓ 'નવતત્ત્વ વિવેચનસહિત' પા. ૧૬૬

એટલે પાંચ પ્રકારના કર્મના ઉદય અને ક્ષયોપશમાદિ સાપેક્ષ ભાવને પામી સ્વભાવથી અવિચલિતપણે રાગ દ્વેષ કરતો નથી, તે જેમ આકાશ કાદવથી લેપાતું નથી તેમ પાપથી લેપાતો નથી. કામભોગાદિના નિમિત્ત માત્રથી કર્મબન્ધ થતો નથી, પણ તેમાં મોહ આવે છે તેથી કર્મબન્ધ થાય છે. કહ્યું છે કે—

"ण कामभोगा समयं उविंति, णया वि भोगा विगइं उविंति
जो तप्पओसी अ परिग्गही अ[मो तेसु मोहा विगइं उवेइ]
समो अ जो तेसु स वीयरागो" ॥

उत्तरा॰ अ. ३२ गा. १०१

કામભોગો સમભાવ કરતા નથી, તેમ ભોગો વિકાર કરતા નથી, એટલે કામભોગો સમભાવ અને વિકારનું કારણ નથી, પરન્તુ જે તેનો દ્વેષ કરે છે અને તેમાં પરિગ્રહ-મૂર્છા કરે છે તે તેમાં મોહ-રાગ દ્વેષ કરવાથી વિકાર પામે છે. તેમાં જે સમપરિણામવાળો છે તે વીતરાગ છે.

[1] पश्यन्नेव परद्रव्यनाटकं प्रतिपाटकम् ।
भवचक्रपुरस्थोऽपि नामूढः परिखिद्यति ॥४॥

---

1 प्रतिपाटकं=પોળે પોળે. परद्रव्यनाटकं=જન્મ જરા મરણાદિરૂપ પુદ્ગલ દ્રવ્યના નાટકને. पश्यन्=જોતો, एव=જ. भवचक्रपुरस्थः=ભવચક્ર નામના નગરમાં રહેતો. अपि=પણ, अमूढः=મોહરહિત. न परिखिद्यति ખેદ પામતો નથી.

અનાદિ અનન્ત કર્મપરિણામ રાજાની રાજધાનીસ્વરૂપ ભવચક્ર નામના નગરમાં રહેતા છતાં પણ એકેન્દ્રિય વિકલેન્દ્રિયાદિ નગરની પોળે પોળે પરદ્રવ્ય–પુદ્ગલદ્રવ્યનું જન્મ, જરા અને મરણાદિરૂપ નાટક જોતો મોહ રહિત આત્મા ખેદ પામતો નથી.

[1]विकल्पचषकैरात्मा, पीतमोहासवो ह्ययम् ।
भवोच्चतालमुत्तालप्रपञ्चमधितिष्ठति ॥५॥

વિકલ્પરૂપ મદ્ય પીવાના પાત્ર વડે જેણે મોહરૂપ મદિરાનું પાન કરેલું છે એવો આ આત્મા જ્યાં ઉંચા હાથ કરીને તાળીઓ આપવાની ચેષ્ટા કરવામાં આવે છે એવા સંસારરૂપ પાનગોષ્ઠી-દારૂના પીઠાનો આશ્રય કરે છે.

[2]निर्मलं स्फटिकस्येव, सहजं रूपमात्मनः
अध्यस्तोपाधिसंबन्धो, जडस्तत्र विमुह्यति ॥६॥

---

१ विकल्पचषकैः=વિકલ્પરૂપ મદિરા પીવાના પાત્રોવડે. पीतमोहासवः=જેણે મોહરૂપ મદિરા પીધી છે એવો, अयं=આ. आत्मा=જીવ. हि=ખરેખર. उत्तालप्रपञ्चं=જ્યાં હાથ ઉંચા કરી તાળીઓ આપવાની ચેષ્ટા કરવામાં આવે છે એવા. भवोच्चतालं=સંસારરૂપ દારૂના પીઠાનો, अधितिष्ठति=આશ્રય કરે છે.

२ स्फटिकस्य=સ્ફટિકના. इव=જેવું. निर्मलं=મેલરહિત,

આત્માનું સહજ-સ્વભાવસિદ્ધ સ્વરૂપ સ્ફટિકના જેવું નિર્મલ છે, તેમાં સ્થાપ્યો છે ઉપાધિનો સંબંન્ધ જેણે એવો જડ-મૂર્ખ-અવિવેકી મુંઝાય છે, મોહ પામે છે. જેમ સ્ફટિક સ્વભાવે નિર્મલ છે, કાળા અને રાતા ફુલના યોગથી કાળું અને રાતું કહેવાય, તેને જે સ્ફટિકસ્વભાવ જાણે તે મૂર્ખ-અવિવિવેકી છે, તેમ શુદ્ધ આત્મદ્રવ્યને ઉપાધિના સંબન્ધથી એકેન્દ્રિયાદિ ઉપાધિરૂપ જ જાણે તે અવિવેકી સમજવો. ઘણા મોહી જીવો પરવસ્તુમાં આત્મભાવને આરોપી સુખ માને છે તે મિથ્યા સુખ છે.

१
**अनारोपसुखं मोहत्यागादनुभवन्नपि ।**
**आरोपप्रियलोकेषु वक्तुमाश्चर्यवान् भवेत् ॥७॥**

મોહના ત્યાગ-ક્ષયોપશમથી આરોપ રહિત

---

સ્વચ્છ. आत्मनः-આત્માનું. सहजं-સ્વભાવ સિદ્ધ.-रूपं-સ્વરૂપ છે. तत्र-તેમાં. अध्यस्तोपाधिसंबन्धः-આરોપ્યો છે ઉપાધિનો સંબન્ધ જેણે એવો. जडः-અવિવેકી. विमुह्यति-મુંઝાય છે.

૧ मोहत्यागाद्-મોહના ત્યાગ કરવાથી, ક્ષયોપશમથી. अनारोपसुखं-સહજ સુખને अनुभवन्-અનુભવતો. अपि-પણ आरोपप्रियलोकेषु-આરોપ--અસત્ય---કલ્પિત સુખ જેને પ્રિય છે એવા લોકોમાં. वक्तुं-કહેવાને. आश्चर्यवान्-આશ્ચર્યવાળા. भवेत्-થાય.

સ્વભાવનું સુખ અનુભવતા યોગી પણ આરોપ–જુઠું જેને પ્રિય છે એવા લોકને વિશે કહેવાને આશ્ચર્યવાળા થાય છે.

(સહજ સુખને અનુભવ કરનાર યોગી પણ આરોપિત સુખમાં પ્રીતિવાળા લોકોને સહજ સુખનું સ્વરૂપ સમજાવવાને વાણીની શક્તિ નહિ હોવાથી આશ્ચર્યવંત થાય છે.)

१
**यश्चिद्दर्पणविन्यस्तसमस्ताचारचारुधीः ।**
**क्व नाम स परद्रव्येऽनुपयोगिनि मुह्यति ॥८॥**

જે જ્ઞાનરૂપ દર્પણને વિશે સ્થાપન કરેલા સમસ્ત જ્ઞાનાદિ પાંચ આચાર વડે સુન્દર બુદ્ધિવાળો છે તે યોગી અનુપયોગી–કામમાં ન આવે એવા પરદ્રવ્યને વિશે કયાં મુંઝાય--મોહ પામે ?

(જ્ઞાનરૂપ દર્પણમાં પ્રતિબિમ્બિત કરેલા સર્વ જ્ઞાનાચારાદિ વડે સંસ્કારિત બુદ્ધિવાળા અને તેમાંજ સહજ સુખને અનુભવતા યોગી નહિ ભોગવવા યોગ્ય પરદ્રવ્યમાં મોહ પામતા નથી.)

---

૧ यः–જે. चिद्दर्पणविन्यस्तसमस्ताचारचारुधीः–ચિદ્–જ્ઞાનરૂપ દર્પણને વિશે સ્થાપેલા સમસ્ત જ્ઞાનાદિ આચાર વડે સુન્દર બુદ્ધિવાળો. (છે) सः–તે. अनुपयोगिनि–ઉપયોગ રહિત, કામ ન આવે એવા परद्रव्ये–પુદ્‌ગલ દ્રવ્યમાં. क्व–કયાં मुह्यति–મુંઝાય, મોહ પામે.

## ५ ज्ञानाष्टकम्

[१] मज्जत्यज्ञः किलाज्ञाने विष्टायामिव शूकरः ।
ज्ञानी निमज्जति ज्ञाने मराल इव मानसे ॥१॥

જેમ ડુક્કર વિષ્ટામાં મગ્ન થાય છે, તેમ અજ્ઞાની ખરેખર અજ્ઞાનમાં મગ્ન થાય છે. જેમ હંસ માન-સરોવરમાં નિમગ્ન થાય છે; તેમ જ્ઞાની પુરૂષ જ્ઞાનમાં નિમગ્ન થાય છે.

[२] निर्वाणपदमप्येकं भाव्यते यन्मुहुर्मुहुः ।
तदेव ज्ञानमुत्कृष्टं निर्बन्धो नास्ति भूयसा ॥२॥

એક પણ મોક્ષના સાધનભૂત પદ-વચનની જે વારંવાર ભાવના કરાય, તે જ જ્ઞાન ઉત્કૃષ્ટ છે. એથી આગમ અને શ્રુતયુક્તિથી મનનું વારંવાર સ્મરણરૂપ

---

૧ शूकरः=ડુક્કર. इव=જેમ. विष्टायां=વિષ્ટામાં. (તેમ) अज्ञः=અજ્ઞાની. किल=ખરેખર, अज्ञाने=અજ્ઞાનમાં निमज्जति= અત્યન્ત મગ્ન થાય છે. मानसे=માન સરોવરમાં. इव=જેમ. मरालः=હંસ. (તેમ)ज्ञानी=જ્ઞાનવંત. ज्ञाने=જ્ઞાનમાં મગ્ન થાય છે

૨ एकं=એક. अपि=પણ. निर्वाणपदं=મોક્ષનું સાધનભૂત જે પદ. मुहुर्मुहुः=વારંવાર. भाव्यते=વિચારાય. तदेव=તે જ. ज्ञानं=જ્ઞાન. उत्कृष्टं=શ્રેષ્ઠ છે. भूयसा=ઘણા જ્ઞાનથી निर्बन्धः= આગ્રહ. नास्ति=નથી.

નિદિધ્યાસન બતાવ્યું, કારણ કે તેથી તત્ત્વજ્ઞાન ઉપજે છે. સામાયિક પદ માત્રની ભાવનાથી અનન્ત સિદ્ધો થએલા શાસ્ત્રમાં સાંભળીએ છીએ, ઘણું ભણવાનો આગ્રહ નથી. ભાવનાજ્ઞાન થોડું હોય તો પણ ઘણું છે અને તે વિના ઘણું જ્ઞાન તે શુકપાઠરૂપ છે.

[1] **स्वभावलाभसंस्कारकारणं ज्ञानमिष्यते।**
**ध्यान्ध्यमात्रमतस्त्वन्यत् तथा चोक्तं महात्मना ॥३॥**

આત્મસ્વભાવની પ્રાપ્તિના સંસ્કાર-વાસનાનું કારણભૂત જ્ઞાન ઇચ્છીએ છીએ, એટલે થોડાં ઘણાં વીતરાગ વચનથી વિચારણા થતાં વીતરાગનું સ્મરણ થવાથી આત્મામાં તદ્રૂપતાનું કારણભૂત જ્ઞાન ઇચ્છવા યોગ્ય છે. આ સિવાય બીજું જે અધિક ભણવું તે બુદ્ધિનું અન્ધપણું છે. તેજ પ્રમાણે મહાત્માએ (પતંજલિ ઋષિએ) કહ્યું છે. અહીં પતંજલિ ઋષિને પ્રથમ યોગની દૃષ્ટિથી મહાત્મા કહેલ છે.

[2] **वादांश्च प्रतिवादांश्च वदन्तोऽनिश्चितांस्तथा।**

---

૧ स्वभावलाभसंस्कारकारणं=સ્વભાવની પ્રાપ્તિના સંસ્કારનું કારણ. ज्ञानं=જ્ઞાન. इष्यते=ઇચ્છાય છે. अतः=એથી. तु=વળી. अन्यत्=બીજું તે ध्यान्ध्यमात्रं=માત્ર બુદ્ધિનું અન્ધપણું. (છે) तथा=તે પ્રમાણે. महात्मना=મહાપુરૂષે उक्तं=કહ્યું છે.

૨ अनिश्चितान्=તત્ત્વના નિર્ણય વિનાના. वादान्=પૂર્વ

तत्त्वान्तं नैव गच्छन्ति, तिलपीलकवद् गतौ ॥४॥

અનિશ્ચિત–અનિર્ધારિત અર્થવાળા વાદ–પૂર્વ પક્ષ અને પ્રતિવાદ–ઉત્તરપક્ષને કહેતાં તે પ્રમાણે છ માસ સુધી કંઠશોષ કરે પણ ગમન કરવામાં ઘાંચીના બળદની પેઠે તત્ત્વનો પાર પામે નહિ.

[1] स्वद्रव्यगुणपर्यायचर्या, वर्या पराऽन्यथा।
इति दत्तात्मसंतुष्टिर्मुष्टिज्ञानस्थितिर्मुनेः ॥५॥

પોતાના શુદ્ધ આત્મદ્રવ્યમાં, પોતાના શુદ્ધ જ્ઞાન, દર્શન અને ચારિત્રાદિ ગુણમાં અને પોતાના શુદ્ધ [2]અર્થ અને વ્યંજન પર્યાયમાં ચર્યા–પરિણતિ

---

પક્ષને. च=અને. प्रतिवादान्=ઉત્તરપક્ષને. तथा=તે પ્રમાણે. वदन्तः=કહેનારા. गतौ=ગમન કરવામાં तिलपीलकवद्=ઘાંચીના બળદની પેઠે. तत्त्वान्तं=તત્ત્વના પારને. नैव गच्छन्ति=પામતા નથી જ.

૧ स्वद्रव्यगुणपर्यायचर्या=પોતાના દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં ચર્યા–પરિણતિ. वर्या=શ્રેષ્ઠ (છે) परा=તેથી અન્ય પરિણતિ. अन्यथा=અન્ય પ્રકારે, (શ્રેષ્ઠ નથી) इति=એમ मुनेः=મુનિની दत्तात्मसंतुष्टिः=આપ્યો છે આત્માને સંતોષ જેણે એવી. मुष्टिज्ञानस्थितिः=સંક્ષેપમાં રહસ્ય જ્ઞાનની મર્યાદા (છે).

૨ ત્રિકાલવર્તી પર્યાય તે વ્યંજન પર્યાય જેમ માટી વગેરે પર્યાય. વર્તમાન કાલવર્તી સૂક્ષ્મપર્યાય તે અર્થપર્યાય. જેમ તત્ક્ષ-

શ્રેષ્ઠ છે. અને પર દ્રવ્ય, તેના ગુણ અને પર્યાયમાં ગ્રહણ અને ઉત્પત્તિરૂપ ચર્યા-પરિણતિ અન્યથા-શ્રેષ્ઠ નથી. એ પ્રમાણે જેણે આત્માને સંતોષ આપ્યો છે એવી મુષ્ટિજ્ઞાનની-સંક્ષેપથી રહસ્યજ્ઞાનની સ્થિતિ--મર્યાદા મુનિને હોય છે. કહ્યું છે કે- **आत्मैव दर्शन-ज्ञान-चारित्राण्यथवा यतेः ।**" ઇત્યાદિ. મુનિને દર્શન, જ્ઞાન અને ચારિત્ર આત્મા જ છે.

**[1] अस्ति चेद् ग्रन्थिभिज्ज्ञानं, किं चित्रैस्तन्त्रयन्त्रणैः ।**
**प्रदीपाः क्वोपयुज्यन्ते तमोघ्नी दृष्टिरेव चेत् ॥६॥**

જો ગ્રન્થિના ભેદથી ઉત્પન્ન થએલું, (અહીં કારણમાં કાર્યનો ઉપચાર છે.) વિષયપ્રતિભાસ દલ રહિત આત્મપરિણતિવાળું જ્ઞાન છે તો વિવિધ પ્રકારના શાસ્ત્રોના બંધનનું શું કામ છે? કારણ કે એ જ અભ્યાસના પરિપાકથી તત્ત્વસંવેદન થાય ત્યારે

---

ણવર્તી ઘટાદિ પર્યાય, તથા આત્માના કેવલજ્ઞાનાદિ શુદ્ધ વ્યંજન પર્યાય અને તત્કાલવર્તી કેવલજ્ઞાનોપયોગ વગેરે અર્થપર્યાય.

૧ चेद्=જો. ग्रन्थिभिज्ज्ञानं=ગ્રંથિભેદથી થયેલું જ્ઞાન. अस्ति=છે. (તો) चित्रैः=અનેક પ્રકારના. तन्त्रयन्त्रणैः किम्=શાસ્ત્રના બન્ધનોનું શું કામ છે? चेद्=જો. तमोघ्नी=અંધકારને હણનારી. दृष्टिः=ચક્ષુ. एव=જ. -(છે તો) प्रदीपाः=દીવાઓ. क्व=ક્યાં. उपयुज्यन्ते-ઉપયોગી થાય?

ભાવચારિત્ર પરિણમે, ત્યાં (શાસ્ત્રરૂપ) પર સાધનની અપેક્ષા નથી. અહીં દૃષ્ટાન્ત છે કે જો દૃષ્ટિ જ અંધકારનો નાશ કરનારી છે તો દીવાઓ ક્યાં ઉપયોગી થાય ?

જ્ઞાન ત્રણ પ્રકારનું છે-વિષયપ્રતિભાસ, આત્મપરિણતિવાળું અને તત્ત્વસંવેદનરૂપ. જેમાં કેવળ ઇન્દ્રિયગોચર વિષયોનો જ પ્રતિભાસ હોય, પરન્તુ તેમાં પ્રવૃત્તિથી થતા તાત્ત્વિક અર્થ કે અનર્થનો ખ્યાલ ન હોય એવું, હેય અને ઉપાદેયના વિવેકરહિત જ્ઞાન વિષયપ્રતિભાસરૂપ કહેવાય છે. જ્ઞાનથી થતી પ્રવૃત્તિના પરિણામનો ખ્યાલ જેમાં છે એવું હોય અને ઉપાદેય તત્ત્વના વિવેકવાળું, પણ તેમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિ રહિત જ્ઞાન આત્મપરિણતિવાળું કહેવાય છે. આ જ્ઞાન અત્યન્ત દુર્ભેદ્ય રાગદ્વેષ અને મિથ્યાત્વની ગ્રન્થિનો ભેદ થયે સમ્યગ્દૃષ્ટિને હોય છે. જેમાં તત્ત્વ-પરમાર્થનો સ્પષ્ટ ખ્યાલ હોય તથા હેય અને ઉપાદેય અર્થના વિવેકયુક્ત અને તેમાં પ્રવૃત્તિ નિવૃત્તિ સહિત હોય તે તત્ત્વસંવેદનરૂપ જ્ઞાન કહેવાય છે. આવા પ્રકારનું જ્ઞાન વિશુદ્ધચારિત્રવાળાને હોય છે. જો ગ્રન્થિનો ભેદ થવાથી હેય અને ઉપાદેય અર્થના વિવેકવાળું જ્ઞાન હોય તો પછી હેય અને ઉપાદેયનો વિવેક જણાવનાર શાસ્ત્રરૂપ સાધનની શી આવશ્યકતા છે ?

[1]मिथ्यात्वशैलपक्षच्छिद्, ज्ञानदम्भोलिशोभितः ।

---

૧ मिथ्यात्वशैलपक्षच्छिद्-મિથ્યાત્વરૂપ પર્વતની પાંખને

**निर्भयः शक्रवद् योगी नन्दत्यानन्दनन्दने ॥७॥**

મિથ્યાત્વરૂપ પર્વતની પાંખને છેદનાર અને જ્ઞાનરૂપ વજ્રવડે શોભાયમાન શક્રની જેમ નિર્ભય યોગી આનન્દરૂપ નન્દનવનને વિશે ક્રીડા કરે છે-સહજ સુખને અનુભવે છે.

**पीयूषमसमुद्रोत्थं[१] रसायनमनौषधम् ।**
**अनन्यापेक्षमैश्वर्यं ज्ञानमाहुर्मनीषिणः ॥८॥**

જ્ઞાનને સમુદ્રથી નહિ ઉત્પન્ન થએલું અમૃત, જરા અને મરણને હરનાર રસાયન, પણ ઔષધ-રહિત; બીજું રસાયન ઔષધજનિત છે. જ્યાં અન્ય હાથી ઘોડા પ્રમુખની અપેક્ષા નથી એવું ઐશ્વર્ય-પ્રભુત્વ; બીજું (ઐશ્વર્ય) અન્ય સાપેક્ષ હોય છે. એમ મોટા પંડિતો (જ્ઞાની પુરુષો) કહે છે.

---

છેદનાર. ज्ञानदम्भोलिशोभितः-જ્ઞાનરૂપ વજ્રથી શોભિત. निर्भयः-ભયરહિત. योगी-યોગવાળો. शक्रवत्-ઈન્દ્રની પેઠે. आनन्दनन्दने-આનન્દરૂપ નન્દનવનમાં. नन्दति-સુખ અનુભવે છે.

૧ मनीषिणः-પંડિતો. ज्ञानं-જ્ઞાનને असमुद्रोत्थं-સમુદ્રથી નહિ ઉત્પન્ન થએલું. पीयूषं--અમૃત. अनौषधं-ઔષધ વિનાનું. रसायनम्-જરા અને મરણનો નાશ કરનાર રસાયન. अनन्यापेक्षं-બીજાની અપેક્ષા વિનાનું. ऐश्वर्यं-પ્રભુત્વ. आहुः-કહે છે.

# ૬ शमाष्टकम्

[1] विकल्पविषयोत्तीर्णः स्वभावालम्बनः सदा ।
ज्ञानस्य परिपाको यः स शमः परिकीर्तितः ॥१॥

ચિત્તના વિભ્રમરૂપ વિકલ્પના વિષયથી (ઇષ્ટપણા અને અનિષ્ટપણાની કલ્પનાથી) નિવૃત્ત થએલ અને નિરન્તર આત્માના શુદ્ધ સ્વરૂપનું આલંબન જેને છે એવો જ્ઞાનનો પરિપાક–શુદ્ધ પરિણામ તે શમ કહેવાય છે. એથી જ તેને અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિક્ષય એ પાંચ પ્રકારના યોગમાં સમતા નામે ચોથો યોગનો ભેદ કહ્યો છે.

ચિત્તના વિભ્રમરૂપ વિકલ્પના વિષયના શુભાશુભ સંકલ્પોના વિસ્તારથી નિવૃત્ત થએલ. અનન્ત ગુણ અને પર્યાયયુક્ત, સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રસ્વરૂપ આત્માનો શુદ્ધ સ્વભાવ જેનું આલંબન છે એવો ઉપયોગલક્ષણ જ્ઞાનનો પરિપાક–પ્રૌઢ અવસ્થા તે શમ કહેવાય છે. એથી આત્માના સ્વભાવને જોનાર, આત્માના સ્વભાવને જાણનાર, આત્મ-સ્વભાવમાં જ રમણ કરનાર, આત્મસ્વભાવમાં વિશ્રાન્તિ–

---

૧ विकल्पविषयोत्तीर्णः=વિકલ્પના વિષયથી નિવૃત્ત થયેલ. सदा=નિરન્તર. स्वभावालम्बनः=આત્માના શુદ્ધ સ્વભાવનું આલંબન જેને છે એવો. ज्ञानस्य=જ્ઞાનનો. यः=જે, परिपाकः=પરિણામ. सः=તે. शमः=સમભાવ. परिकीर्तितः=કહેલો છે.

સ્થિરતા કરનાર, આત્મસ્વભાવનો આસ્વાદ–અનુભવ કરનાર અને શુદ્ધતત્ત્વની પરિણતિયુક્ત આત્માના ઉપયોગરૂપ જ્ઞાનનો પરિણામ શમ છે એ જણાવ્યું. અહિં શ્રીહરિભદ્રાચાર્યે યોગના પાંચ પ્રકાર કહ્યા છે–૧ અધ્યાત્મયોગ, ૨ ભાવનાયોગ, ૩ ધ્યાનયોગ, ૪ સમતાયોગ અને ૫ વૃત્તિસંક્ષય યોગ. ઉચિત પ્રવૃત્તિવાળા વ્રતધારીનું શાસ્ત્રથી મૈત્રી વગેરે ભાવસહિત જીવાદિ તત્ત્વનું ચિન્તન તે ૧ અધ્યાત્મયોગ. અધ્યાત્મનોજ પ્રતિદિવસ વૃદ્ધિ પામતો અભ્યાસ અને કામ ક્રોધાદિ રૂપ અશુભ અભ્યાસથી નિવૃત્તિ તે ૨ ભાવનાયોગ. પ્રશસ્ત એક પદાર્થના વિષયવાળો સ્થિર દીવાના સમાન, સૂક્ષ્મ ઉપયોગ સહિત બોધ તે ૩ ધ્યાનયોગ. અજ્ઞાનથી કલ્પેલા ઇષ્ટપણા અને અનિષ્ટપણાની કલ્પનાનો ત્યાગ કરીને શુભ અને અશુભ વિષયોનો સમાનપણે વિચાર કરવો તે સમતાયોગ, અન્ય દ્રવ્યના સંયોગથી થયેલો મનદ્વારા વિકલ્પરૂપ અને શરીરદ્વારા પરિસ્પન્દ–ચલન ક્રિયારૂપ વૃત્તિઓને ફરીથી ન ઉત્પન્ન થાય તે રીતે નિરોધ કરવો તે વૃત્તિસંક્ષયયોગ.

[1]अनिच्छन् कर्मवैषम्यं, ब्रह्मांशेन समं जगत् ।
आत्माभेदेन यः पश्येदसौ मोक्षं गमी शमी ॥२॥

કર્મકૃત વર્ણાશ્રમાદિ ભેદને નહિ ઇચ્છતો,

---

૧ कर्मवैषम्यं=કર્મથી કરેલા વિવિધ ભેદોને. अनिच्छन्=નહિ ઇચ્છતો. ब्रह्मांशेन=બ્રહ્મના અંશ વડે. समं=એક સ્વરૂપવાળા. जगत्=જગતને. आत्माभेदेन–આત્માથી અભિન્નપણે.

દ્રવ્યાસ્તિક નયના મતે બ્રહ્મના અંશ–ચૈતન્ય સત્તા વડે સમ–એકરૂપ વાળા ચરાચર જગતને આત્માથી અભિન્નપણે જે જુએ છે એ ઉપશમવાળો યોગી મોક્ષગામી થાય છે,

ભગવદ્‌ગીતામાં પણ કહ્યું છે કે—

**विद्याविनयसंपन्ने ब्राह्मणे गवि हस्तिनि ।**
**शुनि चैव श्वपाके च पंडिताः समदर्शिनः ॥**
**इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितं मनः ।**
**निर्दोषं हि समं ब्रह्म तस्माद् ब्रह्मणि ते स्थिताः ॥**

ગીતા અ૦ ૫, શ્લો૦ ૧૮–૧૯

વિદ્યા અને વિનયવાળા બ્રાહ્મણમાં, ગાયમાં, હાથીમાં, કૂતરામાં અને ચંડાળમાં જ્ઞાની પુરુષો સમદૃષ્ટિવાળા હોય છે.

જેઓનું મન સમભાવમાં રહેલું છે તેઓએ અહીં જ સંસારને જીત્યો છે, કારણકે બ્રહ્મ નિર્દોષ એકસ્વરૂપ છે, તેથી તેઓ બ્રહ્મ–પરમાત્મામાં રહેલા છે.

એટલી વિશેષતા છે કે ત્યાં એકાન્ત અભેદ કહે છે અને અહીં નયના ભેદે નયની વાસના માર્ગાનુસારી છે.

**[1] आरुरुक्षुर्मुनिर्योगं श्रयेद् बाह्यक्रियामपि ।**

---

यः=જે. पश्येत्=જુએ. असौ=એ. शमी=ઉપશમવાળો. मोक्षंगमी=મોક્ષગામી થાય છે.

૧ मुनिः=સાધુ. योगं=સમાધિ ઉપર. आरुरुक्षुः=ચઢવાને

**योगारूढः शमादेव शुध्यत्यन्तर्गतक्रियः ॥३॥**

સમાધિયોગ ઉપર ચઢવાને ઇચ્છતો મુનિ બાહ્ય ક્રિયા–આચારને પણ સેવે છે, એ ભાવસાધક ૧ પ્રીતિ, ભક્તિ અને વચનરૂપ શુભ સંકલ્પમય ક્રિયા વડે અશુભ સંકલ્પને દૂર કરતો આરાધક થાય છે. યોગરૂપ ગિરિશિખર ઉપર ચઢેલો પુરૂષ અન્તર્ગતક્રિયાવાળો ઉપશમથી જ શુદ્ધ થાય છે. સિદ્ધયોગી તો રાગદ્વેષના અભાવરૂપ ઉપશમથી જ કૃતાર્થ છે. તેને અસંગ ક્રિયા છે તે લક્ષ્યરૂપ છે. પણ આલંબનરૂપ નથી.

---

ઇચ્છતો. बाह्यक्रियां=બાહ્ય ક્રિયાને–આચારને. अपि=પણ. श्रयेद्=સેવે, આચરે, योगारूढः=યોગ ઉપર ચઢેલો अन्तर्गतक्रियः=અભ્યન્તરક્રિયાવાળો. शमाद्=શમથી, સમભાવથી एव=જ. शुध्यति=શુદ્ધ થાય છે.

૧ પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ–એમ ચાર પ્રકારના અનુષ્ઠાન છે. જે ક્રિયામાં અતિશય પ્રયત્ન અને અભ્યુદયકારક અત્યન્ત પ્રીતિ હોય, તેમ બીજાં બધાં કાર્યનો ત્યાગ કરી યોગ્ય સમયે એક નિષ્ઠાથી કરે તે પ્રીત્યનુષ્ઠાન કહેવાય છે. તેજ અનુષ્ઠાન બુદ્ધિશાલી મનુષ્ય બહુ માનપૂર્વક કરે ત્યારે ભક્ત્યનુષ્ઠાન કહેવાય છે. શાસ્ત્રવચનને અનુસરી ઉચિતપણે ધર્મક્રિયામાં પ્રવૃત્તિ કરે તે વચનાનુષ્ઠાન અને અતિશય અભ્યાસના બળથી ચન્દનનાગન્ધની પેઠે સ્વરૂપભૂત ક્રિયા થાય તે અસંગાનુષ્ઠાન કહેવાય છે.-જુઓ ૧૦ ષોડશક.

१
ध्यानवृष्टेर्दयानद्याः शमपूरे प्रसर्पति ।
विकारतीरवृक्षाणां मूलादुन्मूलनं भवेत् ॥४॥

ધ્યાનરૂપ વૃષ્ટિથી દયારૂપ નદીનું શમરૂપ પૂર વૃદ્ધિ પામે છે ત્યારે વિકાર-ચિત્તના અન્યથાભાવ-રૂપ કાંઠાના વૃક્ષોનું મૂળથી જ ઉન્મૂલન થાય છે.

२
ज्ञानध्यानतपःशीलसम्यक्त्वसहितोऽप्यहो ।
तं नाप्नोति गुणं साधुर्यमाप्नोति शमान्वितः ॥५॥

જ્ઞાન-તત્ત્વનો અવબોધ, ધ્યાન-સજાતીય પરિ-ણામની ધારા, ઇચ્છાના નિરોધ લક્ષણ બાર પ્રકારનો તપ, શીલ-બ્રહ્મચર્ય, સમ્યકત્વ-તત્ત્વનું શ્રદ્ધાન, રૂચિ- એટલા ગુણો વડે સહિત હોવા છતાં પણ સાધુ તે ગુણને પ્રાપ્ત કરતો નથી કે જે ગુણને શમગુણ વડે અલંકૃત પુરુષ પ્રાપ્ત કરે છે.

---

૧ ध्यानवृष्टेः=ધ્યાનરૂપ વૃષ્ટિથી. दयानद्याः=દયારૂપ નદીનું. शमपूरे=ઉપશમરૂપ પૂર. प्रसर्पति=વધે છે ત્યારે. विकारतीरवृक्षाणां=વિકારરૂપ કાંઠાના ઝાડોનું मूलाद्=મૂળથી. उन्मूलनं=ઉખડી જવું. भवेत्=થાય છે.

૨ ज्ञानध्यानतपःशीलसम्यक्त्वसहितः=જ્ઞાન, ધ્યાન, તપ, શીલ=બ્રહ્મચર્ય અને સમ્યકૂત્વ સહિત. साधुः=સાધુ. अपि= પણ. अहो=આશ્ચર્ય અર્થમાં વપરાય છે. तं=તે. गुणं= ગુણને. न आप्नोति=પ્રાપ્ત કરતો નથી. यं=જે ગુણને. शमान्वितः=શમયુક્ત સાધુ. प्राप्नोति=પ્રાપ્ત કરે છે.

१
स्वयंभूरमणस्पर्द्धिवर्धिष्णुसमतारसः ।
मुनिर्येनोपमीयेत कोऽपि नासौ चराचरे ॥६॥

સ્વયંભૂરમણ–અર્ધરજ્જુપ્રમાણ છેલ્લા સમુદ્રની સ્પર્ધા કરનાર અને વૃદ્ધિશીલ–વધવાના સ્વભાવવાળો સમતારસ–ઉપશમ રસ જેનો છે એવા મુનિની જે વડે સરખામણી કરી શકાય એવો કોઇ પણ પદાર્થ ચરાચર--જગતમાં નથી.

२
शमसूक्तसुधासिक्तं येषां नक्तंदिनं मनः ।
कदाऽपि ते न दह्यन्ते रागोरगवीषोर्मिभिः ॥७॥

શમ--ઉપશમ રસનું વર્ણન કરનારા સુભાષિત રૂપ સુધા--અમૃત વડે જેઓનું મન રાત્રિ--દિવસ સિંચાયેલું છે તેઓ કદી પણ રાગરૂપ સર્પના વિષના તરંગો વડે બળતા નથી.

---

૧ स्वयंभूरमणस्पर्धि–वर्धिष्णुसमतारसः=સ્વયંભૂરમણ સમુદ્રની સ્પર્ધા કરનાર અને વૃદ્ધિ પામતો સમતારસ જેનો છે એવા. मुनिः=સાધુ. येन=જેનાથી. उपमीयेत=સરખાવાય, असौ=એ. कोऽपि=કોઇપણ. चराचरे=જગતમાં. नास्ति=નથી.

૨ येषां=જેઓનું. मनः=મન. नक्तंदिनं=રાતદિવસ, शमसूक्तसुधासिक्तं=શમના સુભાષિતરૂપ અમૃત વડે સિંચાયેલું છે. ते=તેઓ. कदाऽपि=કદી પણ. रागोरगविषोर्मिभिः=રાગરૂપ સર્પના વિષની લહરીઓ વડે. न दह्यन्ते=બળતા નથી.

१ गर्जज्ज्ञानगजोत्तुङ्गरङ्गद्ध्यानतुरंगमाः ।
जयन्ति मुनिराजस्य शमसाम्राज्यसंपदः ॥८॥

જેમાં ગર્જના કરતા જ્ઞાનરૂપ હાથીઓ અને ખેલતા ધ્યાનરૂપ ઘેડાઓ છે એવી, મુનિરૂપ રાજાની શમ–ઉપશમના સામ્રાજ્ય–ઐશ્વર્યની સંપત્તિ જયવંતી વર્તે છે.

## ૭ इन्द्रियजयाष्टकम्

२ बिभेषि यदि संसाराद् मोक्षप्राप्तिं च काङ्क्षसि ।
तदेन्द्रियजयं कर्तुं स्फोरय स्फारपौरुषम् ॥१॥

જો તું સંસારથી ભય પામે છે અને મોક્ષના લાભને ઇચ્છે છે તો ઇન્દ્રિયોનો જય કરવાને માટે સ્ફાર–દેદીપ્યમાન પરાક્રમને ફોરવ.

---

૧ गर्जज्ज्ञानगजोत्तुङ्गरङ्गद्ध्यानतुरंगमाः–ગર્જના કરતા જ્ઞાનરૂપ હાથીઓ અને ઉંચા, નૃત્ય કરતા ધ્યાનરૂપ ઘોડાઓ જેમાં છે એવી. मुनिराजस्य–મુનિરૂપ રાજાની. शमसाम्राज्यसंपदः–શમરૂપ સામ્રાજ્યની સંપત્તિ. जयन्ति–જયવંતી–સૌથી ઉત્કૃષ્ટ છે.

૨ यदि–જો. संसारात्–સંસારથી, ભવભ્રમણથી. बिभेषि= તું ભય પામે છે. च=અને. मोक्षप्राप्तिं=મોક્ષની પ્રાપ્તિને. काङ्क्षसि=ઇચ્છે છે, तदा=તો. इन्द्रियजयं=ઇન્દ્રયોનો જય. कर्तुं=કરવા.ને स्फारपौरुषं=દેદીપ્યમાન પરાક્રમને. स्फोरय= પ્રવર્તાવ.

અહીં ઇન્દ્રિયોને વર્ણાદિનું જ્ઞાન થાય છે, તેથી વર્ણાદિજ્ઞાન ઇન્દ્રિયોના વિષયરૂપ નથી; પરન્તુ જ્ઞાનથી જાણેલા મનોજ્ઞ અને અમનોજ્ઞ એવા વર્ણાદિ વિષયોમાં ઇષ્ટપણું અને અનિષ્ટપણું થવાથી ઇષ્ટ વિષયોમાં અભિમુખપણું અને અનિષ્ટ વિષયોમાં વિમુખતારૂપ મોહનો પરિણામ થાય છે તે વિષય છે. તેથી રાગદ્વેષ રૂપે પ્રવૃત્તિ કરાવતું જ્ઞાન એ ઇન્દ્રિયોના વિષયરૂપ છે. ચારિત્રમોહના ઉદયથી નહિ રમણ કરવા યોગ્ય પરભાવમાં રમણ કરવું તે અસંયમ છે. ત્યાં વર્ણાદિ તો માત્ર જાણવા યોગ્ય છે એમ નથી, પણ રમ્ય હોવાથી તેમાં રમણ કરવું એટલે વિષયને ગ્રહણ કરનાર ઇન્દ્રિયદ્વારા પ્રવૃત્ત થએલ જ્ઞાનનું ઇષ્ટપણે અને અનિષ્ટપણે પરિણમન કરવું, તેનો જય કરવો એટલે ઇષ્ટ અને અનિષ્ટપણે પરિણમતા જ્ઞાનને રોકવું તે ઇન્દ્રિયોનો જય. તાત્પર્ય એ છે કે જે દ્વારા વર્ણાદિનું જ્ઞાન થાય, પણ ઇષ્ટપણું કે અનિષ્ટપણું ન થાય તે ઇન્દ્રિયજય છે. તે અનાદિકાળની અશુદ્ધ અસંયમની પ્રવૃત્તિને નિવારણ કરવારૂપ છે. જ્ઞાન એ આત્માનું પોતાનું લક્ષણ હોવાથી સ્વપર વસ્તુના બોધ થવારૂપ છે, પરંતુ તેમાં ઇષ્ટપણા અને અનિષ્ટપણારૂપ વિભાવ જ પર વસ્તુના સંગથી થએલ અનાદિ પરંપરાજન્ય અશુદ્ધ પરિણામ છે તે સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે: માટે ઇન્દ્રિયોનો

જય કરવા યોગ્ય છે. તેમાં દ્રવ્ય જય એ ઇન્દ્રિયોની પ્રવૃત્તિનો સંકોચ કરવા વગેરે રૂપ છે. ભાવ જય એ આત્માના ચેતના અને વીર્યગુણોની સ્વરૂપને અનુકૂલ પ્રવૃત્તિ કરવારૂપ છે.

**१ वृद्धास्तृष्णाजलापूर्णैरालवालैः किलेन्द्रियैः ।**
**मूर्च्छामतुच्छां यच्छन्ति विकारविषपादपाः ॥२॥**

લાલસારૂપ જળવડે ભરેલા ઇન્દ્રિયોરૂપ કયારાઓ વડે વૃદ્ધિ પામેલા વિષવૃક્ષો ખરેખર આકરી તીવ્ર મૂર્છા—મોહને આપે છે.

**२ सरित्सहस्रदुष्पूरसमुद्रोदरसोदरः ।**
**तृप्तिमान् नेन्द्रियग्रामो भव तृप्तोऽन्तरात्मना ॥३॥**

હજારો નદીઓ વડે ન પૂરી શકાય એવા

---

૧ तृष्णाजलापूर्णैः=તૃષ્ણારૂપ જળથી ભરેલા. इन्द्रियैः=ઇન્દ્રિયોરૂપ. आलवालैः=કયારા વડે. वृद्धाः=વૃદ્ધિ પામેલા, મોટા થએલા. विकारविषपादपाः=વિકારરૂપ ઝેરી ઝાડો. किल=ખરેખર. अतुच्छां=ઘણી. मूर्च्छां=મમતાને. ઘેનની અવસ્થાને. यच्छन्ति=આપે છે, ઉત્પન્ન કરે છે.

૨ सरित्सहस्रदुष्पूरसमुद्रोदरसोदरः=હજારો નદીઓ વડે ન પૂરાઈ શકે એવા સમુદ્રના પેટ જેવો. इन्द्रियग्रामः=ઇન્દ્રિયોનો સમુદાય. तृप्तिमान्—તૃપ્ત. (થતો) न=નથી. (માટે) अन्तरात्मना=અન્તર આત્મા વડે. तृप्तः=સંતોષી. भव=થા.

સમુદ્રના ઉદર--પેટ સમાન ઇન્દ્રિયોનો સમૂહ તૃપ્ત થતો નથી. એમ જાણી હે વત્સ! અન્તરાત્મા વડે સમ્યક્ શ્રદ્ધાન કરી તૃપ્ત થા.

હે ભવ્ય! આ ઇન્દ્રિયોનો સમૂહ કદી પણ તૃપ્ત થતો નથી, કારણ કે નહિ ભોગવેલા વિષયોમાં ઇચ્છા થાય છે, ભોગવતા વિષયોમાં મમતા થાય છે અને પૂર્વે ભોગવેલા વિષયોનું સ્મરણ થાય છે—એ પ્રમાણે ત્રણે કાળમાં ઇન્દ્રિયની અશુદ્ધ પ્રવૃત્તિ ચાલુ છે. માટે ઇન્દ્રિયોના વિષયમાં આસક્ત થએલાને તેનાથી તૃપ્તિ થતી નથી. જે ઇન્દ્રિયોનો સમૂહ હજારો નદીઓના પૂર વડે ન પૂરાઈ શકે એવા સમુદ્રના ઉદર સમાન છે. આ હેતુથી ઇન્દ્રિયોની અભિલાષા પૂરવા છતાં અપૂર્ણ રહે છે અને તે શમ અને સંતોષથી જ પૂર્ણ થાય છે. તે માટે આ હિતોપદેશ છે. હે ઉત્તમ પુરૂષ! અન્તરાત્માથી—આત્માના અન્તર્ગત સ્વરૂપથી જ તૃપ્ત થા. કારણ કે આત્મસ્વરૂપના અવલમ્બન સિવાય તૃષ્ણાનો ક્ષય થતો નથી.

[1] **आत्मानं विषयैः पाशैर्भववासपराङ्मुखम् ।**
**इन्द्रियाणि निबध्नन्ति मोहराजस्य किंकराः ॥४॥**

---

१ मोहराजस्य=મોહરાજાના. किंकराः=દાસ, તાબેદાર. इन्द्रियाणि=ઇન્દ્રિયો. भववासपराङ्मुखं=સંસારવાસથી ઉદ્વિગ્ન થએલા. आत्मानं=આત્માને. विषयैः=વિષયોરૂપ. पाशैः=બન્ધનો વડે. निबध्नन्ति=બાંધે છે.

મોહરાજાના કિંકર—ચાકરરૂપ ઇન્દ્રિયો સંસાર-વાસથી પરાઙ્મુખ—વિમુખ થયેલા આત્માને વિષય-રૂપ પાશ વડે બાંધે છે. કારણ કે મોહરાજાનો મોટો પુત્ર રાગકેસરી છે, તેનો વિષયાભિલાષ નામે પ્રધાન છે, તેની સંતતિ ઇન્દ્રિયો છે.

[1]गिरिमृत्स्नां धनं पश्यन् धावतीन्द्रियमोहितः ।
अनादिनिधनं ज्ञानधनं पार्श्वे न पश्यति ॥५॥

ઇન્દ્રિયના વિષયોમાં મૂઢ થએલો જીવ પર્વતની માટીને સુવર્ણ—રજતાદિ ધનરૂપે જોતો ચારે તરફ દોડે છે, પણ પાસે રહેલા અનાદિ અનન્ત સત્તાવિશ્રાન્ત--સત્તારૂપે રહેલ જ્ઞાનરૂપ ધનને જોતો નથી. કહ્યું છે કે—

"केवलनाणमणंतं जीवसरूवं तयं निरावरणं" ॥

અનન્ત અને નિરાવણ—આવરણ રહિત કેવલજ્ઞાન જીવનું સ્વરૂપ છે.

---

૧ इन्द्रियमोहितः—ઇન્દ્રિયોના વિષયોમાં મોહિત થએલો. गिरिमृत्स्नां—પર્વતની માટીને. धनं—ધનરૂપે. पश्यन्—જોતો. धावति—દોડે છે. (પણ) पार्श्वे—પાસે રહેલા. अनादिनिधनं=અનાદિ અનન્ત. (એવા) ज्ञानं—જ્ઞાનરૂપ. धनं—ધનને. न पश्यति—જોતો નથી.

१

**पुरःपुरःस्फुरत्तृष्णा मृगतृष्णानुकारिषु ।**
**इन्द्रियार्थेषु धावन्ति त्यक्त्वा ज्ञानामृतं जडाः ॥६॥**

આગળ આગળ વધતી જતી તૃષ્ણા જેઓને છે એવા જડ-મૂર્ખ જનો જ્ઞાનરૂપ અમૃતને છોડીને ઝાંઝવાના જળ સરખા ઇન્દ્રિયોના રૂપ, રસ; ગન્ધ, સ્પર્શ અને શબ્દરૂપ વિષયોમાં ચોતરફ દોડે છે.

२

**पतङ्गभृङ्गमीनेभसारङ्गा यान्ति दुर्दशाम् ।**
**एकैकेन्द्रियदोषाच्चेद् दुष्टैस्तैः किं न पञ्चभिः ॥७॥**

જો પતંગિયા, ભ્રમર, મત્સ્ય, હાથી અને સારંગ--હરણ એક એક ઇન્દ્રિયના દોષથી મરણરૂપ માઠી દશાને પામે છે, તો દોષવાળી પાંચે ઇન્દ્રિયો વડે શું ન હોય ?

---

૧ पुरःपुरःस्फुरत्तृष्णाः—આગળ આગળ વધતી જતી તૃષ્ણા જેઓને છે એવા. जडाः—મૂર્ખ, અજ્ઞાની. ज्ञानामृतं—જ્ઞાનરૂપ અમૃતને त्यक्त्वा—છોડીને. मृगतृष्णानुकारिषु= ઝાંઝવાના જળ જેવા. इन्द्रियार्थेषु—ઇન્દ્રિયોના વિષયોમાં. धावन्ति=દોડે છે.

૨ चेद्=જો. पतङ्गभृङ्गमीनेभसारङ्गाः—પતંગિયા, ભ્રમર, માછલાં, હાથી અને હરણ. एकैकेन्द्रियदोषाद्—એક એક ઇન્દ્રિયના દોષથી. दुर्दशां—માઠી અવસ્થાને. यान्ति—પામે છે. (તો) दुष्टैः तैः पञ्चभिः—દોષવાળી તે પાંચે ઇન્દ્રિયો વડે. किं न—શું ન થાય?

પતંગ રૂપમાં આસક્ત છે, મીન–મત્સ્ય રસમાં આસક્તિવાળો છે ભ્રમર ગન્ધમાં આસક્ત છે, હાથી સ્પર્શમાં આસક્ત છે અને હરણ શબ્દમાં આસક્તિવાળો છે. એ પ્રાણીઓ એક એક ઇન્દ્રિયના દોષથી દુષ્ટ–હીન અવસ્થાને પામે છે એટલે મૃત્યુરૂપ માઠી દશાને પ્રાપ્ત થાય છે, તો દોષવાળી પાંચે ઇન્દ્રિયો હોય તો તેથી શું દુઃખ ન થાય ?

[1] विवेकद्वीपहर्यक्षैः समाधिधनतस्करैः ।
इन्द्रियैर्यो न जितोऽसौ धीराणां धुरि गण्यते ॥८॥

વિવેકરૂપ હાથીને હણવાને સિંહ સમાન અને નિર્વિકલ્પ ધ્યાનરૂપ સમાધિધનને લુંટવાને તસ્કર–ચોરરૂપ ઇન્દ્રિયોવડે જે જીતાયો નથી, ઇન્દ્રિયોને વશ થયો નથી, તે ધીર પુરૂષોમાં મુખ્ય ગણાય છે.

## ૮ त्यागाष्टकम्

[2] संयतात्मा श्रये शुद्धोपयोगं पितरं निजम् ।

---

૧ विवेकद्वीपहर्यक्षैः=વિવેકરૂપ હાથીને હણવાને હર્યક્ષ–સિંહ સમાન समाधिधनतस्करैः=સમાધિરૂપ ધનને લુંટવાને ચોરના જેવી. इन्द्रियैः=ઇન્દ્રિયો વડે. यः=જે. न जितः= જીતાયો નથી. सः=તે. धीराणां=ધીર પુરૂષોની. धुरि=આદિમાં. गण्यते=ગણાય છે.

૨ संयतात्मा=સંયમને અભિમુખ થએલો હું. शुद्धोप-

**धृतिमम्बां च पितरौ तन्मां विसृजतं ध्रुवम् ॥१॥**

**[1] युष्माकं संगमोऽनादिर्बन्धवोऽनियतात्मनाम् ।**
**ध्रुवैकरूपान् शीलादिबन्धूनित्यधुना श्रये ॥२॥**

નિશ્ચયનયથી 'કરવા માંડયુ' તે 'કર્યું' સંયમ 'ગ્રહવા માંડયો' તે 'ગ્રહ્યો'–એમ સંયતાત્મા એટલે સંયમને અભિમુખ થએલો હું શુદ્ધોપયોગ--રાગદ્વેષરહિત શુદ્ધ આત્મજ્ઞાનસ્વરૂપ પોતાના પિતાનો અને ધૃતિ–આત્મરતિ રૂપ માતાનો આશ્રય કરૂં છું, તો હે માતાપિતા ! મને અવશ્ય છોડો.

હે બન્ધુઓ ! બન્ધુ તે શત્રુ થાય અને શત્રુ તે બન્ધુ થાય એમ અનિશ્ચિત છે આત્મા–પર્યાય જેનો એવા તમારા સંગમ–મેળો પ્રવાહથી અનાદિ

---

योगं=શુદ્ધ ઉપયોગરૂપ. निजं=પોતાના. पितरं=પિતાનો. च=અને. धृतिं=આત્મરતિરૂપ. अम्बां=માતાનો. श्रये=આશ્રય કરૂં છું (તો) पितरौ=હે માતા પિતા ! मां=મને. ध्रुवं=અવશ્ય विसृजतं=છોડો.

૧ बन्धवः=હે બન્ધુઓ ! अनियतात्मनां=અનિશ્ચિત છે આત્મા–પર્યાય જેનો એવા. युष्माकं=તમારો. संगमः=મેળાપ. अनादिः=અનાદિ છે. इति=એ હેતુથી. ध्रुवैकरूपान्=નિશ્ચિત એક સ્વરૂપવાળા. शीलादिबन्धून्=શીલ વગેરે બન્ધુંઓનો. अधुना=હવે. श्रये=આશ્રય કરૂં છું.

છે. ધ્રુવ--નિશ્ચયથી અવિચલિત છે એક સ્વરૂપ જેઓનું એવા જે શીલ, સત્ય, શમ, દમ, સંતોષાદિ બન્ધુઓનો અવિચલિત સ્વરૂપ હોવાથી હવે આશ્રય કરું છું.

[1]कान्ता मे समतैवैका ज्ञातयो मे समक्रियाः ।
बाह्यवर्गमिति त्यक्त्वा धर्मसंन्यासवान् भवेत् ॥३॥

મને એક સમતા જ વહાલી સ્ત્રી છે, બીજી સ્ત્રી નથી. સમાન ક્રિયા—આચારવાળા સાધુઓ જ મારા સગા છે, બીજા સગાનું કંઇ પણ કામ નથી. એ પ્રમાણે નિશ્ચયભાવે કરી બાહ્ય પરિવારનો ત્યાગ કરીને ગૃહસ્થની ઋદ્ધિ પ્રમુખ ઔદયિક ભાવના ધર્મનો સંન્યાસવાન્-ત્યાગવાળો થાય. અર્થાત્ ઔદયિક ભાવને છોડી ક્ષયોપશમભાવવાળો થાય.

એ અતાત્ત્વિક ધર્મસંન્યાસ કહેવાય છે. તાત્ત્વિક ધર્મસંન્યાસ તો ક્ષપકશ્રેણિમાં આઠમે ગુણસ્થાનકે હોય. કહ્યું છે કે—

---

૧ मे=મારે. समता=સમભાવ. एव=જ. एका=એક. कान्ता=વહાલી સ્ત્રી છે. मे=મારે. ज्ञातयः=સગાવહાલાં. समक्रियाः=સમાન આચારવાળા સાધુઓ છે. इति=એ પ્રમાણે. बाह्यवर्गं=બાહ્ય વર્ગને. त्यक्त्वा=છોડીને. धर्मसंन्यासवान्=ધર્મસંન્યાસવાળો. भवेत्=થાય.

"द्वितीयापूर्वकरणे प्रथमस्तात्त्विको भवेत् ॥"

પ્રથમ અપૂર્વકરણ સમ્યક્ત્વલાભનું અને બીજું અપૂર્વકરણ આઠમા ગુણસ્થાનકનું જાણવું. ત્યાં પ્રથમોક્ત (સામર્થ્યયોગના પ્રથમ ભેદરૂપ) ધર્મસંન્યાસ તાત્ત્વિક-પારમાર્થિક હોય, યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રન્થમાં એ જ બાબત કહેવામાં આવી છે.

(ઔદયિક ભાવના ધર્મને ત્યાગ કરવારૂપ અતાત્ત્વિક ધર્મસંન્યાસ પ્રવ્રજ્યાના અવસરે પણ હોય છે.)

[1] धर्मास्त्याज्याः सुसंगोत्थाः क्षायोपशमिका अपि ।
प्राप्य चन्दनगन्धाभं धर्मसंन्यासमुत्तमम् ॥४॥

બાવનાચન્દનના ગન્ધ સમાન ક્ષાયિકપણાથી ઉત્તમ ધર્મસંન્યાસને પ્રાપ્ત કરીને સત્સંગથી ઉત્પન્ન થએલા ક્ષાયોપશમિક-ક્ષયોપશમથી પ્રાપ્ત થએલા ક્ષમાદિક ધર્મો પણ તજવા યોગ્ય છે.

અહીં ક્ષપકશ્રેણિમાં નિવૃત્તિબાદરગુણસ્થાનકે વર્તતા યોગીને ક્ષાયિક ભાવની પ્રાપ્તિથી ક્ષાયોપશમિક ક્ષમા આદિ ધર્મની નિવૃત્તિ થતાં તાત્ત્વિક ધર્મસંન્યાસ હોય છે,

---

૧ चन्दनगन्धाभं=ચન્દનના ગન્ધ સમાન. उत्तमं=શ્રેષ્ઠ. धर्मसन्यासं=ધર્મસંન્યાસને. प्राप्य=પ્રાપ્ત કરીને. सुसंगोत्थाः=સત્સંગથી ઉત્પન્ન થયેલા. क्षायोपशमिकाः=ક્ષયોપશમથી પ્રાપ્ત થએલા. अपि=પણ धर्माः=ધર્મો. त्याज्याः=તજવા લાયક છે.

[1] गुरुत्वं स्वस्य नोदेति शिक्षासात्म्येन यावता ।
आत्मतत्त्वप्रकाशेन तावत्सेव्यो गुरूत्तमः ।।५।।

જ્યાં સુધી ગ્રહણશિક્ષા[2] અને આસેવનાશિક્ષા એ બન્ને શિક્ષાના સમ્યક્ પરિણામે શુદ્ધાત્મસ્વરૂપના પ્રકાશ-સંશય અને વિપર્યાસરહિત બોધ વડે પોતાના આત્મામાં ગુરુપણું ન ઉદય પામે-પ્રગટ ન થાય ત્યાં સુધી ઉત્તમ ગુરુ-જ્ઞાનોપદેશાચાર્ય સેવવા યોગ્ય છે. હે ગુરુ ! તમારી કૃપાથી મારા આત્માને વિશે ગુરુપણું ન આવે ત્યાં સુધી સૂત્રોક્ત વિધિએ મારે તમારી સેવા કરવાની છે. એમ ગુરુ સાથે સંકેત કરવો.

[3] ज्ञानाचाराद्योऽपीष्टाः शुद्धस्वस्वपदावधि ।
निर्विकल्पे पुनस्त्यागे न विकल्पो न वा क्रिया ।।६।।

---

૧ यावता=જ્યાં સુધી. शिक्षासात्म्येन=શિક્ષાના સમ્યક્ પરિણામથી. आत्मतत्त्वप्रकाशेन=આત્મસ્વરૂપના બોધ વડે. स्वस्य=પોતાનું. गुरुत्वं=ગુરુપણું न उदेति=ન પ્રગટ થાય. तावत्=ત્યાંસુધી. गुरूत्तमः=ઉત્તમ ગુરુ सेव्यः=સેવવા યોગ્ય છે.

૨ વ્રત, ધર્મ અને ષડ્જીવનિકાય વગેરેના પરિજ્ઞાન રૂપ ગ્રહણશિક્ષા અને તેઓના પાલનરૂપ આસેવનશિક્ષા કહેવાય છે.

૩ ज्ञानाचारादयः=જ્ઞાનાચાર વગેરે આચારો. अपि=પણ. शुद्धस्वस्वपदावधि-શુદ્ધ એવા પોતપોતાના પદની મર્યાદા

જ્ઞાનાચારાદિ પણ શુદ્ધ એવા પોતપોતાના પદની મર્યાદા સુધી ઈષ્ટ છે. જ્ઞાનાચાર પ્રતિ એમ કહેવું કે જ્યાં સુધી તારા પ્રસાદથી તારું શુદ્ધ પદ કેવલ-જ્ઞાન ન આવે ત્યાંસુધી મારે તારી સેવા કરવાની છે. એમ દર્શનાચારની સેવા ક્ષાયિક સમ્યક્ત્વરૂપ શુદ્ધ પદનો લાભ ન થાય ત્યાં સુધી, ચારિત્રાચારની સેવા તેના શુદ્ધ પદ યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી, તપાચારનું આચરણ પરમ શુક્લ-ધ્યાનનો લાભ ન થાય ત્યાં સુધી અને વીર્યાચારની સેવા વીર્યની સર્વથા શુદ્ધિ ન થાય ત્યાં સુધી કરવાની છે. એ શુદ્ધ સંકલ્પપૂર્વક સર્વ ક્રિયા લેખે લાગે. સંકલ્પહીન કર્મ ફળે નહિ. એ શુભોપયોગ દશામાં સવિકલ્પ ત્યાગીની મર્યાદા કહી. જ્યારે વિકલ્પરહિત ત્યાગ થાય છે ત્યારે વિકલ્પ નથી તેમ પરિસ્પન્દા-દિક ક્રિયા પણ નથી.

**[1] योगसंन्यासतस्त्यागी योगानप्यखिलांस्त्यजेत् ।**
**इत्येवं निर्गुणं ब्रह्म परोक्तमुपपद्यते ॥७॥**

---

સુધી. इष्टाः=ઈષ્ટ છે. पुनः=પણ. निर्विकल्पे=વિકલ્પ-ચિન્તા રહિત, त्यागे=ત્યાગની અવસ્થામાં. न विकल्पः=વિકલ્પ નથી. च=અને. न क्रिया=ક્રિયા પણ નથી.

1 योगसन्न्यासतः=યોગનો રોધ કરવાથી. त्यागी–

(ક્ષાયોપશમિક ધર્મ) સંન્યાસનો ત્યાગી યોગ-સંન્યાસથી સર્વ યોગોનો પણ ત્યાગ કરે. એ યોગ-સંન્યાસ ચૌદમા ગુણસ્થાનકે હોય. કહ્યું છે કે:—

"आयोज्यकरणादूर्ध्वं द्वितीय इति तद्विदः।"

"આયોજ્યકરણ[1] કર્યા બાદ બીજો યોગસંન્યાસ હોય છે"

---

ત્યાગી થએલો. अखिलान्=બધા. योगान्=યોગોનો. अपि=પણ त्यजेत्=ત્યાગ કરે. इति=એમ. एवं=એ રીતે. परोक्तं=બીજાએ કહેલ. निर्गुणं=ગુણરહિત. ब्रह्म=આત્મસ્વરૂપ. उपपद्यते=ઘટે છે

૧ કેવલજ્ઞાની અન્તર્મુહૂર્ત આયુષ બાકી હોય ત્યારે આયુષ કરતાં અધિક વેદનીયાદિ કર્મોના ઘાત કરવારૂપ સમુદ્ઘાત કરવા પહેલાં આવર્જીકરણ કરે છે. તે શુભ મન, વચન અને કાયયોગના વ્યાપારરૂપ છે. મોક્ષ પ્રતિ આત્માને સન્મુખ કરવાની ક્રિયા તે આવર્જીકરણ. કેટલાએક કેવલજ્ઞાની સમુદ્ઘાત કરે અથવા ન પણ કરે. કારણ કે જેના આયુષ કરતાં વેદનીયાદિ કર્મો અધિક હોય તે સમુદ્ઘાત કરે અને જેના આયુષ કરતાં વેદનીયાદિ કર્મો અધિક નથી તેઓ સમુદ્ઘાત કરતા નથી. પરન્તુ શુભ યોગની પ્રવૃત્તિ રૂપ આવર્જીકરણ તો બધા કેવલજ્ઞાની અવશ્ય કરે છે. (જુઓ પ્રજ્ઞાપના ટીકા પા. ૬૦૪) વિશેષાવશ્યક ભાષ્યમાં "आवज्जणमुवओगो वावारो वा એ ગાથાની વ્યાખ્યામાં 'મારે હવે આ કરવા યોગ્ય છે એવા પ્રકારનો કેવલજ્ઞાનીનો ઉપયોગ અથવા ઉદયાવલિકામાં કર્મને નાંખવારૂપ વ્યાપારને આવર્જીકરણ કહેલું છે (વિ. આવ. ગા. ૩૦૫૦) ત્યારબાદ સમુદ્ઘાત કરે છે અને સમુદ્ઘાત કર્યા પછી યોગનો રોધ કરે છે. જેઓ સમુદ્ઘાત કરતા નથી તેઓ આવર્જીકરણ કર્યા પછી યોગનો રોધ કરવાની ક્રિયા કરી સમગ્ર યોગોનો ત્યાગ કરે છે.

કેવલજ્ઞાનવડે અચિન્ત્ય વીર્યશક્તિથી ભવોપગ્રાહી કર્મને તેવા પ્રકારની સ્થિતિમાં આણીને ક્ષય કરવાની ક્રિયા તે આયોજ્યકરણ. તેનું ફળ શૈલેશી–યોગોની અત્યન્ત સ્થિરતા છે. ત્યારબાદ બીજો યોગસંન્યાસ નામે સામર્થ્ય યોગ છે. એમ તેના સ્વરૂપને જાણનારા કહે છે, શૈલેશી અવસ્થામાં કાયાદિ યોગના ત્યાગ કરવાથી 'અયોગ' નામે સર્વસંન્યાસ રૂપ સર્વોત્તમ યોગની પ્રાપ્ત થાય છે, "

એ પ્રમાણે બીજાએ કહેલ નિર્ગુણ–ગુણરહિત બ્રહ્મ–આત્મસ્વરૂપ ઘટે છે. જે વાદીઓ એમ કહે છે કે સ્વભાવગુણ જાય, તે જુઠા છે. એમ તો ગુણના અભાવે ગુણીનો અભાવ થાય, પણ ધર્મસંન્યાસના ત્યાગથી ઔપાધિક ધર્મયોગના અભાવે નિર્ગુણ શબ્દનો અર્થ ઘટાવવો.

[1] वस्तुतस्तु गुणैः पूर्णमनन्तैर्भासते स्वतः ।
रूपं त्यक्तात्मनः साधोर्निरभ्रस्य विधोरिव ॥८॥

વાદળાં રહિત ચન્દ્રની પેઠે ત્યાગવન્ત છે આત્મા જેનો એવા સાધુનું સ્વરૂપ પરમાર્થથી અન-

---

૧ निरभ्रस्य=વાદળાં રહિત. विधोः=ચન્દ્રની. इव=પેઠે. त्यक्तात्मनः=ત્યાગી છે આત્મા જેનો એવા. साधोः=સાધુનું रूपं=સ્વરૂપ. वस्तुतः=પરમાર્થથી. अनन्तैः=અનન્ત, गुणैः=ગુણો વડે. पूर्णं:=પરિપૂર્ણ. स्वतः=સ્વયં भासते:=ભાસે છે.

ન્ત જ્ઞાનાદિ ગુણો વડે પરિપૂર્ણ સ્વપ્રકાશની મર્યાદા એ ભાસે છે. આવરણના જવાથી સ્વભાવગુણ પ્રગટ થાય, પણ જાય નહિ.

## ९ क्रियाष्टकम्

१
**ज्ञानी क्रियापरः शान्तो भावितात्मा जितेन्द्रियः ।**
**स्वयं तीर्णो भवाम्भोधेः परांस्तारयितुं क्षमः ॥१॥**

જે સમ્યગ્ જ્ઞાનવાળા, ક્રિયાને વિશે તત્પર, ઉપશમવાળા, (જ્ઞાનાદિ ગુણ વડે) વાસિત કર્યો છે આત્મા જેણે એવા અને જિતેન્દ્રિય છે તે પોતે સંસારસમુદ્રથી તરેલા છે અને બીજાને તારવાને સમર્થ છે.

२
**क्रियाविरहितं हन्त ज्ञानमात्रमनर्थकम् ।**
**गतिं विना पथज्ञोऽपि नाप्नोति पुरमीप्सितम् ॥२॥**

---

૧ ज्ञानी=સમ્યગ્જ્ઞાનવાળા. क्रियापरः=ક્રિયામાં તત્પર. शान्तः=ઉપશમયુક્ત. भावितात्मा=ભાવિત છે આત્મા જેનો એવા. जितेन्द्रियः=ઇન્દ્રિયોને જિતનાર. भवाम्भोधेः=સંસારરૂપ સમુદ્રથી. स्वयं=પોતે. तीर्णः=તરેલ છે, (અને) परान्=બીજાને तारयितुम्=તારવાને क्षमः=સમર્થ છે.

૨ क्रियाविरहितं=ક્રિયા વિનાનું. हन्त=ખેદસૂચક અવ્યય. ज्ञानमात्रं=એકલું જ્ઞાન अनर्थकं=નિરર્થક છે. गतिं विना=ચાલ-

ક્રિયારહિત એકલું જ્ઞાન અનર્થક-મોક્ષરૂપ ફળ સાધવાને અસમર્થ છે. માર્ગનો જાણનાર પણ પાદ-વિહાર-ગમન કર્યા સિવાય ઇચ્છિત નગરે પહોંચતો નથી.

१
**स्वानुकूलां क्रियां काले ज्ञानपूर्णोऽप्यपेक्षते ।**
**प्रदीपः स्वप्रकाशोऽपि तैलपूर्त्यादिकं यथा ॥३॥**

જેમ દીવો પોતે સ્વપ્રકાશરૂપ છે, તો પણ તેલ પૂરવા વગેરે ક્રિયાની અપેક્ષા રાખે છે, તેમ પૂર્ણ-જ્ઞાની પણ અવસરે સ્વભાવરૂપ કાર્યને અનુકૂલ ક્રિયાની અપેક્ષા રાખે છે (અર્થાત્ પૂર્ણજ્ઞાનીને પણ અવસરે સ્વભાવને અનુકૂલ ક્રિયાની આવશ્યકતા છે.)

२
**बाह्यभावं पुरस्कृत्य ये क्रियां व्यवहारतः ।**
**वदने कवलक्षेपं विना ते तृप्तिकाङ्क्षिणः ॥४॥**

---

વાની ક્રિયા સિવાય. पथज्ञोऽपि=માર્ગનો જાણનાર પણ. इप्सतं=ઇચ્છિત. पुरं–નગરે नाप्नोति=પહોંચતો નથી.

૧ स्वानुकूलां=સ્વભાવને અનુકૂલ, પોષક. क्रियां=આવશ્યકાદિ ક્રિયાની. काले=અવસરે ज्ञानपूर्ण=જ્ઞાનવડે પરિપૂર્ણ, પૂર્ણજ્ઞાની. अपि=પણ, अपेक्षते=અપેક્ષા રાખે છે. यथा=જેમ. प्रदीपः=દીવો. स्वप्रकाशः=પોતે પ્રકાશરૂપ. (છતાં) अपि=પણ. तैलपूर्त्यादिकं=તેલનું પૂરવું વગેરેની. (અપેક્ષા રાખે છે)

૨ बाह्यभावं=બાહ્ય ભાવને. पुरस्कृत्य=આગળ કરીને.

બાહ્ય ક્રિયાના ભાવને આગળ કરીને જેઓ વ્યવહારથી ક્રિયાનો નિષેધ કરે છે, તેઓ મુખમાં કોળીઆ નાંખ્યા સિવાય તૃપ્તિને ઇચ્છે છે.

१ गुणवद्बहुमानादेर्नित्यस्मृत्या च सत्क्रिया।
जातं न पातयेद् भावमजातं जनयेदपि ॥५॥

અધિક ગુણવંતના બહુમાનાદિથી, આદિ શબ્દથી પાપની જુગુપ્સા, અતિચારની આલોચના-- વ્રતમાં લાગેલા દોષો સદ્ગુરુ સમક્ષ પ્રગટ કરવા, દેવગુરુની ભક્તિ અને ઉત્તર ગુણની શ્રદ્ધા લેવી. તથા લીધેલા નિયમોને હમેશાં સંભારવા વડે સત્ક્રિયા--શુભ ક્રિયા ઉત્પન્ન થયેલા ભાવને ન પાડે તેનો નાશ ન કરે અને નહિ ઉત્પન્ન થયેલા ભાવ-ને પણ ઉત્પન્ન કરે. (એ સંબન્ધે વિંશતિકામાં

---

ये=જેઓ. व्यवहारतः=વ્યવહારથી. क्रियां=ક્રિયાનો (નિષેધ કરે છે.) ते=તેઓ. वदने=મોઢામાં. कवलक्षेपं=કોળીઓ નાંખ્યા. विना=સિવાય. तृप्तिकाङ्क्षिणः=તૃપ્તિને ઇચ્છનારા છે.

૧ गुणवद्बहुमानादेः=ગુણિજનના બહુમાન વગેરેથી. च=અને. नित्यस्मृत्या=વ્રતાદિનાં હમેશાં સ્મરણ વડે. सत्क्रिया= શુભ ક્રિયા. जातं=ઉત્પન્ન થએલા. भावं=ભાવને न पातयेत्= ન પાડે. (અને) अजातं=નહિ ઉત્પન્ન થએલા ભાવને. अपि=પણ. जनयेत्=ઉત્પન્ન કરે.

શ્રીહરિભદ્રાચાર્યે કહ્યું છે—

"तम्हा णिच्चसईए बहुमाणेणं च अहिगयगुणम्मि ।
पडिवक्खदुगंछाए परिणइआलोअणेणं च ॥
तित्थंकरभत्तीए सुसाहुजणपज्जुवासणाए अ ।
उत्तरगुणसद्धाए एत्थ सया होइ जइअव्वं ॥
एवमसंतो वि इमो जायइ जाओ अ न पडइ कयावि ।
ता एत्थं बुद्धिमया अपमाओ होइ कायव्वो" ॥

श्रावकधर्मविंशिका गा० ९-१८

"તે માટે વ્રતનું નિત્ય સ્મરણ, ગુણીજનોનું બહુમાન, વ્રતના પ્રતિપક્ષની જુગુપ્સા, પરિણામની આલોચના, તીર્થંકરની ભક્તિ, સુસાધુ પુરુષોની સેવા અને ઉત્તરગુણની શ્રદ્ધા વડે અહીં સદા પ્રયત્ન કરવા યોગ્ય છે.

એ પ્રમાણે કરનારને જો ભાવ ઉત્પન્ન ન થયો હોય તો થાય છે અને થયો હોય તો તે કદી પણ પડતો નથી. તેથી બુદ્ધિમાન્ પુરુષે અહીં પ્રમાદનો ત્યાગ કરવો, સાવધાન થવું."

[1]क्षायोपशमिके भावे या क्रिया क्रियते तया ।
पतितस्यापि तद्भावप्रवृद्धिर्जायते पुनः ॥६॥

---

१ क्षायोपशमिके भावे=ક્ષાયોપશમિક ભાવમાં. या=જે. क्रिया=તપ-સંયમને અનુકૂલ ક્રિયા. क्रियते=કરાય છે. तया=તે ક્રિયા વડે. पतितस्य=પડી ગયેલાને. अपि=પણ. पुनः=ફરીથી तद्भावप्रवृद्धिः=તેના ભાવની વૃદ્ધિ. जायते=ઉત્પન્ન થાય છે.

[1]ક્ષાયોપશમિક ભાવે વર્તતાં તપ-સંયમને અનુકૂલ જે ક્રિયા કરાય છે, તે ક્રિયા વડે (શુભ ભાવથી) પડી ગયેલાને પણ તે ભાવની વૃદ્ધિ થાય છે. કહ્યું છે કે—

**"खाओवसमिगभावे दढजत्तकयं सुहं अणुट्ठाणं।**
**पडिवडियं पि हु जायइ पुणो वि तब्भाववुड्ढिकरं" ॥**

३ पंचाशक गा० ३४

ક્ષાયોપશમિક ભાવમાં વર્તતા દૃઢ યત્નથી કરેલું શુભ અનુષ્ઠાન પતિત-પડી ગયેલાને પણ ફરીથી તે ક્ષાયોપશમિક ભાવની વૃદ્ધિ કરનાર થાય છે.

[2]
**गुणवृद्ध्यै ततः कुर्यात् क्रियामस्खलनाय वा।**
**एकं तु संयमस्थानं जिनानामवतिष्ठते ॥७॥**

તે હેતુથી ગુણની વૃદ્ધિ કરવા માટે અથવા

---

૧ ચારિત્રમોહનીય કર્મનો અંશતઃ ક્ષય થવાથી જે શુભ ભાવ પેદા થાય છે તે ક્ષાયોપશમિક ભાવ કહેવાય છે. તે સમયે ચારિત્રમોહનીય કર્મનો પ્રદેશથી ઉદય હોય છે, પણ રસથી ઉદય હોતો નથી.

૨ ततः=તેથી. गुणवृद्ध्यै=ગુણની વૃદ્ધિ માટે वा=અથવા, अस्खलनाय=નહિ પડવા માટે. क्रियां-ક્રિયા. कुर्यात्=કરવી જોઈએ, एकं=એક. संयमस्थानं तु=સંયમનું સ્થાનક તો. जिनानां=કેવલજ્ઞાનીને. अवतिष्ठते=રહે છે.

ગુણથી પડી ન જવાય તે માટે ક્રિયા કરવી જોઇએ. એક સંયમસ્થાન તો કેવલજ્ઞાનીને સ્થિર રહે છે.

[1] वचोऽनुष्ठानतोऽसङ्गक्रियासंगतिमङ्गति ।
सेयं ज्ञानक्रियाऽभेदभूमिरानन्दपिच्छला ॥८॥

વચનાનુષ્ઠાનથી નિર્વિકલ્પ સમાધિરૂપ અસંગ ક્રિયાની યોગ્યતાને પ્રાપ્ત થાય છે. તે આ જ્ઞાન-ક્રિયાની અભેદભૂમિકા છે. કારણ કે અસંગ ભાવરૂપ ક્રિયા શુદ્ધ ઉપયોગ અને શુદ્ધ વીર્યોલ્લાસની સાથે તાદાત્મ્ય (તન્મયતા) ધારણ કરે છે. વળી તે સ્વાભાવિક આનન્દ રૂપઅમૃતરસથી આર્દ્ર-ભીંજાયેલી છે.

અનુષ્ઠાન ૧ પ્રીતિ, ૨ ભક્તિ, ૩ વચન અને ૪ અસંગ એ ચાર પ્રકારનું છે. અત્યન્ત પ્રીતિપૂર્વક જે અનુષ્ઠાન-ક્રિયા તે પ્રીત્યનુષ્ઠાન. બહુમાન અને આદરપૂર્વક જે અનુષ્ઠાન કરવામાં આવે તે ભક્ત્યનુષ્ઠાન. આગમને અનુસરીને જે અનુષ્ઠાન કરાય તે વચનાનુષ્ઠાન અને અતિશય અભ્યાસથી આગમની અપેક્ષા સિવાય સહજભાવે કરવામાં આવે તે

---

૧ वचोऽनुष्ठानतः=વચનાનુષ્ઠાનથી. असंगक्रियासंगतिं= અસંગક્રિયાની યોગ્યતાને. अङ्गति=પામે છે. सा=તે. इयं=આ (અસંગક્રિયા) ज्ञानक्रियाऽभेदभूमिः=જ્ઞાન અને ક્રિયાની અભેદ-ભૂમિ-એકતારૂપ છે. (અને) आनन्दपिच्छला=આત્માના આનન્દ વડે આર્દ્ર-ભીંજાયેલી છે.

અસંગાનુષ્ઠાન, તેમાં વચનાનુષ્ઠાનથી આત્મા અસંગક્રિયાની યોગ્યતાને પ્રાપ્ત કરે છે.

## १० तृप्त्यष्टकम्

१
**पीत्वा ज्ञानामृतं भुक्त्वा क्रियासुरलताफलम् ।**
**साम्यताम्बूलमास्वाद्य तृप्तिं यान्ति परां मुनिः ॥१॥**

જ્ઞાનરૂપ અમૃત પીને, ક્રિયારૂપ સુરલતા-કલ્પ-વલ્લીના ફળને ખાઇને અને સમતાપરિણામરૂપ તામ્બૂલને આસ્વાદીને-ચાખીને મહાન સાધુ ઉત્કૃષ્ટ તૃપ્તિ પામે છે.

२
**स्वगुणैरेव तृप्तिश्चेदाकालमविनश्वरी ।**
**ज्ञानिनो विषयैः किं तैर्यैर्भवेत्तृप्तिरित्वरी ॥२॥**

---

૧ ज्ञानामृतं=જ્ઞાનરૂપ અમૃત. पीत्वा=પીને. क्रियासुरलताफलं=ક્રિયા રૂપ કલ્પલતાના ફળને. भुक्त्वा=ખાઇને, साम्यताम्बूलं=સમભાવરૂપ તામ્બૂલને. आस्वाद्य=ચાખીને. मुनिः=સાધુ. परां=અત્યન્ત. तृप्तिं=તૃપ્તિ. यान्ति=પામે છે.

૨ चेत्=જો. ज्ञानिनः=જ્ઞાનીને. स्वगुणैः=પોતાના જ્ઞાનાદિગુણો વડે. एव=જ. आकालं=હમેશાં. अविनश्वरी=વિનાશ નહિ પામે તેવી. तृप्तिः=તૃપ્તિ भवेत्=થાય (તો) यैः=જે વિષયો વડે. इत्वरी=થોડા કાળની. तृप्तिः=તૃપ્તિ થાય છે. तैः=તે વિષયોનું. किम्=શું પ્રયોજન છે.

જો જ્ઞાની પુરુષને પોતાના દર્શન, જ્ઞાન અને ચારિત્રગુણ વડે જ સદા કાળ વિનાશ ન પામે તેવી તૃપ્તિ હોય તો જે વિષયો વડે થોડા કાળની તૃપ્તિ થાય તે વિષયોનું શું પ્રયોજન છે? અર્થાત્ કંઈ પણ નથી.

[1] **या शान्तैकरसास्वादाद् भवेत् तृप्तिरतीन्द्रिया ।**
**सा न जिह्वेन्द्रियद्वारा षड्रसास्वादनादपि ॥३॥**

શાન્તરૂપ અદ્વિતીય રસના આસ્વાદ-અનુભવથી જે ઇન્દ્રિયને અગોચર કેવલ અનુભવગમ્ય તૃપ્તિ થાય છે તે જિહ્વેન્દ્રિય વડે ષટ્રસના ચાખવાથી પણ થતી નથી. બીજી સર્વ તૃપ્તિથી જ્ઞાનતૃપ્તિ અધિક દેખાડી (તેથી) એ વ્યતિરેકાલંકાર છે.

**संसारे स्वप्नवन्मिथ्या तृप्तिः स्यादाभिमानिकी ।**
**तथ्या तु भ्रान्तिशून्यस्य साऽऽत्मवीर्यविपाककृत् ॥४॥**

---

૧ शान्तैकरसास्वादात्=જે શાન્તરૂપ અદ્વિતીય રસના અનુભવથી. अतीन्द्रिया=ઇન્દ્રિયને અગોચર, या=જે. तृप्ति= तृप्ति भवेत्=થાય છે. सा=તે. जिह्वेन्द्रियद्वारा=જિહ્વેન્દ્રિય વડે. षट्रसास्वादनात्=૭ રસના ભોજનથી. अपि=પણ. न= થતી નથી.

૨ स्वप्नवत्=સ્વપ્નની પેઠે. संसारे=સંસારમાં. आभि-मानिकी=અભિમાન-માન્યતાથી થએલી. मिथ्या=જુઠી तृप्तिः=

જેમ સ્વપ્નામાં મોદક ખાધા, દીઠા, તેથી તૃપ્તિ ન થાય, તેમ સંસારમાં અભિમાનસિદ્ધ માની લીધેલી જુઠી તૃપ્તિ થાય છે. સાચી તૃપ્તિ તો મિથ્યાજ્ઞાન રહિત સમ્યગ્દૃષ્ટિને હોય છે. તે તૃપ્તિ આત્માના વીર્યનો પરિપાક–પુષ્ટિ કરનારી હોય છે. તૃપ્તિનું લક્ષણ વીર્યની પુષ્ટિ છે.

**[1] पुद्गलैः पुद्गलास्तृप्तिं यान्त्यात्मा पुनरात्मना।**
**परतृप्तिसमारोपो ज्ञानिनस्तन्न युज्यते ॥५॥**

પુદ્ગલો વડે પુદ્ગલો ઉપચયલક્ષણ તૃપ્તિ પામે છે. વળી આત્મગુણ પરિણામથી આત્મા તૃપ્તિ પામે છે. તે કારણથી પર–પુદ્ગલની તૃપ્તિનો સમારોપ–આત્મામાં ઉપચાર અભ્રાન્ત જ્ઞાનવન્તને ઘટતો

---

તૃપ્તિ. स्याद्=હોય છે. (પણ) तथ्या तु=સાચી તૃપ્તિ તો भ्रान्तिशून्यस्य=મિથ્યા જ્ઞાન રહિતને હોય છે. सा=તે. आत्मवीर्यविपाककृत्= આત્માના વીર્યને પુષ્ટિ કરનાર છે.

૧ पुद्गलैः=પુદ્ગલો વડે. पुद्गलाः= પુદ્ગલો. तृप्तिं= પુદ્ગલના ઉપચયરૂપ તૃપ્તિને. यान्ति=પામે છે. आत्मना= આત્માના ગુણવડે. आत्मा=આત્મા. तृप्तिं–તૃપ્તિ. (याति=) પામે છે. तत्=તે કારણથી. ज्ञानिनः=સમ્યગ્જ્ઞાનવંતને, परतृप्तिसमारोपः=પુદ્ગલની તૃપ્તિમાં આત્માનો ઉપચાર. न युज्यते=ઘટતો નથી.

નથી. અન્ય દ્રવ્યનો ધર્મ પરમાં-અન્યમાં આરોપે તે સમ્યગ્જ્ઞાની કેમ કહેવાય ?

[1]
**मधुराज्यमहाशाकाग्राह्ये बाह्ये च गोरसात् ।**
**परब्रह्मणि तृप्तिर्या जनास्तां जानतेऽपि न ॥८॥**

मधु राज्य=મનોહર રાજ્યની महाशाक=મોટી આશા એ છે જેને એવા પુરુષથી અગ્રાહ્ય-ન પ્રાપ્ત થઇ શકે એવા અને गोरसात्=વાણીના રસથી બહાર પરબ્રહ્મમાં જે તૃપ્તિ છે તેને લોકો જાણતા પણ નથી, તો પામે ક્યાંથી !

ભોજનાદિમાં જે તૃપ્તિ છે તે मधुर-आज्य-महाशाक=મિષ્ટ ઘી અને મોટા શાકથી ग्राह्य=ગ્રહણ કરવા યોગ્યછે અને ગોરસથી (દૂધ-દહી વગેરેથી)બાહ્ય નથી. " भोजने व्यञ्जनोपेते का रसो गोरसोज्झिते " "શાકાદિ સહિત પણ ગોરસ વિનાના ભોજનમાં શો

1 मधु-राज्य-महाशाका-ग्राह्ये=મનોહર રાજ્યની મોટી આશા જેઓને છે એવા પુરૂષો વડે ન પ્રાપ્ત થઇ શકે એવા. गोरसाद्=વાણીથી. बाह्ये=બહાર-અગોચર. परब्रह्मणि=પરમાત્માને વિષે. या=જે तृप्तिः=તૃપ્તિ થાય છે. तां=તેને जनाः=લોકો. जानतेऽपि न=જાણતા પણ નથી. ભોજન मधुराज्य=મિષ્ટ ઘી અને. महाशाक=મોટાં શાકોથી ગ્રહણ કરવા યોગ્ય છે અને गोरस=દૂધ દહીં વગેરેથી બાહ્ય નથી.

રસ છે?' એ વચનથી જાણી લેવું. પરબ્રહ્મ તો ગોરસ-વાણીથી બાહ્ય છે. **यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह** જેથી મનસહિત વાણી પ્રાપ્ત થયા સિવાય પાછી ફરે છે-એવું વેદવાક્ય છે, **अपयस्स पयं नत्थि** (આચા૦ અ. ૫ ઉ. ૬) વર્ણાદિ અવસ્થારહિત આત્માના સ્વરૂપને કહેવા માટે કોઇપણ પદ સમર્થ નથી. ઇત્યાદિ સિદ્ધાન્તના વચનથી જાણવું. એ બે અર્થ કહ્યા. અહીં વ્યતિરેકાલંકાર છે.

**[१]विषयोर्मिविषोद्गारः स्यादतृप्तस्य पुद्गलैः ।**
**ज्ञानतृप्तस्य तु ध्यानसुधोद्गारपरम्परा ॥७॥**

પુદ્ગલોથી તૃપ્ત નહિ થયેલાને વિષયના કલ્લોલરૂપી ઝેરના માઠા ઓડકાર હોય છે અને જ્ઞાનથી તૃપ્ત થયેલાને તો ધ્યાનરૂપ અમૃતના ઓડકારની પરમ્પરા હોય છે.

બહુ પુદ્ગલભોજન તે વિષભોજન છે, તેથી વિષયવિષના અજીર્ણે માઠા ઓડકાર આવે અને

---

૧ पुद्गलैः=પુદ્ગલોથી. अतृप्तस्य=નહિ તૃપ્ત થયેલાને. विषयोर्मिविषोद्गारः=વિષયના તરંગરૂપ ઝેરનો ઓડકાર. स्यात्=હોય છે. ज्ञानतृप्तस्य तु=જ્ઞાનથી તૃપ્ત થયેલાને તો. ध्यानसुधोद्गारपरम्परा=ધ્યાનરૂપ અમૃતના ઓડકારની પરંપરા હોય છે.

જ્ઞાનામૃતનું ભોજનકરનારા મહાતૃપ્તિવંતને અમૃતના ઓડકાર જ આવે. એ મહાતૃપ્તિનું લક્ષણ છે.

[1]सुखिनो विषयातृप्ता नेन्द्रोपेन्द्रादयोऽप्यहो ।
भिक्षुरेकः सुखी लोके ज्ञानतृप्तो निरञ्जनः ॥८॥

વિષયથી નહિ તૃપ્ત થયેલા ઈન્દ્ર, કૃષ્ણ વગેરે સુખી નથી એ આશ્ચર્ય છે. ચૌદ રાજલોકમાં જ્ઞાનથી તૃપ્ત થયેલ નિરંજન–કર્મમલિનતા રહિત એક ભિક્ષુ–સાધુ સુખી છે.

## ११ निर्लेपाष्टकम्

संसारे निवसन् स्वार्थसज्जः कज्जलवेश्मनि।
लिप्यते निखिलो लोकः ज्ञानसिद्धो न लिप्यते ॥१॥

---

१ विषयातृप्ताः=વિષયથી નહિ તૃપ્ત થયેલા. इन्द्रोपेन्द्रादयः=ઇન્દ્ર, કૃષ્ણ વગેરે. अपि=પણ. सुखिनः=સુખી. न=નથી. अहो=એ આશ્ચર્ય છે. लोके=જગતમાં. ज्ञानतृप्तः=જ્ઞાનથી તૃપ્ત થયેલો. निरञ्जनः=કર્મમેલ રહિત. एकः=એક. भिक्षुः=સાધુ. सुखी=સુખી છે.

२ कज्जलवेश्मनि=કાજળના ઘર રૂપ. संसारे=સંસારમાં. निवसन्=રહેતો. स्वार्थसज्जः=સ્વાર્થમાં તત્પર. निखिलो लोकः=સમસ્ત લોક. लिप्यते=કર્મથી લેપાય છે. પણ ज्ञानसिद्धः=જ્ઞાન વડે સિદ્ધ–પરિપૂર્ણ. न लिप्यते=લેપાતો નથી.

કાજળના ઘર જેવા સંસારમાં રહેતો સ્વાર્થમાં તત્પર સમગ્ર લોક લેપાય છે. (કર્મથી બંધાય છે.) પણ જે જ્ઞાન વડે સિદ્ધ છે તે પુરુષ લેપાતો નથી.

[1] नाहं पुद्गलभावानां कर्ता कारयिताऽपि च ।
नानुमन्ताऽपि चेत्यात्मज्ञानवान् लिप्यते कथम् ॥२॥

હું પૌદ્ગલિક ભાવોનો કરનાર, કરાવનાર અને અનુમોદન કરનાર નથી, એવા સમભાવવાળા આત્મજ્ઞાની (કર્મથી) કેમ લેપાય ?

[2] लिप्यते पुद्गलस्कन्धो न लिप्ये पुद्गलैरहम् ।
चित्रव्योमाञ्जनेनेव ध्यायन्निति न लिप्यते ॥३॥

પુદ્ગલનો સ્કન્ધ પુદ્ગલો વડે સંક્રમાદિ ઉપચયે (પૂર્વના પુદ્ગલો સાથે બીજા પુદ્ગલોના મળવા

---

૧ अहं=હું. पुद्गलभावानां=પૌદ્ગલિક ભાવોનો. कर्ता=કરનાર. कारयिता=કરાવનાર. अपि च=અને. अनुमन्ता=અનુમોદન કરનાર. न=નથી. इति=એવા વિચારવાળો. आत्मज्ञानवान्=આત્મજ્ઞાની. कथं=કેમ. लिप्यते-લેપાય.

૨ पुद्गलस्कन्धः=પુદ્ગલોનો સ્કન્ધ. पुद्गलैः=પુદ્ગલો વડે लिप्यते-લેપાય છે (પણ) अहं=હું. न लिप्ये=લેપાતો નથી, इव=જેમ. अञ्जनेन=અંજન વડે. चित्रव्योम=વિચિત્ર આકાશ. इति=એમ. ध्यायन्=ધ્યાન કરતો આત્મા. न लिप्यते=લેપાતો નથી.

વડે ઉપચય થવાથી) લેપાય છે, પણ હું લેપાતો નથી. જેમ ચિત્રામણવાળું (વિવિધ વર્ણવાળું) આકાશ અંજનથી લેપાતું નથી-એ પ્રમાણે ધ્યાન કરતો આત્મા લેપાતો નથી (કર્મથી બંધાતો નથી.)

[1]लिप्तताज्ञानसंपातप्रतिघाताय केवलम् ।
निर्लेपज्ञानमग्नस्य क्रिया सर्वोपयुज्यते ॥४॥

નિર્લેપ જ્ઞાનમાં મગ્ન એટલે 'હું નિર્લેપ છું' એવી જ્ઞાનધારામાં આરૂઢ થયેલા યોગીની સર્વ ક્રિયાઓ વ્યુત્થાનદશામાં વ્યવહારભાવથી લિપ્તપણાના જ્ઞાનના સંપાતનું-આગમનનું નિવારણ કરવા માટે કેવળ ઉપયોગી થાય છે-કામમાં આવે છે. એ કારણથી જ ધ્યાનારૂઢને આવશ્યકાદિ ક્રિયા તેવા પ્રકારની શુદ્ધિથી આત્મધ્યાનની ધારાથી પડતા રાખવા માટે જ આલંબન કહી છે.

[2]तपःश्रुतादिना मत्तः क्रियावानपि लिप्यते ।

---

૧ निर्लेपज्ञानमग्नस्य= આત્મા નિર્લેપ છે' એવા નિર્લેપપણાના જ્ઞાનમાં મગ્ન થયેલાને. सर्वा=બધી. क्रिया=આવશ્યકાદિ ક્રિયાઓ. केवलं=કેવળ. लिप्तताज्ञानसंपातप्रतिघाताय= આત્મા કર્મથી લિપ્ત છે, એવા લિપ્તપણાના જ્ઞાનના આગમનને રોકવા માટે. उपयुज्यते=ઉપયોગી થાય છે.

૨ तपःश्रुतादिना=તપ અને શ્રુતપ્રમુખે કરીને मत्तः=

भावनाज्ञानसंपन्नो निष्क्रियोऽपि न लिप्यते ॥५॥

तप અને શ્રુતપ્રમુખે કરીને અભિમાનવાળો ક્રિયાવાન હોય તો પણ કર્મથી લેપાય છે. ભાવના-જ્ઞાન-તત્ત્વજ્ઞાન વડે સહિત ક્રિયારહિત હોય તો પણ લેપાતો નથી.

[१]अलिप्तो निश्चयेनात्मा लिप्तश्च व्यवहारतः ।
शुद्धयत्यलिप्तया ज्ञानी क्रियावान् लिप्तया दृशा ॥६॥

નિશ્ચયનયથી આત્મા લેપાએલ નથી (કર્મથી બંધાએલો નથી) અને વ્યવહારનયથી લેપાએલો છે. (કર્મથી બંધાએલો છે.) જ્ઞાનયોગી શુદ્ધ ધ્યાનથી અલિપ્ત દૃષ્ટિએ શુદ્ધ થાય છે અને ક્રિયાવાળો લિપ્તપણાની દૃષ્ટિએ શુદ્ધ થાય છે. એટલે

---

અભિમાનવાળો. क्रियावानपि=ક્રિયાવાન્ હોય તો પણ. लिप्यते=લેપાય છે. भावनाज्ञानसंपन्नो=ભાવનાજ્ઞાન-તત્ત્વજ્ઞાન વડે સહિત. निष्क्रियोऽपि=ક્રિયારહિત હોય તો પણ. न लिप्यते=લેપાતો નથી.

૧ निश्चयेन=નિશ્ચયનયથી. आत्मा=જીવ. अलिप्तः=કર્મથી બંધાએલો નથી च=અને व्यवहारेण=વ્યવહાર નયથી. लिप्त=કર્મથી બંધાએલો છે. ज्ञानी=જ્ઞાનવાળો. अलिप्तया दृशा=અલિપ્ત દૃષ્ટિ વડે. शुध्यति=શુદ્ધ થાય છે. અને. क्रियावान्=ક્રિયાવાળો. लिप्तया दृशा=લિપ્ત દૃષ્ટિથી શુદ્ધ થાય છે.

લેપ ટાળવા અભ્યાસને અવલંબે છે.

[1] ज्ञानक्रियासमावेशः सहैवोन्मीलने द्वयोः ।
भूमिकाभेदतस्त्वत्र भवेदेकैकमुख्यता ॥७॥

બન્ને દૃષ્ટિનો સાથે જ વિકાસ થતાં જ્ઞાન અને ક્રિયાનો સમાવેશ-એકીભાવ હોય છે. અને ગુણસ્થાનકરૂપ ભૂમિકાના ભેદથી અહીં-જ્ઞાન ક્રિયામાં એક એકની મુખ્યતા હોય છે. ધ્યાનદશામાં જ્ઞાનની મુખ્યતા અને વ્યવહારદશામાં ક્રિયાની મુખ્યતા હોય છે.

[2] सज्ज्ञानं यदनुष्ठानं न लिप्तं दोषपङ्कतः ।
शुद्धबुद्धस्वभावाय तस्मै भगवते नमः ॥८॥

જેનું જ્ઞાન સહિત ક્રિયારૂપ નુષ્ઠાન દોષરૂપ

૧ द्वयोः=બન્ને દૃષ્ટિનો. सहैव=સાથેજ. उन्मीलने=વિકાસ થવામાં. ज्ञानक्रियासमावेशः=જ્ઞાન-ક્રિયાની એકતા છે तु=અને भूमिकाभेदतः=ગુણસ્થાનકરૂપ અવસ્થાના ભેદથી. अत्र=અહીં જ્ઞાનક્રિયામાં. एकैकमुख्यता=એક એકનું મુખ્યપણું भवेद्=હોય છે

૨ सज्ज्ञानं=જ્ઞાનસહિત. यदनुष्ठानं=જેનું ક્રિયારૂપ અનુષ્ઠાન. दोषपङ्कतः=દોષરૂપ કાદવથી न लिप्तं=લેપાએલું નથી. (એવા). शुद्धबुद्धस्वभावाय=શુદ્ધ ટંકોત્કીર્ણ જ્ઞાનરૂપ સ્વભાવવાળા. तस्मै=તે. भगवते=ભગવાનને. नमः=નમસ્કાર હો.

કચરાથી લેપાયેલું નથી એવા, શુદ્ધ-નિર્મલ, બુદ્ધ-ટંકોત્કીર્ણ જ્ઞાનરૂપ સ્વભાવ છે જેનો એવા તે ભગવંતને નમસ્કાર હો.

## ૧૨ નિઃસ્પૃહાષ્ટકમ્

૧
**स्वभावलाभात् किमपि प्राप्तव्यं नावशिष्यते ।**
**इत्यात्मैश्वर्यसंपन्नो निःस्पृहो जायते मुनिः ॥१॥**

આત્માના સ્વભાવની પ્રાપ્તિથી બીજું કંઈ પણ પ્રાપ્ત કરવાનું બાકી રહેતું નથી. એ પ્રકારે આત્માના ઐશ્વર્ય-પ્રભુતાને પ્રાપ્ત થએલ મુનિ નિઃસ્પૃહ-સ્પૃહારહિત થાય છે.

૨
**संयोजितकरैः के के प्रार्थ्यन्ते न स्पृहावहैः ।**

---

૧ स्वभावलाभात्=આત્મસ્વભાવની પ્રાપ્તિથી. किमपि=બીજું કંઈપણ. प्राप्तव्यं=પ્રાપ્ત કરવા યોગ્ય. न अवशिष्यते=બાકી રહેતું નથી. इति=એમ. आत्मैश्वर्यसंपन्नः=આત્માના ઐશ્વર્યને પ્રાપ્ત થયેલ मुनिः=સાધુ. निःस्पृहः=સ્પૃહારહિત. जायते=થાય છે.

૨ संयोजितकरैः=હાથ જોડેલા છે જેણે એવા. स्पृहावहैः=સ્પૃહાવાળા પુરુષો વડે के के=કોણ કોણ न प्रार्थ्यन्ते=પ્રાર્થના કરાતા નથી. अमात्रज्ञानपात्रस्य-અમર્યાદિત જ્ઞાનના પાત્ર. निःस्पृहस्य=નિસ્પૃહ મુનિને. जगत्=જગત્ तृणं=તૃણવત્ છે.

**अमात्रज्ञानपात्रस्य निःस्पृहस्य तृणं जगत् ॥२॥**

જેણે હાથ જોડેલા છે એવા સ્પૃહાવાળા પુરુષો કોની કોની પાસે પ્રાર્થના કરતા નથી-માગતા નથી ? અર્થાત્ બધા દાતા પુરુષની પાસે માગે છે. અપરિમિત જ્ઞાનના પાત્ર એવા નિઃસ્પૃહ મુનિને તો સર્વ જગત્ તૃણતુલ્ય છે.

**[1]छिन्दन्ति ज्ञानदात्रेण स्पृहाविषलतां बुधाः ।**
**मुखशोषं च मूर्च्छां च दैन्यं यच्छति यत्फलम् ॥३॥**

અધ્યાત્મજ્ઞાની પંડિત પુરુષો જ્ઞાનરૂપ દાતરડા વડે સ્પૃહારૂપ વિષવેલીને છેદે છે. જે સ્પૃહા-લાલસારૂપ વિષલતાના ફળ [2]મુખનું સુકાવું, મૂર્છા અને દીનપણું આપે છે.

---

૧ बुधाः=અધ્યાત્મજ્ઞાની, પંડિત પુરૂષો. ज्ञानदात्रेण= જ્ઞાનરૂપ દાતરડા વડે. स्पृहाविषलतां=સ્પૃહારૂપ વિષવેલીને. छिन्दन्ति=છેદે છે. यत्फलं=જે લાલસારૂપ વિષલતાના ફળ. मुखशोषं=મુખનું સુકાવું. मूर्च्छा=મૂર્છા च-અને. दैन्यं=દીન-પણું. यच्छति=આપે છે.

૨ જેમ વિષલતાને ખાવાથી મુખશોષ-મોઢું સુકાઈ જાય. મૂર્છા-બેભાન થઈ જાય અને દૈન્ય-મોઢા ઉપર ફીકાશ આવે; તેમ સ્પૃહાથી યાચના કરતા મુખશોષ-મોઢું સૂકાય, મૂર્છા-આસક્તિ અને દૈન્ય-દીનપણું આવે

[1]निष्कासनीया विदुषा स्पृहा चित्तगृहाद् बहिः ।
अनात्मरतिचाण्डालीसंगमङ्गीकरोति या ॥४॥

જે (સ્પૃહા) આત્મવિરુદ્ધ પુદ્ગલની રતિરૂપ ચાંડાલીનો પ્રસંગ-સહવાસ સ્વીકારે છે-આદરે છે, તે સ્પૃહા પંડિતે ચિત્તરૂપ ઘરથી બહાર કાઢી મૂકવા યોગ્ય છે.

[2]स्पृहावन्तो विलोक्यन्ते लघवस्तृणतूलवत् ।
महाश्चर्यं तथाप्येते मज्जन्ति भववारिधौ ॥५॥

સ્પૃહાવાળા-લાલસાવાળા જીવો, તૃણ અને આકડાના રૂ જેવા હલકા દેખાય છે. તો પણ તેઓ સંસારરૂપ સમુદ્રમાં ડુબે છે એ મોટું આશ્ચર્ય છે. બીજા જે હલકા હોય તે બૂડે નહિ. કહ્યું છે કે—

---

૧ विदुषा-વિદ્વાને. स्पृहा-તૃષ્ણા. चित्तगृहाद्-મનરૂપ ઘરથી, बहिः=બહાર निष्कासनीया=કાઢી મૂકવા યોગ્ય છે. या=જે. अनात्मरतिचाण्डालीसंगं=આત્માથી ભિન્ન પુદ્ગલમાં રતિરૂપ ચંડાલણીનો સંગ, अंगीकरोति=અંગીકાર કરે છે,

૨ स्पृहावन्तः=સ્પૃહાવાળા. तृणतूलवत्=તરખલા અને આકડાના રૂની પેઠે. लघवः=હલકા, विलोक्यन्ते=દેખાય છે. तथाऽपि=તો પણ. एते=એઓ. भववारिधौ=સંસારસમુદ્રમાં. मज्जन्ति=બુડે છે. (તે) महाश्चर्यं=મોટું આશ્ચર્ય છે.

"तूलं तृणादपि लघु तूलादपि हि याचकः ।
वायुना किं न नीतोऽसौ मामयं प्रार्थयिष्यति" ॥

"તૃણથી આકડાનું રૂ હલકું છે અને આકડાના રૂથી પણ હલકો યાચક છે. તો પણ 'મારી પાસે માગશે' એવા ભયથી વાયુ તેને ખેંચી જતો નથી."

[1] गौरवं पौरवन्द्यत्वात् प्रकृष्टत्वं प्रतिष्ठया ।
ख्यातिं जातिगुणात् स्वस्य प्रादुष्कुर्यान्न निःस्पृहः॥६॥

સ્પૃહારહિત સાધુ નગરવાસી લોકોને વન્દનીય હોવાથી પોતાની મોટાઇને, પ્રતિષ્ઠા–શોભાથી ઉત્તમપણાને અને જાતિકુલસંપન્નપણાથી પ્રસિદ્ધિને ન પ્રગટ કરે.

भूशय्या भैक्षमशनं जीर्णं वासो गृहं वनम् ॥
तथाऽपि निःस्पृहस्याहो चक्रिणोऽप्यधिकं सुखम्॥७॥

---

૧ निःस्पृहः=સ્પૃહારહિત મુનિ. पौरवन्द्यत्वात्=નગરવાસીઓ વંદન કરવા યોગ્ય હોવાથી. स्वस्य=પોતાની. गौरवं=મોટાઇને. प्रतिष्ठया=પ્રતિષ્ઠા વડે. प्रकृष्टत्वं=સર્વોત્તમપણાને. जातिगुणात्=ઉત્તમ જાતિગુણથી. ख्यातिं=પ્રસિદ્ધિને. न प्रादुष्कुर्यात्=ન પ્રગટ કરે.

૨ निःस्पृहस्य=સ્પૃહારહિત મુનિને. भूशय्या=પૃથિવીરૂપ શય્યા. भैक्षं=ભિક્ષાથી મળેલ. अशनं=ભોજન. जीर्णं=જૂનું. वासः=વસ્ત્ર. અને वनं=અરણ્યરૂપ. गृहं=ઘર. (છે) तथापि–

પૃથિવી તે જ સુખશય્યા, ભિક્ષાસમૂહથી મળેલ આહાર, જૂનું ફાટેલું વસ્ત્ર અને વન એ જ ઘર છે તો પણ આશ્ચર્ય છે કે સ્પૃહારહિતને ચક્રવર્તી કરતાં પણ અધિક સુખ છે.

१
**परस्पृहा महादुःखं निःस्पृहत्वं महासुखम् ।**
**एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥८॥**

પરની આશા-લાલસા કરવી તે મહાદુઃખ છે અને નિઃસ્પૃહપણું તે મહાસુખ છે. એ સંક્ષેપથી સુખ અને દુઃખનું લક્ષણ કહ્યું છે.

## १३ मौनाष्टकम्

२
**मन्यते यो जगत्तत्त्वं स मुनिः परिकीर्तितः ।**
**सम्यक्त्वमेव तन्मौनं मौनं सम्यक्त्वमेव वा ॥१॥**

---

તો પણ. अहो=આશ્ચર્ય છે કે. (તેમને) चक्रिणोऽपि=ચક્રવર્તીથી પણ. अधिकं=અધિક. सुखं=સુખ છે.

૧ परस्पृहा=પર વસ્તુની ઈચ્છા. महादुःखं=મહાદુઃખ રૂપ છે. निःस्पृहत्वं=નિઃસ્પૃહપણું. महासुखं=મોટા સુખરૂપ છે एतद्=એ समासेन=સંક્ષેપથી. सुखदुःखयोः=સુખ અને દુઃખનું लक्षणं=ચિહ્ન उक्तं=કહ્યું છે.

૨ यः=જે. जगत्तत्त्वं=જગતના સ્વરૂપને. मन्यते=જાણે છે. सः=તે. मुनिः=મુનિ. परिकीर्तितः=કહેલ છે. तत्=તેથી सम्यक्त्वं=સમ્યક્ત્વ. एव=જ. मौनं=મુનિપણું (છે) वा=અથવા. मौनं=મુનિપણું. सम्यक्त्वमेव=સમ્યક્ત્વ જ છે.

'જે જગતના તત્ત્વને જાણે તે મુનિ' એમ તીર્થંકર-ગણધરોએ કહ્યું છે. તે કારણથી-મુનિ-પદની વ્યુત્પત્તિના નિમિત્તરૂપ જગતના તત્ત્વનું જ્ઞાન હોવાથી સમ્યક્ત્વ જ મુનિપણું છે અથવા મુનિપણું એ જ સમ્યક્ત્વ છે. આથી જ 'બધાય શબ્દો ક્રિયાવાચી છે' એવો એવંભૂત નયનો અભિપ્રાય લઈને આચારાંગસૂત્રમાં કહ્યું છે કે—

जं सम्मं ति पासहा तं मोणं ति पासहा, जं मोणं ति पासहा तं सम्मं ति पासहा। ण इमं सक्कं सिढिलेहिं अद्दिज्जमाणेहिं गुणासाएहिं वंकसमायारेहिं पमत्तेहिं गारमावसंतेहिं।
मुणी मोणं समायाए धुणे कम्मसरीरगं।
पंतं लुहं च सेवन्ति वीरा संमत्तदंसिणो॥"

अध्य० ५ उ० ३ सू० १५५.

જે સમ્યક્ત્વ છે તે જ મુનિપણું છે, જે મુનિપણું છે તે જ સમ્યક્ત્વ છે. એ મૌન (મુનિપણું) શિથિલ-મન્દવીર્યવાળા, આર્દ્ર-રાગવાળા, શબ્દાદિ વિષયોનો આસ્વાદ લેનાર, વક્ર આચારવાળા-માયાવી, અને પ્રમાદી ગૃહસ્થોએ પાલન કરવું શક્ય નથી

મુનિ મૌનને ગ્રહણ કરીને કાર્મણ શરીરનો નાશ કરે. અને તેને માટે સમ્યક્ત્વદર્શી વીર પુરુષો પ્રાન્ત અને રૂક્ષ ભોજન કરે છે.

[1] आत्माऽऽत्मन्येव यच्छुद्धं जानात्यात्मानमात्मना ।
सेयं रत्नत्रये ज्ञप्तिरुच्याचारैकता मुनेः ॥२॥

જ્ઞાતા આત્મા આત્મસ્વભાવરૂપ આધારને વિષે શુદ્ધ-કર્મોપાધિરહિત એકત્વ-પૃથકત્વપૃથક્પરિણત-અભેદ અને ભેદરૂપે પૃથક્પરિણતિવાળા સ્વદ્રવ્યરૂપ આત્માને આત્માવડે જ્ઞપરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા એમ દ્વિવિધ પરિજ્ઞાએ જાણે, તે આ રત્નત્રયમાં જ્ઞાન, રુચિ-શ્રદ્ધા અને આચરણની અભેદપરિણતિ મુનિને હોય છે. કહ્યું છે કે—

आत्मानमात्मना वेत्ति मोहत्यागाद् यदात्मनि ।
तदेव तस्य चारित्रं तज्ज्ञानं तच्च दर्शनम् ।

"આત્મા મોહના ત્યાગથી આત્માને વિષે આત્મા વડે આત્માને જે જાણે છે તે જ તેનું ચારિત્ર છે, તે જ્ઞાન છે અને તે દર્શન છે."

આ જ કારણથી જે શ્રુતજ્ઞાનથી કેવળ આત્માને જાણે તે અભેદનયની અપેક્ષાએ તથા જે કેવલ સંપૂર્ણ

---

૧ आत्मा=આત્મા. आत्मनि=આત્માને વિષે. एव=જ. शुद्धं=કર્મરહિત-વિશુદ્ધ आत्मानं=આત્માને. यद्=જે. जानाति=જાણે છે. सा=તે. इयं=આ. रत्नत्रये=જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ત્રણ રત્નમાં. ज्ञप्तिरुच्याचारैकता=જ્ઞાન, શ્રદ્ધા અને આચારની અભેદ પરિણતિ. मुनेः=મુનિને (હોય છે.)

શ્રુતને જાણે તે ભેદનયથી શ્રુતકેવલી છે-એમ સમયપ્રાભૃતમાં કહ્યું છે—

**जो हि सुपणभिगच्छइ अप्पाणमिणं तु केवलं सुद्धं ।**
**तं सुअकेवलिमिसिणो भणंति लोगप्पदोवयरा ॥**
**जो सुअनाणं सव्वं जाणइ सुअकेवलिं तमाहु जिणा ।**
**नाणं आया सव्वं जम्हा सुअकेवली तम्हा ॥**

समय० गा० ९-१०

જે શ્રુતજ્ઞાન વડે કેવળ શુદ્ધ આત્માને જાણે છે તેને લોકમાં પ્રકાશ કરનારા ઋષિઓ શ્રુતકેવલી કહે છે.

જે સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે તેને જિનો શ્રુતકેવલી કહે છે. કારણ કે આત્મા સર્વ જ્ઞાનરૂપ છે તેથી તે શ્રુતકેવલી કહેવાય છે.

એ જ અર્થને નયભેદે કરી વિવરી દેખાડે છે—

**चारित्रमात्मचरणाद्[1] ज्ञानं वा दर्शनं मुनेः ।**
**शुद्धज्ञाननये साध्यं क्रियालाभात् क्रियानये ॥३॥**

આત્માને વિષે જ ચાલવાથી-પુદ્‌ગલ થકી નિવૃત્તિ કરવાથી ચારિત્ર, બોધસ્વરૂપ હોવાથી જ્ઞાન

---

૧ आत्मचरणात्=આત્માને વિષે ચાલવાથી. चारित्रं=ચારિત્ર, (તે) शुद्धज्ञाननये=શુદ્ધ જ્ઞાનનયના અભિપ્રાયે. मुनेः=મુનિને. ज्ञानं वा दर्शनं=જ્ઞાન અને દર્શન. साध्यं=સાધ્ય છે. क्रियानये=ક્રિયાનયના અભિપ્રાયે. क्रियालाभात्=જ્ઞાનના ફળરૂપ ક્રિયાના લાભથી ચારિત્ર સાધ્યરૂપ છે.

અને જિનોક્ત ભાવની શ્રદ્ધારૂપ હોવાથી દર્શન, એમ શુદ્ધ જ્ઞાન નય એટલે જ્ઞાનાદ્વૈત નયના અભિપ્રાયે મુનિને સાધ્ય છે. તે એક વસ્તુને વ્યાવૃત્તિ-ભેદનયની અપેક્ષાએ ત્રિરૂપ કહે છે. જ્ઞાનના ફલરૂપ ક્રિયાના લાભથી ક્રિયાનયના અભિપ્રાયે એકતા જાણવી. વિષયપ્રતિભાસવ્યાપારે જ્ઞાન, આત્મપરિણામ વ્યાપારે તે જ સમ્યકત્વ, અને આસ્રવને રોકવાથી તત્ત્વજ્ઞાન વ્યાપારે તે જ ચારિત્ર. એમ વ્યાપારના ભેદથી એક જ્ઞાન ત્રિરૂપ કહેવું.

**यतः[1] प्रवृत्तिर्न मणौ लभ्यते वा न तत्फलम् ।**
**अतात्त्विकी मणिज्ञप्तिर्मणिश्रद्धा च सा यथा ॥४॥**

જેમ જેથી મણિને વિષે પ્રવૃત્તિ ન થાય અથવા વિનિયોગ-અલંકારાદિમાં યોજના કરવા રૂપ પ્રવૃત્તિનું ફળ પણ ન પ્રાપ્ત થાય તો તે મણિનું જ્ઞાન અને 'આ મણિ છે' એવી શ્રદ્ધા અવાસ્તવિક-અસત્ય છે.

---

૧ यथा=જેમ. यतः=જેથી. मणौ=મણિને વિષે. प्रवृत्तिः=પ્રવૃત્તિ न=ન થાય. वा=અથવા. तत्फलं=પ્રવૃત્તિનું ફળ. न लभ्यते=ન પ્રાપ્ત થાય सा=તે. अतात्त्विकी=અવાસ્તવિક. मणिज्ञप्तिः=મણિનું જ્ઞાન. च=અને मणिश्रद्धा=મણિની શ્રદ્ધા. (જાણવી)

१ तथा यतो न शुद्धात्मस्वभावाचरणं भवेत् ।
फलं दोषनिवृत्तिर्वा न तज्ज्ञानं न दर्शनम् ॥५॥

તેમ જેથી શુદ્ધ આત્મસ્વભાવનું આચરણ ન થાય અથવા શુદ્ધ આત્માના લાભનું ફળ રાગ, દ્વેષ-અને મોહરૂપ દોષની નિવૃત્તિ ન થાય તે જ્ઞાન નથી અને દર્શન--સમ્યક્ત્વ પણ નથી.

२. यथा शोफस्य पुष्टत्वं यथा वा वध्यमण्डनम् ।
तथा जानन् भवोन्मादमात्मतृप्तो मुनिर्भवेत् ॥६॥

જેમ સોજાનું પુષ્ટપણું અથવા જેમ વધ કરવાને લઈ જતા પુરુષને કરેણના ફુલની માળા વગેરે આભરણ પહેરાવવામાં આવે છે, તેમ સંસારના

---

૧ तथा=તેમ. यतः=જેથી. शुद्धात्मस्वभावाचरणं=શુદ્ધ આત્મસ્વભાવનું આચરણ. वा=અથવા. दोषनिवृत्तिः=દોષની નિવૃત્તિરૂપ. फलं=ફળ. न भवेद्=ન થાય. तत्=તે. ज्ञानं=જ્ઞાન. न=નથી. (અને) दर्शनं=શ્રદ્ધા. न=નથી.

૨ यथा=જેમ. शोफस्य=સોજાનું. पुष्टत्वं=પુષ્ટપણું. वा=અથવા. वध्यमण्डनम्=વધ કરવા યોગ્ય પુરૂષને કરેણની માળા વગેરેથી શણગારવું. तथा=તેમ. भवोन्मादं=સંસારની ઘેલછાને. जानन्=જાણનાર. मुनिः=મુનિ. आत्मतृप्तः=આત્માને વિષે જ સંતુષ્ટ. भवेद्=થાય.

ઉન્માદ–ઘેલછાને જાણતા મુનિ આત્માને વિષે જ સંતુષ્ટ હોય.

[૧] सुलभं वागनुच्चारं मौनमेकेन्द्रियेष्वपि ।
पुद्गलेष्वप्रवृत्तिस्तु योगानां मौनमुत्तमम् ॥ ७ ॥

વચનના નહિ ઉચ્ચારવારૂપ મૌન એકેન્દ્રિય જીવોમાં સુલભ ( સુખે પામીએ તેવું ) છે. પરંતુ પુદ્ગલોમાં યોગોની ( મન–વચન–કાયાની ) અવ્યાપારરૂપ અપ્રવૃત્તિ છે તે ઉત્કૃષ્ટ મૌન છે. એ જ મુનિનું મૌન છે.

[૨] ज्योतिर्मयीव दीपस्य क्रिया सर्वाऽपि चिन्मयी ।
यस्यानन्यस्वभावस्य तस्य मौनमनुत्तरम् ॥ ८ ॥

જેમ દીવાની ઊંચે ગમન કરવા અને નીચે ગમન કરવા રૂપ વગેરે બધી ય ક્રિયા પ્રકાશમય

---

૧ वागनुच्चारं=વાણીના નહિ ઉચ્ચારવારૂપ. मौनं=મૌન. एकेन्द्रियेषु=એકેન્દ્રિયોમાં. अपि=પણ. सुलभं=સુખેથી પ્રાપ્ત થઇ શકે એવું છે. तु=પરન્તુ. पुद्गलेषु=પુદ્ગલોમાં. योगानां=મન, વચન અને કાયાની. अप्रवृत्तिः=પ્રવૃત્તિ ન થવી તે. उत्तमं=શ્રેષ્ઠ. मौनं=મૌન છે.

૨ इव=જેમ. दीपस्य=દીવાની. सर्वाऽपि=બધી ય. क्रिया=

છે તેમ અનન્યસ્વભાવે એટલે પુદ્‌ગલભાવે નહિ પરિણામ પામેલા એવા જેની આહાર-વ્યવહારાદિ સઘળી ક્રિયા જ્ઞાનમય છે તેનું મૌન ઉત્કૃષ્ટ છે.

**"वियद्वस्तुस्वभावानुरोधादेव तत्कारकात् वियत् ।**
**संपूर्णता तदुत्पत्तौ कुम्भस्यैवं (स्येव) दशाऽऽत्मनः" ॥**

"વસ્તુસ્વભાવને અનુસરીને ઘટની કારણસામગ્રીથી ઘટરૂપ કાર્યની ઉત્પત્તિ થતાં ઘટાકાશની પૂર્ણતા થાય છે. અર્થાત્ જેમ કારણસામગ્રીથી ઘટની ઉત્પત્તિ થતાં ઘટાકાશની પૂર્ણતા થાય છે તેમ આત્માની બધી ક્રિયાઓ જ્ઞાનદૃષ્ટિ વડે ચૈતન્યમય થઈ જાય છે. એ ન્યાયે જ્ઞાનીની બધી ક્રિયાઓ જાણવી"

## १४ विद्याष्टकम्

**[1]नित्यशुच्यात्मताख्यातिरनित्याशुच्यनात्मसु ।**
**अविद्या तत्त्वधीर्विद्या योगाचार्यैः प्रकीर्तिता ॥१॥**

અનિત્ય એટલે આત્માથી ભિન્ન પરસંયોગને

---

જ્યોતિની ઊંચે, નીચે, આડીઅવળી થવારૂપ ક્રિયા. ज्योतिर्मयी=પ્રકાશમય છે. (તેમ) अनन्यस्वभावस्य=અન્ય સ્વભાવે નહિ પરિણમેલા[ની]. यस्य=જે આત્માની. (સર્વ ક્રિયા) चिन्मयी=જ્ઞાનમય છે. तस्य=તેનું. मौनं=મુનિપણું अनुत्तरं=સર્વોત્કૃષ્ટ છે.

૧ अनित्याशुच्यनात्मसु=અનિત્ય, અશુચિ અને આત્માથી

વિષે નિત્યપણાની બુદ્ધિ, તથા નવ દ્વારોથી મળને વહેતાં અશુચિ-અપવિત્ર શરીરને વિષે પવિત્રપણાની બુદ્ધિ અને આત્માથી ભિન્ન પુદ્ગલાદિ વિષે આત્મપણાની બુદ્ધિ એટલે અહંબુદ્ધિ તથા મમત્વબુદ્ધિ એ અવિદ્યા કહી છે. તત્વબુદ્ધિ એટલે શુદ્ધ આત્મદ્રવ્યમાં નિત્યપણાની, શુચિપણાની અને આત્મપણાની બુદ્ધિરૂપ યથાર્થ જ્ઞાન તે વિદ્યા. એમ યોગદૃષ્ટિસંપન્ન પતંજલિપ્રમુખ યોગાચાર્યે કહ્યું છે.

**[1] यः पश्येन्नित्यमात्मानमनित्यं परसंगमम् ।**
**छलं लब्धुं न शक्नोति तस्य मोहमलिम्लुचः ॥२॥**

જે નિત્ય-સદા અવિચલિત સ્વરૂપવાળા આત્માને દેખે છે અને પરસંયોગને અનિત્ય-અસ્થિર દેખે છે તેનું છલ-છિદ્ર મેળવવાને મોહરૂપ ચોર સમર્થ થતો નથી.

---

ભિન્ન પુદ્ગલોમાં. नित्यशुच्यात्मताख्यातिः=નિત્યપણા, શુચિપણા અને આત્મપણાની બુદ્ધિ. (એ)अविद्या=અવિદ્યા.(અને) तत्त्वधीः= તત્વની બુદ્ધિ. યથાર્થજ્ઞાન (એ) विद्या=વિદ્યા. योगाचार्यैः=યોગાચાર્યોએ. प्रकीर्तिता=કહી છે.

૧ यः=જે. आत्मानं=આત્માને. नित्यं=સદા અવિનાશી. (અને) परसंगमं=પર વસ્તુના સંબન્ધને. अनित्यं=વિનશ્વર पश्येत्=જુએ છે. तस्य=તેના. छलं=છિદ્ર. लब्धुं=

[1] तरङ्गतरलां लक्ष्मीमायुर्वायुवदस्थिरम् ।
अदभ्रधीरनुध्यायेदभ्रवद् भङ्गुरं वपुः ॥ ३ ॥

નિપુણ બુદ્ધિવાળો સમુદ્રના કલ્લોલ જેવી ચપળ લક્ષ્મીને, વાયુ જેવા અસ્થિર આયુષને અને વાદળાંના જેવા વિનાશ પામવાના સ્વભાવવાળા શરીરને ચિન્તવે.

[2] शुचीन्यप्यशुचीकर्तुं समर्थेऽशुचिसंभवे ।
देहे जलादिना शौचभ्रमो मूढस्य दारुणः ॥ ४ ॥

કપૂર, કસ્તૂરી પ્રમુખ પવિત્ર વસ્તુને પણ અપવિત્ર કરવાને સમર્થ તથા માતાનું રુધિર અને પિતાના વીર્યરૂપ અશુચિ પદાર્થથી ઉત્પન્ન થયેલા શરીરને વિષે જળ માટી વગેરેથી પવિત્રપણાનો ભ્રમ

---

મેળવવાને. मोहमलिम्लुचः=મોહરૂપ ચોર. न शक्नोति=સમર્થ થતો નથી.

૧ अदभ्रधीः=નિપુણ બુદ્ધિવાળો. लक्ष्मीं=લક્ષ્મીને. तरङ्गतरलां=સમુદ્રના તરંગ જેવી ચપલ. आयुः=આયુષ્યને. वायुवद्=વાયુના જેવું. अस्थिरं=અસ્થિર. (અને) अभ्रवद्=વાદળાં જેવું. भङ्गुरं=વિનશ્વર. वपुः=શરીરને. अनुध्यायेद्=વિચારે.

૨ शुचीनि=પવિત્ર પદાર્થને. अपि=પણ. अशुचीकर्तुं=

મોહથી મુંઝાયેલા શ્રોત્રીયાદિકને ( વેદપાઠી બ્રાહ્મણાદિને ) કદી ન ટળી શકે એવો ભયંકર છે.

[1] यः स्नात्वा समताकुण्डे हित्वा कश्मलजं मलम् ।
पुनर्न याति मालिन्यं सोऽन्तरात्मा परः शुचिः ॥५॥

જે સમતારૂપ કુંડમાં સ્નાન કરીને અને પાપથી ઉત્પન્ન થયેલા મેલને છોડીને ફરીથી મલિનપણું પામતો નથી તે અન્તરાત્મા—સમ્યક્ત્વવાસિત આત્મા અત્યન્ત પવિત્ર છે.

“बंधेण न बोलइ कयावि” સમ્યગ્દૃષ્ટિ કદાપિ બન્ધ વડે અન્તઃકોટાકોટી સાગરોપમની સ્થિતિને ઉલ્લંઘતો નથી, એટલે તેથી અધિક સ્થિતિબન્ધ કરતો નથી. એ ન્યાયે સમ્યગ્દૃષ્ટિ થયો એટલે જ અંશે સ્નાતક ( કેવલજ્ઞાની ) થયો, જેથી ઉત્કૃષ્ટ સ્થિતિબન્ધરૂપ મેલ સમ્યગ્દૃષ્ટિને ન આવે એ જ સહજ પવિત્રપણું જાણવું.

---

અપવિત્ર કરવાને. समर्थे=સમર્થ. (અને) अशुचीसंभवे=અપવિત્ર પદાર્થથી ઉત્પન્ન થયેલા એવા. देहे=શરીરને વિષે. मूढस्य=મૂઢ પુરૂષને. जलादिना=પાણી વગેરેથી. शौचभ्रमः=પવિત્રતાનો ભ્રમ. दारुणः=ભયંકર છે.

1 यः=જે. समताकुण्डे=સમતારૂપ કુંડમાં. स्नात्वा=સ્નાન

१
**आत्मबोधो नवः पाशो देहगेहधनादिषु ।**
**यः क्षिप्तोऽप्यात्मना तेषु स्वस्य बन्धाय जायते ॥**

શરીર, ઘર અને ધન વગેરે પદાર્થમાં આત્મપણાની બુદ્ધિ એટલે 'હું અને મારૂં' એવો અહંભાવ અને મમત્વભાવનો પરિણામ તે નવીન (લોકોત્તર) પાશ છે. જે પાશ આત્માએ દેહાદિકને વિષે નાંખ્યો છે તો પણ આત્માના (પોતાના જ) બન્ધને માટે થાય છે. બીજો લૌકિક પાશ તો જેના ઉપર નાંખ્યો હોય તેને બાંધે. દેહાદિકમાં આત્મબોધરૂપ પાશ તો દેહાદિક ઉપર નાંખ્યો છે, તે તેને બાંધતો નથી, પણ નાંખનારને બાંધે છે એ આશ્ચર્ય છે.

---

કરીને. कश्मलजं=પાપથી ઉત્પન્ન થયેલા. मलं=મેલને. हित्वा=તજીને. पुनः=ફરીથી. मालिन्यं=મલિનપણાને. न याति=પામતો નથી. सः=તે, अन्तरात्मा=અન્તરાત્મા. परः=અત્યન્ત. शुचिः=પવિત્ર. (છે).

૧ देहगेहधनादिषु=શરીર, ઘર અને ધનાદિમાં. आत्मबोधः=આત્મપણાની બુદ્ધિ તે. नवः=નવો, અલૌકિક. पाशः=પાશ છે. तेषु=શરીરાદિમાં. आत्मना=આત્માએ. क्षिप्त=નાંખેલો. यः=જે પાશ. स्वस्य=પોતાના. बन्धाय=બન્ધને માટે. जायते=થાય છે.

[1] मिथोयुक्तपदार्थानामसंक्रमचमत्क्रिया ।
चिन्मात्रपरिणामेन विदुषैवानुभूयते ॥ ७ ॥

પરસ્પર મળેલા જીવ-પુદ્ગલાદિ દ્રવ્ય-પર્યાયરૂપ પદાર્થના લક્ષણ અને સ્વરૂપના અસંક્રમણ-ભિન્નતાનો ચમત્કાર જ્ઞાનમાત્ર પરિણામ વડે વિદ્વાનથી અનુભવાય છે. તે અન્ય વિશેષ પર્યાય છે તેને જ્ઞાનાદિ સ્વલક્ષણ વડે અનુભવે છે. સન્મતિમાં કહ્યું છે કેઃ—

अन्नोन्नाणुगयाणं इमं तं च त्ति विभयणमसक्कं ।
जह दुद्धपाणियाणं जावंत विसेसपज्जाया ॥

(कांड १ गा. ४७)

"દુધ અને પાણીની પેઠે પરસ્પર મળેલા-ઓતપ્રોત થયેલા જીવ અને પુદ્ગલ દ્રવ્યોના જેટલા વિશેષ પર્યાયો છે તેમાં 'આ જીવ છે અને આ પુદ્ગલ દ્રવ્ય છે' એવો વિભાગ કરવો અશક્ય છે, પરંતુ (એટલે) તે બંનેના અવિભક્ત પર્યાયો સમજવા જોઇએ."

---

१ मिथोयुक्तपदार्थानां=પરસ્પરમળેલા જીવ-પુદ્ગલાદિ પદાર્થોનો. असंक्रमचमत्क्रिया=ભિન્નતારૂપ ચમત્કાર. विदुषा=વિદ્વાનથી જ. चिन्मात्रपरिणामेन=જ્ઞાનમાત્ર પરિણામવડે. अनुभूयते=અનુભવાય છે.

[1]अविद्यातिमिरध्वंसे दृशा विद्याञ्जनस्पृशा ।
पश्यन्ति परमात्मानमात्मन्येव हि योगिनः ॥ ८ ॥

યોગીઓ સમાધિ દશામાં મિથ્યાજ્ઞાનરૂપ અન્ધકારનો નાશ થતાં તત્ત્વબુદ્ધિરૂપ અંજનનો સ્પર્શ કરનારી દૃષ્ટિ વડે પોતાના અન્તરાત્માને વિષેજ પરમાત્માને એટલે ઉત્કૃષ્ટ જ્ઞાનવંત કેવળ આત્માને દેખે છે. (અહીં યોગીઓ સમાધિદશામાં પ્રવૃત્તચક્ર સદસત્ યોગાયોગી જાણવા.)

બાહ્યાત્મા મિથ્યાજ્ઞાની પ્રથમ ગુણસ્થાનકે, અન્તરાત્મા સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનકથી માંડી બારમા ગુણસ્થાનક સુધી અને પરમાત્મા કેવલજ્ઞાની તેરમા અને ચૌદમા ગુણસ્થાનકે હોય છે. વ્યક્તિસ્વરૂપે (પ્રગટભાવે) બાહ્યાત્મા હોય તે શક્તિએ અન્તરાત્મા હોય. વ્યકિતથી અન્તરાત્મા હોય તે શકિતથી પરમાત્મા હોય. પરમાત્મા ભૂતપૂર્વ ન્યાયે બાહ્યાત્મા કહેવાય, પણ વ્યકિતરૂપે પરમાત્મા હોય.

---

૧ योगिनः=યોગીઓ. अविद्यातिमिरध्वंसे=અજ્ઞાનરૂપ અંધકારનો નાશ થતાં. विद्याञ्जनस्पृशा=તત્ત્વબુદ્ધિરૂપ અંજનનો સ્પર્શ કરનારી. दृशा=દૃષ્ટિ વડે. आत्मनि=આત્માને વિષે. एव=જ. परमात्मानं=પરમાત્માને. पश्यन्ति=જુએ છે.

જે પરમાત્મા હોય તે બાહ્યાત્મા તથા અન્તરાત્મા ભૂતપૂર્વ ન્યાયે કહેવાય. એ નયવચનિકા જાણવી.

## १५ विवेकाष्टकम्

[१] कर्म जीवं च संश्लिष्टं सर्वदा क्षीरनीरवत् ।
विभिन्नीकुरुते योऽसौ मुनिहंसो विवेकवान् ॥ १ ॥

દૂધ અને પાણીની પેઠે જ્ઞાનાવરણાદિ કર્મ અને જીવ સદા એકઠાં મળેલાં છે, તેને જે સાધુ-રૂપ રાજહંસ લક્ષણ આદિના ભેદથી ભિન્ન કરે તે વિવેકવંત કહેવાય છે. જીવ અને અજીવનું જે ભેદ-જ્ઞાન તે વિવેક.

[२] देहात्माद्यविवेकोऽयं सर्वदा सुलभो भवे ।
भवकोटयाऽपि तद्भेदविवेकस्त्वतिदुर्लभः ॥ २ ॥

સંસારમાં શરીર, આત્મા, આદિ શબ્દથી વચન, ચિત્ત, ચૈતન્યાદિનો અવિવેક—અભેદ એ સદા સુલભ

---

૧ सर्वदा=હંમેશાં. क्षीरनीरवत्=દૂધ અને પાણીની પેઠે. संश्लिष्टं=મળેલાં. कर्म जीवं च=કર્મ અને જીવને. यः=જે. मुनिहंसः=મુનિરૂપ રાજહંસ. विभिन्नीकुरुते=ભિન્ન કરે છે. असौ=તે. विवेकवान्= વિવેકવંત છે,

૨ भवे=સંસારમાં. सर्वदा=હંમેશાં. देहात्माद्यविवेकः=

છે. તે દેહાત્માદિનું ભેદપરિજ્ઞાન-આત્માની એકતાનો નિશ્ચય કોટિ જન્મો વડે પણ અત્યન્ત દુર્લભ છે. સંસારમાં બધા ય અવસ્થ જીવો શરીર અને આત્માના અભેદની વાસનાથી વાસિત જ છે. ભેદજ્ઞાની કોઇક જ હોય છે. સમયપ્રાભૃતમાં કહ્યું છે કેઃ—

**सुदपरिचिताणुभूता सव्वस्स वि कामाभोगबंधकहा ।**
**एगत्तस्सुवलंभो णवरि ण सुलभो विभत्तस्स" ॥**

समयसार गा. ४

"સર્વ જીવોને પણ કામભોગના બન્ધની કથા સાંભળવામાં આવી છે, પરિચયમાં આવી છે અને અનુભવમાં આવેલી છે, તેથી સુલભ છે. પરન્તુ વિભક્ત–શરીરાદિથી ભિન્ન એવા આત્માની એકતા સાંભળવામાં આવી નથી, પરિચયમાં આવી નથી અને અનુભવમાં આવી નથી, તેથી સુલભ નથી."

**[1]शुद्धेऽपि व्योम्नि तिमिराद् रेखाभिर्मिश्रता यथा ।**
**विकारैर्मिश्रता भाति तथाऽत्मन्यविवेकतः॥ ३ ॥**

જેમ શુદ્ધ આકાશમાં પણ તિમિર રોગથી

---

શરીર અને આત્મા વગેરેનો અવિવેક. सुलभः=સુખેથી પ્રાપ્ત થઈ શકે એવો છે. (પરન્તુ) भवकोटया=કોટી જન્મ વડે. अपि=પણ. तद्भेदविवेकः=તેનું ભેદજ્ઞાન. अतिदुर्लभः=અત્યન્ત દુર્લભ છે.

૧ यथा=જેમ. शुद्धे=સ્વચ્છ એવા. व्योम्नि=આકાશમાં

નીલપીતાદિ રેખાઓ વડે મિશ્રતા-ચિત્રવિચિત્રતા ભાસે છે, તેમ શુદ્ધાત્માને વિષે કામક્રોધાદિ વિકારો વડે અવિવેકથી વિકારરૂપ વિચિત્રતા ભાસે છે. પરન્તુ શુદ્ધાત્મા નિર્વિકાર છે.

[1] यथा योधैः कृतं युद्धं स्वामिन्येवोपचर्यते ।
शुद्धात्मन्यविवेकेन कर्मस्कन्धोर्जितं तथा ॥ ४ ॥

જેમ સુભટોએ કરેલા યુદ્ધનો સ્વામીને વિષે જ ઉપચાર કરાય છે, સેવકોનો જય અને પરાજય ઉપચારથી સ્વામીનો જય-પરાજય કહેવામાં આવે છે, તેમ અવિવેકે કરેલા કર્મપુદ્ગલોનો પુણ્યાપુણ્ય ફલરૂપ વિલાસ શુદ્ધ આત્મામાં આરોપાય છે, તેથી તે ઉપચારથી શુદ્ધ આત્માનો ગણાય છે.

---

अपि=પણ. तिमिरात्=તિમિર રોગથી. रेखाभिः=નીલ, પીત વગેરે રેખાઓ વડે. मिश्रता=મિશ્રપણું. भाति=ભાસે છે. तथा= તેમ. (શુદ્ધ) आत्मनि=આત્મામાં. अविवेकतः=અવિવેકથી. विकारैः=વિકારો વડે. मिश्रता=મિશ્રપણું. (ભાસે છે).

૧ यथा=જેમ. योधै=યોદ્ધાઓએ. कृतं=કરેલું. युद्धं=યુદ્ધ. स्वामिनि=સ્વામિ-રાજા વગેરેમાં. एव=જ. उपचर्यते=આરોપાય છે. तथा=તેમ. अविवेकेन=અવિવેક વડે. कर्मस्कन्धोर्जितं=કર્મ-સ્કન્ધનું પુણ્યપાપરૂપ ફળ. शुद्धात्मनि=શુદ્ધ આત્મામાં (આ-રોપાય છે).

[1] इष्टकाद्यपि हि स्वर्णं पीतोन्मत्तो यथेक्षते ।
आत्माऽभेदभ्रमस्तद्वद् देहादावविवेकिनः ॥ ५ ॥

જેણે ધતૂરો પીધો છે તે જેમ ઈંટપ્રમુખને પણ ખરેખર સુવર્ણ દેખે છે, તેમ વિવેકરહિત પુરૂષને શરીરાદિને વિષે આત્મા સાથે એકપણાનો વિપર્યાસ જાણવો.

ફરીથી શુદ્ધાત્માના હેતુનો ઉપદેશ કરે છેઃ—

[2] इच्छन् न परमान् भावान् विवेकाद्रेः पतत्यधः ।
परमं भावमन्विच्छन् नाविवेके निमज्जति ॥ ६ ॥

પરમ ભાવોને નહિ ઈચ્છતો એટલે પરમભાવગ્રાહક નયસંમત શુદ્ધ ચૈતન્યભાવને ટાળી બીજા સાત્ત્વિક, રાજસ અને તામસ ભાવને ઈચ્છતો વિવેકરૂપ પર્વતના અપ્રમત્તભાવરૂપ શિખર ઉપરથી નીચે પડે છે. સર્વવિશુદ્ધ આત્મભાવનું અન્વેષણ

---

૧ यथा=જેમ. पीतोन्मत्तः=જેણે ધતૂરો પીધો છે એવો इष्टकादि=ઈંટ વગેરેને. अपि=પણ. स्वर्णं=સુવર્ણ. ईक्षते=જુએ છે. तद्वत्=તેની પેઠે. अविवेकिनः=વિવેકરહિત, જડબુદ્ધિવાળાને. देहादौ=શરીર વગેરેમાં. आत्माऽभेदभ्रमः=આત્માના અભેદનો ભ્રમ–વિપર્યાસ (જાણવો).

૨ परमान् भावान्=પરમ ભાવોને. न इच्छन्=નહિ ઇચ્છતો.

કરતો અવિવેકમાં નિમગ્ન થતો નથી. એથી જ સાધુ અપૂર્વકરણે અનન્ત ઋદ્ધિ પામે, પણ ત્યાં આસક્તિ ધારણ ન કરે.

"सातर्द्धिरसेष्वगुरुः प्राप्यर्द्धिविभूतिमसुलभामन्यैः ।
सक्तः प्रशमरतिसुखे न भजति तस्यां मुनिः संगम् ॥
या सर्वसुरवरर्द्धिर्विस्मयनीया न(च) जात्वनगारर्द्धि (र्द्धेः) ।
नार्घति(अर्वति)सहस्रभागं कोटिशतसहस्रगुणिताऽपि"॥

"અન્ય પ્રાણીઓને દુર્લભ એવી ઋદ્ધિ-લબ્ધિની વિભૂતિને પામીને સાતાગૌરવ, ઋદ્ધિગૌરવ અને રસગૌરવ રહિત મુનિ પ્રશમરતિના સુખમાં મગ્ન થાય છે. પરન્તુ તે ઋદ્ધિના સુખમાં આસક્તિ રાખતા નથી.

જે વિસ્મય પમાડે તેવી સર્વ દેવોની ઋદ્ધિ છે તેને લાખવાર કોટીગુણી કરીએ તો પણ કદી સાધુની આત્મિક સંપત્તિના હજારમા ભાગે ઘટતી નથી."

१
**आत्मन्येवात्मनः कुर्यात् यः षट्कारकसंगतिम् ।
काविवेकज्वरस्यास्य वैषम्यं जडमज्जनात् ॥७॥**

જે આત્માને વિષે જ આત્માના છ કારકના અર્થનો અનુગમ-સંબન્ધ કરે છે તેને જડ-પુદ્ગલના

---

विवेकाद्रेः=વિવેકરૂપ પર્વતથી. अधः=નીચે. पतति=પડે છે. (અને) परमं भावं=પરમ ભાવને. अन्विच्छन्=શોધતો. अविवेके=અવિવેકમાં. न निमज्जति=નિમગ્ન થતો નથી.

૧ यः=જે. आत्मनि=આત્મામાં. एव=જ. आत्मनः=

પ્રસંગથી અવિવેકરૂપ જ્વરનું વિષમપણું ક્યાંથી હોય ? જલમજ્જનથી-જલસ્નાનથી અવિવેકી જ્વરવાળાને વિષમ જ્વર હોય છે તે શ્લેષછાયા છે.

[1] संयमास्त्रं विवेकेन शाणेनोत्तेजितं मुनेः ।
धृतिधारोल्बणं कर्मशत्रुच्छेदक्षमं भवेत् ॥ ८ ॥

વિવેકરૂપ સરાણે કરીને ઉત્કૃષ્ટ તેજ-તીક્ષ્ણ કરેલું, અને ધૃતિ-સંતોષરૂપ ધારવડે ઉત્કૃષ્ટ એવું સંયમાસ્ત્ર મુનિના કર્મરૂપ શત્રુનું છેદન કરવામાં સમર્થ થાય છે.

## १६ माध्यस्थाष्टकम्

[2] स्थीयतामनुपालम्भं मध्यस्थेनान्तरात्मना ।
कुतर्ककर्करक्षेपैस्त्यज्यतां बालचापलम् ॥ १ ॥

શુદ્ધ અન્તરંગ પરિણામે રાગ-દ્વેષને બન્ને

---

આત્માના. षट्कारकसंगतिं=છ કારકનો સંબન્ધ. कुर्यात्=કરે. अस्य=એને. जडमज्जनात्=જડ-પુદ્‌ગલોમાં મગ્ન થવાથી. अविवेकज्वरस्य=અવિવેકરૂપ જ્વરનું. वैषम्यं=વિષમપણું क्व=ક્યાંથી હોય.

૧ विवेकेन=વિવેકરૂપ. शाणेन=સરાણ વડે. उत्तेजितं=અત્યન્ત તીક્ષ્ણ કરેલું. धृतिधारोल्बणं=સંતોષરૂપ ધારવડે ઉગ્ર. मुनेः=મુનિનું. संयमास्त्रं=સંયમરૂપ શસ્ત્ર. कर्मशत्रुच्छेदनक्षमं=કર્મરૂપ શત્રુનો નાશ કરવામાં સમર્થ. भवेत्=થાય.

૨ अन्तरात्मना=શુદ્ધ અંતરંગ પરિણામે. मध्यस्थेन=

પડખે રાખી મધ્યસ્થ થઇને ઉપાલંભ [ઠપકો] ન આવે તેવી રીતે રહો. કુતર્ક—કુયુક્તિરૂપ કાંકરા નાંખવાથી બાલ્યાવસ્થાની ચપલતાનો ત્યાગ કરો. કુતર્કરૂપ કાંકરા નાંખવાથી ઘણાનો ઠપકો ખાવો પડે છે.

[1] मनोवत्सो युक्तिगवीं मध्यस्थस्यानुधावति ।
तामाकर्षति पुच्छेन तुच्छाग्रहमनःकपिः ॥ २ ॥

મધ્યસ્થ પુરૂષનો મનરૂપ વાછડો યુક્તિરૂપ ગાયની પાછળ દોડે છે. તુચ્છ આગ્રહવાળા પુરૂષનો મનરૂપ વાંદરો તેને પુંછડા વડે ખેંચે છે. જ્યાં યુક્તિ હોય ત્યાં મધ્યસ્થનું ચિત્ત આવે અને કદાગ્રહીનું ચિત્ત યુક્તિની કદર્થના કરે એ અર્થ છે.

[2] नयेषु स्वार्थसत्येषु मोघेषु परचालने ।
समशीलं मनो यस्य स मध्यस्थो महामुनिः ॥३॥

---

(રાગદ્વેષને બન્ને પડખે રાખી) મધ્યસ્થ થઇને. अनुपालम्भं=ઉપાલંભ (ઠપકો) ન આવે-તેવી રીતે. स्थीयतां=રહો, कुतर्क-कर्करक्षेपैः=કુતર્ક–કુયુક્તિરૂપ કાંકરા નાંખવાથી. बालचापलम्=બાલ્યાવસ્થાની ચપલતાનો. त्यज्यतां=ત્યાગ કરો.

૧ मध्यस्थस्य=મધ્યસ્થ પુરૂષનો. मनोवत्सः=મનરૂપ વાછરડો, युक्तिगवीं=યુક્તિરૂપ ગાયની. अनुधावति=પાછળ દોડે છે, तुच्छाग्रहमनःकपिः=તુચ્છ આગ્રહવાળા પુરૂષનો મનરૂપ વાંદરો. तां=યુક્તિરૂપ ગાયને. पुच्छेन=પુંછડા વડે. आकर्षति=ખેંચે છે.

૨ स्वार्थसत्येषु=પોતપોતાના અભિપ્રાયે સાચા. परचालने=

પોતપોતાના અભિપ્રાયે સાચા અને બીજા નયની યુક્તિથી ચલાવે ત્યારે નિષ્ફળ એવા નયોમાં જેનું મન પક્ષપાત રહિત સમાન સ્વભાવને ધારણ કરે છે તે મહામુનિ મધ્યસ્થ છે. સર્વ નયો સપ્રતિપક્ષ છે. જે એક નયપક્ષપાતી તે અદૃષ્ટસિદ્ધાન્ત ( સિદ્ધાન્તનો અજ્ઞાની ) કહીએ. કહ્યું છે કેઃ—

"नियनियवयणिज्जसच्चा सव्वनया परवियालणे मोहा।
ते पुण णादिट्ठसमओ विभयइ सच्चे व अलिए वा" ॥

सन्मति का. १ गा. २८

સર્વે નયો પોતપોતાના વક્તવ્યમાં સાચા છે. પણ બીજાના વકતવ્યનું નિરાકરણ કરવામાં ખોટા છે. પરન્તુ અનેકાન્ત સિદ્ધાન્તનો જ્ઞાતા તે નયોનો 'આ સાચા છે અને આ ખોટા છે' એવો વિભાગ કરતો નથી.

१

**स्वस्वकर्मकृतावेशाः स्वस्वकर्मभुजो नराः ।**
**न रागं नापि च द्वेषं मध्यस्थस्तेषु गच्छति ॥४॥**

પોતપોતાના કર્મમાં જેણે આગ્રહ કર્યો છે

---

બીજા નયોની વ્યક્તિનું નિરાકરણ કરવામાં. मोघेषु=નિષ્ફળ (એવા). नयेषु=નયોમાં. यस्य=જેનું, मनः=મન. समशीलं=સમસ્વભાવવાળું છે. सः=તે. महामुनिः=મહાન્ મુનિ, मध्यस्थः=મધ્યસ્થ છે.

૧ स्वस्वकर्मकृतावेशाः=પોતપોતાના કર્મમાં જેણે આગ્રહ કર્યો છે એવા. स्वस्वकर्मभुजः=પોતપોતાના કર્મને ભોગવનારા. नराः=મનુષ્યો છે. तेषु=તેમાં. मध्यस्थः=મધ્યસ્થ પુરૂષ, रागं=રાગને अपि च=અને. द्वेषं=દ્વેષને. न गच्छति=પ્રાપ્ત થતો નથી.

એટલે પોતાના કર્મને પરવશ થયેલા અને પોત-પોતાના કર્મના ફળના ભોક્તા મનુષ્યો છે, તે મનુષ્યોમાં મધ્યસ્થ પુરુષ રાગ-દ્વેષને પ્રાપ્ત થતો નથી.

**[1] मनः स्याद् व्यापृतं यावत् परदोषगुणग्रहे ।**
**कार्यं व्यग्रं वरं तावन्मध्यस्थेनात्मभावने ॥५॥**

જ્યાંસુધી પારકાના દોષ અને ગુણ ગ્રહણ કરવામાં મન પ્રવર્તેલું હોય ત્યાંસુધી મધ્યસ્થ પુરુષે આત્મધ્યાનને વિષે આસક્ત કરવું સારૂં છે. પરને વિશે મન તે ચિન્તાસ્વરૂપ હોય અને આત્માને વિષે સમાધિસ્વરૂપ હોય એટલો વિશેષ છે.

**[2] विभिन्ना अपि पन्थानः समुद्रं सरितामिव ।**
**मध्यस्थानां परं ब्रह्म प्राप्नुवन्त्येकमक्षयम् ॥ ६ ॥**

---

१ यावत्=જ્યાંસુધી, मनः=મન. परदोषगुणग्रहे=પારકા દોષ અને ગુણને ગ્રહણ કરવામાં. व्यापृतं=પ્રવર્તેલું. स्यात्=હોય. तावत्= ત્યાંસુધી. मध्यस्थेन=મધ્યસ્થ પુરૂષે. आत्मभावने=આત્મધ્યાનમાં. व्यग्रं=આસક્ત. कार्यं=કરવું. वरं=શ્રેષ્ઠ છે.

२ मध्यस्थानां=મધ્યસ્થોના. विभिन्ना अपि=જુદા જુદા પણ. पन्थानः=માર્ગો. एकं=એક. अक्षयं=ક્ષય રહિત. परं=ઉત્કૃષ્ટ. ब्रह्म=પરમાત્મસ્વરૂપને. प्राप्नुवन्ति=પ્રાપ્ત કરે છે. इव=જેમ. सरितां=નદીઓના. (જુદા જુદા માર્ગો) समुद्रं=સમુદ્રને (મળે છે.)

જેમ નદીઓના જુદા જુદા માર્ગો સમુદ્રને પ્રાપ્ત કરે છે, તેમ અપુનર્બન્ધક, સમ્યગ્દ્રષ્ટિ પ્રમુખ મધ્યસ્થોના જિનકલ્પ અથવા સ્થવિરકલ્પાદિક ભિન્ન ભિન્ન માર્ગો એક, ક્ષયરહિત, ઉત્કૃષ્ટ બ્રહ્મ એટલે સર્વ પ્રપંચબાધવિશિષ્ટ કેવલજ્ઞાનને પ્રાપ્ત કરે છે.

[1]**स्वागमं रागमात्रेण द्वेषमात्रात् परागमम् ।**
**न श्रयामस्त्यजामो वा किन्तु मध्यस्थया दृशा ॥७॥**

પોતાના સિદ્ધાન્તનો વિચાર રહિત કેવળ રાગથી અમે સ્વીકાર કરતા નથી, અને પર સિદ્ધા-ન્તનો વિચાર રહિત કેવળ દ્વેષથી ત્યાગ કરતા નથી. પણ મધ્યસ્થ દૃષ્ટિથી વિચાર કરીને સ્વસિદ્ધાન્તનો આદર અથવા પરસિદ્ધાન્તનો ત્યાગ કરીએ છીએ. કહ્યું છે કે—

**" पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।**
**युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥"**

---

१ स्वागमं=પોતાના શાસ્ત્રને. रागमात्रेण=કેવળ રાગથી. न श्रयामः=સ્વીકારતા નથી. वा=અને. परागमं=પરના શાસ્ત્રને. द्वेषमात्रात्=કેવળ દ્વેષથી. न त्यजामः=તજતા નથી. किन्तु=પરન્તુ. मध्यस्थया दृशा=મધ્યસ્થ દૃષ્ટિ વડે. ( સ્વીકાર અને ત્યાગ કરીએ છીએ. )

"મને શ્રીમહાવીરનો પક્ષપાત નથી, તેમ કપિલાદિ મુનિઓ ઉપર દ્વેષ નથી, પણ જેનું વચન યુક્તિવાળું છે તે અંગીકાર કરવા યોગ્ય છે."

**न श्रद्धयैव त्वयि पक्षपातो न द्वेषमात्रदरुचिः परेषु ।**
**यथावदाप्ततत्वपरीक्षया तु त्वामेव वीरप्रभुमाश्रिताः स्मः॥**

"હે વીરપ્રભુ! અમને કેવળ શ્રદ્ધાથી તમારા ઉપર પક્ષપાત નથી, તેમ કેવળ દ્વેષથી અન્ય ઉપર અરૂચિ નથી, પણ યથાર્થ આપ્તપણાની પરીક્ષાથી અમે તમારો આશ્રય કરીએ છીએ."

[1]
**मध्यस्थया दृशा सर्वेष्वपुनर्बन्धकादिषु ।**
**चारिसंजीविनीचारन्यायादाशास्महे हितम् ॥८॥**

બધા અપુનર્બન્ધકાદિને વિષે, આદિ શબ્દથી માર્ગાભિમુખ-માર્ગની સન્મુખ થયેલા, માર્ગપતિત-માર્ગને પ્રાપ્ત થયેલા, અવિરતિ સમ્યગ્દષ્ટિ, દેશવિરતિ અને સર્વવિરતિને વિષે મધ્યસ્થ દૃષ્ટિવડે, સંજીવિનીનો ચારો ચરાવવાના ન્યાયથી-અજાણપણે સંજીવિની પાલો ચરાવતાં જેમ પશુ ટાળી મનુષ્ય

---

૧ सर्वेषु=બધા. अपुनर्बन्धकादिषु=અપુનર્બન્ધકાદિમાં. मध्यस्थया=મધ્યસ્થ. दृशा=દૃષ્ટિવડે. चारिसंजीविनीचारन्यायात्=સંજીવનીનો ચારો ચરાવવાના દૃષ્ટાન્તથી. हितं=કલ્યાણ. आशास्महे=ઇચ્છીએ છીએ.

કરે તે [1]દૃષ્ટાન્તે-હિત ઇચ્છીએ છીએ. યદ્યપિ મૈત્રી-ભાવના સર્વ વિષે છે, તોપણ પ્રવૃત્તિને અનુકૂલ ભાવના [2]અપુનર્બન્ધકાદિ આશ્રિત જ કહી છે.

---

૧ સ્વસ્તિમતી નગરીમાં બ્રાહ્મણની એક પુત્રી અને તેની અત્યન્ત પ્રીતિપાત્ર સખી રહેતી હતી. પરન્તુ વિવાહ થવાથી તે બન્નેને જુદા જુદા સ્થળે રહેવાનું થયું. એકવાર બ્રાહ્મણની પુત્રી સખીને મળવા માટે તેના ઘેર ગઈ. સખીએ કહ્યું કે મારો પતિ મારે આધીન ન હોવાથી હું બહુ જ દુઃખી છું. બ્રાહ્મણપુત્રીએ સખીને કહ્યું કે તું ચિન્તા ન કર, હું તારા પતિને જડી ખવરાવી બળદ બનાવી દઈશ. બ્રાહ્મણપુત્રી જડી આપીને તેના ઘેર ગઈ. પાછળથી તે સ્ત્રીએ જડી ખવરાવી પોતાના પતિને બળદ બનાવી દીધો. પતિ બળદ બનવાથી તેની પત્ની ઘણી દુઃખી થઈ. તે હંમેશા પોતાના બળદરૂપ પતિને ચરાવવા લઈ જતી હતી અને તેની સેવા-શુશ્રૂષા કરતી હતી. એક દિવસે તે વડના ઝાડની નીચે બેસી બળદને ચરાવતી હતી, ત્યારે એક વિદ્યાધરનું યુગલ વડની શાખા ઉપર બેસી આરામ લેતું હતું. તે બન્નેની વાતચિતના પ્રસંગે વિદ્યાધર બોલ્યો કે આ સ્વભાવથી બળદ નથી, પણ જડી ખવરાવવાથી પુરૂષ મટીને બળદ થયેલો છે. જો તેને સંજીવની નામે જડી ખવરાવવામાં આવે તો તે બળદ મટીને ફરીથી પુરૂષ થાય. તે સંજીવની આ વડની નીચે જ છે. તે સાંભળી તે સ્ત્રીએ બળદને સંજીવની ચરાવવાનો વિચાર કર્યો, પરન્તુ તે સંજીવનીને ઓળખતી નહોતી. તેથી તેણે વડની નીચેની બધી વનસ્પતિ બળદને ચરાવી દીધી. વનસ્પતિની સાથે સંજીવની ખાવામાં આવી હોવાથી બળદનું રૂપ ત્યાગ કરી તે ફરીથી મનુષ્ય થયો.

૨ જે તીવ્ર ભાવથી પાપ કરતો નથી તે અપુનર્બન્ધક,

## १७ निर्भयाष्टकम् ।

[१] यस्य नास्ति परापेक्षा स्वभावाद्वैतगामिनः ।
तस्य किं न भयभ्रान्तिक्लान्तिसन्तानतानवम् ॥१॥

સ્વભાવના અદ્વૈતને-એકપણાને પ્રાપ્ત કરનાર એટલે કેવળ આત્મસ્વભાવની પ્રાપ્તિવાળા જેને પરની અપેક્ષા નથી, તેને ભયની ભ્રાન્તિથી થયેલા ખેદની પરંપરાનું અલ્પપણું કેમ ન હોય? અર્થાત્ તેને ભયની ભ્રાન્તિથી થતો ખેદ અલ્પતાને પામે છે.

---

તેને એક પુદ્ગલ પરાવર્તથી અધિક સંસાર હોતો નથી. ક્ષુદ્રપણું વગેરે ભવાભિનન્દી દોષોનો ક્ષય થવાથી શુકલ પક્ષના ચંદ્રમાની પેઠે વૃદ્ધિ પામતા ગુણવાળો અપુનર્બન્ધક છે. માર્ગપતિત અને માર્ગાભિમુખ એ અપુનર્બન્ધકની જ અવસ્થાવિશેષ છે. માર્ગ એટલે સાપને દરમાં પેસવાની જેમ ચિત્તનું સરલ પ્રવર્તન, વિશિષ્ઠ ગુણસ્થાનની પ્રાપ્તિને યોગ્ય સ્વાભાવિક ક્ષયોપશમવિશેષ, તેને પ્રાપ્ત થયેલો તે માર્ગપતિત અને માર્ગમાં પ્રવેશ કરવાને યોગ્ય ભાવને પ્રાપ્ત થયેલો તે માર્ગાભિમુખ કહેવાય છે. જુઓ અપુનર્બન્ધકદ્વાત્રિંશિકા.

---

૧ स्वभावाद्वैतगामिनः=સ્વભાવની એકતાને પ્રાપ્ત થનારા. यस्य=જેને. परापेक्षा=બીજાની અપેક્ષા. नास्ति=નથી. तस्य=તેને. भयभ्रान्तिक्लान्तिसन्तानतानवं=ભયની ભ્રાન્તિથી થયેલ ખેદની પરંપરાનું અલ્પપણું. किं न=કેમ ન હોય?

**[1] भवसौख्येन किं भूरिभयज्वलनभस्मना ।**
**सदा भयोज्झितज्ञानसुखमेव विशिष्यते ॥ २ ॥**

ઘણા ત્રાસરૂપ અગ્નિથી ભસ્મીભૂત થયેલા સંસાર સુખનું શું પ્રયોજન છે ? તેથી તો હંમેશાં ભયરહિત જ્ઞાનસુખજ સર્વાધિક છે.

**[2] न गोप्यं क्वापि नारोप्यं हेयं देयं च न क्वचित् ।**
**क्व भयेन मुनेः स्थेयं ज्ञेयं ज्ञानेन पश्यतः ॥३॥**

જાણવા યોગ્ય વસ્તુને જ્ઞાન વડે જાણતા મુનિને ક્યાંય ગોપવવા--છુપાવવા યોગ્ય નથી, સ્થાપન કરવા યોગ્ય નથી, તેમ ક્યાંય છાંડવા યોગ્ય કે દેવા યોગ્ય નથી, તો તેમને ભયથી ક્યાં રહેવાનું છે ?

---

૧ भूरिभयज्वलनभस्मना=ઘણા ભયરૂપ અગ્નિથી ભસ્મીભૂત થયેલા. भवसौख्येन=સંસારના સુખથી. किं=શું. सदा=હમેશાં. भयोज्झितज्ञानसुखमेव=ભયરહિત જ્ઞાનસુખ જ. विशिष्यते=સર્વાધિક છે.

૨ ज्ञेयं=જાણવા યોગ્ય તત્ત્વને. ज्ञानेन=સ્વાનુભવ વડે. पश्यतः=જોતા, मुनेः=મુનિને. क्वापि=ક્યાંય પણ, न गोप्यं=છુપાવવા યોગ્ય નથી. (અને) न आरोप्यं=મૂકવા યોગ્ય નથી. (તેમ) क्वचित्=ક્યાંય, हेयं=છોડવા યોગ્ય. (અને) देयं=દેવા યોગ્ય નથી. (તો) भयेन=ભયથી. क्व=ક્યાં. स्थेयं=રહેવા યોગ્ય છે.

અર્થાત્ મુનિને ક્યાંય ભય નથી.

**एकं[1] ब्रह्मास्त्रमादाय निघ्नन् मोहचमूं मुनिः ।**
**बिभेति नैव संग्रामशीर्षस्थ इव नागराट् ॥४॥**

એક બ્રહ્મજ્ઞાનરૂપ શસ્ત્રને ધારણ કરી મોહરૂપ સેનાને હણતા મુનિ સંગ્રામના મોખરા ઉપર રહેલા મદોન્મત્ત હાથીની પેઠે ભય પામતા નથી,

**मयुरी[2] ज्ञानदृष्टिश्चेत् प्रसर्पति मनोवने ।**
**वेष्टनं भयसर्पाणां न तदाऽऽनन्दचन्दने ॥५॥**

જો આત્મજ્ઞાનની દૃષ્ટિરૂપ મયૂરી (મોરણી) મનરૂપ વનમાં સ્વચ્છન્દપણે વિચરે છે, તો આનન્દરૂપ ભાવનાચન્દનના ઝાડને વિષે ભયરૂપ સર્પોનું વીંટાવું હોતું નથી.

---

૧ एकं=એક. ब्रह्मास्त्रं=પરમાત્મજ્ઞાનરૂપશસ્ત્રને. आदाय=ગ્રહણ કરીને. मोहचमूं=મોહની સેનાને. निघ्नन्=હણતા. मुनिः=મુનિ. संग्रामशीर्षस्थः=સંગ્રામના મોખરે રહેલા. नागराट्=ઉત્તમ હસ્તીની.इव=પેઠે. न बिभेति=ભય પામતા નથી.

૨ चेत्=જો. ज्ञानदृष्टिः=જ્ઞાનની દષ્ટિરૂપ. मयूरी=ઢેલ. मनोवने=મનરૂપ વનમાં. प्रसर्पति=વિચરે છે. तदा=તો आनन्दचन्दने=આત્માના આનન્દરૂપ ચન્દનના ઝાડમાં भयसर्पाणां=ભય રૂપ સાપોનું. वेष्टनं=વીંટાવું. न=થતું નથી.

1
**कृतमोहास्त्रवैफल्यं ज्ञानवर्म बिभर्ति यः ।**
**क्व भीस्तस्य क्व वा भङ्गः कर्मसंगरकेलिषु ॥६॥**

કર્મના સંગ્રામની ક્રીડામાં મોહરૂપ શસ્ત્રને નિષ્ફળ કરનાર જ્ઞાનરૂપ બખ્તરને જે ધારણ કરે છે તેને ક્યાં ભય હોય અથવા તેનો પરાજય ક્યાંથી થાય ?

2
**तूलवल्लघवो मूढा भ्रमन्त्यभ्रे भयानिलैः ।**
**नैकं रोमापि तैर्ज्ञानगरिष्ठानां तु कम्पते ॥७॥**

આકડાના રૂની પેઠે હલકા મૂઢ પુરુષો ભય-રૂપ વાયુ વડે આકાશમાં ભમે છે. પરન્તુ જ્ઞાન વડે

1 कृतमोहास्त्रवैफल्यं=જેણે મોહરૂપ શસ્ત્રનું નિષ્ફળપણું કર્યું છે એવું. ज्ञानवर्म=જ્ઞાનરૂપ બખ્તર. यः=જે. बिभर्ति=ધારણ કરે છે. तस्य=તેને कर्मसंगरकेलिषु=કર્મના સંગ્રામની ક્રીડામાં. भीः=ભય. क्व=ક્યાંથી હોય. वा=અને भंग=પરાજય क्व=ક્યાંથી હોય.

2 तूलवद्=આકડાના રૂની પેઠે लघवः=હલકા. मूढाः=અવિવેકી જનો. भयानिलैः=ભયરૂપ વાયુથી. अभ्रे=આકાશમાં. भ्रमन्ति=ભમે છે. तु=પણ. ज्ञानगरिष्ठानां=જ્ઞાન વડે અત્યન્ત ભારે એવા પુરૂષોનું. एकं=એક. रोमापि=રૂંવાડું પણ. न कम्पते=ફરકતું નથી.

અત્યંત ભારે એવા મહાપુરુષોનું એક રૂવાડું પણ કમ્પતું નથી.

चित्ते[1] परिणतं यस्य चारित्रमकुतोभयम् ।
अखण्डज्ञानराज्यस्य तस्य साधोः कुतो भयम् ॥८॥

જેનાથી કોઈને ભય નથી (અથવા જેને કોઈથી ભય નથી) એવું ચારિત્ર જેના ચિત્તમાં પરિણમેલું છે એવા અખંડ જ્ઞાનરૂપ રાજ્યવાળા સાધુને કોનાથી ભય હોય? અર્થાત્ તેને કોઈથી પણ ભય ન હોય. પ્રશમરતિમાં કહ્યું છે કે:—

आचाराध्ययनोक्तार्थभावनाचरणगुप्तहृदयस्य ।
न तदस्ति कालविवरं यत्र क्वचनाभिभवनं स्यात् ॥

આચારાંગના અધ્યયનમાં કહેલા અર્થની ભાવના અને ચારિત્રથી જેનું મન સુરક્ષિત છે, તેને એવું કાલરૂપ છિદ્ર નથી કે જ્યાં તેનો ક્યાંય પણ પરાભવ થાય.

---

૧ यस्य=જેના. चित्ते=ચિત્તમાં. अकुतोभयं=જેને કોઈ-નાથી ભય નથી એવું. चारित्रं=ચારિત્ર. परिणतं=પરિણમેલું છે. तस्य=તે. अखण्डज्ञानराज्यस्य=અખંડ જ્ઞાનરૂપ રાજ્યવાળા, साधोः=સાધુને. कुतः=ક્યાંથી. भयं=ભય હોય.

પોતાના ગુણોના ઉત્કર્ષવાદરૂપી પાણીના પ્રવાહથી પ્રગટ કરતો કલ્યાણરૂપ વૃક્ષનું શું ફળ પામીશ? કંઇ પણ નહિ પામે. ગુપ્ત પુણ્ય જ ફળદાયક છે. કહ્યું છે કે-" धर्मः क्षरति कीर्त्तनात् ।" આત્મપ્રશંસાથી ધર્મ નાશ પામે છે.

**[1] आलम्बिता हिताय स्युः परैः स्वगुणरश्मयः ।**
**अहो स्वयं गृहीतास्तु पातयन्ति भवोदधौ ॥३॥**

બીજાએ આલંબન કરેલાં પોતાના ગુણરૂપ દોરડાંઓ હિતને માટે થાય છે. પણ આશ્ચર્ય છે કે પોતે ગ્રહણ કરે તો તે સંસારસમુદ્રમાં પાડે છે, જો બીજા ગુણો કહે તો ગુણકારી થાય. આત્મસ્તુતિનો દોર પોતે ગ્રહણ કરે તો બુડાડે અને બીજા ગ્રહણ કરે તો તારે એ આશ્ચર્ય છે.

**[2] उच्चत्वदृष्टिदोषोत्थस्वोत्कर्षज्वरशान्तिकम् ।**
**पूर्वपुरुषसिंहेभ्यो भृशं नीचत्वभावनम् ॥४॥**

---

१ परैः= બીજાએ. आलम्बिताः=ગ્રહણ કરેલા. स्वगुणरश्मयः=પોતાના ગુણરૂપ દોરડાઓ. हिताय=હિત માટે. स्युः= થાય છે. अहो=આશ્ચર્ય છે કે. स्वयं=પોતે. गृहीतास्तु=ગ્રહણ કરેલા હોય તો તે. भवोदधौ=ભવસમુદ્રમાં. पातयन्ति= પાડે છે.

२ उच्चत्वदृष्टिदोषोत्थस्वोत्कर्षज्वरशान्तिकं=ઉચ્ચપણાની

પોતાના ગુણોના ઉત્કર્ષવાદરૂપી પાણીના પ્રવાહથી પ્રગટ કરતો કલ્યાણરૂપ વૃક્ષનું શું ફળ પામીશ? કંઇ પણ નહિ પામે. ગુપ્ત પુણ્ય જ ફળદાયક છે. કહ્યું છે કે–" धर्मः क्षरति कीर्त्तनात् ।" આત્મપ્રશંસાથી ધર્મ નાશ પામે છે.

१
**आलम्बिता हिताय स्युः परैः स्वगुणरश्मयः ।**
**अहो स्वयं गृहीतास्तु पातयन्ति भवोदधौ ॥३॥**

બીજાએ આલંબન કરેલાં પોતાના ગુણરૂપ દોરડાંઓ હિતને માટે થાય છે. પણ આશ્ચર્ય છે કે પોતે ગ્રહણ કરે તો તે સંસારસમુદ્રમાં પાડે છે, જો બીજા ગુણો કહે તો ગુણકારી થાય. આત્મસ્તુતિનો દોર પોતે ગ્રહણ કરે તો બુડાડે અને બીજા ગ્રહણ કરે તો તારે એ આશ્ચર્ય છે.

२
**उच्चत्वदृष्टिदोषोत्थस्वोत्कर्षज्वरशान्तिकम् ।**
**पूर्वपुरुषसिंहेभ्यो भृशं नीचत्वभावनम् ॥४॥**

---

१ परैः= બીજાઓ. आलम्बिताः=ગ્રહણ કરેલા. स्वगुणरश्मयः=પોતાના ગુણરૂપ દોરડાઓ. हिताय=હિત માટે. स्युः= થાય છે. अहो=આશ્ચર્ય છે કે. स्वयं=પોતે. गृहीतास्तु=ગ્રહણ કરેલા હોય તો તે. भवोदधौ=ભવસમુદ્રમાં. पातयन्ति= પાડે છે.

२ उच्चत्वदृष्टिदोषोत्थस्वोत्कर्षज्वरशान्तिकं=ઉચ્ચપણાની

પોતાની ઉચ્ચપણાની દૃષ્ટિના દોષથી ઉત્પન્ન થયેલા સ્વાભિમાનરૂપ જ્વરની શાન્તિ કરનાર, પૂર્વ-પુરુષરૂપ સિંહોથી અત્યન્ત ન્યૂનપણાની ભાવના કરવી તે છે.

[1] **शरीररूपलावण्यग्रामारामधनादिभिः ।**
**उत्कर्षः परपर्यायैश्चिदानन्दघनस्य कः ? ॥५॥**

શરીરના રૂપ, લાવણ્ય (સૌન્દર્ય), ગામ, આરામ-બાગબગીચા અને ધનાદિ, આદિ શબ્દથી પુત્ર-પૌત્રાદિ સમૃદ્ધિરૂપ પરપર્યાય--પરદ્રવ્યના ધર્મ-વડે ઉત્કર્ષ—અતિશય અભિમાન જ્ઞાનાનન્દવડે પૂર્ણ પુરુષને શું હોય! અર્થાત્ કંઇ પણ ન હોય. પ્રાયઃ કોઇ પારકા ધનવડે ધનવંતપણું ન માને.

---

દૃષ્ટિના દોષથી ઉત્પન્ન થયેલ પોતાના અભિમાનરૂપ જ્વરની શાન્તિ કરનાર पूर्वपुरुषसिंहेभ्यः=પૂર્વ પુરુષરૂપ સિંહોથી. भृशं=અત્યંત. नीचत्वभावनम्=ન્યૂનપણાની ભાવના કરવી.

૧ शरीर–रूप–लावण्य–ग्रामा–राम–धनादिभिः=શરીરના રૂપ, લાવણ્ય–સૌન્દર્ય, ગ્રામ, આરામ–બગીચા અને ધન આદિ રૂપ. परपर्यायैः=પરદ્રવ્યના ધર્મ વડે. चिदानन्दघनस्य=જ્ઞાન અને આનન્દથી ભરપૂર એવા આત્માને. कः=શું उत्कर्षः=અભિમાન હોય.

[1]
**शुद्धाः प्रत्यात्मसाम्येन पर्यायाः परिभाविताः ।**
**अशुद्धाश्चापकृष्टत्वाद् नोत्कर्षाय महामुनेः ॥६॥**

શુદ્ધ નયે વિચારતાં શુદ્ધ-સહજ પર્યાયો પ્રત્યેક આત્મામાં તુલ્યપણે છે તેથી અને અશુદ્ધ-વિભાવ પર્યાયો તુચ્છ હોવાથી સર્વ નયમાં મધ્યસ્થપરિણતિવાળા સાધુને તે અભિમાનને માટે થતા નથી.

[2]
**क्षोभं गच्छन् समुद्रोऽपि स्वोत्कर्षपवनेरितः ।**
**गुणौघान् बुद्बुदीकृत्य विनाशयसि किं मुधा ? ॥७॥**

મુદ્રા-સાધુવેષની મર્યાદા સહિત (સમુદ્ર) હોવા છતાં પણ પોતાનો ઉત્કર્ષ-અભિમાનરૂપ પવનથી પ્રેરિત થઈ ક્ષોભ પામતો ગુણના સમૂહને પરપોટારૂપે કરી-

---

૧ परिभाविताः=( શુદ્ધ નયની દૃષ્ટિથી ) વિચારેલા. शुद्धाः=શુદ્ધ पर्यायाः=પર્યાયો. प्रत्यात्मसाम्येन=દરેક આત્મામાં સમાનપણે. (છે.) (અને) अशुद्धाः=અશુદ્ધ-વિભાવ પર્યાયો. अपकृष्टत्वात्=તુચ્છ હોવાથી. महामुनेः= મહામુનિને; उत्कर्षाय= અભિમાન માટે. न=થતા નથી.

૨ समुद्रोपि=મર્યાદા સહિત હોવા છતાં પણ. स्वोत्कर्षपवनेरितः=પોતાના અભિમાનરૂપ પવનથી પ્રેરિત થયેલો. क्षोभं=વ્યાકુલતાને. गच्छन्=પામતો. गुणौघान्=ગુણના સમુદાયને. बुद्बुदीकृत्य=પરપોટારૂપ કરીને. मुधा=ફોગટ. किं=કેમ. विनाशयसि=વિનાશ કરે છે.

ने फोगट केम विनाश करे छे? जेम समुद्रने पवनथी पाणीनो परपोटारूपे करी नाश करवो न घटे, तेम उत्तम पुरुषने उत्कर्षथी पोताना गुणनो नाश करवो न घटे.

**[1]निरपेक्षानवच्छिन्नानन्तचिन्मात्रमूर्त्तयः ।**
**योगीनो गलितोत्कर्षापकर्षानल्पकल्पनाः ॥८॥**

अपेक्षारहित, अनवच्छिन्न—देशमान रहित, अनन्त—कालमानरहित चारित्ररूप (ज्ञानमात्ररूप) शरीरवाळा योगीश्वरो पोतानी अधिकता अने परनी हीनताना घणा संकल्पविकल्पविशेषथी रहित होय छे. अर्थात् योगी पोतानो उत्कर्ष अने परना अपकर्षनी कल्पना रहित होय छे.

---

१ निरपेक्षानवच्छिन्नानन्तचिन्मात्रमूर्तयः=निरपेक्ष—अपेक्षा रहित—अनवच्छिन्न—देशनी मर्यादा रहित अनन्त=काळनी मर्यादा रहित—चिन्मात्रमूर्तयः=ज्ञानमय स्वरूप छे जेओनुं एवा. ( अने ) गलितोत्कर्षा—पकर्षानल्पकल्पनाः=गलित—गळी गयेली छे. उत्कर्ष =अधिकता अने अपकर्ष=हीनतानी. अनल्पकल्पना=घणी कल्पनाओ जेओनी - एवा. योगिनः= योगीओ होय छे.

## ૧૯ तत्त्वदृष्टिअष्टकम्

१
रूपे रूपवती दृष्टिर्दृष्ट्वा रूपं विमुह्यति ।
मज्जत्यात्मनि नीरूपे तत्त्वदृष्टिस्त्वरूपिणी ॥१॥

રૂપવાળી પૌદ્ગલિક દૃષ્ટિ રૂપને દેખીને તેમાં મોહ પામે છે. અને તત્ત્વદૃષ્ટિ અરૂપી છે, તેથી તે રૂપ રહિત આત્માને વિષે મગ્ન થાય છે. સરખે સરખાના યોગરૂપ સમ અલંકાર છે.

२
भ्रमवाटी बहिर्दृष्टिर्भ्रमच्छाया तदीक्षणम् ।
अभ्रान्तस्तत्त्वदृष्टिस्तु नास्यां शेते सुखाशया ॥ २ ॥

બાહ્ય દૃષ્ટિ એ ભ્રાન્તિની વાડી છે અને બાહ્ય દૃષ્ટિનો પ્રકાશ તે વિપર્યાસ શક્તિયુક્ત ભ્રમની છાયા-

---

૧ रूपवती दृष्टिः=રૂપવાળી દૃષ્ટિ. रूपं=રૂપને. दृष्ट्वा=જોઈને. रूपे=રૂપમાં विमुह्यति=મોહ પામે છે, (અને) अरूपिणी=રૂપરહિત. तत्त्वदृष्टिस्तु=તત્ત્વની દૃષ્ટિ તો, नीरूपे=રૂપ રહિત, आत्मनि=આત્મામાં मज्जति=મગ્ન થાય છે.

૨ बहिर्दृष्टिः=બાહ્યદૃષ્ટિ. भ्रमवाटी=ભ્રાન્તિની વાડી છે. तदीक्षणं=બાહ્યદૃષ્ટિનો પ્રકાશ. भ्रमच्छाया=ભ્રાન્તિની છાયા છે. तु=પરન્તુ, अभ्रान्तः=ભ્રાન્તિરહિત, तत्त्वदृष्टिः=તત્ત્વની દૃષ્ટિવાળો, अस्यां=ભ્રમની છાયામાં, सुखाशया=સુખની ઇચ્છાથી, न शेते=સૂતો નથી.

રૂપ છે. જેમ વિષવૃક્ષની છાયા વીષરૂપ હોય છે, તેમ બાહ્ય દષ્ટિનો પ્રકાશ ભ્રાન્તિરૂપ જાણવો, પરન્તુ ભ્રાન્તિ રહિત તત્ત્વદષ્ટિવાળો, એ ભ્રમરૂપ છાયામાં સુખની ઇચ્છાથી સૂતો નથી, બહિર્દષ્ટિનો પ્રકાશ-ચન્દ્રાસન્નતા પ્રત્યયન્યાયે ભ્રમરૂપ વિષતરૂની છાયા છે. તેનો વિશ્વાસ તત્ત્વજ્ઞાની ન કરે., કારણ કે તે (ભ્રાન્તિ-રહિત તત્ત્વ દષ્ટિવાળો) અન્તર્દષ્ટિ સુખથી પૂર્ણ છે.

[1] ग्रामारामादि मोहाय यद् दृष्टं बाह्यया दृशा ।
तत्त्वदृष्टया तदेवान्तर्नीतं वैराग्यसंपदे ॥३॥

બાહ્યદષ્ટિથી દેખેલા ગ્રામ ઉદ્યાન પ્રમુખ સુન્દર બાહ્ય પદાર્થનો સમૂહ મોહને માટે થાય છે-મોહનું કારણ થાય છે. તેજ તત્ત્વદષ્ટિથી આત્મામાં ઉતારેલ હોય તો વૈરાગ્યની પ્રાપ્તિ માટે થાય છે.

[2] बाह्यदृष्टेः सुधासारघटिता भाति सुन्दरी ।
तत्त्वदृष्टेस्तु साक्षात् सा विण्मूत्रपिठरोदरी ॥४॥

---

१ बाह्यया दृशा=બાહ્ય દષ્ટિ વડે दृष्टं=દેખેલા. ग्रामारामादि=ગામ અને ઉદ્યાન વગેરે. मोहाय=મોહને માટે થાય છે. तत्त्वदृष्टया =તત્ત્વદષ્ટિ વડે. अन्तर्नीतं=આત્મામાં ઉતારેલા. वैराग्यसंपदे=વૈરાગ્યની પ્રાપ્તિ માટે થાય છે.

२ बाह्यदृष्टेः=બાહ્યદષ્ટિને. सुन्दरी==સ્ત્રી. सुधासारघटिता

બાહ્યદૃષ્ટિને અમૃતના સાર વડે ઘડેલી સ્ત્રી ભાસે છે. તત્ત્વદૃષ્ટિને તો તે સ્ત્રી પ્રત્યક્ષ વિષ્ટા અને મૂત્રની હાંડલી જેવા ઉદરવાળી લાગે છે.

१
**लावण्यलहरीपुण्यं वपुः पश्यति बाह्यदृग् ।**
**तत्त्वदृष्टिः श्वकाकानां भक्ष्यं क्रमिकुलाकुलम् ॥ ५ ॥**

બાહ્યદૃષ્ટિ લાવણ્યના તરંગ વડે પવિત્ર એવા શરીરને જુએ છે, અને તત્ત્વદૃષ્ટિ કાગડા અને કૂતરાને ભક્ષણ કરવા યોગ્ય તથા કરમિયાના સમૂહથી ભરેલું જુએ છે.

२
**गजाश्वैर्भूपभवनं विस्मयाय बहिर्दृशः ।**
**तत्राश्वेभवनात् कोऽपि भेदस्तत्त्वदृशस्तु न ॥ ६ ॥**

---

=અમૃતના સાર વડે ઘડેલી. भाति=ભાસે છે. तत्त्वदृष्टेस्तु=તત્ત્વદૃષ્ટિને તો. सा=તે સ્ત્રી. साक्षात्=પ્રત્યક્ષ. विण्मूत्रपिठरोदरी=વિષ્ટા અને મૂત્રની હાંડલી જેવા ઉદરવાળી લાગે છે.

૧ बाह्यदृग्=બાહ્યદૃષ્ટિ. लावण्यलहरीपुण्यं=સૌન્દર્યના તરંગ વડે પવિત્ર. वपुः=શરીર. पश्यति=દેખે છે. तत्त्वदृष्टिः=તત્ત્વદૃષ્ટિવાળો. श्वकाकानां=કૂતરા અને કાગડાઓને. भक्ष्यं=ખાવા યોગ્ય. (અને) क्रमिकुलाकुलं=કૃમિનાં સમૂહ વડે ભરેલું. (જુએ છે.)

૨ गजाश्वैः=હાથી અને ઘોડાવડે સહિત. भूपभवनं=

બાહ્યદૃષ્ટિને હાથી અને ઘોડા સહિત રાજમન્દિર આશ્ચર્યને માટે થાય છે. પણ તત્ત્વદૃષ્ટિને તો તે રાજમન્દિરમાં ઘોડા અને હાથીના વનથી કંઇ પણ અન્તર લાગતું નથી. તત્ત્વદૃષ્ટિને કયાંય ચમત્કાર નથી, તે તો પુદ્ગલનો વિલાસ માને છે.

**भस्मना[१] केशलोचेन वपुर्धृतमलेन वा ।**
**महान्तं बाह्यदृग् वेत्ति चित्साम्राज्येन तत्त्ववित् ॥७॥**

બાહ્યદૃષ્ટિ શરીરે રાખ ચોળવાથી, કેશનો લોચ કરવાથી અથવા શરીરે મેલ ધારણ કરવાથી 'આ મહાત્મા છે' એમ જાણે છે. પરન્તુ તત્ત્વદૃષ્ટિ જ્ઞાનની પ્રભુતાથી મહાન જાણે છે.

---

રાજમન્દિર. बहिर्दृशः=બાહ્યદૃષ્ટિને. विस्मयाय=વિસ્મયને માટે થાય છે. तत्त्वदृशस्तु=તત્ત્વદૃષ્ટિને તો. तत्र=તેમાં (રાજમન્દિરમાં). अश्वेभवनात्=ઘોડા અને હાથીના વનથી. कोऽपि=કંઈ પણ. भेदः=વિશેષ. न=નથી.

१ भस्मना=રાખ ચોળવાથી. केशलोचेन=કેશનો લોચ કરવાથી. वा=અથવા. वपुर्धृतमलेन=શરીર ઉપર મેલ ધારણ કરવાથી. बाह्यदृग्=બાહ્યદૃષ્ટિ. महान्तं=મહાત્મા. वेत्ति=જાણે છે, तत्त्ववित्=તત્ત્વજ્ઞાની. चित्साम्राज्येन=જ્ઞાનની પ્રભુતાથી. (મહાન જાણે છે,)

[1] न विकाराय विश्वस्योपकारायैव निर्मिताः ।
स्फुरत्कारुण्यपीयूषवृष्टयस्तत्त्वदृष्टयः ॥ ८ ॥

સ્ફુરાયમાન કરુણારૂપ અમૃતની વૃષ્ટિ કરનારા તત્ત્વદૃષ્ટિ પુરૂષો વિકારને માટે નહિ, પણ વિશ્વના ઉપકારને માટેજ ઉત્પન્ન કરેલા છે.

## २० सर्वसमृद्धयष्टकम्

[2] बाह्यदृष्टिप्रचारेषु मुद्रितेषु महात्मनः ।
अन्तरेवावभासन्ते स्फुटाः सर्वाः समृद्धयः ॥ १ ॥

બાહ્યદૃષ્ટિનો વિષયસંચાર (વિષયપ્રવૃત્તિ) રોકવાથી જ્ઞાનવડે મહાન્ આત્મા જેનો છે એવા પુરુષને

---

૧ स्फुरत्कारुण्यपीयूषवृष्टयः=સ્ફુરાયમાન છે કરૂણારૂપ અમૃતની વૃષ્ટિ જેનાથી એવા. तत्त्वदृष्टयः=તત્ત્વની દૃષ્ટિવાળા પુરૂષો. विकाराय=વિકારને માટે. न=નહિ. (પણ) विश्वस्य=જગતના. उपकाराय=ઉપકારને માટે. एव=જ. निर्मिताः =ઉત્પન્ન કરેલા છે.

૨ बाह्यदृष्टिप्रचारेषु=બાહ્યદૃષ્ટિની પ્રવૃત્તિ. मुद्रितेषु=બન્ધ પડે છે ત્યારે. महात्मनः=મહાત્માને. अन्तरेव=અન્તરમાં જ. स्फुटाः=પ્રગટ થયેલી. सर्वाः=સર્વ. समृद्धयः=સમૃદ્ધિઓ. अवभासन्ते=ભાસે છે.

આત્મામાં જ પ્રગટ થયેલી સર્વ સંપત્તિ અનુભવથી ભાસે છે.

[1] समाधिर्नन्दनं धैर्यं दम्भोलिः समता शची ।
ज्ञानं महाविमानं च वासवश्रीरियं मुनेः ॥ २ ॥

ધ્યાતા, ધ્યાન અને ધ્યેયની એકતારૂપ સમાધિ તે જ નન્દનવન છે, જેનાથી પરિષહરૂપ પર્વતની પાંખ છેદાય એવું ધૈર્યરૂપ વજ્ર છે, સમતા–મધ્યસ્થ પરિણતિ એ જ ઈન્દ્રાણી છે અને સ્વરૂપના બોધરૂપ જ્ઞાન એ જ મહાવિમાન છે, એમ મુનિને આવી ઈન્દ્રની લક્ષ્મી છે.

[2] विस्तारितक्रियाज्ञानचर्मच्छत्रो निवारयन् ।
मोहम्लेच्छमहावृष्टिं चक्रवर्ती न किं मुनिः ? ॥ ३ ॥

---

૧ समाधिः=સમાધિરૂપ. नन्दनं=નન્દન વન. धैर्यं=ધૈર્યરૂપ. दम्भोलिः=વજ્ર. समता=સમભાવ રૂપ. शची=ઈન્દ્રાણી. च=અને. ज्ञानं=સ્વરૂપના અવબોધરૂપ. महाविमानं=મોટું વિમાન. इयं=આ. वासवश्रीः=ઈન્દ્રની લક્ષ્મી. मुनेः=મુનિને છે.

૨ विस्तारितक्रियाज्ञानचर्मच्छत्रः=ક્રિયા અને જ્ઞાનરૂપ ચર્મરત્ન અને છત્રરત્ન જેણે વિસ્તારેલ છે એવા. मोहम्लेच्छमहावृष्टिं=મોહરૂપ મ્લેચ્છોએ કરેલી મહાવૃષ્ટિને. निवारयन्=નિવારતા. मुनिः=સાધુ. चक्रवर्ती=ચક્રવર્તી. किं=શું. न=નથી.

યોગપરિણતિરૂપ ક્રિયા અને ઉપયોગપરિણતિરૂપ જ્ઞાન, તે રૂપ ચર્મરત્ન અને છત્રરત્ન જેણે વિસ્તારેલ છે એવા, અને તેથી મોહરૂપ મ્લેચ્છ—ઉત્તરખંડના યવનોએ પ્રેરેલા મિથ્યાત્વ દૈત્યોએ કરેલી કુવાસનારૂપ મોટી વૃષ્ટિનું નિવારણ કરતા મુનિ શું ચક્રવર્તી નથી ?

१
**नवब्रह्मसुधाकुण्डनिष्ठाधिष्ठायको मुनिः ।**
**नागलोकेशवद् भाति क्षमां रक्षन् प्रयत्नतः ॥ ४ ॥**

નવ પ્રકારના બ્રહ્મચર્યરૂપ અમૃતકુંડની સ્થિતિના સામર્થ્યથી સ્વામી અને યત્નથી ક્ષમા—સહિષ્ણુતા રાખતા મુનિ નાગલોકના સ્વામીની પેઠે શોભે છે. જે બીજો નાગલોકનો સ્વામી ઉરગપતિ (શેષનાગ) છે તે ક્ષમા—પૃથ્વીને ધારણ કરતો શોભે છે.

२
**मुनिरध्यात्मकैलाशे विवेकवृषभस्थितः ।**
**शोभते विरतिज्ञप्तिगङ्गागौरीयुतः शिवः ॥ ५ ॥**

---

૧ नवब्रह्मसुधाकुण्डनिष्ठाधिष्ठायकः=નવ પ્રકારનાં બ્રહ્મચર્યરૂપ અમૃતના કુંડની સ્થિતિના સ્વામી. मुनिः=સાધુ प्रयत्नतः=સામર્થ્યથી. क्षमां=સહિષ્ણુતાને (પૃથિવીને). रक्षन्=ધારણ કરતા. नागलोकेशवद्=શેષનાગની પેઠે. भाति=શોભે છે,

૨ मुनिः=મુનિ. अध्यात्मकैलाशे=અધ્યાત્મરૂપ કૈલાસને

મુનિ અધ્યાત્મરૂપ કૈલાસને વિષે સદ્-અસદ્‌ના નિર્ણયરૂપ વિવેકવૃષભ ઉપર બેઠેલા તથા વિરતિ-ચારિત્રકલા અને જ્ઞપ્તિ-જ્ઞાનકલારૂપ ગંગા અને પાર્વતીસહિત મહાદેવની પેઠે શોભે છે.

**ज्ञानदर्शनचन्द्रार्कनेत्रस्य नरकच्छिदः ।**
**सुखसागरमग्नस्य किं न्यूनं योगिनो हरेः ॥ ६ ॥**

જ્ઞાન-વિશેષબોધરૂપ અને દર્શન-સામાન્ય બોધરૂપ ચન્દ્રમા અને સૂર્ય જેનાં નેત્ર છે એવા, નરકગતિનો નાશ કરનારા અને સુખરૂપ સમુદ્રમાં મગ્ન થયેલા યોગીને કૃષ્ણ કરતાં શું ઓછું છે? કંઈ પણ ન્યૂન નથી.

**या सृष्टिर्ब्रह्मणो बाह्या बाह्यापेक्षावलम्बिनी ।**
**मुनेः परानपेक्षाऽन्तर्गुणसृष्टिः ततोऽधिका ॥ ७ ॥**

---

વિષે. विवेकवृषभस्थितः=વિવેકરૂપ વૃષભ ઉપર બેઠેલા. विरतिज्ञप्तिगङ्गागौरीयुतः=ચારિત્રકલા અને જ્ઞાનકલારૂપ ગંગા અને પાર્વતી સહિત. शिवः=મહાદેવની પેઠે. शोभते=શોભે છે.

૧ ज्ञानदर्शनचन्द्रार्कनेत्रस्य=જ્ઞાન દર્શનરૂપ ચન્દ્ર અને સૂર્ય જેનાં નેત્ર છે એવા. नरकच्छिदः=નરકગતિનો નાશ કરનારા. (નરકાસુરનો નાશ કરનારા) सुखसागरमग्नस्य=સુખરૂપ સમુદ્રમાં મગ્ન થયેલા. योगिनः=યોગીને. हरेः=કૃષ્ણ કરતાં. किं=શું. न्यूनं=ઓછું છે.

૨ या=જે. ब्रह्मणः=બ્રહ્માની. सृष्टिः=સૃષ્ટિ છે. (તે)

જે બ્રહ્માની સૃષ્ટિ બાહ્ય પ્રપંચગોચર (બાહ્ય જગત્ સંબન્ધી) અને બાહ્ય કારણની અપેક્ષાને અવલમ્બે છે અને મુનિની અંતરંગ ગુણની સૃષ્ટિ-રચના પરની અપેક્ષા રહિત છે, તેથી તે બ્રહ્માની સૃષ્ટિથી અધિક છે. અહીં ઉપમાનથી ઉપમેય અધિક છે.

रत्नैस्त्रिभिः[1] पवित्रा या स्रोतोभिरिव जाह्नवी ।
सिद्धयोगस्य साऽप्यर्हत्पदवी न दवीयसी ॥ ८ ॥

ત્રણ પ્રવાહ વડે પવિત્ર ગંગા નદીની જેમ ત્રણ રત્નો વડે પવિત્ર અરિહંતની પદવી પણ સિદ્ધયોગ-વાળા સાધુને અતિ દૂર નથી. કારણ કે સિદ્ધયોગને સમાપત્તિ આદિના ભેદે તીર્થંકરનું દર્શન થાય છે એમ કહ્યું છે.

---

बाह्या=બાહ્ય જગતરૂપ. (અને) बाह्यापेक्षावलम्बिनी=બાહ્ય કારણની અપેક્ષા રાખનાર છે. मुनेः=મુનિની अन्तर्गुणसृष्टिः= અંતરંગ ગુણની સૃષ્ટિ. परानपेक्षा=બીજાની અપેક્ષા રહિત (છે.) ततः=તેથી. अधिका=અધિક છે.

૧ इव=જેમ त्रिभिः=ત્રણ. स्रोतोभिः=પ્રવાહોવડે. पवित्रा= પવિત્ર. जाह्नवी=ગંગા છે (તેમ) त्रिभिः रत्नैः=ત્રણ રત્નો વડે. पवित्रा=પવિત્ર. सा=તે. अर्हत्पदवी=તીર્થંકરપદવી. अपि=પણ. सिद्धयोगस्य=સિદ્ધયોગવાળાને. दवीयसी=અત્યન્ત દૂર. न=નથી.

**गुरुभक्तिप्रभावेन तीर्थकृद्दर्शनं मतम् ।**
**समापत्त्यादिभेदेन निर्वाणैकनिबन्धनम् ॥**

योगदृष्टि०

ગુરુભક્તિના પ્રભાવથી સમાપત્તિ આદિ ધ્યાનના ભેદે કરીને તીર્થંકરનું દર્શન થાય છે એમ કહ્યું છે. આદિ શબ્દથી તીર્થંકરનામકર્મનો બન્ધ થવાથી તેના ઉદયે તીર્થંકર પદની પ્રાપ્તિ થાય તે પણ ગ્રહણ કરવું. તે નિર્વાણનું મુખ્ય કારણ છે.

## २१ कर्मविपाकचिन्तनाष्टकम् ।

[1] **दुःखं प्राप्य न दीनः स्यात् सुखं प्राप्य च विस्मितः ।**
**मुनिः कर्मविपाकस्य जानन् परवशं जगत् ॥ १ ॥**

મુનિ કર્મના શુભાશુભ પરિણામને પરવશ થયેલા જગતને જાણતા દુઃખ પામીને દીન ન થાય અને સુખ પામીને વિસ્મયવાળા ન થાય.

[2] **येषां भ्रूभङ्गमात्रेण भज्यन्ते पर्वता अपि ।**
**तैरहो कर्मवैषम्ये भूपैर्भिक्षाऽपि नाप्यते ॥ २ ॥**

---

१ मुनिः–સાધુ. कर्मविपाकस्य=કર્મના વિપાકને. परवशं=પરાધીન થયેલા. जगत्=જગતને. जानन्–જાણતા. दुःखं=દુઃખને. प्राप्य=પામીને. दीनः=દીન. न स्यात्=ન થાય. च–અને. सुखं=સુખને प्राप्य=પામીને. विस्मितः=વિસ્મયયુક્ત (ન થાય).

२ येषां=જેઓના भ्रूभङ्गमात्रेण=ભૃકુટીના ચાલવા માત્રથી.

જેઓની ભૃકુટીના ભંગમાત્રથી (ભમરના ચાલવાથી) પર્વતો પણ ભાંગી જાય છે, તેવા બલવાન રાજાઓ પણ કર્મની વિષમતા આવી પડે છે ત્યારે ભિક્ષા પણ મેળવી શકતા નથી એ આશ્ચર્ય છે.

**जातिचातुर्यहीनोऽपि[1] कर्मण्यभ्युदयावहे ।**
**क्षणाद् रङ्कोऽपि राजा स्यात् छत्रछन्नदिगन्तरः ॥३॥**

જાતિ અને ચતુરાઇથી હીન હોવા છતાં પણ અભ્યુદય કરનાર—શુભ કર્મનો ઉદય હોય ત્યારે ક્ષણવારમાં રાંક પણ નન્દ આદિની પેઠે છત્રવડે ઢાંકયું છે દિશામંડળ જેણે એવો રાજા થાય છે.

**विषमा[2] कर्मणः सृष्टिर्दृष्टा करमपृष्ठवत् ।**
**जात्यादिभूतिवैषम्यात् का रतिस्तत्र योगिनः ॥४॥**

---

पर्वताः=પર્વતો. अपि=પણ. भज्यन्ते=તૂટી પડે છે. तैः=તે. भूपैः=રાજાઓએ. कर्मवैषम्ये=કર્મની વિષમ દશા પ્રાપ્ત થયે. अहो=આશ્ચર્ય છે કે. भिक्षाऽपि=ભિક્ષા પણ. न आप्यते=મેળવી શકાતી નથી.

૧ अभ्युदयावहे कर्मणि=અભ્યુદય કરનારા કર્મનો ઉદય હોય છે ત્યારે. जातिचातुर्यहीनोऽपि=જાતિ અને ચતુરાઇથી હીન હોવા છતાં પણ. रङ्कोऽपि=રાંક હોવા છતાં પણ क्षणात्=ક્ષણમાં. छत्रछन्नदिगन्तरः=છત્ર વડે ઢાંકયા છે દિશાઓના ભાગને જેણે એવો. राजा=રાજા स्यात्-થાય છે.

૨ कर्मणः-કર્મની. सृष्टिः-રચના. जात्यादिभूतिवैषम्यात्

જાતિ આદિની ઉત્પત્તિના વિષમપણાથી કર્મની રચના ઊંટની પીઠની જેવી કયાંય પણ સરખી નહિ એવી વિષમ દીઠી છે, તેથી કર્મની સૃષ્ટિમાં યોગીને શી રતિ (પ્રીતિ) થાય? પ્રશમરતિમાં કહ્યું છે કે–

" जातिकुलदेहविज्ञानायुर्बलभोगभूतिवैषम्यम् ।
दृष्ट्वा कथमिह विदुषां भवसंसारे रतिर्भवति ॥ "

"જાતિ (માતૃપક્ષ), કુલ (પિતૃપક્ષ), શરીર, વિજ્ઞાન, આયુષ, બળ, અને ભોગની પ્રાપ્તિનું વિષમપણું જોઇને વિદ્વાનોને જન્મમરણરૂપ સંસારમાં કેમ પ્રીતિ થાય?" અર્થાત્ કોઈ પણ પ્રકારની રતિ ન થાય.

१
**आरूढाः प्रशमश्रेणिं श्रुतकेवलिनोऽपि च ।
भ्राम्यन्तेऽनन्तसंसारमहो दुष्टेन कर्मणा ॥५॥**

ઉપશમશ્રેણિ ઉપર યાવત્ અગિયારમા ગુણસ્થાનકે ચઢેલા અને શ્રુતકેવલી–ચૌદ પૂર્વધરોને પણ દુષ્ટ કર્મ અહો! અત્યંત સંસાર ભમાડે છે.

---

=જાતિ આદિની ઉત્પત્તિના વિષમપણાથી. करभपृष्ठवत्= ઊંટની પીઠના જેવી. विषमा=સરખી નહિ એવી दृष्टा=જાણેલી છે. तत्र=તેમાં योगिनः=યોગીને. का=શી. रतिः=પ્રીતિ થાય.

१ प्रशमश्रेणिं=ઉપશમ શ્રેણિ ઉપર. आरूढाः=ચઢેલા. अपि च=અને. श्रुतकेवलिनः=ચૌદ પૂર્વધરો. अपि=પણ. अहो=આશ્ચર્ય છે કે. दुष्टेन=દુષ્ટ. कर्मणा=કર્મ વડે अनन्तसंसारं=અનન્ત સંસાર भ्राम्यन्ते=ભમાડાય છે.

अर्वाक् सर्वाऽपि सामग्री श्रान्तेव परितिष्ठति ।
विपाकः कर्मणः कार्यपर्यन्तमनुधावति ॥ ६ ॥

નજીક રહેલી બીજી બધીય સામગ્રી—કારણ-યોજના થાકેલાની પેઠે રહે છે, પણ કાર્ય કરવાને ઉતાવળી થતી નથી, અને કર્મનો વિપાક કાર્યના છેડા સુધી દોડે છે. છેલ્લું કારણ હોવાથી કર્મવિપાક એ જ પ્રધાન કારણ છે.

असावचरमावर्ते धर्मं हरति पश्यतः ।
चरमावर्तिसाधोस्तु छलमन्विष्य हृष्यति ॥ ७ ॥

આ કર્મવિપાક ચરમ પુદ્ગલપરાવર્તથી પહેલાં અન્ય પુદ્ગલપરાવર્તમાં દેખતાં છતાં ધર્મને હરે છે અને ચરમ પુદ્ગલપરાવર્તવાળા સાધુનું તો પ્રમાદ-

---

૧ अर्वाक्=બીજી. सर्वापि=બધી ય. सामग्री=કારણસામગ્રી. श्रान्तेव=થાકી ગયેલાની પેઠે. परितिष्ठति=રહે છે. (પરન્તુ) कर्मणः=કર્મનો વિપાક. कार्यपर्यन्तं=કાર્યના અન્તસુધી. अनुधावति=પાછળ દોડે છે.

૨ असौ=આ કર્મ વિપાક. अचरमावर्ते=છેલ્લા પુદ્ગલ-પરાવર્ત સિવાયના બીજા પુદ્ગલપરાવર્તમાં. पश्यतः=દેખતાં છતાં. धर्मं=ધર્મને हरति=હરે છે. चरमावर्तिसाधोस्तु=પણ ચરમ પુદ્ગલપરાવર્તમાં વર્તના સાધુના. छलं=છિદ્રને. अन्विष्य=શોધીને. हृष्यति=ખુશ થાય છે.

રૂપ છિદ્ર—અન્તર્મર્મ ગવેષીને હર્ષ પામે છે—ખુશ થાય છે.

[1]
**साम्यं बिभर्ति यः कर्मविपाकं हृदि चिन्तयन् ।**
**स एव स्याच्चिदानन्दमकरन्दमधुव्रतः ॥ ८ ॥**

જે કર્મના શુભાશુભ પરિણામને હૃદયમાં વિચારતો સમભાવને ધારણ કરે છે, તે જ્ઞાનાનન્દરૂપ મકરન્દ—પુષ્પપરાગનો ભોગી ભ્રમર (રસજ્ઞ) થાય છે.

## ૨૨ भवोद्वेगाष्टकम्

[2]
**यस्य गम्भीरमध्यस्याज्ञानवज्रमयं तलम् ।**
**रुद्धा व्यसनशैलौघैः पन्थानो यत्र दुर्गमाः ॥ १ ॥**

---

૧ यः=જે. हृदि=મનમાં. कर्मविपाकं=કર્મના વિપાકને चिन्तयन्=ચિન્તવતો. साम्यं=સમભાવ. बिभर्ति=ધારણ કરે છે. स एव=તે જ (યોગી). चिदानन्दमकरन्दमधुव्रतः=જ્ઞાનાનન્દરૂપ મકરન્દ—પરાગનો ભોગી ભ્રમર. (થાય છે).

૨ गम्भीरमध्यस्य=ગંભીર છે મધ્ય ભાગ જેનો, એવા. यस्य=જે સંસારસમુદ્રનું अज्ञानवज्रमयं=અજ્ઞાનરૂપ વજ્રથી બનેલું तलं=તળીયું છે. यत्र=જ્યાં. व्यसनशैलौघैः=સંકટરૂપ પર્વતના સમૂહ વડે. रुद्धाः=રૂંધાયેલા. दुर्गमाः=જઇ ન શકાય તેવા. पन्थानः=માર્ગો છે.

[1] पातालकलशा-यत्र भृतास्तृष्णामहानिलैः ।
कषायाश्चित्तसंकल्पवेलावृद्धिं वितन्वते ॥ २ ॥

[2] स्मरौर्वाग्निर्ज्वलत्यन्तर्यत्र स्नेहेन्धनः सदा ।
यो घोररोगशोकादिमत्स्यकच्छपसंकुलः ॥ ३ ॥

[3] दुर्बुद्धिमत्सरद्रोहैर्विद्युद्दुर्वातगर्जितैः ।
यत्र सांयात्रिका लोकाः पतन्त्युत्पातसंकटे ॥ ४ ॥

[4] ज्ञानी तस्माद् भवाम्भोधेर्नित्योद्विग्नोऽतिदारुणात् ।
तस्य संतरणोपायं सर्वयत्नेन काङ्क्षति ॥ ५ ॥

---

૧ यत्र=જ્યાં. तृष्णामहानिलैः=તૃષ્ણારૂપ મહા વાયુથી. भृताः=ભરેલા. पातालकलशाः-પાતાલકલશરૂપ. कषायाः=ક્રોધાદિ ચાર કષાયો. चित्तसंकल्पवेलावृद्धिं-મનના સંકલ્પરૂપ ભરતીને. वितन्वते=વિસ્તારે છે. (૨)

૨ यत्र=જ્યાં. अन्तर्-મધ્યમાં. सदा=હંમેશાં. स्नेहेन्धनः=સ્નેહ-રાગ (જલ) રૂપ ઈંધનવાળો. स्मरौर्वाग्निः=કામરૂપ વડવાનલ. ज्वलति=બળે છે. यः=જે. घोररोगशोकादिमत्स्यकच्छपसंकुलः=ભયંકર રોગ અને શોકાદિરૂપ માછલાં અને કાચબાથી ભરેલો છે. (૩)

૩ दुर्बुद्धिमत्सरद्रोहैः=દુષ્ટબુદ્ધિ, મત્સર અને દ્રોહરૂપ. विद्युद्दुर्वातगर्जितैः=વિજળી, વાવાઝોડા અને ગર્જના વડે. यत्र=જ્યાં. सांयात्रिकाः=વહાણવટી लोकाः=લોકો. उत्पातसंकटे=તોફાનરૂપ સંકટમાં. पतन्ति=પડે છે. (૪)

૪ तस्माद्=તે. दारुणात्=ભયંકર. भवाम्भोधेः=સંસાર-

જેનો મધ્યભાગ અગાધ છે એવા સંસારસમુદ્રનું અજ્ઞાનરૂપ વજ્રથી બનેલું તળીઉં છે, જ્યાં સંકટરૂપ પર્વતોની શ્રેણી વડે રુંધાયેલા અને દુઃખે જઈ શકાય એવા વિષમ માર્ગો છે, (૧)

જ્યાં તૃષ્ણા-વિષયાભિલાષરૂપ મહાવાયુથી ભરેલા ક્રોધાદિ ચાર કષાયરૂપ પાતાલકલશો મનના વિકલ્પરૂપ વેલાની વૃદ્ધિ (ભરતી) કરે છે. (૨)

જ્યાં મધ્યભાગમાં સ્નેહ-રાગ (જળરૂપ) ઇંધનવાળો કંદર્પરૂપ વડવાનલ હંમેશા બળે છે. જે (સંસારસાગર) આકરા રોગ-શોકાદિરૂપ માછલા અને કાચબા વડે ભરપૂર છે. (૩)

જ્યાં દુર્બુદ્ધિ-માઠી બુદ્ધિ, ગુણોમાં રોષ કરવારૂપ મત્સર, દ્રોહ-અપકાર કરવાની બુદ્ધિરૂપ વિજળી, ભયંકર વાયુ અને ગર્જના વડે સાંયાત્રિક (વહાણવટી) લોકો ઉત્પાતરૂપ સંકટમાં પડે છે.(૪)

એવા અત્યન્ત ભયંકર સંસારસમુદ્રથી નિત્ય ભયભીત થયેલા જ્ઞાની તે ભવસમુદ્રને સર્વ પ્રકારના પ્રયત્નથી તરી જવાના ઉપાયને ઇચ્છે છે. (૫)

---

રૂપ સમુદ્રથી. नित्योद्विग्नः=હંમેશાં ભયભીત થયેલા. ज्ञानी=જ્ઞાની પુરૂષ. तस्य=તેને. तरणोपायं-તરવાના ઉપાયને. सर्वयत्नेन=સર્વ પ્રયત્ન વડે. काङ्क्षति=ઇચ્છે છે. (૫)

[1]
**तैलपात्रधरो यद्वद् राधावेधोद्यतो यथा ।**
**क्रियास्वनन्यचित्तः स्याद् भवभीतस्तथा मुनिः ॥६॥**

જેમ બાવનપલના તેલથી સંપૂર્ણ ભરેલા પાત્ર-થાળને ધારણ કરનાર મનુષ્ય મરણના ભયે રાજાના કહેવાથી બધા ચૌટામાં ફરી ત્યાં થતાં નાટકાદિને નહિ દેખતો અપ્રમત્તપણે એક પણ ટીપું પાડ્યા સિવાય લઈ આવ્યો અને જેમ રાધાવેધ સાધવામાં તત્પર થયેલો જેનું બીજે ક્યાંય ચિત્ત નથી એવા એકાગ્રચિત્તવાળો હોય તેમ સંસારથી ભય પામેલા મુનિ ચારિત્રક્રિયામાં એકાગ્રચિત્તવાળા હોય.

[2]
**विषं विषस्य वह्नेश्च वह्निरेव यदौषधम् ।**
**तत् सत्यं भवभीतानामुपसर्गेऽपि यन्न भीः ॥७॥**

---

१ यद्वत्=જેમ. तैलपात्रधरः=તેલના પાત્રને ધારણ કરનાર. यथा=જેમ. राधावेधोद्यतः=રાધાવેધ સાધવામાં તત્પર (એકાગ્ર મનવાળો હોય છે.) तथा=તેમ. भवभीतः=સંસારથી ભય પામેલા. मुनिः=સાધુ. क्रियासु=ચારિત્રની ક્રિયામાં. अनन्यचित्तः=એકાગ્રચિત્તવાળા હોય.

२ विषस्य=વિષનું. औषधं=ઓસડ. विषं-વિષ છે. च=અને. वह्नेः=અગ્નિથી દાઝેલાનું (ઓસડ). वह्निः=અગ્નિ છે. तत्=તે. सत्यं-સાચું છે. यत्=કારણ કે. भवभीतानां=સંસા-

વિષનું ઔષધ વિષ અને અગ્નિનું ઔષધ અગ્નિ જ કહેવાય છે, તે સત્ય છે. જેથી સંસારથી ભય પામેલાને ઉપસર્ગ પ્રાપ્ત થવા છતાં પણ ભય હોતો નથી.

**[1] स्थैर्यं भवभयादेव व्यवहारे मुनिर्व्रजेत् ।**
**स्वात्मारामसमाधौ तु तदप्यन्तर्निमज्जति ॥ ८ ॥**

વ્યવહારનયે મુનિ સંસારના ભયથી જ સ્થિરતા પામે છે, અને પોતાના આત્માની રતિરૂપ નિર્વિકલ્પ સમાધિમાં હોય ત્યારે સંસારનો ભય પણ સમાધિમાં જ મગ્ન થાય છે. કારણ કેઃ—

**"मोक्षे भवे च सर्वत्र निःस्पृहो मुनिसत्तमः ॥"**

મોક્ષ અને સંસારમાં બધે ય ઉત્તમ મુનિ નિઃસ્પૃહ હોય છે, એવું શાસ્ત્રવચન છે.

---

રથી ભય પામેલાને. उपसर्गेऽपि=ઉપસર્ગો પ્રાપ્ત થવા છતાં પણ. भीः=ભય. न=હોતો નથી.

૧ व्यवहारे=વ્યવહાર નયે. भवभयाद्=સંસારના ભયથી. एव=જ. मुनिः=સાધુ. स्थैर्यं=સ્થિરતા. व्रजेत्=પામે. तु=પરન્તુ. स्वात्मारामसमाधौ=પોતાના આત્માની રતિરૂપ સમાધિમાં. तदपि=તે ભય પણ. अन्तर्निमज्जति–અંદર વિલીન થાય છે.

# २३ लोकसंज्ञात्यागाष्टकम्

**[१] प्राप्तः षष्ठं गुणस्थानं भवदुर्गाद्रिलङ्घनम् ।**
**लोकसंज्ञारतो न स्यान्मुनिर्लोकोत्तरस्थितिः ॥१॥**

સંસારરૂપ વિષમ પર્વતનું ઉલ્લંઘન કરવારૂપ છઠ્ઠા ગુણસ્થાનકને પ્રાપ્ત થયેલ, જેની લોકોત્તર માર્ગમાં સ્થિતિ-મર્યાદા છે એવા મુનિ ‘લોકે કર્યું તે જ કરવું, પણ શાસ્ત્રાર્થ ન વિચારવો’ એવી બુદ્ધિરૂપ લોકસંજ્ઞામાં પ્રીતિવાળા ન હોય.

**[२] यथा चिन्तामणिं दत्ते बठरो बदरीफलैः ।**
**हहा जहाति सद्धर्मं तथैव जनरञ्जनैः ॥ २ ॥**

જેમ મૂર્ખ બોરવડે ( બોરના મૂલ્યથી ) ચિન્તામણિ રત્ન આપે છે, તેમજ મૂઢ વિવિધ પ્રકારના

---

૧ भवदुर्गाद्रिलङ्घनं=સંસારરૂપ વિષમ પર્વતનું ઉલ્લંઘન કરનાર. षष्ठं=છઠ્ઠા પ્રમત્ત નામે. गुणस्थानकं=ગુણસ્થાનકને. प्राप्तः=પ્રાપ્ત થયેલા. लोकोत्तरस्थितिः=લોકોત્તર માર્ગમાં સ્થિતિ જેની છે એવા. मुनिः=સાધુ. लोकसंज्ञारतः=લોકસંજ્ઞામાં પ્રીતિવાળા. न स्यात्=ન હોય.

૨ यथा=જેમ. बठरः=મૂર્ખ. बदरीफलैः=બોર વડે ( બોરના મૂલ્યથી ). चिन्तामणिं=ચિન્તામણિ રત્ન. दत्ते=આપે છે. तथैव=તેમજ. ( મૂઢ ) हहा=અરે. जनरञ्जनैः=લોકરંજન કરવા વડે. सद्धर्मं=સદ્ધર્મને जहाति=તજે છે.

લોકરંજન કરવા વડે સદ્ધર્મને તજે છે, એ ખેદનો વિષય છે.

१

लोकसंज्ञामहानद्यामनुस्रोतोऽनुगा न के ।
प्रतिस्रोतोऽनुगस्त्वेको राजहंसो महामुनिः ॥ ३ ॥

લોકસંજ્ઞારૂપ મોટી નદીમાં તૃણાદિની પેઠે પ્રવાહને અનુસરનારા એવા કોણ નથી? પણ સામે પ્રવાહે ચાલનાર એવો રાજહંસ એક મહામુનિ છે.

२

लोकमालम्ब्य कर्तव्यं कृतं बहुभिरेव चेत् ।
तदा मिथ्यादृशां धर्मो न त्याज्यः स्यात् कदाचन ॥४॥

જો લોકને અવલંબીને ઘણા માણસોએ જ

---

૧ लोकसंज्ञामहानद्यां=લોકસંજ્ઞારૂપ મોટી નદીમાં. अनुस्रोतोऽनुगाः=લોકપ્રવાહને અનુસરનારા. के=કોણ न=નથી. प्रतिस्रोतोऽनुगः=સામે પ્રવાહે ચાલનાર. राजहंसः=રાજહંસ જેવો. एकः=એક. महामुनिः=મુનીશ્વર છે.

૨ चेत्=જો. लोकं=લોકને. आलम्ब्य=અવલંબીને. बहुभिः=ઘણા માણસોએ. एव=જ. कृतं=કરેલું. कर्तव्यं=કરવા યોગ્ય હોય. तदा=તો. मिथ्यादृशां=મિથ્યાદૃષ્ટિઓનો. धर्मः=ધર્મ. कदाचन=કદી પણ. त्याज्यः=તજવા યોગ્ય. न स्यात्=ન હોય.

કરેલું કરવા યોગ્ય હોય તો મિથ્યાદૃષ્ટિનો ધર્મ ક્યારે પણ તજવા યોગ્ય ન હોય.

श्रेयोऽर्थिनो[१] हि भूयांसो लोके लोकोत्तरे न च ।
स्तोका हि रत्नवणिजः स्तोकाश्च स्वात्मसाधकाः ॥५॥

ખરેખર મોક્ષના અર્થી લોકમાર્ગ અને લોકોત્તર માર્ગમાં ઘણા નથી. કારણ કે રત્નના વેપારી થોડા છે, તેમ પોતાના આત્માના અર્થને સાધનારા પણ થોડા છે.

लोकसंज्ञाहता[२] हन्त नीचैर्गमनदर्शनैः ।
शंसयन्ति स्वसत्यांगमर्मघातमहाव्यथाम् ॥ ६ ॥

અફસોસ છે કે લોકસંજ્ઞાએ કરી હણાયેલા જીવો 'ધીમે જવું, નીચે જોવું' ઇત્યાદિ પ્રવૃત્તિ વડે

---

૧ हि=ખરેખર. श्रेयोऽर्थिनः= મોક્ષના અર્થી. लोके= લોકમાર્ગમાં. च=અને लोकोत्तरे=લોકોત્તર માર્ગમાં. भूयांसः= ઘણા. न=નથી. हि=કારણ કે. रत्नवणिजः=રત્નના વેપારી. स्तोकाः=થોડા છે. च=અને. स्वात्मसाधकाः=પોતાના આત્માનું સાધન કરનારા. स्तोकाः=થોડા છે.

૨ हन्त=અફસોસ છે કે. लोकसंज्ञाहताः=લોકસંજ્ઞાથી હણાયેલા. नीचैर्गमनदर्शनैः=ધીમે ચાલવા અને નીચે જોવા વડે. स्वसत्यांगमर्मघातमहाव्यथाम्=પોતાના સત્યવ્રતરૂપ અંગમાં મર્મ પ્રહારની મહાવેદનાને. शंसयन्ति=જણાવે છે.

પોતાના સત્ય વ્રતરૂપ અંગમાં થયેલી મર્મ પ્રહારની મહાવેદનાને જણાવે છે.

[1] **आत्मसाक्षिकसद्धर्मसिद्धौ किं लोकयात्रया ।**
**तत्र प्रसन्नचन्द्रश्च भरतश्च निदर्शने ॥ ७ ॥**

આત્માની સાક્ષીએ સદ્ધર્મની સિદ્ધિ થઈ હોય તો લોકયાત્રા–લોકવ્યવહારનું શું કામ છે? લોકને જણાવવાથી શું? તેમાં પ્રસન્નચન્દ્ર રાજર્ષિ અને ભરતરાજર્ષિના દૃષ્ટાન્ત છે. પ્રસન્નચન્દ્ર રાજર્ષિને દેખીતું બાહ્ય ચારિત્ર હોવા છતાં નરકગતિ યોગ્ય કર્મબન્ધ થયો અને ભરતમહારાજાને બાહ્ય ચારિત્ર વિના પણ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ.

[2] **लोकसंज्ञोज्झितः साधुः परब्रह्मसमाधिमान् ।**
**सुखमास्ते गतद्रोहममतामत्सरज्वरः ॥ ८ ॥**

---

૧ आत्मसाक्षिकसद्धर्मसिद्धौ=આત્મા સાક્ષી જેમાં છે એવા સત્ય ધર્મની પ્રાપ્તિ થયે. लोकयात्रया किम्=લોકવ્યવહારનું શું કામ છે? तत्र=તેમાં. प्रसन्नचन्द्रः=પ્રસન્નચન્દ્ર રાજર્ષિ. च=અને. भरतः=ભરત મહારાજા. निदर्शने=દૃષ્ટાન્ત છે.

૨ लोकसंज्ञोज्झितः=લોકસંજ્ઞાથી રહિત. परब्रह्मसमाधिमान्=પરબ્રહ્મને વિષે સમાધિવાળા, गतद्रोहममतामत्सरज्वरः=ગયા છે દ્રોહ, મમતા અને અભિમાન જ્વર જેના એવા. साधुः=મુનિ. सुखम्=સુખે. तिष्ठति=રહે છે.

લોકસંજ્ઞા રહિત, પરબ્રહ્મમાં લીનતા થવારૂપ સમાધિવાળા અને જેના દ્રોહ, મમતા અને મત્સરરૂપ જ્વર ગયા છે એવા સાધુ સુખે રહે છે.

## ૨૪ शास्त्राष्टकम् ।

**चर्मचक्षुर्भृतः सर्वे[१] देवाश्चावधिचक्षुषः ।**
**सर्वतश्चक्षुषः सिद्धाः साधवः शास्त्रचक्षुषः ॥ १ ॥**

બધા પ્રાણીઓ ચર્મચક્ષુને ધારણ કરનારા છે, દેવો અવધિજ્ઞાનરૂપ ચક્ષુવાળા છે, સિદ્ધ ભગવંતો સર્વ પ્રદેશે કેવલ ઉપયોગરૂપ ચક્ષુવાળા છે અને સાધુઓ શાસ્ત્રરૂપ ચક્ષુવાળા છે. સમયસારમાં કહ્યું છે કે—

**"आगमचक्खू साहू चम्मचक्खूणि सव्वभूयाणि ।**
**देवा य ओहिचक्खू सिद्धा पुण सव्वदोचक्खू" ॥**

આગમ ચક્ષુવાળા સાધુઓ છે, સર્વ પ્રાણીઓ ચર્મચક્ષુવાળા છે, દેવો અવધિજ્ઞાનરૂપ ચક્ષુવાળા છે અને સિદ્ધો સર્વતઃ ચક્ષુવાળા છે."

---

૧ सर्वे=બધા મનુષ્યો. चर्मचक्षुर्भृतः=ચર્મચક્ષુને ધારણ કરનારા છે, देवाः=દેવો. अवधिचक्षुषः=અવધિજ્ઞાનરૂપ ચક્ષુવાળા છે. सिद्धाः=સિદ્ધો. सर्वतश्चक्षुषः=સર્વ આત્મપ્રદેશે કેવલ. જ્ઞાન-દર્શનરૂપ ચક્ષુવાળા છે. च=અને. साधवः=સાધુઓ. शास्त्रचक्षुषः=શાસ્ત્રરૂપ ચક્ષુવાળા છે.

१
**पुरःस्थितानिवोर्ध्वाधस्तिर्यग्लोकविवर्तिनः ।**
**सर्वान् भावानवेक्षन्ते ज्ञानिनः शास्त्रचक्षुषा ॥ २ ॥**

જ્ઞાનીઓ શાસ્ત્રરૂપ ચક્ષુવડે જાણે આગળ રહેલા હોય તેમ સૌધર્માદિ ઊર્ધ્વલોક, નરકાદિ અધોલોક અને જંબૂલવણાદિ તિર્યગ્લોકમાં વિવિધ પરિણામ પામતા સર્વ ભાવ-પદાર્થને સાક્ષાત્ દેખે છે. અહીં શ્રુતસહચરિત માનસ અચક્ષુદર્શનથી દેખે છે એમ જાણવું.

२
**शासनात् त्राणशक्तेश्च बुधैः शास्त्रं निरुच्यते ।**
**वचनं वीतरागस्य तत्तु नान्यस्य कस्यचित् ॥ ३ ॥**

પંડિતોએ હિત શિખવવાથી અને રક્ષણ કરવાની શકિતથી શાસ્ત્ર શબ્દની વ્યુત્પત્તિ કરી છે. તે

---

૧ ज्ञानिनः=જ્ઞાની પુરુષો. शास्त्रचक्षुषा=શાસ્ત્રરૂપ ચક્ષુથી ऊर्ध्वाधस्तिर्यग्लोकविवर्तिनः=ઊર્ધ્વ, અધો અને તિરછા લોકમાં પરિણામ પામતા. सर्वभावान्=સર્વ ભાવોને. पुरःस्थितान् इव=સન્મુખ રહેલા હોય તેમ. साक्षात्=પ્રત્યક્ષ. अवेक्षन्ते=દેખે છે.

૨ शासनात्=હિતોપદેશ કરવાથી. च=અને त्राणशक्तेः=સર્વ જીવોને રક્ષણ કરવાના સામર્થ્યથી. बुधैः=પંડિતોએ. शास्त्रं निरुच्यते=શાસ્ત્ર શબ્દની વ્યુત્પત્તિ કરાય છે. तत्तु=તે શાસ્ત્ર તો. वीतरागस्य=વીતરાગનું. वचनं=વચન છે. अन्यस्य=બીજા. कस्यचित्=કોઇનું न= નથી.

સર્વગુણસહિત કેવલજ્ઞાન મૂલ કારણ જેનું છે એવું વીતરાગનું વચન છે. બીજા કોઈનું વચન તે શાસ્ત્ર કહેવા યોગ્ય નથી. પ્રશમરતિમાં કહ્યું છે કે—

**" शासनसामर्थ्येन च सत्राणबलेनानवद्येन ।**
**युक्तं यत् तच्छास्त्रं तच्चैतत् सर्वविद्वचनम् " ॥**

"હિતશિક્ષા આપવાના સામર્થ્યથી, અને નિર્દોષ-રક્ષણ કરવાની શક્તિથી યુક્ત હોય તે શાસ્ત્ર છે, અને તે સર્વજ્ઞનું વચન છે."

**[1]शास्त्रे पुरस्कृते तस्माद् वीतरागः पुरस्कृतः ।**
**पुरस्कृते पुनस्तस्मिन् नियमात् सर्वसिद्धयः ॥ ४ ॥**

તેથી શાસ્ત્ર આગળ કર્યું–મુખ્ય કર્યું એટલે તેણે વીતરાગ ભગવંત આગળ કર્યા. શાસ્ત્રના ઉપયોગે તેના કર્તા સાંભરે જ. અને વીતરાગને આગળ કર્યા એટલે અવશ્ય સર્વ સિદ્ધિઓ થાય છે. કહ્યું છે કે—

**" अस्मिन् हृदयस्थे सति हृदयस्थस्तत्त्वतो मुनीन्द्र इति ।**
**हृदयस्थिते च तस्मिन् नियमात् सर्वार्थसिद्धयः " ॥**

षोडशक २ श्लो० १४.

---

૧ तस्मात्=તેથી. शास्त्रे पुरस्कृते=શાસ્ત્રને આગળ કર્યું એટલે. वीतरागः=વીતરાગને. पुरस्कृतः=આગળ કર્યા. पुनः=વળી. तस्मिन् पुरस्कृते=તે વીતરાગને આગળ કર્યા એટલે. नियमात्=અવશ્ય. सर्वसिद्धयः=સર્વ સિદ્ધિ થાય છે.

" તીર્થંકર પ્રણીત આગમ હૃદયમાં હોય ત્યારે પરમાર્થથી તીર્થંકર ભગવંત હૃદયમાં હોય છે. કારણ કે તે તેના સ્વતંત્ર પ્રણેતા છે, અને જ્યારે તીર્થંકર ભગવંત હૃદયમાં હોય ત્યારે અવશ્ય સર્વ અર્થની સિદ્ધિ થાય છે."

**[1] अदृष्टार्थेऽनुधावन्तः शास्त्रदीपं विना जडाः ।**
**प्राप्नुवन्ति परं खेदं प्रस्खलन्तः पदे पदे ॥ ५ ॥**

જડ–અવિવેકી મનુષ્યો શાસ્ત્રરૂપ દીવા વિના અદૃષ્ટ–નહિ જોયેલા પરોક્ષ અર્થમાં પાછળ દોડતા અને પગલે પગલે સ્ખલના પામતા–ઠોકર ખાતા ઘણો ખેદ પામે છે.

**[2] शुद्धोञ्छाद्यपि शास्त्राज्ञानिरपेक्षस्य नो हितम् ।**
**भौतहन्तुर्यथा तस्य पदस्पर्शनिवारणम् ॥ ६ ॥**

---

૧ शास्त्रदीपं विना=શાસ્ત્રરૂપ દીવા વિના. अदृष्टार्थे=પરોક્ષ અર્થમાં. अनुधावन्तः=પાછળ દોડતા. जडाः=અવિવેકી જનો. पदे पदे=પગલે પગલે. प्रस्खलन्तः=ઠોકરો ખાતા. परं=અત્યન્ત खेदं=ક્લેશ. प्राप्नुवन्ति=પામે છે.

૨ शास्त्राज्ञानिरपेक्षस्य=શાસ્ત્રાજ્ઞાની અપેક્ષા રહિત, સ્વચ્છંદમતિને. शुद्धोञ्छाद्यपि=શુદ્ધ ભિક્ષા વગેરે બાહ્યાચાર પણ. हितं=હિતકારી. न=નથી. यथा=જેમ. भौतहन्तुः=ભૌતમતિને હણનારને. तस्य=તેના. (ભૌતમતિના). पदस्पर्शनिवारणम्=પગે સ્પર્શ કરવાનો નિષેધ કરવો. ( હિતકારક નથી. )

શાસ્ત્રાજ્ઞાની અપેક્ષારહિત આપમતિને (સ્વેચ્છાચારીને) શુદ્ધ-બેંતાળીશ દોષરહિત-આહારગવેષણાદિક પણ હિતકારક નથી. જેમ ભૌતમતિને હણનાર શબરને તેના પગે સ્પર્શ કરવાનું નિવારણ કરવું હિતકારક નથી. 'જીવતા ભૌતમતિના પગે સ્પર્શ ન કરવો' એ આજ્ઞા તેની પાસે રહેલા મયૂરપિચ્છના અર્થી શબરે જેમ તેને મારી તેના પગે સ્પર્શ કર્યા સિવાય મયૂરપિચ્છ લેતાં પાળી, તેમ આપમતિને શાસ્ત્રાજ્ઞા વિના બાહ્યાચારનું પરિપાલન જાણવું.

**[1]अज्ञानाहिमहामन्त्रं स्वाच्छन्द्यज्वरलङ्घनम् ।**
**धर्मारामसुधाकुल्यां शास्त्रमाहुर्महर्षयः ॥ ७ ॥**

મહર્ષિઓ શાસ્ત્રને મિથ્યાજ્ઞાનરૂપ સર્પને દમવાનો મહામન્ત્ર, સ્વેચ્છાચારીપણારૂપ જ્વરનું પાચન અને શમન કરવામાં લંઘનરૂપ, અને ધર્મરૂપ આરામ બગીચાને વિષે અમૃતની નીક સમાન કહે છે.

---

૧ महर्षयः=મોટા ઋષિઓ. शास्त्रं=શાસ્ત્રને. अज्ञानाहिमहामन्त्रं-અજ્ઞાનરૂપ સર્પનું ઝેર ઉતારવામાં મહામન્ત્ર સમાન. स्वाच्छन्द्यज्वरलङ्घनम्=સ્વચ્છંદતારૂપ જ્વરનો નાશ કરવામાં લાંઘણ સમાન. धर्मारामसुधाकुल्यां=ધર્મરૂપ બગીચામાં અમૃતની નીક જેવા. आहुः=કહે છે.

[1] शास्त्रोक्ताचारकर्ता च शास्त्रज्ञः शास्त्रदेशकः ।
शास्त्रैकदृग् महायोगी प्राप्नोति परमं पदम् ॥ ८ ॥

શાસ્ત્રમાં કહેલા આચારનું પાલન કરનાર, શાસ્ત્રનો જાણનાર, શાસ્ત્રનો ઉપદેશ કરનાર અને શાસ્ત્રને વિષે જેની એક અદ્વિતીય દૃષ્ટિ છે એવા મહાયોગી પરમપદ–મોક્ષને પામે છે.

## २९ परिग्रहाष्टकम् ।

[2] न परावर्तते राशेर्वक्रतां जातु नोज्झति ।
परिग्रहग्रहः कोऽयं विडम्बितजगत्त्रयः ॥ १ ॥

જે રાશિથી (ધનના રાશિથી) પાછો ફરતો નથી અને વક્રતાનો ત્યાગ કરતો નથી, જેણે ત્રણ

---

૧ शास्त्रोक्ताचारकर्ता=શાસ્ત્રમાં કહેલા આચારને પાળનાર. शास्त्रज्ञः–શાસ્ત્રને જાણનાર. शास्त्रदेशकः=શાસ્ત્રનો ઉપદેશ કરનાર. च=અને. शास्त्रैकदृग्=શાસ્ત્રમાં એક દૃષ્ટિવાળા. महायोगी=મહાન્ યોગી. परमं पदं=પરમ પદને (મોક્ષને) प्राप्नोति=પામે છે.

૨ राशेः=રાશિથી. न परावर्तते=પાછો ફરતો નથી. जातु=કદી પણ. वक्रतां=વક્રતાને न उज्झति=તજતો નથી. विडम्बितजगत्त्रयः=જેણે ત્રણ જગતના લોકોને વિડંબના પમાડી છે એવો. अयं=આ. परिग्रहग्रहः=પરિગ્રહરૂપ ગ્રહ. कः=કયો છે.

જગતને વિડંબના કરી છે એવો આ પરિગ્રહરૂપ કયો ગ્રહ છે? સર્વ ગ્રહોથી પરિગ્રહ ગ્રહ બલવાન છે. એની ગતિ કોઇએ જાણી નથી.

[1] परिग्रहग्रहावेशाद् दुर्भाषितरजःकिराम् ।
श्रूयन्ते विकृताः किं न प्रलापा लिङ्गिनामपि ॥२॥

પરિગ્રહરૂપ ગ્રહના અંદર પ્રવેશ થવાથી દુર્ભાષિત–ઉત્સૂત્ર રૂપ ધૂળને માથે ઉડાડનાર જૈન વેષધારીઓના પણ ઘેલછાના વિકારવંત પ્રલાપો–અસંબન્ધ વચનો શું સંભળાતાં નથી? અપિતુ સંભળાય છે. તો બીજાના માટે તો શું કહેવું?

[2] यस्त्यक्त्वा तृणवद् बाह्यमान्तरं च परिग्रहम् ।
उदास्ते तत्पदाम्भोजं पर्युपास्ते जगत्त्रयी ॥ ३ ॥

જે તૃણની પેઠે ધનધાન્યાદિ બાહ્ય અને

---

૧ परिग्रहग्रहावेशात्=પરિગ્રહરૂપ ગ્રહનો પ્રવેશ થવાથી दुर्भाषितरजःकिराम्=ઉત્સૂત્ર ભાષણરૂપ ધૂળ ઉડાડનારા. लिङ्गिनामपि=વેષધારીઓના પણ. विकृताः=વિકારવાળા. प्रलापाः=બકવાદો. किं=શું. न श्रूयन्ते=સંભળાતા નથી.

૨ यः=જે. तृणवद्=તરખલાની પેઠે. बाह्यं=બાહ્ય. च= અને. आन्तरं=અંતરંગ. परिग्रहं=પરિગ્રહને. त्यक्त्वा=તજીને. उदास्ते=ઉદાસીન રહે છે. तत्पदाम्भोजं=તેના ચરણકમલને. जगत्त्रयी=ત્રણ જગત. उपास्ते=સેવે છે.

મિથ્યાત્વાદિ અંતરંગ પરિગ્રહ તજી ઉદાસીન થઈને રહે છે, તેના ચરણકમળ ત્રણ જગત્ સેવે છે.

[1] **चित्तेऽन्तर्ग्रन्थगहने बहिर्निर्ग्रन्थता वृथा ।**
**त्यागात्कञ्चुकमात्रस्य भुजगो न हि निर्विषः ॥ ४ ॥**

અંતરંગ પરિગ્રહે કરીને ગહન—વ્યાકુલ ચિત્ત હોય તો બાહ્ય નિર્ગ્રન્થપણું ફોગટ છે. ખરેખર કાંચળી માત્રને છોડવાથી સાપ વિષરહિત થતો નથી.

[2] **त्यक्ते परिग्रहे साधोः प्रयाति सकलं रजः ।**
**पालित्यागे क्षणादेव सरसः सलिलं यथा ॥ ५ ॥**

જેમ પાળનો નાશ કરવાથી સરોવરનું સઘળું પાણી ક્ષણવારમાં ચાલ્યું જાય છે, તેમ પરિગ્રહનો ત્યાગ કરવાથી સાધુનું સઘળું પાપ ચાલ્યું જાય છે.

---

૧ अन्तर्ग्रन्थगहने=અંતરંગ પરિગ્રહે કરીને વ્યાકુલ. चित्ते=મન છે તો. बाह्यनिर्ग्रन्थता=બાહ્ય નિર્ગ્રન્થપણું. वृथा=ફોગટ છે. हि=કારણ કે. कञ्चुकमात्रत्यागात्=કાંચળી માત્ર છોડવાથી. भुजगः=સર્પ. निर्विषः=વિષ રહિત. न=થતો નથી.

૨ त्यक्ते परिग्रहे=પરિગ્રહનો ત્યાગ કર્યે. साधोः=સાધુનું सकलं=સઘળું. रजः=પાપ. क्षणादेव=ક્ષણમાં જ. प्रयाति=જાય છે, यथा=જેમ. पालित्यागे=પાળનો નાશ થતાં. सरसः=સરોવરનું. सलिलं=પાણી (ચાલ્યું જાય છે.)

[1] त्यक्तपुत्रकलत्रस्य मूर्च्छामुक्तस्य योगिनः ।
चिन्मात्रप्रतिबद्धस्य का पुद्गलनियन्त्रणा ॥ ६ ॥

પુત્ર, કલત્ર—સ્ત્રી અને ઉપલક્ષણથી સર્વ બન્ધનનો જેણે ત્યાગ કરેલો છે, જે મૂર્છાથી રહિત અને ચિન્માત્ર—જ્ઞાનમાત્રમાં આસક્ત છે, એવા યોગીને પુદ્ગલનું બન્ધન શું હોય?

[2] चिन्मात्रदीपको गच्छेद् निर्वातस्थानसंनिभैः ।
निष्परिग्रहतास्थैर्यं धर्मोपकरणैरपि ॥ ७ ॥

'જ્ઞાનમાત્ર પરિણામવાળા અપ્રમત્ત સાધુને વસ્ત્રપાત્રાદિ ચૌદ ધર્મોપકરણ ધારણ કરવાં ન ઘટે. કારણ કે તેનાં ગ્રહણ અને ધારણાદિ મૂર્છા વિના ન હોય, અને મુક્તાહારાદિ તો અનાહાર ભાવનારૂપ જ્ઞાનનું પ્રસાધન છે, તેનો અસંભવ સાધુને

૧ त्यक्तपुत्रकलत्रस्य=જેણે પુત્ર અને સ્ત્રીનો ત્યાગ કરેલો છે. मूर्च्छामुक्तस्य=મૂર્છા મમત્વથી રહિત. चिन्मात्रप्रतिबद्धस्य=જ્ઞાનમાત્રમાં આસક્ત. योगिनः=યોગિને. पुद्गलनियन्त्रणा=પુદ્ગલનું નિયન્ત્રણ—બન્ધન. का=શું હોય?

૨ चिन्मात्रदीपकः=જ્ઞાનમાત્રનો દીવો (અપ્રમત્ત સાધુ). निर्वातस्थानसन्निभैः=પવનરહિતસ્થાન જેવા. धर्मोपकरणैः=ધર્મનાં ઉપકરણો વડે. अपि=પણ, निष्परिग्रहतास्थैर्यं=પરિગ્રહના ત્યાગરૂપ સ્થિરતાને. गच्छेत्=પામે છે.

નથી' એવું દિગંબરો કહે છે. તેને પ્રતિબન્ધી દૂષણ આપવાના અભિપ્રાયે ગ્રન્થકર્તા કહે છે—

જ્ઞાનમાત્રનો દીપક (અપ્રમત્ત સાધુ) નિર્વાત-સ્થાન સમાન ધર્મોપકરણોએ કરીને નિષ્પરિગ્રહપણાની સ્થિરતાને પામે છે. એટલે જ્ઞાનદીપકને તૈલસમાન ચુક્તાહારે જેમ આધાર છે, તેમ નિર્વાતસ્થાન તુલ્ય ધર્મોપકરણવડે પણ આધાર છે. એમ જાણવું.

**मूर्च्छाछन्नधियां सर्वं जगदेव परिग्रहः ।**
**मूर्च्छया रहितानां तु जगदेवापरिग्रहः ॥ ८ ॥**

મૂર્છાએ કરીને જેની બુદ્ધિ ઢંકાયેલી છે તેને સર્વ જગત જ પરિગ્રહ છે અને મૂર્છાથી રહિત જ્ઞાનીને તો જગત જ અપરિગ્રહરૂપ છે વિશેષાવશ્યક-ભાષ્યમાં કહ્યું છે કે—

**तम्हा किमत्थि वत्थुं गंथोऽगंथो व सव्वहा लोए ।**
**गंथाऽगंथो व मओ मुच्छाऽमुच्छाहिं निच्छयओ ॥**
**वत्थाइ तेण जं जं संजमसाहणमरागदोसस्स ।**
**तं तमपरिग्गहो च्चिय परिग्गहो जं तदुवघाई ॥**

गा० ३०७५-७६

"તેથી લોકમાં એવી કઇ વસ્તુ છે કે જેને સર્વથા પરિગ્રહ અથવા અપરિગ્રહરૂપ કહેવાય? માટે નિશ્ચય દૃષ્ટિથી મૂર્છાથી પરિગ્રહ અને અમૂર્છાથી અપરિગ્રહ કહેલો

---

१ मूर्च्छाछन्नधियां=મૂર્છાથી જેની બુદ્ધિ ઢંકાયેલી છે

છે. તેથી રાગદ્વેષરહિત આત્માને સંયમના સાધનભૂત વસ્ત્રાદિ અપરિગ્રહરૂપ છે, અને સંયમનો ઉપઘાત કરનાર છે, તે પરિગ્રહ છે."

## २६ अनुभवाष्टकम् ।

१
सन्ध्येव दिनरात्रिभ्यां केवलश्रुतयोः पृथक् ।
बुधैरनुभवो दृष्टः केवलार्कारुणोदयः ॥ १ ॥

જેમ દિવસ અને રાત્રિથી સંધ્યા જુદી છે, તેમ કેવલજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી ભિન્ન કેવલજ્ઞાનરૂપ સૂર્યના અરુણોદયરૂપ અનુભવ પંડિતોએ દીઠો છે. એટલે મતિ-શ્રુતજ્ઞાનનાં ઉત્તરભાવી અને કેવલજ્ઞાનથી અવ્યવહિત (અન્તર રહિત) પૂર્વભાવી પ્રકાશને અનુભવ કહે છે. તેનું બીજું નામ પ્રાતિભજ્ઞાન છે.

---

તેઓને. सर्वं=બધું. जगद् एव=જગત જ परिग्रहः=પરિગ્રહરૂપ છે. तु=પરન્તુ. मूर्च्छया=મૂર્છાથી. रहितानां=રહિતને जगद् एव=જગત જ. अपरिग्रहः=અપરિગ્રહ રૂપ છે.

૧ इव=જેમ. दिनरात्रिभ्यां=દિવસ અને રાત્રિથી. सन्ध्या=સંધ્યા. पृथक्=જુદી છે. (તેમ)केवलश्रुतयोः=કેવલજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી. पृथक्=ભિન્ન. केवलार्कारुणोदयः=કેવલજ્ઞાન-રૂપ સૂર્યના અરૂણોદય સમાન. अनुभवः=અનુભવ. बुधैः=જ્ઞાની પુરૂષોએ. दृष्टः=દીઠો છે.

[1] व्यापारः सर्वशास्त्राणां दिक्प्रदर्शन एव हि ।
पारं तु प्रापयत्येकोऽनुभवो भववारिधेः ॥ २ ॥

ખરેખર સઘળાં શાસ્ત્રોનો વ્યાપાર ઉપાયપ્રવર્તન-દિશા બતાવવાનો જ છે. પરન્તુ એક અનુભવ સંસારસમુદ્રનો પાર પમાડે છે.

[2] अतीन्द्रियं परं ब्रह्म विशुद्धानुभवं विना ।
शास्त्रयुक्तिशतेनापि न गम्यं यद् बुधा जगुः ॥ ३ ॥

ઈન્દ્રિયોને અગોચર સર્વોપાધિ રહિત શુદ્ધ બ્રહ્મ-આત્મા વિશેષ શુદ્ધ અનુભવ વિના શાસ્ત્રની સેંકડો યુક્તિઓ વડે પણ જાણી શકાય તેમ નથી. જેથી પંડિતોએ કહ્યું છે.

---

૧ सर्वशास्त्राणां=સર્વ શાસ્ત્રોનો. व्यापारः=ઉદ્યમ. दिक्प्रदर्शनः=દિશાને બતાવનાર. एव=જ, हि=ખરેખર છે. तु=પરન્તુ. एकः=એક अनुभवः=અનુભવ, भववारिधेः=સંસાર સમુદ્રનો. पारं=પાર. प्रापयति=પમાડે છે.

૨ अतीन्द्रियं=ઈન્દ્રિયને અગોચર. परं ब्रह्म=પરમાત્મસ્વરૂપ. विशुद्धानुभवं विना=વિશુદ્ધ અનુભવ સિવાય. शास्त्रयुक्तिशतेन=શાસ્ત્રની સેંકડો યુક્તિઓ વડે. अपि=પણ. न गम्यं= જાણવા યોગ્ય નથી. यद्=જેથી. बुधाः=પંડિતોએ. जगुः=કહ્યું છે.

१
ज्ञायेरन् हेतुवादेन पदार्था यद्यतीन्द्रियाः ।
कालेनैतावता प्राज्ञैः कृतः स्यात् तेषु निश्चयः ॥४॥

જો યુક્તિશાસ્ત્રે કરીને ઈન્દ્રિયોને અગોચર ધર્માસ્તિકાયાદિ પદાર્થો હથેળીમાં રહેલા આમળાની પેઠે જાણી શકાય તો એટલા કાળે અતીન્દ્રિય પદાર્થોને વિષે પંડિતોએ અસંદિગ્ધ અને અભ્રાન્ત નિર્ણય કર્યો હોત.

આત્મા પણ અતીન્દ્રિય પદાર્થ છે, તેના પર્યાય પણ અતીન્દ્રિય છે. માટે તે તે વ્યક્તિને ચોક્કસ મોક્ષના ઉપાયનું પરિજ્ઞાન થવાને માટે સામર્થ્યયોગરૂપ અનુભવ પ્રમાણ અવશ્ય માનવું એ ભાવાર્થ છે.

२
केषां न कल्पनादर्वी शास्त्रक्षीरान्नगाहिनी ।
विरलास्तद्रसास्वादविदोऽनुभवजिह्वया ॥५॥

---

१ यदि=જો. हेतुवादेन=યુક્તિથી, अतीन्द्रियाः=ઈન્દ્રિયોને અગોચર पदार्थाः=પદાર્થો. ज्ञायेरन्=જાણી શકાય. (તો) एतावता=એટલા. कालेन=કાળે. प्राज्ञैः=પંડિતોએ तेषु=તે અતીન્દ્રિય પદાર્થ વિષે निश्चयः=નિશ્ચય. कृतः स्यात्=કરી લીધો હોત.

२ केषां=કોની. कल्पनादर्वी=કલ્પનારૂપ કડછી. शास्त्र-क्षीरान्नगाहिनी=શાસ્ત્રરૂપ ક્ષીરાન્નમાં પ્રવેશ કરનારી. न=નથી.

કોની કલ્પનારૂપ કડછી શાસ્ત્રરૂપ ક્ષીરાન્નમાં અવગાહનારી-પ્રવેશ કરનારી નથી ? અર્થાત્ સર્વની કલ્પના શાસ્ત્રમાં પ્રવેશ કરે છે. પરન્તુ અનુભવરૂપ જીભ વડે શાસ્ત્રરૂપ ક્ષીરના રસનો આસ્વાદ-રહસ્ય ચર્વણાના જાણનારા થોડા છે. એટલે શાસ્ત્રજ્ઞાન તે બાહ્ય અને અનુભવ તે અંતરંગ એમ જાણવું.

**[1] पश्यतु ब्रह्म निर्द्वन्द्वं निर्द्वन्द्वानुभवं विना ।**
**कथं लिपीमयी दृष्टिर्वाङ्मयी वा मनोमयी ॥६॥**

નિર્દ્વન્દ્વ-સર્વ પ્રકારના કલેશ રહિત બ્રહ્મ-આત્મસ્વરૂપને દ્વન્દ્વરહિત-શુદ્ધ અપરોક્ષ (પ્રત્યક્ષ) અનુભવ વિના લિપીમયી-સંજ્ઞાક્ષરરૂપ, વાઙ્મયી-વ્યંજનાક્ષર (ઉચ્ચારણ કરવા) રૂપ અને મનોમયી-લબ્ધ્યક્ષર (અર્થના પરિજ્ઞાન) રૂપ દૃષ્ટિ કેવી રીતે દેખે? શાસ્ત્રદૃષ્ટિએ બ્રહ્મ ન જણાય, ચર્મદૃષ્ટિએ તો ન જ જણાય; પરન્તુ કેવલ (અનુભવ) દૃષ્ટિએ જ જણાય.

---

(પણ). विरलाः=થોડા. अनुभवजिह्वया=અનુભવરૂપ જીભવડે. तद्रसास्वादविदः=શાસ્ત્રના રસના આસ્વાદને જાણનારા છે.

૧ निर्द्वन्द्वानुभवं विना=કલેશ રહિત શુદ્ધ અનુભવ વિના. लिपीमयी=પુસ્તકરૂપ. वाङ्मयी=વાણીરૂપ. मनोमयी=અર્થના જ્ઞાનરૂપ. दृष्टिः=દૃષ્ટિ. निर्द्वन्द्वं=રાગદ્વેષાદિ રહિત, શુધ્ધ, ब्रह्म=આત્મસ્વરૂપને. कथं=કેમ, पश्यतु=દેખે.

[1] न सुषुप्तिरमोहत्वान्नापि च स्वापजागरौ ।
कल्पनाशिल्पविश्रान्तेस्तुर्यैवानुभवो दशा ॥ ७ ॥

અનુભવ એ સુષુપ્તિ દશા નથી, કારણ કે તે મોહરહિત છે, અને સુષુપ્તિ તો નિર્વિકલ્પ છે, પણ મોહસહિત છે. વળી તે સ્વપ્નદશા અને જાગ્રદ્દશા પણ નથી, કારણ કે કલ્પના રૂપ શિલ્પ-કારીગરીની વિશ્રાન્તિ-અભાવ છે અને સ્વપ્ન તથા જાગ્રદ્દશા તો કલ્પનારૂપ છે. માટે અનુભવ એ ચોથી જ દશા-અવસ્થા છે.

[2] अधिगत्याखिलं शब्दब्रह्म शास्त्रदृशा मुनिः ।
स्वसंवेद्यं परं ब्रह्मानुभवेनाधिगच्छति ॥ ८ ॥

મુનિ શાસ્ત્રદૃષ્ટિથી સઘળું શબ્દબ્રહ્મ જાણીને

---

૧ अमोहत्वात्=મોહરહિત હોવાથી सुषुप्तिः=ગાઢ નિદ્રા. રૂપ સુષુપ્તિ દશા न=નથી. कल्पनाशिल्पविश्रान्तेः=કલ્પનારૂપ કારીગરીનો અભાવ હોવાથી. स्वाप-जागरौः=સ્વપ્ન અને જાગ્રદ્ દશા. अपि च=પણ. न=નથી. (તેથી) अनुभवः=અનુભવ. तुर्या=ચોથી. एव=જ. दशा=અવસ્થા છે.

૨ मुनिः=મુનિ. शास्त्रदृशा=શાસ્ત્ર દૃષ્ટિવડે. अखिलं=સમસ્ત. शब्दब्रह्म=શબ્દબ્રહ્મને. अधिगत्य=જાણીને, अनुभवेन=અનુભવ વડે. स्वसंवेद्यं=સ્વયંપ્રકાશ. (એવા) परं ब्रह्म=પરબ્રહ્મને-પરમાત્માને. अधिगच्छति=જાણે છે.

અનુભવ વડે અન્ય નિરપેક્ષ સ્વપ્રકાશ પરમ બ્રહ્મને જાણે છે.

## २७ योगाष्टकम्

**[1] मोक्षेण योजनाद् योगः सर्वोऽप्याचार इष्यते ।**
**विशिष्य स्थानवर्णार्थालम्बनैकाग्र्यगोचरः ॥ १ ॥**

મોક્ષની સાથે આત્માને જોડવાથી યોગ શબ્દનો અર્થ સઘળો ય આચાર ઇષ્ટ છે. વિશેષે કરીને (સામાન્ય શબ્દને વિશેષપરક કરીને) [2]સ્થાન-મુદ્રા, વર્ણ-

---

१ मोक्षेण=મોક્ષની સાથે. योजनात्=આત્માને જોડવાથી- सर्वोऽपि=બધો ય. आचारः=આચાર. योगः=યોગ, इष्यते=કહેવાય છે. (ते) विशिष्य=વિશેષ કરીને. स्थान-वर्ण-अर्थ-आलम्बन-एकाग्रयगोचरः=સ્થાન- આસનાદિ વર્ણ-અક્ષર, અર્થજ્ઞાન, આલંબન અને એકાગ્રતાવિષયક છે.

२ ठाणुन्नत्थालंबणरहिओ तंतम्मि पंचहा एसो
दुगमित्थ कम्मजोगो तहा तियं नाणजोगो उ" ॥
योगविंशिका गा० २

૧ સ્થાન-કાયોત્સર્ગ, પર્યંકબન્ધ અને પદ્માસન વગેરે આસન વિશેષ, ૨ ઊર્ણ એટલે શબ્દ, ક્રિયાનુષ્ઠાન વગેરે કરતાં ઉચ્ચારાતા સૂત્રના વર્ણાક્ષરો, ૩ શબ્દના અર્થનો નિશ્ચય, ૪ આલમ્બન-બાહ્ય પ્રતિમાદિનું ધ્યાન, ૫ રહિત એટલે રૂપી દ્રવ્યના આલંબન રહિત નિર્વિકલ્પ ચૈતન્યમાત્રની સમાધિ. એમ પાંચ પ્રકારનો યોગ શાસ્ત્રમાં કહેલો છે. અહીં

અક્ષર, શબ્દ વાચ્ય અર્થ, કાયોત્સર્ગાદિનું આલમ્બન અને એકાગ્રતા–સિદ્ધસ્મરણ એ પાંચ બાબતને ગોચર જે આચાર તે યોગ કહેવા યોગ્ય છે.

[1]

**कर्मयोगद्वयं तत्र ज्ञानयोगत्रयं विदुः ।**
**विरतेष्वेव नियमाद् बीजमात्रं परेष्वपि ॥२॥**

તે પાંચ યોગમાં બે કર્મયોગ--ક્રિયાયોગ અને ત્રણ જ્ઞાનયોગ છે એમ જ્ઞાની પુરુષો જાણે છે. એ પાંચ પ્રકારનો યોગ વિરતિવંતમાં નિશ્ચયથી હોય છે ને બીજા માર્ગાનુસારીપ્રમુખમાં કેવળ બીજરૂપ હોય છે.

---

સ્થાન અને શબ્દ એ બન્ને કર્મયોગ છે. કારણ કે સ્થાન સાક્ષાત્ ક્રિયારૂપ છે અને ઉચ્ચારાતો શબ્દ ઉચ્ચારણના અંશમાં ક્રિયારૂપ છે. અર્થ, આલમ્બન અને આલંબન રહિત એ ત્રણ જ્ઞાનયોગ છે. કારણ કે અર્થ વગેરે સાક્ષાત્ જ્ઞાન-રૂપ છે."

૧ तत्र=તેમાં. कर्मयोगद्वयं=બે કર્મયોગ. (અને) ज्ञानयोगत्रयं=ત્રણ જ્ઞાનયોગ. (જ્ઞાની) विदुः=જાણે છે. (એ) विरतेषु=વિરતિવંતમાં. नियमात्=અવશ્ય હોય છે. परेष्वपि= બીજામાં પણ. बीजमात्रं=યોગના બીજરૂપ છે.

"देसे सव्वे य तहा नियमेण सो चरित्तिणो होइ ।
इयरस्स बीयमित्तं इत्तु च्चिय केइ इच्छंति ॥"

योगविंशिका गा० ३

१
कृपानिर्वेदसंवेगप्रशमोत्पत्तिकारिणः ।
भेदाः प्रत्येकमत्रेच्छाप्रवृत्तिस्थिरसिद्धयः ॥३॥

અહીં સ્થાનાદિ પ્રત્યેક યોગના ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થિરતાઅને સિદ્ધિ એ ચાર ભેદો છે, તે કૃપા-અનુકંપા, નિર્વેદ--સંસારનો ભય, સંવેગ--મોક્ષની ઇચ્છા અને પ્રશમ–ઉપશમની ઉત્પત્તિ કરનારા છે. સ્થાનાદિ યોગના પાંચ પ્રકારને ચારગુણા કરતાં વીશ ભેદો થાય છે.

---

દેશથી અને સર્વથી ચારિત્રવંતને એ પૂર્વોક્ત યોગ અવશ્ય હોય છે, અને દેશવિરતિ અને સર્વચારિત્રી સિવાયના બીજાને વિષે યોગનો સંભવ નહિ હોવાથી કેટલાએક આચાર્યો તેમાં બીજમાત્રરૂપ યોગ માને છે. યદ્યપિ ચારિત્ર મોહનીયના ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલ દેશવિરતિ અને સર્વવિરતિ ચારિત્રવાળાને જ સ્થાનાદિરૂપ યોગ હોય છે, તો પણ દેશવિરતિ આદિ ગુણસ્થાનક રહિત પણ વ્યવહારથી શ્રાવકધર્માદિમાં પ્રવૃત્તિ કરતા શ્રાવકાદિને સ્થાનાદિ ક્રિયા યોગના બીજરૂપ હોય છે' તેથી અપુનર્બન્ધક અને અવિરતિ સમ્યગ્દૃષ્ટિને વિષે યોગ બીજમાત્ર રૂપ હોય છે.'

૧ अत्र=અહીં. प्रत्येकं=પ્રત્યેક યોગના. इच्छा-प्रवृत्ति-स्थिर-सिद्धयः=ઇચ્છા, પ્રવૃત્તિ સ્થિરતા અને સિદ્ધિ એ ચાર ભેદો છે. (તે) कृपा-निर्वेद-संवेग-प्रशमोत्पत्तिकारिणः=કૃપા, સંસારનો ભય, મોક્ષની ઇચ્છા, અને પ્રશમની ઉત્પત્તિ કરનારા છે.

२ अणुकंपा निव्वेओ संवेगो होइ तह य पसमु त्ति ।
एएसिं अणुभावा इच्छाईणं जहासंखं ॥ ८ ॥

१
इच्छा तद्वत्कथाप्रीतिः प्रवृत्तिः पालनं परम् ।
स्थैर्यं बाधकभीहानिः सिद्धिरन्यार्थसाधनम् ॥ ४ ॥

તે યોગવાળા યોગની કથા-વાર્તા સાંભળતાં

---

અહીં ઇચ્છાદિ યોગનું કાર્ય દર્શાવે છે-દ્રવ્યથી અને ભાવથી દુઃખી પ્રાણીઓના દુઃખને દૂર કરવાની ઇચ્છા તે અનુકંપા. સંસારનું નિર્ગુણપણું જાણવાને લીધે સંસારરૂપ કારાગૃહથી વિરક્તપણું તે નિર્વેદ, સંવેગ-મોક્ષનો અભિલાષ, પ્રશમ-ક્રોધરૂપ ખરજ અને વિષયતૃષ્ણાનો ઉપશમ. એમ ઇચ્છાદિ યોગના કાર્યો છે, જો કે આગમમાં અનુકંપા વગેરે સમ્યક્ત્વના લક્ષણ કહેલાં છે, તો પણ યોગના અનુભવથી સિદ્ધ થયેલા વિશિષ્ટ અનુકંપાદિ ઇચ્છાયોગ વગેરેનાં કાર્ય કહેવામાં વિરોધ નથી વસ્તુતઃ કેવળ સમ્યક્ત્વની પ્રાપ્તિમાં પણ વ્યવહારથી ઇચ્છાદિ યોગની પ્રવૃત્તિથી અનુકંપાદિ ભાવની નિષ્પત્તિ થાય છે. એટલે સામાન્ય અનુકંપાદિમાં સામાન્ય ઇચ્છાયોગાદિ કારણ છે અને વિશેષ અનુકંપાદિમાં વિશિષ્ટ ઇચ્છાયોગાદિ કારણ છે. જુઓ યોગવિંશિકા ગા. ૮ ની ટીકા.

૧ तद्वत्कथाप्रीतिः=યોગીની કથામાં પ્રીતિ હોવી તે. इच्छा=ઇચ્છાયોગ. परं=અધિક. पालनं=ઉપાયોનું પાલન કરવું તે प्रवृत्तिः=પ્રવૃત્તિયોગ. बाधकभीहानिः=અતિચારના ભયનો ત્યાગ તે. स्थैर्यं=સ્થિરતાયોગ. (અને) अन्यार्थसाधनं=બીજાના અર્થનું સાધન કરવું તે. सिद्धिः=સિદ્ધિયોગ છે.

પ્રીતિ ઉપજે તે [1]ઇચ્છાયોગ અધિક પ્રયત્નથી શુભ ઉપાયોનું પાલન કરવું તે પ્રવૃત્તિયોગ, બાધક–અતિચા-

---

१ तज्जुत्तकहापीईइ संगया विपरिणामिणी इच्छा ।
सव्वत्थुवसमसारं तप्पालणमो पवत्ती उ" ॥ योगविंशिका गा० ५

સ્થાનાદિયોગવાળા મુનિઓની કથામાં અર્થબોધની ઇચ્છાથી ઉત્પન્ન થયેલ હર્ષસહિત અને વિધિપૂર્વક અનુષ્ઠાન કરનારા પ્રતિ બહુમાનાદિ ગર્ભિત પોતાના વીર્યોલ્લાસથી કંઇક અભ્યાસરૂપ વિચિત્ર પરિણામયુક્ત ઇચ્છાયોગ કહેવાય છે. અહીં દ્રવ્ય–ક્ષેત્રાદિ સામગ્રીના અભાવે શાસ્ત્રવિહિત સ્થાનાદિ યોગની ઇચ્છાથી યથાશકિત સ્થાનાદિયોગનું આ-ચરણ પણ ઇચ્છાયોગરૂપ છે. સર્વ અવસ્થામાં ઉપશમપૂર્વક સ્થાનાદિયોગનું પાલન કરવું તે પ્રવૃત્તિ યોગ છે. અહીં અધિક વીર્ય હોવાથી સામગ્રીની પરિપૂર્ણતાને લીધે શાસ્ત્રવિહિત સ્થાનાદિયોગનું પાલન કરે છે માટે તે પ્રવૃત્તિ યોગરૂપ છે."

तह चेव एयबाहकचिन्तारहियं थिरत्तणं नेयं ।
सव्वं परत्थसाहगरूवं पुण होइ सिद्धि त्ति ॥ योगविंशिका गा० ६

સ્થાનાદિ યોગનું પાલન બાધક દોષની ચિન્તારહિત હોય તે સ્થિરતા જાણવી. પ્રવૃત્તિરૂપ યોગ અતિચાર સહિત હોવાથી બાધકની ચિન્તા સહિત છે અને સ્થિરતારૂપ યોગ શુદ્ધિવિશેષથી બાધક દોષની ચિન્તારહિત છે. સર્વ સ્થાનાદિ યોગ પોતાનામાં ઉપશમવિશેષ આદિ ફળ ઉત્પન્ન કરતાં સ્થા-નાદિ યોગની શુદ્ધિરહિત બીજાઓને પણ તેની શુદ્ધિ કરવા દ્વારા પોતાના જેવા ફળના સાધક થાય તે સિદ્ધિયોગ. એ હેતુથી જેણે અહિંસાની સિદ્ધિ કરી છે એવા યોગીઓની

રના ભયની હાનિ (ત્યાગ) એટલે જ્યાં અતિચાર લાગે નહિ તે સ્થિરતાયોગ. 'તેના સંગે વૈરનો ત્યાગ થાય' ઈત્યાદિ પરાર્થનું સાધન થાય તે સિદ્ધિયોગ કહેવાય.

१
**अर्थालम्बनयोश्चैत्यवन्दनादौ विभावनम् ।**
**श्रेयसे योगिनः स्थानवर्णयोर्यत्न एव च ॥५॥**

ચૈત્યવન્દનાદિ ક્રિયામાં અર્થ અને આલમ્બન એ બે યોગનું વિભાવન–વારંવાર સ્મરણ કરવું, તથા સ્થાન અને વર્ણને વિષે ઉદ્યમ જ યોગીના કલ્યાણ માટે થાય છે.

२
**आलम्बनमिह ज्ञेयं द्विविधं रूप्यरूपि च ।**
**अरूपिगुणसायुज्ययोगोऽनालम्बनः परः ॥६॥**

---

પાસે હિંસક પ્રાણીઓ પણ હિંસા કરવા સમર્થ થતા નથી. જેણે સત્યધર્મની સિદ્ધિ કરી છે તેની પાસે અસત્યવાદી અસત્ય બોલી શકતા નથી એ સિદ્ધિયોગ સમજવો.

૧ चैत्यवन्दनादौ=ચૈત્યવન્દનાદિ ક્રિયામાં. अर्थालम्बनयोः=અર્થ અને આલમ્બનનું. विभावनं=સ્મરણ કરવું. च=અને. स्थानवर्णयोः=સ્થાન અને વર્ણને વિષે. यत्न एव=ઉદ્યમ જ. योगिनः=યોગીના. श्रेयसे=કલ્યાણને માટે થાય છે.

૨ इह=અહીં. आलम्बनं=આલંબન. रूपि=રૂપી. च=અને. अरूपि=અરૂપી द्विविधं=બે પ્રકારે છે. તેમાં) अरूपिगुणसायुज्ययोगः=અરૂપી–સિદ્ધના સ્વરૂપ સાથે તન્મયપણારૂપ યોગ તે. परः=ઉત્કૃષ્ટ. अनालम्बनः=અનાલંબન યોગ છે.

અહીં આલંબન રૂપી અને અરૂપી એમ બે પ્રકારે [1]જાણવું. અરૂપિગુણ–સિદ્ધસ્વરૂપના તાદાત્મ્યપણે યોગ તે ઈષદ્–થોડું અવલમ્બન હોવાથી ઉત્કૃષ્ટ અનાલંબન યોગ કહેવાય છે. કહ્યું છે કે—

**तत्राप्रतिष्ठितः खलु यतः प्रवृत्तश्च तत्त्वतस्तत्र ।**
**सर्वोत्तमानुजः खलु तेनानालम्बनो गीतः ॥**

षोडशक १६ श्लो० ९

જ્યાંસુધી પરમાત્મતત્ત્વનું દર્શન થાય ત્યાં સુધી પરમાત્મતત્ત્વના દર્શનની અપ્રસંગભાવે ઈચ્છારૂપ અનાલંબન યોગ છે. તે પરમાત્મતત્ત્વમાં સ્થિરતા રહિત છે અને જેથી ધ્યાન દ્વારા પરમાત્મદર્શનમાં પ્રવૃત્તિ થાય છે. તેથી યોગનિરોધ રૂપ સર્વોત્તમ યોગના પૂર્વભાવી અનાલંબન યોગ કહેલો છે.

નિરાલંબન યોગ તે ધારાવાહી પ્રશાન્તવાહિતા નામ ચિત્ત છે. તે યત્ન શિવાય સ્મરણની અપે-

---

१ "आलंबणं पि एयं रुविमरुवि य इत्थ परमु त्ति ।
तग्गुणपरिणइरूवो सुहुमो अणालंबणो नाम" ॥

योगविंशिका गा० १९

"અહીં યોગવિચાર પ્રસંગે સમવસરણસ્થિત જિન અને તેની પ્રતિમાદિરૂપ રૂપી આલમ્બન તથા પરમ–પરમાત્મા રૂપ અરૂપી આલંબન–એમ આલંબન બે પ્રકારે છે. તેમાં અરૂપી પરમાત્માના કેવલજ્ઞાનાદિ ગુણોની તન્મયતારૂપ યોગ ઇન્દ્રિયોને અગોચર હોવાથી સૂક્ષ્મ અનાલમ્બન યોગ કહ્યો છે."

ક્ષાએ સ્વરસથી જ સદૃશ ધારાએ પ્રવર્તે છે એમ જાણવું.

[1]प्रीति-भक्ति-वचो-ऽसंगैः स्थानाद्यपि चतुर्विधम् ।
तस्मादयोगयोगाप्तेर्मोक्षयोगः क्रमाद्भवेत् ॥ ७ ॥

પ્રીતિ ભક્તિ, વચન અને અસંગ અનુષ્ઠાનના ભેદે સ્થાનાદિક વીશ યોગ પણ ચાર પ્રકારે છે તે સકલ યોગથી અયોગ નામે શૈલેશી યોગની પ્રાપ્તિ થવાથી અનુક્રમે મોક્ષયોગ પ્રાપ્ત થાય છે. કહ્યું છે કે-

"यत्रादरोऽस्ति परमः प्रीतिश्च हितोदया भवति कर्तुः।
शेषत्यागेन करोति यच्च तत्प्रीत्यनुष्ठानम् ।
गौरवविशेषयोगाद् बुद्धिगतो यद्विशुद्धतरयोगम् ।
क्रियेतरतुल्यमपि ज्ञेयं तद्भक्त्यनुष्ठानम् ॥
अत्यन्तवल्लभा खलु पत्नी तद्वद्धिता च जननीति ।
तुल्यमपि कृत्यमनयोर्ज्ञातं स्यात् प्रीतिभक्तिगतम् ॥
वचनात्मिका प्रवृत्तिः सर्वत्रौचित्ययोगतो या तु ।
वचनानुष्ठानमिदं चारित्रवतो नियोगेन ॥

---

૧ प्रीतिभक्तिवचोऽसंगैः=પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ અનુષ્ઠાન વડે. स्थानाद्यपि=સ્થાનાદિ યોગ પણ. चतुर्विधं=ચાર પ્રકારે છે. तस्मात्=તેથી. अयोगयोगाप्तेः=યોગના નિરોધરૂપ યોગની પ્રાપ્તિ થવાથી. क्रमात्=અનુક્રમે. मोक्षयोगः=મોક્ષરૂપ યોગ. भवेत्=પ્રાપ્ત થાય છે.

यत्त्वभ्यासातिशयात् सात्मीभूतमिव चेष्टते सद्भिः ।
तदसंगानुष्ठानं भवति त्वेतत् तदावेधात् ।
चक्रभ्रमणं दण्डात् तदभावे चैव यत्परं भवति ।
वचनासंगानुष्ठानयोस्तु तज्ज्ञापकं ज्ञेयम् ॥
अभ्युदयफले चाद्ये निःश्रेयससाधने तथा चरमे ।
एतदनुष्ठानानां विज्ञेये इह गतापाये ॥

षोडशक १० श्लो० ३-९

પ્રીતિઅનુષ્ઠાનનું લક્ષણ—

"જેમાં અધિક પ્રયત્ન હોય, જેનાથી કરનારનો હિતકારી ઉદય થાય એવી પ્રીતિ-રુચિ હોય અને બાકીના પ્રયોજનનો ત્યાગ કરીને જેને એક નિષ્ઠાથી કરે તે પ્રીતિ-અનુષ્ઠાન કહેવાય છે."

ભક્તિઅનુષ્ઠાનનું લક્ષણ—

"વિશેષ ગૌરવ(મહત્ત્વ)ના યોગે બુદ્ધિમાન્ પુરુષનું અત્યન્ત વિશુદ્ધ યોગવાળું, ક્રિયા વડે પ્રીતિઅનુષ્ઠાનના જેવું હોવા છતાં તે ભક્તિઅનુષ્ઠાન જાણવું."

પ્રીતિ અને ભક્તિઅનુષ્ઠાનની વિશેષતા—

"પત્ની ખરેખર અત્યન્ત પ્રિય છે, તેમ હિતકારી માતા પણ અત્યન્ત પ્રિય છે, બન્નેના પાલન પોષણનું કાર્ય પણ સરખું છે, તો પણ પ્રીતિ અને ભક્તિની વિશેષતા બતાવવા માટે આ ઉદાહરણ છે. પત્નીનું કાર્ય પ્રીતિથી અને માતાનું કાર્ય ભક્તિથી થાય છે. એમ પ્રીતિ અને ભક્તિની વિશેષતા છે."

વચનાનુષ્ઠાનનું લક્ષણ—

"બધાય ધર્મવ્યાપારમાં ઉચિતપણે આગમને અનુસરીને પ્રવૃત્તિ કરવી તે વચનાનુષ્ઠાન છે. તે ચારિત્રવાળા સાધુને અવશ્ય હોય છે."

અસંગાનુષ્ઠાનનું લક્ષણ—

અત્યન્ત અભ્યાસથી ચન્દનગન્ધના ન્યાયે સહજભાવે સત્પુરુષોથી જે ક્રિયા કરાય તે અસંગાનુષ્ઠાન, તે આગમના સંસ્કારથી થાય છે."

વચનાનુષ્ઠાન અને અસંગાનુષ્ઠાનની વિશેષતા—

"દંડ વડે ચક્ર ફરે છે, અને પછી દંડના પ્રયોગને અભાવે પણ ફરતું રહે છે, તે વચનાનુષ્ઠાન અને અસંગાનુષ્ઠાનને જણાવનાર ઉદાહરણ છે, જેમ પ્રથમ દંડના યોગે ચક્ર ફરે છે અને પછી દંડના અભાવે સંસ્કારથી ફરે છે તેમ વચનાનુષ્ઠાન આગમના સંબંધથી પ્રવર્તે છે. અને પછી આગમના સંસ્કાર માત્રથી વચનની અપેક્ષા સિવાય સહજ ભાવે પ્રવૃત્તિ કરે છે તે અસંગાનુષ્ઠાન સમજવું."

એ ચારે અનુષ્ઠાનોનું ફળ—

"પ્રથમનાં બે અનુષ્ઠાન અભ્યુદય–સ્વર્ગનાં કારણ છે અને છેલ્લાં બે અનુષ્ઠાન મોક્ષનાં કારણ અને વિઘ્ન વિનાનાં છે."

**[૧]स्थानाद्ययोगिनस्तीर्थोच्छेदाद्यालम्बनादपि ।**
**सूत्रदाने महादोष इत्याचार्याः प्रचक्षते ॥ ८ ॥**

---

૧ स्थानाद्ययोगिनः–સ્થાનાદિ યોગ રહિતને. तीर्थोच्छे-

સ્થાનાદિ કોઇ પણ યોગ રહિત પુરુષને 'તીર્થનો ઉચ્છેદ થશે' ઇત્યાદિ કારણે પણ ચૈત્યવન્દનાદિ સૂત્ર ભણાવવામાં સૂત્રની આશાતનારૂપ મોટો દોષ થાય છે—એમ હરિભદ્રાદિ આચાર્યો કહે છે. 'તીર્થનો ઉચ્છેદ થાય' ઇત્યાદિ કારણે પણ જેવા તેવાને ન ભણાવીએ કહ્યું છે કે—

"तित्थस्सुच्छेयाइ वि नालंबणमेत्थ जं स एमेव।
सुत्तकिरियाइनासो एसो असमञ्जसविहाणा ॥
सो एस वंकओ चिय न य सयं मयमारियाणमविसेसो।
एयं पि भाविअव्वं इह तित्थुच्छेयभीरूहिं ॥"

योगविंशिका गा० १४–१५

'તીર્થનો ઉચ્છેદ થશે' ઇત્યાદિ આલંબન પણ આ અવિધિ અનુષ્ઠાનની પ્રવૃત્તિમાં લેવું યોગ્ય નથી. એટલે તીર્થનો વિચ્છેદ ન થાય તે માટે અવિધિ અનુષ્ઠાન પણ કરવા યોગ્ય છે' એ આલમ્બન ગ્રહણ કરવા યોગ્ય નથી, કારણ કે એ પ્રમાણે સૂત્ર વિરુદ્ધ કરવાથી અશુદ્ધ ક્રિયાની પરંપરા ચાલુ રહે, અને તેથી સૂત્રોક્ત ક્રિયાનો વિચ્છેદ થાય, તે જ તીર્થનો ઉચ્છેદ છે. કારણ કે આજ્ઞા રહિત જનનો સમુદાય

---

दाद्यालम्बनादपि='તીર્થનો ઉચ્છેદ થાય' ઇત્યાદિ આલંબનથી પણ. सूत्रदाने=ચૈત્યવંદનાદિ સૂત્ર શિખવવામાં. महान्=મોટો. दोषः=દોષ છે. इति=એમ. आचार्याः=આચાર્યો. प्रचक्षते=કહે છે.

તે તીર્થ નથી, પણ શાસ્ત્રવિહિત ઉચિત ક્રિયાવિશિષ્ટ સાધુ સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાનો સમુદાય તે તીર્થ છે. તેથી અવિધિનું સ્થાપન કરવામાં શાસ્ત્રોક્ત ક્રિયાનો ઉચ્છેદ થવાથી પરમાર્થથી તીર્થનો ઉચ્છેદ થાય છે.

શાસ્ત્રવિહિત ક્રિયાનો લોપ કરવો એ કડવા ફળ આપનાર છે. સ્વયં મૃત્યુને પ્રાપ્ત થયેલ અને પોતે મારેલામાં વિશેષતા નથી એમ નથી. પરન્તુ એટલી વિશેષતા છે કે સ્વયં મૃત્યુ પામે છે ત્યારે તેમાં પોતાનો દુષ્ટ શય નિમિત્ત-રૂપ નથી અને પોતે મારે છે તેમાં દુષ્ટાશય નિમિત્તરૂપ છે. તેની પેઠે સ્વયં ક્રિયામાં પ્રવૃત્તિ નહિ કરનારા જીવની અપેક્ષાએ ગુરુને દૂષણ નથી, પરન્તુ અવિધિની પ્રરૂપણાને અવલંબીને શ્રોતા અવિધિમાં પ્રવૃત્તિ કરે તો ઉન્માર્ગમાં પ્રવૃત્તિ કરાવવાના પરિણામથી અવશ્ય મહાદૂષણ છે. એ પણ તીર્થ ઉચ્છેદના ભીરૂએ વિચાર કરવા યોગ્ય છે.

## २८ नियागाष्टकम् ।

[१]

**यः कर्म हुतवान् दीप्ते ब्रह्माग्नौ ध्यानधाय्यया ।**
**स निश्चितेन योगेन नियागप्रतिपत्तिमान् ॥ १ ॥**

---

૧ यः=જેણે. दीप्ते=પ્રદીપ્ત કરેલા. ब्रह्माग्नौ=બ્રહ્મરૂપ અગ્નિમાં. ध्यानधाय्यया=ધ્યાનરૂપ વેદની ઋચા(મન્ત્ર) વડે कर्म=કર્મને. हुतवान्=હોમ્યાં છે, सः=તે મુનિ. निश्चितेन=નિર્ધારિત. यागेन=ભાવયજ્ઞ વડે. नियागप्रतिपत्तिमान्=નિયાગને પ્રાપ્ત થયેલ છે.

જેણે જાજવલ્યમાન બ્રહ્મરૂપ અગ્નિમાં ધ્યાન રૂપ ધાય્યા-સમિધનો પ્રક્ષેપ કરનાર વેદની ઋચા વડે કર્મનો હોમ કર્યો છે તે મુનિ નિર્ધારિત ભાવ રૂપ નિયાગને--ભાવયજ્ઞને પ્રાપ્ત થયેલા છે. દ્રવ્ય યજ્ઞ તે યાગ અને ભાવ યજ્ઞ તે નિયાગ.

[1]
**पापध्वंसिनि निष्कामे ज्ञानयज्ञे रतो भव ।**
**सावद्यः कर्मयज्ञैः किं भूतिकामनयाऽऽविलैः ॥२॥**

હે વત્સ ! પાપનો વિનાશ કરે એવા, કામના રહિત જ્ઞાનરૂપ યજ્ઞને વિષે આસક્ત થા ઐહિક સુખેચ્છાએ કરી મલિન, પાપ સહિત એવા જ્યોતિ-ષ્ટોમાદિ કર્મયજ્ઞોનું શું પ્રયોજન છે ? કાંઈપણ નથી. 'भूतिकामः पशुमालमेत' ભૂતિની કામનાવાળો પશુનો હોમ કરે-ઈત્યાદિ શ્રુતિના અનુસારે તે સકામ યજ્ઞો કહ્યા છે.

[2]
**वेदोक्तत्वान्मनः शुद्ध्या कर्मयज्ञोऽपि योगिनः ।**
**ब्रह्मयज्ञ इतीच्छन्तः श्येनयागं त्यजन्ति किम् ? ॥३॥**

---

૧ पापध्वंसिनि=પાપનો નાશ કરનાર. निष्कामे=કામના રહિત. (એવા) ज्ञानयज्ञे=જ્ઞાનયજ્ઞમાં. रतः=આસક્ત, भव= થા. भूतिकामनया=સુખની ઈચ્છાવડે. आविलैः=મલિન. सावद्यः= પાપ સહિત. कर्मयज्ञैः किम्=કર્મયજ્ઞોનું શું કામ છે.

૨ वेदोक्तत्वात्=વેદમાં કહેલો હોવાથી. मनःशुद्ध्या=

કોઇ કહે છે કે 'પ્રતિપદોકત ફળના ત્યાગથી વેદોકત ક્રિયાએ સત્ત્વશુદ્ધિ દ્વારા વિવિદિષા (જ્ઞાન) સંપત્તિને અર્થે કર્મયજ્ઞ કરીએ તે બ્રહ્મયજ્ઞ હોય, તે મત 'वेदानुवचनेन ब्राह्मणा विविदिषन्ति यज्ञेन दानेन, तपसा" ઇત્યાદિ શ્રુતિથી છે તેના મતને દૂષિત કરે છે—

'વેદમાં કહેલો હોવાથી કર્મયજ્ઞ પણ મનની શુદ્ધિદ્વારા જ્ઞાનયોગીને બ્રહ્મયજ્ઞ થાય ' એમ ઇચ્છતા શ્યેન યાગને કેમ તજે છે ?

[1]
**ब्रह्मयज्ञः परं कर्म गृहस्थस्याधिकारिणः ।**
**पूजादि वीतरागस्य ज्ञानमेव तु योगिनः ॥ ४ ॥**

'ન્યાયોપાર્જિત ધનવાળો ' ઇત્યાદિ ઉક્ત સ્વરૂપવાળા અધિકાર સહિત ગૃહસ્થને કેવળ વીતરાગની પૂજા આદિ સ્વરૂપથી સાવદ્યાનુષ્ઠાન કર્મ બ્રહ્મયજ્ઞ

મનની શુદ્ધિદ્વારા. कर्मयज्ञोऽपि=કર્મયજ્ઞ પણ. योगिनः=જ્ઞાનયોગીને. ब्रह्मयज्ञः=બ્રહ્મયજ્ઞરૂપ છે. इति=એમ. इच्छन्तः= માનનારા, श्येनयागं=શ્યેનયજ્ઞને, किम्=કેમ. त्यजन्ति=તજે છે.

૧ गृहस्थस्याधिकारिणः=અધિકારી ગૃહસ્થને. परं=કેવળ. वीतरागस्य=વીતરાગની. पूजादि=પૂજા આદિ. कर्म=ક્રિયા. ब्रह्मयज्ञः=બ્રહ્મયજ્ઞ છે. तु=અને. योगिनः=યોગિને. ज्ञानमेव= જ્ઞાન જ ( બ્રહ્મયજ્ઞ છે. )

છે અને જ્ઞાનયોગીને સર્વ ઉપાધિરહિત શુદ્ધ જ્ઞાન જ બ્રહ્મયજ્ઞ છે.

[1]भिन्नोद्देशेन विहितं कर्म कर्मक्षयाक्षमम् ।
क्लृप्तभिन्नाधिकारं च पुत्रेष्ट्यादिवदिष्यताम् ॥ ५ ॥

મોક્ષ અને તેના ઉપાય સિવાય બીજા ઉદ્દેશથી વિહિત-શાસ્ત્રમાં ઉપદેશેલું કર્મ-અનુષ્ઠાન કર્મના ક્ષય કરવારૂપ મોક્ષ પ્રાપ્તિને માટે અસમર્થ છે. કલ્પેલો છે જુદો અધિકાર જેનો એવા પુત્રેષ્ટિ-પુત્રપ્રાપ્તિ માટે યજ્ઞ આદિની પેઠે જાણવું. જેમ તેથી વિવિદિષાર્થતા ન થાય. 'श्येनेनाभिचरन् यजेत' અભિચાર કર્મ કરનાર શ્યેન યાગ કરે. અહીં યથાશ્રુત અભિચારરૂપ ફળના ત્યાગથી વિવિદિષાર્થતા ન હોય, તેમ 'भूतिकामः पशुमालभेत' 'અભ્યુદયની ઇચ્છાવાળો પશુનો હોમ કરે-' ઇત્યાદિ સ્થળે પણ વિવિદિષાર્થતા ન હોય એ ભાવાર્થ છે.

---

૧ भिन्नोद्देशेन=જુદા ઉદ્દેશથી શાસ્ત્રમાં કહેલું. कर्म=અનુષ્ઠાન. कर्मक्षयाक्षमं=કર્મનો ક્ષય કરવામાં અસમર્થ છે. क्लृप्तभिन्नाधिकारं=કલ્પેલો છે જુદો અધિકાર જેનો એવો. पुत्रेष्ट्यादिवद्=પુત્રપ્રાપ્તિને માટે કરવામાં આવતા યજ્ઞ વગેરેની પેઠે. इष्यताम्=માનો, જાણો.

[1]
**ब्रह्मार्पणमपि ब्रह्मयज्ञान्तर्भावसाधनम् ।**
**ब्रह्माग्नौ कर्मणो युक्तं स्वकृतत्वस्मये हुते ॥६॥**

(કર્મ) યજ્ઞને બ્રહ્મયજ્ઞમાં અન્તર્ભાવનું કારણ બ્રહ્મરૂપ અગ્નિમાં 'પોતે કરેલું છે' એવા કર્તાપણાના અહંકારને હોમવાથી કર્મનું બ્રહ્માર્પણ પણ યુક્ત છે, અન્યથા નહિ. કહ્યું છે કે—

**ब्रह्मार्पणं ब्रह्महविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ।**
**ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्मकर्मसमाधिना ॥**

गीता अध्याय ४. श्लो० २४

"અર્પણ કરવાની ક્રિયા બ્રહ્મ છે. હોમવાની વસ્તુ બ્રહ્મ છે. બ્રહ્મરૂપ અગ્નિમાં બ્રહ્મરૂપ હોમનારે હોમેલું પણ બ્રહ્મ છે અને બ્રહ્મરૂપ કર્મસમાધિવાળાએ પ્રાપ્ત કરવા યોગ્ય સ્થાન પણ બ્રહ્મ જ છે."

**कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म यः ।**
**स बुद्धिमान् मनुष्येषु स युक्तः कृत्स्नकर्मकृत् ॥**

गीता अध्याय ४. श्लो० १८

"જે નિષ્કામ કર્મમાં અકર્મને અને અજ્ઞાનપૂર્વક

---

૧ ब्रह्मयज्ञान्तर्भावसाधनं=બ્રહ્મયજ્ઞમાં અન્તર્ભાવનું સાધન. ब्रह्मार्पणमपि=બ્રહ્મને અર્પણ કરવું પણ, ब्रह्माग्नौ=બ્રહ્મરૂપ અગ્નિમાં. कर्मणः=કર્મનું. स्वकृतत्वस्मये=પોતાના કૃતપણાનું અભિમાન. हुते=હોમ કર્યે. युक्तं=યુક્ત છે.

અકર્મમાં કર્મને જુએ છે, તે મનુષ્યોમાં બુદ્ધિમાન્ છે, યોગી છે અને સર્વ કર્મનો કર્તા છે."

ઈત્યાદિ ગીતામાં કહેલ નિશ્ચયનયે સર્વ સાધનને આત્માની તત્પરતાએ જાણવું, પણ નિરંજન બ્રહ્મને કર્મ તત્ફલાર્પણ તથા કૃતને એકાન્તે અકૃતત્વબુદ્ધિ તે તો મિથ્યાત્વવાસનવિલસિત જ છે.

[1]ब्रह्मण्यर्पितसर्वस्वो ब्रह्मदृग् ब्रह्मसाधनः ।
ब्रह्मणा जुह्वदब्रह्म ब्रह्मणि ब्रह्मगुप्तिमान् ॥ ७ ॥
ब्रह्माध्ययननिष्ठावान् परब्रह्मसमाहितः ।
ब्राह्मणो लिप्यते नाघैर्नियागप्रतिपत्तिमान् ॥ ८ ॥

જેણે બ્રહ્મને વિષે સર્વસ્વ અર્પણ કર્યું છે, જેની બ્રહ્મમાં જ દૃષ્ટિ છે, બ્રહ્મરૂપ જ્ઞાન જેનું સાધન છે એવો, ઉપયોગરૂપ બ્રહ્મવડે આધારરૂપ બ્રહ્મમાં

---

૧ ब्रह्मणि=બ્રહ્મમાં. अर्पितसर्वस्वः=જેણે સર્વસ્વ અર્પણ કર્યું છે. ब्रह्मदृक्=બ્રહ્મમાં જ જેની દૃષ્ટિ છે. ब्रह्मसाधनः= બ્રહ્મરૂપ જ્ઞાન જેનું સાધન છે એવો. ब्रह्मणा=ઉપયોગરૂપ બ્રહ્મ વડે. ब्रह्मणि=બ્રહ્મમાં. अब्रह्म=અજ્ઞાનને. जुह्वत्=હોમતો. ब्रह्मगुप्तिमान्=બ્રહ્મચર્યની ગુપ્તિવાળો. ब्रह्माध्ययननिष्ठावान्= બ્રહ્મ અધ્યયનની મર્યાદાવાળો. परब्रह्मसमाहितः=પરબ્રહ્મમાં સમાધિવાળો. नियागप्रतिपत्तिमान्=ભાવયજ્ઞને સ્વીકારનાર. ब्राह्मणः=નિર્ગ્રન્થ. अघैः=પાપવડે. न लिप्यते=લેપાતો નથી

અબ્રહ્મ-અજ્ઞાનને હોમતો, બ્રહ્મચર્યની ગુપ્તિવાળો (૭), આચારાંગના પ્રથમ શ્રુતસ્કન્ધના નવ અધ્યયનની નિષ્ઠા-મર્યાદાવાળો, પરબ્રહ્મ સાથે એકતાની પરિણતિવાળો અને નિયાગ-બ્રહ્મયજ્ઞને પ્રાપ્ત થયેલો બ્રાહ્મણ, શ્રમણ, ભિક્ષુ અને નિર્ગ્રન્થ એ ચાર નામને ધારણ કરનાર પાપ વડે લેપાતો નથી. (૮)

## २९ पूजाष्टकम् ।

[१]
दयाम्भसा कृतस्नानः संतोषशुभवस्त्रभृत् ।
विवेकतिलकभ्राजी भावनापावनाशयः ॥ १ ॥
भक्तिश्रद्धानघुसृणोन्मिश्रपाटीरजद्रवैः ।
नवब्रह्माङ्गतो देवं शुद्धमात्मानमर्चय ॥ २ ॥

દયારૂપ જળથી જેણે સ્નાન કર્યું છે એવો, સંતોષરૂપ ઉજ્વલ વસ્ત્રને ધારણ કરનાર, વિવેકરૂપ

---

૧ दयाम्भसा=દયારૂપ જળ વડે. कृतस्नानः=જેણે સ્નાન કર્યું છે, संतोषशुभवस्त्रभृत्=સંતોષ રૂપ ઉજ્જવળ વસ્ત્રને ધારણ કરનાર. विवेकतिलकभ्राजी=વિવેકરૂપ તિલકથી શોભતો. भावनापावनाशयः=ભાવનાએ કરી જેનો આશય પવિત્ર છે એવો. भक्तिश्रद्धानघुसृणोन्मिश्रपाटीरजद्रवैः=ભક્તિ અને શ્રદ્ધારૂપ કેસર મિશ્રીત ચન્દનરસ વડે. नवब्रह्माङ्गतः=નવ પ્રકારના બ્રહ્મચર્યરૂપ અંગે. शुद्धं=શુદ્ધ. आत्मानं=આત્મારૂપ. देवं=દેવની. अर्चय=પૂજા કર.

તિલકથી શોભતો, ભાવનાએ કરી જેનો આશય પવિત્ર છે એવો, ભકિત–'આરાધન કરવા યોગ્ય છે' એવું જ્ઞાન, શ્રદ્ધા–' આજ પરમાર્થ છે' એવી બુદ્ધિ, તે રૂપ કેસર મિશ્રિત ચન્દનરસ વડે નવવિધ બ્રહ્મચર્યરૂપ અંગે શુદ્ધ આત્મારૂપ દેવની પૂજા કર. એ રીતે ભાવપૂજા થાય

**क्षमापुष्पस्रजं[1] धर्मयुग्मक्षौमद्वयं तथा ।**
**ध्यानाभरणसारं च तदङ्गे विनिवेशय ॥ ३ ॥**

તે શુદ્ધ આત્માના અંગે ક્ષમારૂપ ફુલની માળા, વ્યવહાર અને નિશ્ચયં એ બે પ્રકારના ધર્મરૂપ ઉત્તમ વસ્ત્રયુગલ તથા ધ્યાનરુપ ઉત્તમ આભરણને માનસભાવે પહેરાવ.

**मदस्थानभिदात्यागैर्लिखाग्रे[2] चाष्टमङ्गलम् ।**
**ज्ञानाग्नौ शुभसंकल्पकाकतुण्डं च धूपय ॥ ४ ॥**

---

૧ तदङ्गे=તે આત્માના અંગે. क्षमापुष्पस्रजं=ક્ષમારૂપ ફુલની માળાને. धर्मयुग्मक्षौमद्वयं=નિશ્ચય અને વ્યવહાર ધર્મરૂપ બે વસ્ત્રોને. तथा=અને. ध्यानाभरणसारं=ધ્યાનરૂપ શ્રેષ્ઠ અલંકારને. विनिवेशय=પહેરાવ.

૨ अग्रे=આત્માની આગળ. मदस्थानभिदात्यागैः=મદસ્થાનના ભેદોનો ત્યાગ કરવા વડે. अष्टमङ्गलं=સ્વસ્તિકાદિ આઠ મંગલને. लिख=આળેખ. च=અને. ज्ञानाग्नौ=જ્ઞાનરૂપ

**આઠ મદસ્થાનના** ત્યાગના પ્રકારોથી આત્માની આગળ **અષ્ટ મંગળ** આળેખ, અને જ્ઞાનરૂપ અગ્નિમાં શુભ સંકલ્પરૂપ કૃષ્ણાગુરુનો ધૂપ કર, એટલે શુદ્ધ ઉપયોગરૂપ નિર્વિકલ્પ સમાધિરૂપ પૂજા થાય.

**[1]प्राग्धर्मलवणोत्तारं धर्मसन्न्यासवह्निना ।**
**कुर्वन् पूरय सामर्थ्यराजन्नीराजनाविधिम् ॥ ५ ॥**

**ધર્મસંન્યાસરૂપ** અગ્નિ વડે પ્રાગ્ધર્મ-ઔદયિક અને ક્ષાયોપશમિક ધર્મરૂપ લવણ ઉતારતો સામર્થ્ય યોગરૂપ શોભતી આરતીની વિધિ પૂર્ણ કર.

**[2]स्फुरन्मङ्गलदीपं च स्थापयानुभवं पुरः ।**
**योगनृत्यपरस्तौर्यत्रिकसंयमवान् भव ॥ ६ ॥**

---

અગ્નિમાં. शुभसंकल्पकाकतुण्डं=શુભ સંકલ્પરૂપ કૃષ્ણાગુરુનો. धूपय=ધૂપ કર.

૧ धर्मसन्न्यासवह्निना=ધર્મસંન્યાસરૂપ અગ્નિ વડે. प्राग्धर्मलवणोत्तारं कुर्वन्=પૂર્વના ઔદયિક ક્ષાયોપશમિક ધર્મરૂપ લવણ ઉતારતો એટલે તેનો ત્યાગ કરતો. सामर्थ्ययोगराजन्नीराजनाविधिं=સામર્થ્યયોગરૂપ શોભાયમાન આરતીની વિધિ. पूरय=પૂર્ણ કર.

૨ अनुभवं=અનુભવરૂપ. स्फुरन्मङ्गलदीपं=દેદીપ્યમાન મંગલદીવાને. पुरः=આગળ. स्थापय=સ્થાપન કર. योगनृत्यपरः=સંયમયોગરૂપ નાટ્યપૂજામાં તત્પર. तौर्यत्रिकसंयमवान्=ગીત, નૃત્ય અને વાદિત્ર એ ત્રણના સમૂહના જેવા સંયમવાળો. भव=થા.

અનુભવરૂપ સ્ફુરાયમાન (તેજસ્વી) મંગલ-દીવાને આગળ સ્થાપન કર અને સંયમયોગરૂપ નાટય-પૂજામાં તત્પર થઈ તૌર્યત્રિક--ગીત, નૃત્ય અને વાદિત્ર એ ત્રણેની એકતાના જેવા સંયમવાળો થા. "त्रयमेकत्र संयमः" એક વિષયમાં ધારણા, ધ્યાન અને સમાધિ તે સંયમ કહેવાય. એ ભાવનોપનીત પૂજા હ્રદયમાં ધારણ કરીએ.

१
**उल्लसन्मनसः सत्यघण्टां वादयतस्तव ।**
**भावपूजारतस्येत्थं करक्रोडे महोदयः ॥ ७ ॥**

ઉલ્લાસ પામતું મન જેનું છે એવા, સત્યરૂપ ઘંટા વગાડતા, એમ ભાવપૂજામાં લીન થયેલા તને હસ્તમધ્યે (હથેળીમાં) મોક્ષ છે.

२
**द्रव्यपूजोचिता भेदोपासना गृहमेधिनाम् ।**
**भावपूजा तु साधूनामभेदोपासनात्मिका ॥ ८ ॥**

---

૧ उल्लसन्मनसः=ઉલ્લસિત મનવાળા. सत्यघंटां वादयतः= સત્યરૂપ ઘંટ વગાડતા. इत्थं=એમ. भावपूजारतस्य=ભાવ પૂજામાં રક્ત થયેલા. तव=તને. करक्रोडे=હથેળીમાં. महोदय = મોક્ષ છે.

૨ गृहमेधिनाम्=ગૃહસ્થોને. भेदोपासना=ભેદપૂર્વક ઉપાસનારૂપ. द्रव्यपूजा=દ્રવ્યપૂજા. उचिता=યોગ્ય છે. अभेदोपासनात्मिका=અભેદ ઉપાસનારૂપ. भावपूजा तु=ભાવપૂજા તો. साधूनाम्=સાધુઓને. (યોગ્ય છે.)

ગૃહસ્થોને ભેદપૂર્વક ઉપાસના--સેવા કરવારૂપ દ્રવ્યપૂજા ઉચિત છે અને અભેદ ઉપાસનારૂપ ભાવ-પૂજા સાધુને યોગ્ય છે.

જો કે ગૃહસ્થને ભાવનોપવીત માનસા નામે ભાવપૂજા હોય છે, તો પણ કાયિકી [ભાવપૂજા] તે ચારિત્રવંતને જ હોય એ વિશેષતા છે.

## ३० ध्यानाष्टकम् ।

१
ध्याता ध्येयं तथा ध्यानं त्रयं यस्यैकतां गतम् ।
मुनेरनन्यचित्तस्य तस्य दुःखं न विद्यते ॥ १ ॥

ધ્યાતા--ધ્યાન કરનાર, ધ્યેય--ધ્યાન કરવા યોગ્ય અને ધ્યાન એ ત્રણે જેને એકતાને પ્રાપ્ત થયેલ છે એટલે ધ્યાનાવસ્થામાં સ્વસ્વરૂપને પામેલ છે, જેનું અન્ય સ્થળે ચિત્ત નથી એવા મુનિને દુઃખ હોતું નથી.

---

૧ यस्य=જેને. ध्याता=ધ્યાન કરનાર. ध्येयं=ધ્યાન કરવા યોગ્ય. तथा=અને. ध्यानं=ધ્યાન. त्रयं=એ ત્રણ. एकतां=એક-પણાને. गतं=પ્રાપ્ત થયેલ છે. अनन्यचित्तस्य=જેનું ચિત્ત અન્ય સ્થળે નથી એવા. तस्य मुनेः=તે મુનિને. दुःखं=દુઃખ. न विद्यते=હોતું નથી.

[1] ध्याताऽन्तरात्मा ध्येयस्तु परमात्मा प्रकीर्तितः ।
ध्यानं चैकाग्र्यसंवित्तिः समापत्तिस्तदेकता ॥ २ ॥

ધ્યાન કરનાર અન્તરાત્મા--સમ્યગ્દર્શન પરિણામવાળો આત્મા છે, ધ્યાન કરવા યોગ્ય પરમાત્મા-સિદ્ધ ભગવાન્ અથવા ઘાતી કર્મ જેમનાં ક્ષીણ થયાં છે એવા અરિહંત કહ્યા છે, ધ્યાન—એકાગ્ર બુદ્ધિ, વિજાતીય જ્ઞાનના અન્તર રહિત સજાતીય જ્ઞાનની ધારા, એ ત્રણેની એકતા તે યોગાચાર્યના મતે વક્ષ્યમાણ લક્ષણ સમાપત્તિ કહી છે.

પ્રવચનસારમાં કહ્યું છે કે—

“जो जाणदि अरिहंते दव्वत्त–गुणत्त–पज्जवत्तेहिं ।
सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं ”॥

“જે અરિહંતને દ્રવ્ય, ગુણ અને પર્યાયરૂપે જાણે છે તે આત્માને જાણે છે અને તેનો મોહ નાશ પામે છે”

વિશેષાવશ્યકમાં કહ્યું છે કે—

---

૧ ध्याता=ધ્યાન કરનાર. अन्तरात्मा=અન્તરાત્મા છે. ध्येयः=ધ્યાન કરવા યોગ્ય. तु=તો. परमात्मा=પરમાત્મા. प्रकीर्तितः=કહેલ છે. (અને) ध्यानं=ધ્યાન. एकाग्र्यसंवित्ति;=એકાગ્રતાની બુદ્ધિ છે. तदेकता=એ ત્રણેની એકતા. समापत्तिः=સમાપત્તિ છે.

**"जं थिरमज्झवसाणं तं झाणं चलं तयं चित्तं ।**
**तं होज्ज भावणा वा अणुप्पेहा वा अहव चिंता" ॥**

ध्यानशतक गा० २.

"જે સ્થિર અધ્યવસાન–મન છે તે ધ્યાન છે, જે ચલાયમાન મન છે તે ચિત્ત છે, તે ભાવના–ધ્યાનની અભ્યાસક્રિયા, અનુપ્રેક્ષા–મનન કે ચિન્તનરૂપ હોય છે."

સમાપત્તિનું લક્ષણ—

**[1]मणाविव प्रतिच्छाया समापत्तिः परात्मनः ।**
**क्षीणवृत्तौ भवेद् ध्यानादन्तरात्मनि निर्मले ॥३॥**

જેમ મણિને વિષે પ્રતિબિમ્બ–પડછાયો પડે તેમ ધ્યાનથી અત્યન્ત મળરૂપ વૃત્તિ જેની ક્ષીણ થયેલી છે એવા, અને તેથી જ નિર્મળ અન્તરાત્માને વિષે પરમાત્માની પ્રતિચ્છાયા (પ્રતિબિમ્બ) પડે તે સમાપત્તિ કહી છે. બીજે સ્થળે કહ્યું છે કે—

**"मणेरिवाभिजातस्य क्षीणवृत्तेरसंशयम् ।**
**तात्स्थ्यात् तदञ्जनत्वाच्च समापत्तिः प्रकीर्तिता ॥"**

ઉત્તમ મણિની જેમ ક્ષીણ વૃત્તિવાળાને પરમાત્માના ગુણના સંસર્ગારોપથી અને પરમાત્માના અભેદ આરોપથી નઃસંશય સમાપત્તિ કહી છે.

---

૧ मणौ इव=મણિની પેઠે. क्षीणवृत्तौ=ક્ષીણ વૃત્તિવાળા. निर्मले=મળ રહિત–શુદ્ધ. अन्तरात्मनि=અન્તરાત્મામાં. ध्यानात्=ધ્યાનથી. परमात्मनः=પરમાત્માનું. प्रतिच्छाया=પ્રતિબિમ્બ भवेद्=હોય. (તે) समापत्तिः=સમાપત્તિઃ (કહી છે).

અહીં तात्स्थ्य એટલે અન્તરાત્માને વિષે પરમાત્માના ગુણનો સંસર્ગારોપ અને तदञ्जनत्व એટલે અન્તરાત્મામાં પરમાત્માનો અભેદારોપ જાણવો. એ ધ્યાનનું ફળ સમાધિરૂપ અતિવિશુદ્ધ છે.

**[1] आपत्तिश्च ततः पुण्यतीर्थकृत्कर्मबन्धतः ।**
**तद्भावाभिमुखत्वेन संपत्तिश्च क्रमाद् भवेत् ॥ ४ ॥**

તે સમાપત્તિથી પુણ્ય પ્રકૃતિરૂપ તીર્થંકર નામકર્મના બન્ધથી આપત્તિ નામે ફળ થાય. એટલે જિનનામકર્મના બન્ધરૂપ આપત્તિ જાણવી, અને તીર્થંકરપણાના અભિમુખપણાથી ( નજીકપણાથી ) સંપત્તિ નામે ફળ અનુક્રમે થાય.

**[2] इत्थं ध्यानफलाद् युक्तं विंशतिस्थानकाद्यपि ।**
**कष्टमात्रं त्वभव्यानामपि नो दुर्लभं भवे ॥ ५ ॥**

---

૧ ततः=તે સમાપત્તિથી. पुण्यतीर्थकृत्कर्मबन्धतः=પુણ્ય પ્રકૃતિ રૂપ તીર્થંકર નામકર્મના બન્ધથી. आपत्तिः=આપત્તિ નામે ફળ થાય. ( અને ) तद्भावाभिमुखत्वेन=તીર્થંકરપણાના અભિમુખપણાથી. क्रमात्=અનુક્રમે. संपत्ति=સંપત્તિરૂપ ફળ. भवेत्=થાય.

૨ इत्थं=એ પ્રકારે ध्यानफलात्=ધ્યાનના ફળથી. विंशतिस्थानकादि=વીશ સ્થાનક આદિ તપ. अपि=પણ. युक्तं=યોગ્ય છે, कष्टमात्रं तु=કષ્ટમાત્રરૂપ તો. अभव्यनामपि=અભવ્યોને

એમ ધ્યાનના ત્રિવિધ ફળથી વીશસ્થાનક તપ પ્રમુખ પણ ઘટે છે. ઉક્ત ત્રિવિધ ધ્યાનફળ રહિત કષ્ટ તો અભવ્યોને પણ સંસારમાં દુર્લભ નથી.

**[1] जितेन्द्रियस्य धीरस्य प्रशान्तस्य स्थिरात्मनः ।**
**सुखासनस्थस्य नासाग्रन्यस्तनेत्रस्य योगिनः ॥ ६ ॥**
**रुद्धबाह्यमनोवृत्तेर्धारणाधारया रयात् ।**
**प्रसन्नस्याप्रमत्तस्य चिदानन्दसुधालिहः ॥ ७ ॥**
**साम्राज्यमप्रतिद्वन्द्वमन्तरेव वितन्वतः ।**
**ध्यानिनो नोपमा लोके सदेवमनुजेऽपि हि ॥ ८ ॥**

---

પણ. भवे=સંસારમાં. दुर्लभं=દુર્લભ. नो=નથી.

૧ जितेन्द्रियस्य=જેણે ઇન્દ્રિયો જીતી છે. धीरस्य=ધૈર્યવંત. प्रशान्तस्य=અત્યન્ત શાન્ત. स्थिरात्मनः=જેનો આત્મા સ્થિર-ચપલતા રહિત છે. सुखासनस्य=સુખકારી આસને રહેલા. नासाग्रन्यस्तनेत्रस्य=જેણે નાસિકાના અગ્ર ભાગમાં લોચન સ્થાપ્યાં છે. योगिनः=યોગવાળા.

धारणाधारया=ધ્યેયમાં ચિત્તની સ્થિરતારૂપ ધારણાની ધારા વડે. रयात्=વેગથી. रुद्धबाह्यमनोवृत्तेः=જેણે બાહ્ય ઇન્દ્રિયને અનુસરનારી મનની વૃત્તિ રોકી છે. प्रसन्नस्य=પ્રસન્ન ચિત્તવાળા. अप्रमत्तस्य=પ્રમાદ રહિત. चिदानन्दसुधालिहः=જ્ઞાનાનન્દરૂપ અમૃતનો આસ્વાદ લેનારા.

अन्तरेव=અન્તરમાં જ अप्रतिद्वन्द्वं=વિપક્ષ રહિત. साम्रा-

જેણે ઇન્દ્રિયોને જીતી છે, ધીર-સત્ત્વવંત, પ્રશાન્ત ઉપશમવંત એટલે ધીરશાન્ત નામે નવમા રસના નાયક, જેનો આત્મા સ્થિર છે, જેનું આત્માસન સાધનથી સુખાવહ છે, જેણે નાસિકાના અગ્ર ભાગમાં લોચન સ્થાપ્યાં છે, જે પ્રવૃત્તચક્ર યોગી છે (૬), ધારણા એટલે કોઇક ધ્યેયને વિષે ચિત્તના સ્થિર બન્ધનની ધારાએ જેણે વેગથી બાહ્ય ઇન્દ્રિયને અનુસરનારી મનની વૃત્તિ રોકી છે, પ્રસન્ન-અકલુષિત ચિત્તવાળા, પ્રમાદરહિત, જ્ઞાનાનન્દરૂપ અમૃતનો આસ્વાદ લેનારા (૭), આત્મારામમાં જ વિપક્ષ ( શત્રુ ) રહિત મોટા સામ્રાજ્યને વિસ્તારતા એવા ધ્યાનવંત યોગીની દેવ અને મનુષ્ય સહિત લોકમાં ખરેખર ઉપમા નથી. (૮)

## ૩૧ तपोऽष्टकम् ।

१
ज्ञानमेव बुधाः प्राहुः कर्मणां तापनात् तपः ।
तदाभ्यन्तरमेवेष्टं बाह्यं तदुपबृंहकम् ॥ १ ॥

---

ज्यं=ચક્રવર્તીપણું. वितन्वतः=વિસ્તારતા. ध्यानिनः=ધ્યાનવંતની. सदेवमनुजे लोके=દેવસહિત મનુષ્ય લોકમાં. अपि=પણ. हि=ખરેખર. उपमा=ઉપમા. न=નથી.

૧ बुधाः=પંડિતો. कर्मणां=કર્મોને. तापनात्=તપાવવાથી. ज्ञानमेव=જ્ઞાનને જ. तपः=તપ, प्राहुः=કહે છે. तद्=તે તપ.

કર્મોને તપાવનાર હોવાથી તપ તે જ્ઞાન જ છે એમ પંડિતો કહે છે. તે અંતરંગ જ તપ ઇષ્ટ છે અને અનશનાદિ બાહ્ય તપ છે તે પ્રાયશ્ચિત્તાદિ ભેદ વાળા જ્ઞાનવિશેષરૂપ અન્તરંગ તપને વધારનાર હોય તો જ ઇષ્ટ છે.

१
**आनुश्रोतसिकी वृत्तिर्बालानां सुखशीलता ।**
**प्रातिश्रोतसिकी वृत्तिर्ज्ञानिनां परमं तपः ॥ २ ॥**

અજ્ઞાનીની સંસારના પ્રવાહને અનુસરનારી जणेण सद्धिं होक्खामि' હું લોકોની સાથે હોઇશ-ઇત્યાદિ લક્ષણવાળી પ્રવૃત્તિ તે સુખશીલપણું છે જ્ઞાનવંતની સામે પૂરે ચાલવારૂપ ધર્મસંજ્ઞામૂલક ઉત્કૃષ્ટ ઉગ્ર માસક્ષપણાદિ પ્રવૃત્તિ તપ છે. એથી જ ચતુર્જ્ઞાની તીર્થંકર પોતે 'તદ્‌ભવસિદ્ધિગામી છે' એમ જાણતા છતાં તપ આદરે છે.

---

आभ्यन्तरमेव=અંતરંગ જ इष्टं=ઇષ્ટ છે. (અને) तदुपबृंहकम्=તેને વધારનાર. बाह्यं=બાહ્ય તપ. ( ઇષ્ટ છે )

૧ बालानां=અજ્ઞાનીની. आनुश्रोतसिकी=લોક પ્રવાહને અનુસરનારી. वृत्तिः=વૃત્તિ. सुखशीलता=સુખશીલપણું છે. ज्ञानिनां=જ્ઞાની પુરૂષોની. प्रातिश्रोतसिकी=સામે પ્રવાહે ચાલવા-રૂપ. वृत्तिः=વૃત્તિ. परमं=ઉત્કૃષ્ટ. तपः=તપ છે.

१
धनार्थिनां यथा नास्ति शीततापादि दुस्सहम् ।
तथा भवविरक्तानां तत्त्वज्ञानार्थिनामपि ॥ ३ ॥

જેમ ધનના અર્થીને ટાઢ તાપ પ્રમુખ દુઃસહ નથી, તેમ સંસારથી વિરક્ત તત્ત્વજ્ઞાનના અર્થીને પણ શીતતાપાદિ કષ્ટ સહન કરવારૂપ તપ દુષ્કર નથી.

२
सदुपायप्रवृत्तानामुपेयमधुरत्वतः ।
ज्ञानिनां नित्यमानन्दवृद्धिरेव तपस्विनाम् ॥ ४ ॥

ભલા ઉપાયમાં પ્રવૃત્ત થયેલા જ્ઞાનવંત તપસ્વીને નિરુપાધિક ઈચ્છાના વિષય મોક્ષરૂપ સાધ્યની મીઠાશથી હંમેશાં આનંદની વૃદ્ધિ જ થાય છે. કઠણ ક્રિયામાં પણ મોક્ષસાધનના મનોરથથી આનન્દ જ હોય છે. વૈરાગ્યરતિમાં કહ્યું છે કે—

---

૧ यथा=જેમ. धनार्थिनां=ધનના અર્થીને. शीततापादि=ટાઢ તડકો વગેરે કષ્ટ. दुस्सहं=દુસ્સહ. नास्ति=નથી. तथा=તેમ. भवविरक्तानां=સંસારથી વિરકત થયેલા. तत्त्वज्ञानार्थिनाम्=તત્ત્વજ્ઞાનના અર્થીને. अपि=પણ (શીત-તાપાદિ કષ્ટ સહન કરવારૂપ તપ દુષ્કર નથી.)

૨ सदुपायप्रवृत्तानां=સારા ઉપાયમાં પ્રવૃત્ત થયેલા. ज्ञानिनां=જ્ઞાની એવા. तपस्विनाम्=તપસ્વીને. उपेयमधुरत्वतः=મોક્ષરૂપ સાધ્યની મીઠાશથી. नित्यं=હંમેશાં. आनन्दवृद्धिरेव=આનન્દની વૃદ્ધિ જ હોય છે.

" रतेः समाधावरतिः क्रियासु
नात्यन्ततीव्रास्वपि योगिनां स्यात् ।
अनाकुला वह्निकणाशनेऽपि
न किं सुधापानगुणाच्चकोराः ॥ "

યોગીઓને સમાધિમાં રતિ–પ્રીતિ હોવાથી અત્યન્ત તીવ્ર ક્રિયામાં પણ અરતિ–અપ્રીતિ થતી નથી. ચકોર પક્ષીઓ સુધાને પીવાના ગુણથી અગ્નિના કણને ખાવામાં પણ શું વ્યાકુલતા રહિત હોતા નથી ?

[1] इत्थं च दुःखरूपत्वात् तपो व्यर्थमितीच्छताम् ।
बौद्धानां निहता बुद्धिर्बौद्धानन्दापरिक्षयात् ॥ ५ ॥

એમ ઢોરના દુઃખની પેઠે દુઃખ ભોગવવારૂપ હોવાથી તપ નિષ્ફલ છે, એ પ્રકારે ઇચ્છતા બૌદ્ધોની બુદ્ધિ–કલ્પના હણાયેલી–કુંઠિત થયેલી છે. કારણ કે (તપમાં) બુદ્ધિજનિત અંતરંગ આનંદની ધારા ખંડિત થતી નથી. એટલે તપમાં પણ આત્મિક આનન્દની ધારા અખંડિત હોય છે, તેથી તે દુઃખરૂપ નથી.

૧ इत्थं=એ પ્રમાણે. दुःखरूपत्वात्=દુઃખરૂપ હોવાથી. तपः=તપ. व्यर्थं–નિષ્ફળ છે. इति=એમ. इच्छताम्=ઇચ્છનારા. बौद्धानां=બૌદ્ધોની. बुद्धिः=બુદ્ધિ. बौद्धानन्दापरिक्षयात्=જ્ઞાનાનન્દનો નાશ નહિ થવાથી. निहता=હણાયેલી=કુંઠિત થયેલી છે, વિચાર કરવાને અસમર્થ છે.

१
यत्र ब्रह्म जिनार्चा च कषायाणां तथा हतिः ।
सानुबन्धा जिनाज्ञा च तत्तपः शुद्धमिष्यते ॥ ६ ॥

જે તપમાં બ્રહ્મચર્ય વધે, જ્યાં ભગવંતની પૂજા થાય, કષાયનો નાશ થાય અને અનુબન્ધસહિત વીતરાગની આજ્ઞા પ્રવર્તે તે તપ શુદ્ધ કહેવાય છે.

२
तदेव हि तपः कार्यं दुर्ध्यानं यत्र नो भवेत् ।
येन योगा न हीयन्ते क्षीयन्ते नेन्द्रियाणि च ॥७॥

ખરેખર તે જ તપ કરવા યોગ્ય છે કે જ્યાં માઠું (આર્ત અને રૌદ્ર) ધ્યાન ન થાય, જેથી યોગો હીનતા ન પામે અને ઇન્દ્રિયોનો ક્ષય ન થાય. કહ્યું છે કે—

---

૧ यत्र=જ્યાં. ब्रह्म=બ્રહ્મચર્ય હોય. जिनार्चा=જિનની પૂજા હોય. तथा=તથા. कषायाणां=કષાયોનો. हतिः=ક્ષય થાય, च=અને. सानुबन्धा=અનુબન્ધસહિત. जिनाज्ञा=જિનની આજ્ઞા પ્રવર્તે. तत्=તે. तपः=તપ. शुद्धं=શુદ્ધ. इष्यते=ઇચ્છાય છે.

૨ यत्र=જ્યાં. हि=ખરેખર. दुर्ध्यानं=માઠું ધ્યાન. नो भवेत्=ન થાય. येन=જેથી. योगाः=મન, વચન અને કાયાના યોગો. न हीयन्ते=હાનિ ન પામે. च=અને. इन्द्रियाणि=ઇન્દ્રિયો. न क्षीयन्ते=ક્ષય ન પામે, કાર્ય કરવાને અસમર્થ ન થાય. तदेव=તે જ. तपः=તપ. कार्यं=કરવા યોગ્ય છે.

"सो उ तवो कायव्वो जेण मणा मंगुलं ण चिंतेइ।
जेण ण इंदियहाणी जेण य जोगा न हायंति" ॥

"જેથી મન માઠું ચિંતન ન કરે, જેથી ઇન્દ્રિયો અને યોગોની હાનિ ન થાય, તે તપ કરવા યોગ્ય છે."

[1]
मूलोत्तरगुणश्रेणिप्राज्यसाम्राज्यसिद्धये ।
बाह्यमाभ्यन्तरं चेत्थं तपः कुर्यान्महामुनिः ॥ ८ ॥

મૂળ ગુણ અને ઉત્તર ગુણરૂપ વિશાલ સામ્રાજ્ય-પ્રભુત્વની સિદ્ધિને માટે મહામુનીશ્વર એ પ્રમાણે બાહ્ય અને અભ્યંતર તપ કરે.

## ३२ सर्वनयाश्रयणाष्टकम्

[2]
धावन्तोऽपि नयाः सर्वे स्युर्भावे कृतविश्रमाः ।
चारित्रगुणलीनः स्यादिति सर्वनयाश्रितः ॥ १ ॥

---

१ महामुनिः=મોટા મુનિ. मूलोत्तरगुणश्रेणिप्राज्यसाम्राज्यसिद्धये=મૂળ ગુણ અને ઉત્તરગુણની શ્રેણિરૂપ વિશાલ સામ્રાજ્યની સિદ્ધિને માટે. इत्थं=એ પ્રમાણે. बाह्यं=બાહ્ય च=અને. आभ्यन्तरं=અંતરંગ. तपः=તપ. कुर्यात्=કરે.

२ धावन्तः=પોતપોતાના અભિપ્રાયે દોડતા. अपि=પણ. भावे=વસ્તુસ્વભાવમાં. कृतविश्रमाः=જેણે સ્થિરતા કરી છે એવા. सर्वे=બધા. नयाः=નયો. स्युः=હોય છે. इति=તેથી. सर्वनयाश्रितः=જેણે સર્વ નયોનો આશ્રય કરેલો છે એવો (સાધુ). चारित्रगुणलीनः=ચારિત્રના ગુણમાં લીન-આસકત. स्यात्=હોય.

(પોતપોતાના અભિપ્રાયે) દોડતા પણ ભાવમાં (વસ્તુ સ્વભાવમાં) જેણે વિશ્રાન્તિ કરી છે એવા નૈગમાદિ બધા નયો છે, તેથી સર્વ નયનો આશ્રય કરનાર સાધુ ચારિત્ર–સંયમના ગુણ–વર્ધમાન પર્યાયને વિષે લીન–આસક્ત હોય. કહ્યું છે કે—

**सव्वेसिंपि नयाणं बहुविहवत्तव्वयं णिसामित्ता ।**
**तं सव्वणयविसुद्धं जं चरणगुणट्ठिओ साहू ।**

अनुयोग प० २६७

બધાય નયોનું પરસ્પર વિરુદ્ધ બહુ પ્રકારનું વકતવ્ય સાંભળીને સર્વનયને સંમત વિશુદ્ધ તત્ત્વ ગ્રહણ કરવા યોગ્ય છે, જેથી સાધુ ચારિત્ર અને જ્ઞાનગુણમાં સ્થિર થાય છે.

[1]
**पृथग्नयाः मिथः पक्षप्रतिपक्षकदर्थिताः ।**
**समवृत्तिसुखास्वादी ज्ञानी सर्वनयाश्रितः ॥ २ ॥**

જુદા જુદા સર્વ નયો પરસ્પર વાદ અને પ્રતિવાદથી કદર્થના–વિડંબના પામેલા છે. પરન્તુ સમવૃત્તિ–મધ્યસ્થપણાના સુખનો અનુભવ કરનાર જ્ઞાની સર્વ નયોને આશ્રિત હોય છે.

---

૧ पृथग्नयाः=જુદા જુદા નયો. मिथः=પરસ્પર. पक्षप्रतिपक्षकदर्थिताः=વાદ અને પ્રતિવાદથી વિડંબિત છે. समवृत्तिसुखास्वादी=સમભાવના સુખનો અનુભવ કરનાર. ज्ञानी=જ્ઞાનવંત सर्वनयाश्रितः=સર્વ નયોને આશ્રિત હોય.

કહ્યું છે કે—

"अन्योन्यपक्षप्रतिपक्षभावाद् यथा परे मत्सरिणः प्रवादाः
नयानशेषानविशेषमिच्छन् न पक्षपाती समयस्तथा ते"॥

"પરસ્પર પક્ષ અને પ્રતિપક્ષ ભાવથી અન્ય પ્રવાદો દ્વેષથી ભરેલા છે, પરન્તુ સર્વ નયોને સમાનપણે ઇચ્છનાર તમારો સમય–સિદ્ધાન્ત પક્ષપાતી નથી."

नाप्रमाणं प्रमाणं वा सर्वमप्यविशेषितम्[1] ।
विशेषितं प्रमाणं स्यादिति सर्वनयज्ञता ॥ ३ ॥

બધાં ય વચન વિશેષ રહિત હોય તો તે એકાન્તે અપ્રમાણ નથી અને એકાન્તે પ્રમાણ પણ નથી. જેથી અન્ય સિદ્ધાન્તમાં રહેલું સદ્વચન પણ વિષયના પરિશોધનથી પ્રમાણ છે.

કહ્યું છે કે:—

"तत्रापि न च द्वेषः कार्यो विषयस्तु यत्नतो मृग्यः ।
तस्यापि न सद्वचनं सर्वं यत् प्रवचनादन्यत्" ॥

षोडशक १६ गा. १३.

અન્ય શાસ્ત્રને વિષે પણ દ્વેષ કરવા યોગ્ય નથી, પરન્તુ

---

૧ सर्वमपि=બધાં ય વચન. अविशेषितं=વિશેષરહિત હોય તો તે. नाप्रमाणं=એકાન્તે અપ્રમાણ નથી. वा=અને. प्रमाणं=પ્રમાણ પણ (નથી). विशेषितं=વિશેષ સહિત (સાપેક્ષ) હોય તે. प्रमाणं=પ્રમાણ. स्याद्=છે. इति=એ પ્રકારે. सर्वनयज्ञता=સર્વ નયોનું જાણપણું હોય છે.

તેના વિષયને પ્રયત્નથી વિચારવો. જે પ્રવચનથી ભિન્ન છે તેનું પણ બધું સદ્વચન નથી." પરન્તુ જે પ્રવચનાનુસારી છે તે સદ્વચન છે. એ જ બાબત કહે છે—

વિશેષિત એટલે વિષયપરિશોધક નયથી યોજિત હોય તો તે પ્રમાણ છે. ઉપલક્ષણથી સ્વસિદ્ધાન્તનું વચન પણ અનુયોગે કરી વિશેષિત ન હોય તો તે અપ્રમાણ છે. એ પ્રકારે સર્વ સ્યાદ્વાદ યોજનાથી સર્વ નયોનું જાણપણું હોય. કહ્યું છે કે—

"अपरिच्छियसुयनिहसस्स केवलमभिन्नसुत्तचारिस्स।
सव्वुज्जमेण वि कयं अन्नाणतवे बहु पडई" ॥

उपदेशमाला गा० ४१५

"જેણે શ્રુત-સિદ્ધાન્તનું રહસ્ય જાણ્યું નથી અને કેવળ સૂત્રના અક્ષરને અનુસરી ચાલે છે, તેનું સર્વ ઉદ્યમ વડે પણ કરેલું ક્રિયાનુષ્ઠાન ઘણું અજ્ઞાન તપમાં આવે છે."

**[1]लोके सर्वनयज्ञानां ताटस्थ्यं वाऽप्यनुग्रहः।**
**स्यात् पृथग्नयमूढानां स्मयार्तिर्वाऽतिविग्रहः ॥ ४ ॥**

લોકમાં સર્વ નયના જાણનારને તટસ્થપણું-

---

૧ लोके=લોકમાં. सर्वनयज्ञानां=સર્વ નયોના જાણનારને. ताटस्थ्यं=મધ્યસ્થપણું. वा=અથવા. अनुग्रहः=ઉપકારબુદ્ધિ. स्यात्=હોય. पृथग्नयमूढानां=જુદા જુદા નયોમાં મૂઢ-ભ્રાન્તિ પામેલાને. स्मयार्तिः=અભિમાનની પીડા. वा=અથવા अतिविग्रहः=અત્યન્ત ક્લેશ હોય.

સમવૃત્તિપણું અથવા વ્યવહારદશામાં ઉપકારબુદ્ધિ હોય. પરન્તુ જુદા જુદા નયમાં મૂઢ–ભ્રાન્ત થયેલાને અહંકારની પીડા અને ઘણો કલેશ હોય.

[1] श्रेयः सर्वनयज्ञानां विपुलं धर्मवादतः ।
शुष्कवादाद् विवादाच्च परेषां तु विपर्ययः ॥ ५ ॥

તત્ત્વજ્ઞાનનો અર્થી પૂછે અને તત્ત્વજ્ઞ કહે તે ધર્મવાદથી સર્વ નયને જાણનારાઓનું ઘણું કલ્યાણ થાય છે. તેથી બીજા એકાન્તદૃષ્ટિનું શુષ્કવાદ અને વિવાદથી અકલ્યાણ જ થાય છે. શુષ્કવાદ તે કહીએ કે જ્યાં કંઠતાલુનો શોષમાત્ર થાય, અને જ્યાં પર વાર્તાથી કાર્યની હાનિ થાય તે વિવાદ કહીએ.

[2] प्रकाशितं जनानां यैर्मतं सर्वनयाश्रितम् ।
चित्ते परिणतं चेदं येषां तेभ्यो नमोनमः ॥ ६ ॥

---

૧ सर्वनयज्ञानां=સર્વ નયના જાણનારાઓનું. धर्मवादतः= ધર્મવાદથી. विपुलं=ઘણું. श्रेयः=કલ્યાણ થાય છે. परेषां तु= બીજા એકાન્તદષ્ટિઓનું તો. शुष्कवादात्=શુષ્કવાદથી. च= અને. विवादात्=વિવાદથી. विपर्ययः=વિપરીત, અકલ્યાણ થાય છે.

૨ यैः=જે પુરૂષોએ. सर्वनयाश्रितं=સર્વ નયોએ કરીને આશ્રિત. मतं=પ્રવચન. जनानां=લોકોને. प्रकाशितं=પ્રકાશિત કર્યું છે. च=અને. येषां=જેઓના, चित्ते=ચિત્તમાં. परिणतं= પરિણમેલું છે. तेभ्यः=તેઓને. नमोनमः=વારંવાર નમસ્કાર હો.

જે પુરૂષોએ લોકોને સર્વ નયે કરીને આશ્રિત એટલે સ્યાદ્વાદગર્ભિત પ્રવચન પ્રકાશિત કર્યું છે અને જેઓના ચિત્તને વિષે આ સર્વનયાશ્રિત પ્રવચન પરિણમેલું છે તેઓને વારંવાર નમસ્કાર હો.

**[1]निश्चये व्यवहारे च त्यक्त्वा ज्ञाने च कर्मणि ।**
**एकपाक्षिकविश्लेषमारूढाः शुद्धभूमिकाम् ॥ ७ ॥**
**अमूढलक्ष्याः सर्वत्र पक्षपातविवर्जिताः ।**
**जयन्ति परमानन्दमयाः सर्वनयाश्रयाः ॥ ८ ॥**

નિશ્ચય નયમાં અને વ્યવહારનયમાં, તથા જ્ઞાનપક્ષમાં અને ક્રિયાપક્ષમાં એક પક્ષગત ભ્રાન્તિના સ્થાનને તજીને જ્ઞાનના પરિપાકરૂપ શુદ્ધ ભૂમિકા ઉપર ચઢેલા, લક્ષ (વેધ) ન ભૂલે, એવા, સર્વ ભૂમિકામાં પક્ષપાત--કદાગ્રહરહિત, પરમ આન-

---

૧ निश्चये=નિશ્ચય નયમાં. व्यवहारे=વ્યવહારનયમાં. ज्ञाने=જ્ઞાનનયમાં. च=અને. कर्मणि=ક્રિયાનયમાં. एकपाक्षिकविश्लेषं=એક પક્ષમાં રહેલા ભ્રાન્તિના સ્થાનને. त्यक्त्वा=છોડીને. शुद्धभूमिकां=શુદ્ધ ભૂમિકા ઉપર. आरूढाः=ચઢેલા.

अमूढलक्ष्याः=લક્ષ ન ચૂકે એવા. सर्वत्र=બધે ય. पक्षपातविवर्जिताः=પક્ષપાતરહિત. परमानन्दमयाः=પરમાનન્દરૂપ. सर्वनयाश्रयाः=સર્વ નયના આશ્રયભૂત. (જ્ઞાની) जयन्ति=જયવંતા વર્તે છે.

ન્દથી ભરપૂર સર્વ-નયોના આશ્રયરૂપ ( જ્ઞાની ) સર્વોત્કર્ષથી વર્તે છે.

१
पूर्णो मग्नः स्थिरोऽमोहो ज्ञानी शान्तो जितेन्द्रियः ।
त्यागी क्रियापरस्तृप्तो निर्लेपो निःस्पृहो मुनिः ॥१॥

२
विद्याविवेकसंपन्नो मध्यस्थो भयवर्जितः ।
अनात्मशंसकस्तत्त्वदृष्टिः सर्वसमृद्धिमान् ॥ २ ॥

૩
ध्याता कर्मविपाकानामुद्विग्नो भववारिधेः ।
लोकसंज्ञाविनिर्मुक्तः शास्त्रदृग् निष्परिग्रहः ॥ ३ ॥

---

૧ पूर्णः=જ્ઞાનાદિથી પરિપૂર્ણ. मग्नः=જ્ઞાનમાં મગ્ન થયેલો, स्थिरः=યોગની સ્થિરતાવાળો. अमोहः=મોહરહિત. ज्ञानी=તત્ત્વજ્ઞ. शान्तः=ઉપશમવંત. जितेन्द्रियः=જેણે ઇન્દ્રિયો જીતી છે. त्यागी=ત્યાગવાળો, क्रियापरः=ક્રિયામાં તત્પર. तृप्तः=. આત્મસંતુષ્ટ, निर्लेपः=લેપરહિત. निःस्पृहः=સ્પૃહારહિત. मुनिः= ભાવમાનસહિત.

૨ विद्याविवेकसंपन्नः=વિદ્યાસંપન્ન-તત્ત્વબુદ્ધિરૂપ વિદ્યા સહિત. અને વિવેકસંપન્ન-કર્મ અને જીવને જુદા કરવારૂપ વિવેકયુક્ત. मध्यस्थः=પક્ષપાત રહિત. भयवर्जितः=નિર્ભય. अनात्मशंसकः=પોતાની શ્લાઘા નહિ કરનારો. तत्त्वदृष्टिः= પરમાર્થમાં દૃષ્ટિવાળો. (અને) सर्वसमृद्धिमान्=સર્વ આત્મિક સંપત્તિવાળો.

૩ ध्याता कर्मविपाकानां=કર્મના ફળનો વિચાર કરનાર. भव-

१
शुद्धानुभववान् योगी नियागप्रतिपत्तिमान् ।
भावार्चाध्यानतपसां भूमिः सर्वनयाश्रितः ॥ ४ ॥

૧ પૂર્ણ-પૂરો અને એ હેતુથી જ ૨ મગ્ન-જ્ઞાનમાં મગ્નથયેલો, પણ ઉપર રહેલો નહિ, તેથી જ ૩ સ્થિર-યોગની સ્થિરતાવાળો, તેથી જ ૪ અમોહ-મોહરહિત, એ હેતુથી ૫ જ્ઞાની--તત્ત્વજ્ઞ, તેથી જ ૬ શાન્ત--ઉપશમવંત, તેથી જ ૭ જિતેન્દ્રિય--જેણે ઈન્દ્રિયો જીતી છે એવો, તેથી ૮ ત્યાગી. કહ્યું છે કે—

बान्धवधनेन्द्रियत्यागात् त्यक्तभयविग्रहः साधुः ।
त्यक्तात्मा निर्ग्रन्थः त्यक्ताहंकारममकारः " ॥

"બાન્ધવ, ધન અને ઇન્દ્રિયોના વિષયનો ત્યાગ કરવાથી જેણે ભય અને કલેશનો ત્યાગ કર્યો છે એવો ત્યાગી આત્માવાળો, જેણે અહંકાર અને મમત્વનો ત્યાગ કરેલો છે એવો નિર્ગ્રન્થ છે."

---

वारिधेः=સંસારસમુદ્રથી. उद्विग्नः=ભયભીત થયેલો. लोकसंज्ञाविनिर्मुक्तः=લોકસંજ્ઞાથી રહિત. शास्त्रदृक्=શાસ્ત્રમાં જ દૃષ્ટિવાળો. (અને) निष्परिग्रहः=પરિગ્રહરહિત.

૧ शुद्धानुभववान्=શુદ્ધ અનુભવવાળો. योगी=ભાવયોગવાળો. नियागप्रतिपत्तिमान्=મોક્ષને પ્રાપ્ત થનાર. भावार्चाध्यानतपसां=ભાવપૂજા, ધ્યાન અને તપની. भूमिः=આશ્રયરૂપ. सर्वनयाश्रयः=સર્વ નયોનો જેણે આશ્રય કર્યો છે એવો હોય.

એથી જ ૯ ક્રિયામાં તત્પર એટલે શાસ્ત્ર-વચનાનુસાર ક્રિયાથી ઉત્તીર્ણ થઈ અસંગક્રિયાનિષ્ઠ, તેથી જ ૧૦ તૃપ્ત--આત્મસંતુષ્ટ, તેથી ૧૧ નિર્લેપ-લેપરહિત, નિર્લેપ હોવાથી જ ૧૨ નિઃસ્પૃહ—સ્પૃહા-રહિત, અને તેથી જ ૧૩મુનિ--ભાવ મૌનવંત.(તેથીજ)

૧૪ વિદ્યાસંપન્ન, તેથી જ ૧૫ વિવેકસંપન્ન, ૧૬ મધ્યસ્થ, ૧૭ સર્વ પ્રકારના ભય રહિત, ૧૮ આત્મશ્લાઘા નહિ કરનારો, અપકીર્તિ અને ભયના અભાવની ભાવના એવી ભાવી છે કે જેથી તે આત્મ-શ્લાઘા ન કરે. તેથી જ ૧૯ તત્ત્વદૃષ્ટિ—પરમાર્થમાં દૃષ્ટિવાળો અને ૨૦ સર્વસમૃદ્ધિમાન્--ઘટમાં પ્રગટી છે સર્વ ઋદ્ધિ જેને એવો.

સર્વ સમૃદ્ધિની સ્થિરતાના અર્થે ૨૧ કર્મ-વિપાકનો વિચાર કરનાર, તેથી વ્યવહાર દશાએ ૨૨ સંસારસમુદ્રથી ઉદ્વિગ્ન--ભયભીત હોય. તેથી સિદ્ધ નિર્વેદ ગુણે કરીને ૨૩ લોકસંજ્ઞાથી મુક્ત હોય. તેથી જ લોકોત્તર માર્ગને પ્રાપ્ત થઇ ૨૪ શાસ્ત્રદૃક્ -શાસ્ત્રમાં દૃષ્ટિ જેની છે એવો અને તેથી જ ૨૫ નિષ્પરિગ્રહ-પરિગ્રહરહિત હોય.

તેથી સિદ્ધ નિષ્પરિગ્રહ ગુણે કરીને ૨૬ શુદ્ધ અનુભવવાળો, એ હેતુથી જ ૨૭ ભાવયોગસંપન્ન,

તેથી ૨૮ નિયાગપ્રતિપત્તિમાન્--મોક્ષને પ્રાપ્ત કરનાર, ૨૯ ભાવ પૂજાની ભૂમિ, ૩૦ ધ્યાનની ભૂમિ, તથા ૩૧ શુદ્ધ તપની ભૂમિરૂપ અને સર્વ વિશુદ્ધિ દ્વારા ૩૨ સર્વ નયનો આશ્રય કરનારો હોય.

[1]
**स्पष्टं निष्टङ्कितं तत्त्वमष्टकैः प्रतिपन्नवान् ।**
**मुनिर्महोदयं ज्ञानसारं समधिगच्छति ॥ ५ ॥**

બત્રીશ અષ્ટકો વડે પ્રગટ નિર્ધારિલા તત્ત્વને પ્રાપ્ત થયેલા મુનિ જેનાથી મહાન્ ઉદય છે એવા શુદ્ધ ચારિત્ર તથા પરા મુક્તિરૂપ જ્ઞાનસારને પામે છે. કહ્યું છે કે—

**" सामाइअमाइअं सुअनाणं जाव बिंदुसाराओ ।**
**तस्स वि सारो चरणं सारो चरणस्स निव्वाणं "**

"સામાયિકથી માંડી ચૌદમા લોકબિન્દુસાર પૂર્વ સુધી શ્રુતજ્ઞાન છે, તેનો સાર ચારિત્ર છે અને ચારિત્રનો સાર નિર્વાણ છે."

હવે સદ્યઃફલજાતિય (તત્કાળ ફળવાળી) મુક્તિનું સ્વરૂપ બતાવે છે—

---

૧ अष्टकैः=અષ્ટકોવડે. स्पष्टं=સ્પષ્ટ. निष्टङ्कितं=નિશ્ચિત કરેલા. तत्त्वं=તત્ત્વને. प्रतिपन्नवान्=પ્રાપ્ત થયેલા. मुनिः=સાધુ. महोदयं=જેથી મહાન્ અભ્યુદય થાય છે એવા. ज्ञानसारं=જ્ઞાનના સારભૂત ચારિત્રને. समधिगच्छति=પ્રાપ્ત કરે છે.

१ निर्विकारं निराबाधं ज्ञानसारमुपेयुषाम् ।
विनिवृत्तपराशानां मोक्षोऽत्रैव महात्मनाम् ॥ ६ ॥

વિકારરહિત અને બાધારહિત એવા જ્ઞાનસારને પ્રાપ્ત થયેલા અને પરની આશા જેની નિવૃત્ત થઈ છે એવા મહાત્માઓને આ જ ભવમાં બન્ધની નિવૃત્તિરૂપ મોક્ષ છે.

२ चित्तमार्द्रीकृतं ज्ञानसारसारस्वतोर्मिभिः ।
नाप्नोति तीव्रमोहाग्निप्लोषशोषकदर्थनाम् ॥७॥

જ્ઞાનના સારરૂપ સરસ્વતીના કલ્લોલોએ કરીને આર્દ્ર-કોમળ કરાયેલું ચિત્ત તીવ્ર ( આકરા ) મોહરૂપ અગ્નિના દાહના શોષની પીડાને પામતું નથી.

---

૧ निर्विकारं=વિકાર રહિત. निराबाधं=પીડારહિત. ज्ञानसारं=જ્ઞાનસારને उपेयुषां=પ્રાપ્ત થયેલા (અને) विनिवृत्तपराशानां=નિવૃત્ત થઈ છે પરની આશા જેને એવા. महात्मनां=મહાત્માઓનો. इहैव=આ જ ભવમાં. मोक्षः=બન્ધની નિવૃત્તિરૂપ મોક્ષ છે.

૨ ज्ञानसारसारस्वतोर्मिभिः=જ્ઞાનસારરૂપ સરસ્વતી-વાણીના તરંગો વડે. आर्द्रीकृतं=કોમળતાને પામેલું. चित्तं=મન. तीव्रमोहाग्निप्लोषशोषकदर्थनाम्=આકરા મોહરૂપ અગ્નિના દાહના શોષની પીડાને न आप्नोति=પામતું નથી.

[1] अचिन्त्या काऽपि साधूनां ज्ञानसारगरिष्ठता ।
गतिर्ययोर्ध्वमेव स्याद् अधःपातः कदाऽपि न ॥८॥

સાધુઓના જ્ઞાનસારનું ગૌરવ-મહત્વ ( ભાર ) કંઈક ન ચિન્તવી શકાય તેવું છે, જે ગૌરવથી ઉંચી ગતિ જ થાય, હેઠું પડવું કદાપિ ન હોય,

અકરણનિયમથી બીજી ગુરુતા વડે ઊર્ધ્વ ગતિ ન હોય, અધોગતિ હોય. તે માટે જ્ઞાનગુરુતા અચિન્ત્ય કહી છે.

[2] क्लेशक्षयो हि मण्डूकचूर्णतुल्यः क्रियाकृतः ।
दग्धतच्चूर्णसदृशो ज्ञानसारकृतः पुनः ॥ ९ ॥

ક્રિયાથી કરેલો ક્લેશનો નાશ દેડકાના ચૂર્ણ સરખો છે. જેમ દેડકાનું ચૂર્ણ મેઘની વૃષ્ટિથી ફરી દેડકાં પેદા કરે, તેમ ક્રિયાથી નાશ પામેલો

---

૧ साधूनां=મુનિઓના. ज्ञानसारगरिष्ठता=જ્ઞાનસારની ગુરૂતા ( ભાર ). काऽपि=કોઈક. अचिन्त्या=ન ચિંતવી શકાય તેવી છે. यया=જે વડે. ऊर्ध्वमेव=ઉંચે જ. गतिः=ગતિ થાય. कदाऽपि=કદી પણ. अधःपातः=નીચે પડવું. न=ન થાય.

૨ क्रियाकृतः=ક્રિયાથી કરેલો. क्लेशक्षयः=ક્લેશનો નાશ. मण्डूकचूर्णतुल्यः=દેડકાના શરીરના ચૂર્ણ સમાન છે. पुनः= પરન્તુ. ज्ञानसारकृतः=જ્ઞાનસારથી કરાયેલો ( ક્લેશનો નાશ. ) दग्धतच्चूर्णसदृशः=બળી ગયેલા દેડકાના ચૂર્ણ સરખો છે.

ક્લેશ કારણયોગે ફરી પેદા થાય. પરન્તુ જ્ઞાનસારે એટલે શુદ્ધ ક્ષયોપશમ ભાવે કરેલો ક્લેશનો ક્ષય બાળેલા મંડૂક ચૂર્ણના જેવો છે. જેમ બાળેલું દેડકાનું ચૂર્ણ સેંકડો વરસાદ પડે તો પણ ફરી દેડકા ઉત્પન્ન ન કરે, તેમ જ્ઞાનદગ્ધ કર્મ ફરીથી ફુટી ન નીકળે, ભોગવવાં ન પડે.

**[1] ज्ञानपूतां परेऽप्याहुः क्रियां हेमघटोपमाम् ।**
**युक्तं तदपि तद्भावं न यद्भग्नाऽपि सोज्झति ॥१०॥**

સૌગત–બૌદ્ધાદિ પણ જ્ઞાને કરીને પવિત્ર ક્રિયાને સુવર્ણના ઘટ સરખી કહે છે, તે પરવચન પણ ઘટે છે. કારણ કે પતિત થાય (સુવર્ણઘટ ભાંગી જાય) તો પણ તે ક્રિયાના ભાવને (સુવર્ણ ભાવને) છોડતો નથી. "बंधेण न बोलइ कया वि" બંધ વડે અંતઃ કોટાકોટી સાગરોપમને ઓળંગી જતો નથી. અર્થાત્ તેથી અધિક સ્થિતિનો બંધ કરતો નથી. જ્ઞાન સહિત ક્રિયાથી બન્ધ ટળ્યો તે ફરી ન હોય.

---

૧ परेऽपि=બીજાઓ પણ. ज्ञानपूतां=જ્ઞાનથી પવિત્ર. क्रियां=ક્રિયાને. हेमघटोपमां=સુવર્ણના ઘટ સમાન. आहुः=કહે છે. तदपि=તે પણ. युक्तं=યોગ્ય છે. यत्=કારણ કે. सा=તે. भग्नाऽपि=ભાંગી ગયેલી પણ. (ભાંગી ગયેલો ઘટ પણ.) तद्भावं=ક્રિયાના ભાવને. (સુવર્ણભાવને.) न उज्झति=છોડતી નથી.

१
**क्रियाशून्यं च यज्ज्ञानं ज्ञानशून्या च या क्रिया ।**
**अनयोरन्तरं ज्ञेयं भानुखद्योतयोरिव ॥ ११ ॥**

ક્રિયારહિત જે જ્ઞાન અને જ્ઞાનરહિત ક્રિયાએ બન્નેનું અન્તર સૂર્ય અને ખજુઆની પેઠે જાણવું. ક્રિયાશૂન્ય જ્ઞાન સૂર્યની પેઠે મહા પ્રકાશવાળું છે અને જ્ઞાનશૂન્ય ક્રિયા ખજુઆની પેઠે અલ્પ પ્રકાશવાળી છે.

२
**चारित्रं विरतिः पूर्णा ज्ञानस्योत्कर्ष एव हि ।**
**ज्ञानाद्वैतनये दृष्टिर्देया तद्‌योगसिद्धये ॥ १२ ॥**

પૂર્ણ વિરતિરૂપ ચારિત્ર તે ખરેખર જ્ઞાનનો ઉત્કર્ષ–અતિશય જ છે, તે કારણથી યોગની સિદ્ધિને માટે કેવળ જ્ઞાનનયને વિષે દૃષ્ટિ દેવી.

---

૧ यज्ज्ञानं=જે જ્ઞાન क्रियाशून्यं=ક્રિયારહિત છે. च=અને ज्ञानशून्या=જ્ઞાનરહિત. या=જે. क्रिया=ક્રિયા છે. अनयोः=આ બન્નેનું. अन्तरं=અન્તર, વિશેષતા. भानुखद्योतयोरिव=સૂર્ય અને ખજુઆના જેવું. ज्ञेयं=જાણવું.

૨ पूर्णा=સંપૂર્ણ. विरतिः=વિરતિરૂપ. चारित्रं=ચારિત્ર. हि=ખરેખર. ज्ञानस्य=જ્ઞાનનો. उत्कर्षः=અતિશય. एव=જ છે. तत्=તે કારણથી. योगसिद्धये=યોગની સિદ્ધિ માટે. ज्ञानाद्वैत-नये=કેવળ જ્ઞાનનયમાં. दृष्टिः=દષ્ટિ. देया=આપવા યોગ્ય છે.

१ सिद्धिं सिद्धपुरे पुरन्दरपुरस्पर्धावहे लब्धवां-
श्चिद्दीपोऽयमुदारसारमहसा दीपोत्सवे पर्वणि ।
एतद्भावनभावपावनमनश्चञ्चच्चमत्कारिणां,
तैस्तैर्दीपशतैः सुनिश्चयमतैर्नित्योऽस्तु दीपोत्सवः ॥

ઈન્દ્રના નગરની સાથે સ્પર્ધા કરનારા સિદ્ધપુર નગરમાં અતિશય મનોહર તેજ વડે સહિત આ ગ્રંથ-રૂપ જ્ઞાનનો દીવો દીવાલીના પર્વને વિષે સંપૂર્ણ થયો. એ ગ્રંથની ભાવના–ચર્વણાના રહસ્યથી પવિત્ર થયેલા મનમાં થતા ચમત્કારવાળા જીવોને ભલા નિશ્ચયમતરૂપ સેંકડો દીવાઓ વડે ભાવ દીવાળીમહોત્સવ હમેશાં હો.

२ केषांचिद्विषयज्वरातुरमहो चित्तं परेषां विषा-
वेगोदर्ककुतर्कमूर्च्छितमथान्येषां कुवैराग्यतः ।

---

૧ उदारसारमहसा=પ્રધાન અને સારભૂત તેજ સહિત. अयं=આ. चिद्दीपः=જ્ઞાનરૂપ દીવો. पुरन्दरपुरस्पर्धावहे=ઈન્દ્રના નગરની સ્પર્ધા કરનાર. सिद्धपुरे=સિદ્ધપુરમાં. दीपोत्सवे पर्वणि=દીવાળીના પર્વમાં. सिद्धिं लब्धवान्=પૂર્ણ થયો. एतद्भावनभावपावनमनश्चञ्चच्चमत्कारिणाम्=આ ગ્રંથની ભાવનાના રહસ્યથી પવિત્ર થયેલા મનમાં થતા ચમત્કારવાળા જીવોને. तैस्तैः=તે તે. सुनिश्चयमतैः=શ્રેષ્ઠ નિશ્ચયમતરૂપ. दीपशतैः=સેંકડો દીવાળીઓ વડે. दीपोत्सवः=દીવાળીનો ઉત્સવ. नित्यः=હમેશાં. अस्तु=હો.

૨ अहो=આશ્ચર્ય છે કે. केषांचिद्=કેટલાએકનું चित्तं=મન.

लग्नालर्कमबोधकूपपतितं चास्ते परेषामपि,
स्तोकानां तु विकारभाररहितं तज्ज्ञानसाराश्रितम् ॥

અહો ! કેટલાએકનું મન વિષયરૂપ તાવથી પીડિત થયેલું છે, બીજાઓનું મન વિષના આવેગ-ત્વરા સરખા અને તત્કાલ છે ફળ જેનું એવા કુતર્ક-કુવિચાર વડે મૂર્છિત થયેલું છે, અન્યનું મન કુવૈરાગ્ય-દુઃખગર્ભિત અને મોહગર્ભિત વૈરાગ્યથી કરડેલો છે હડકાયો કૂતરો જેને એવું, એટલે કાલાન્તરે જેનો માઠો વિપાક થાય તેવું છે. બીજાઓનું ચિત્ત અજ્ઞાન-રૂપ કૂવામાં પડેલું છે. પરંતુ થોડાઓનું મન વિકાર ભારથી રહિત જ્ઞાનસાર વડે આશ્રિત છે.

[1]जातोद्रेकविवेकतोरणततौ धावल्यमातन्वति,
हृद्गेहे समयोचितः प्रसरति स्फीतश्च गीतध्वनिः ।

---

विषयज्वरातुरं=વિષયરૂપ તાવ વડે પીડિત છે. परेषां=બીજા-ઓનું મન. विषावेगोदर्ककुतर्कमूर्च्छितं=વિષના આવેગ સરખા અને તત્કાળ ફળ જેનું છે એવા કુતર્કથી મૂર્છિત થયેલું છે. अन्येषां=અન્યનું મન. कुवैराग्यतः=ખોટા વૈરાગ્યથી. लग्नालर्कं=લાગ્યો છે હડકાયો કૂતરો જેને એવું છે. परेषामपि=બીજાઓનું મન પણ. अबोधकूपपतितं=અજ્ઞાનરૂપ કૂવામાં પડેલું છે. तु=પણ. स्तोकानां=થોડાઓનું મન. विकारभाररहितं=વિકારના ભારથી રહિત. तज्ज्ञानसाराश्रितं=તે જ્ઞાનસાર વડે આશ્રિત. आस्ते=છે.

૧ जातोद्रेकविवेकतोरणततौ=જ્યાં અધિકપણે વિવેકરૂપ

पूर्णानन्दघनस्य किं सहजया तद्भाग्यभङ्ग्याऽभव-
न्नैतद्ग्रन्थमिषात् करग्रहमहश्चित्रं चरित्रश्रियः॥१५॥

જ્યાં અધિકપણે વિવેકરૂપ તોરણની માલા બાંધી છે, અને ધવલપણું—ઉજ્જવલપણું વિસ્તારતા હૃદયરૂપી ઘરમાં અવસરોચિત વિસ્તૃત ગીતનો ધ્વનિ પ્રસરે છે. તેથી પૂર્ણાનન્દઘનરૂપ શુદ્ધ આત્માની સાથે સ્વભાવસિદ્ધ ભાગ્યની રચના વડે આ ગ્રંથની રચનાના મિષથી ચારિત્રરૂપ લક્ષ્મીનો આશ્ચર્યકારી પાણિગ્રહનો મહોત્સવ થયો નથી શું ?

[1] भावस्तोमपवित्रगोमयरसैः लिप्तैव भूः सर्वतः,
संसिक्ता समतोदकैरथ पथि न्यस्ता विवेकस्रजः ।

---

તોરણની માળા બાંધેલી છે. (અને) धावल्यमातन्वति=ઉજ્જવલતાને વિસ્તારતા. हृद्गेहे=હૃદયરૂપ ઘરમાં. समयोचितः=સમયને યોગ્ય. स्फीतः=મોટો. गीतध्वनिः=ગીતનો શબ્દ. प्रसरति=પ્રસરે છે. पूर्णानन्दघनस्य=પૂર્ણ આનંદવડે ભરપૂર આત્માનો. सहजया=સ્વાભાવિક. तद्भाग्यभङ्ग्या=તેના ભાગ્યની રચનાથી. एतद्ग्रन्थमिषात्=આ ગ્રંથની રચનાના બહાનાથી. चारित्रश्रियः=ચારિત્રરૂપ લક્ષ્મી સાથે. चित्रं=આશ્ચર્ય કરનાર. करग्रहमहः=પાણિગ્રહણનો મહોત્સવ. किं=શું. न अभवत्=થયો નથી.

૧ अत्र शास्त्रे=આ શાસ્ત્રમાં. भावस्तोमपवित्रगोमयरसैः=

**अध्यात्मामृतपूर्णकामकलशश्चक्रेऽत्र शास्त्रे पुरः,**
**पूर्णानन्दघने पुरं प्रविशति स्वीयं कृतं मंगलम् ॥१६॥**

આ શાસ્ત્રમાં ભાવના સમૂહરૂપ પવિત્ર કામધેનુના છાણના રસથી લીંપેલી અને સમતારૂપ પાણી વડે ચોતરફ છાંટેલી ભૂમિ છે, માર્ગમાં વિવેકરૂપ ફુલની માળા સ્થાપેલી છે, અધ્યાત્મરૂપ અમૃતથી ભરેલો કામકુંભ આગળ મૂકયો છે. એમ સચ્ચિદાનંદ પૂર્ણ બ્રહ્મસ્વરૂપ શુદ્ધ આત્મા બત્રીશ અધિકારે (સર્વ જીવ) અપ્રમાદ નગરમાં પ્રવેશ કરે છે ત્યારે તેણે પોતાનું જ મંગલ કર્યું છે.

**गच्छे श्रीविजयादिदेवसुगुरोः स्वच्छे गुणानां गणैः,**
**प्रौढिं प्रौढिमधाम्नि जीतविजयप्राज्ञाः परामैयरुः ।**

---

ભાવના સમૂહરૂપ છાણના રસે કરીને. भूः=ભૂમિ. लिप्तैव= લીંપેલી જ છે. अथ=ત્યારબાદ. सर्वतः=ચોતરફ. समतोदकैः= સમભાવરુપ પાણીવડે. संसिक्ता=છાંટેલી છે. पथि=માર્ગમાં विवेकस्रजः=વિવેકરૂપ પુષ્પની માળાઓ. न्यस्ताः=મૂકી છે. पुरः=આગળ अध्यात्मामृतपूर्णकामकलशः=અધ્યાત્મરૂપ અમૃતથી ભરેલો કામકુંભ. चक्रे=કર્યો છે. (એમ) पूर्णानन्दघने=પૂર્ણ આનંદથી ભરપૂર આત્મા. पुरं प्रविशति=નગરમાં પ્રવેશ કરે છે ત્યારે. स्वीयं=પોતાનું. मंगलं=મંગલ. कृतं=કર્યું છે.

२ 'सर्वत्र लिप्तैव भूः' इतिप्र० ।

तत्सातीर्थ्यभृतां नयादिविजयप्राज्ञोत्तमानां शिशोः,
श्रीमन्न्यायविशारदस्य कृतिनामेषा कृतिः प्रीतये ॥

ગુણોના સમૂહથી પવિત્ર અને પ્રૌઢતાના ધામ એવા સદ્‌ગુરુ શ્રીવિજયદેવસૂરિના ગચ્છમાં જિતવિજય નામે પંડિત અત્યંત મહત્ત્વશાલી થયા. તેમના ગુરુભાઇ નયવિજય પંડિતના શિષ્ય શ્રીમદ્ ન્યાયવિશારદ (યશોવિજય ઉપાધ્યાય)ની આ કૃતિ મહાભાગ્યવંત પુરુષોની પ્રીતિને માટે થાઓ.

बालालालापानवद् बालबोधो,
न्या(ना)यं किन्तु न्यायमालासुधौघः ।
आस्वाद्यैनं [दुरितशमनं] मोहहालाहलाय (लस्य),
ज्वालाशान्तेर्धीविशाला भवन्तु ॥

બાલિકાને લાળ ચટવાના જેવો નીરસ આ બાલબોધ નથી, પરંતુ ન્યાયમાલારૂપ અમૃતના પ્રવાહસમાન છે. તેના રસને ચાખીને મોહરૂપ હાલાહલ ઝેરની જ્વાલા શાંત થવાથી વિશાલ બુદ્ધિવાળા થાઓ.

आतन्वाना भा-रती भारती
नस्तुल्यावेशा संस्कृते प्राकृते वा ।
शुक्तिसूक्तिर्युक्तिमुक्ताफलानां
भाषाभेदो नैव खेदोन्मुखः स्यात् ॥

ભા-રતી-પ્રતિભા અને પ્રીતિ ઉત્પન્ન કરનારી તથા સંસ્કૃત અને પ્રાકૃતમાં સમાન આગ્રહવાળી યુક્તિરૂપ મુક્તા-ફળોની જન્મભૂમિ છીપ જેવી સુંદર ઉક્તિવાળી અમારી વાણી છે. તેથી ભાષાનો ભેદ ખેદજનક થતો નથી. જેમ છીપો વિવિધ પ્રકારની હોવા છતાં તેમાં મુક્તાફળો હોવાથી ખેદ થતો નથી, તેમ વિવિધ પ્રકારની ભાષા હોવા છતાં તેમાં યુક્તિ હોવાથી કંટાળો ઉત્પન્ન થતો નથી.

सूरजीतनयशान्तिदासहृन्मोदकारणविनोदतः कृतः।
आत्मबोधधतविभ्रमः श्रीयशोविजयवाचकैरयम् ॥

શ્રીયશોવિજય ઉપાધ્યાયે સૂરજીના પુત્ર શાન્તિદાસના હૃદયમાં પ્રમોદ થવાના કારણે વિનોદથી આત્મજ્ઞાનમાં વિશ્રાંતિ આપનાર આ પ્રયત્ન કર્યો છે.

## इति ज्ञानसारग्रन्थटबार्थ संपूर्ण

लिवीकृतश्च संवत् १७६८ वर्ष चैत्र शुदि १९ गुरौ सकलपंडितसभाभामिनीभालस्थलतिलकायमानपंडितश्रीयशोवि-जयगणिशिष्य पं० श्रीजिनविजयगणिशिष्य पं० श्रीसौभा-ग्यविजयगणिभिः सतीर्थ्यगणिश्रीरूपविजयवाचनार्थमिति मंगलं।

# *આત્મજ્ઞાનનાં સાધન

आत्मैव दर्शनज्ञानचारित्राण्यथवा यतेः ।
यत् तदात्मक एवैष शरीरमधितिष्ठति ॥ १ ॥

અથવા સંયમીનો આત્મા જ દર્શન, જ્ઞાન અને ચારિત્ર-રૂપ છે. કારણ કે દર્શનાદિરૂપ આત્મા જ શરીરમાં વસે છે. (૧)

आत्मानमात्मना वेत्ति मोहत्यागाद् य आत्मनि ।
तदेव तस्य चारित्रं तज्ज्ञानं तच्च दर्शनम् ॥ २ ॥

મોહનો ત્યાગ કરીને જે આત્મા આત્મામાં આત્મા વડે આત્માને જાણે છે, તેજ તેનું ચારિત્ર; તે જ તેનું જ્ઞાન અને તેજ તેનું દર્શન છે. (૨)

आत्माज्ञानभवं दुःखमात्मज्ञानेन हन्यते ॥
तपसाऽप्यात्मविज्ञानहीनैश्छेत्तुं न शक्यते ॥ ३ ॥

આત્માના અજ્ઞાનથી ઉત્પન્ન થતું દુઃખ આત્મજ્ઞાનથી નાશ પામે છે, આત્મજ્ઞાન વિનાના માણસો તપથી પણ તે દુઃખ દૂર કરી શકતા નથી. કારણ કે જ્ઞાન સિવાયનું તપ અલ્પ ફળવાળું છે. બધું દુઃખ આત્માના અજ્ઞાનના કારણે થયેલું છે અને તે તેના પ્રતિપક્ષરૂપ

* અહીં યોગશાસ્ત્રનો ચોથો પ્રકાશ અનુવાદ સહિત આપવામાં આવ્યો છે.

આત્મજ્ઞાનથી નાશ પામે છે, માટે બાહ્ય વિષયોનો મોહ દૂર કરી આત્મજ્ઞાન મેળવવા પ્રયત્ન કરવા યોગ્ય છે. (૩)

**अयमात्मैव चिद्रूपः शरीरी कर्मयोगतः ।**
**ध्यानाग्निदग्धकर्मा तु सिद्धात्मा स्यान्निरञ्जनः ॥४॥**

આ આત્મા ચૈતન્યસ્વરૂપ છે, અને તે કર્મના સંયોગથી શરીરી થાય છે. તે જ આત્મા જ્યારે ધ્યાન અગ્નિથી કર્મોને બાળી નાંખે છે ત્યારે તે નિરંજન, અશરીરી સિદ્ધ થાય છે. (૪)

**अयमात्मैव संसारः कषायेन्द्रियनिर्जितः ।**
**तमेव तद्विजेतारं मोक्षमाहुर्मनीषिणः ॥ ५ ॥**

ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે કષાયો અને ઇન્દ્રિયો વડે જીતાયેલો આ આત્મા જ સંસાર છે અને તે કષાયો અને ઇન્દ્રિયોને જીતનારો આત્મા જ મોક્ષ છે એમ બુદ્ધિમાન પુરૂષો કહે છે. સ્વરૂપના લાભ સિવાય બીજો મોક્ષ નથી. આત્મા આનન્દસ્વરૂપ છે. તે પણ સ્વરૂપની પ્રાપ્તિ જ છે, માટે આત્મજ્ઞાનનો જ આશ્રય કરવો (૫)

**स्युः कषायाः क्रोधमानमायालोभाः शरीरिणाम् ।**
**चतुर्विधास्ते प्रत्येकं भेदैः संज्वलनादिभिः ॥ ६ ॥**

શરીરધારી આત્માને ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયો હોય છે. અને તે પ્રત્યેકના સંજ્વલનાદિ ભેદો વડે ચાર ચાર પ્રકાર છે. (૬)

**पक्षं संज्वलनः प्रत्याख्यानो मासचतुष्टयम् ।**
**अप्रत्याख्यानको वर्षं जन्मानन्तानुबन्धकः ॥ ७ ॥**

તૃણના અગ્નિની માફક સળગી ઊઠે અને તત્કાળ શાન્ત થાય તેવો સંજ્વલન કષાય છે. તે એક[1] પખવાડિયા સુધી રહે છે; તે સંપૂર્ણ વિરતિને રોકતો નથી, પણ તેને અમુક અંશે મલિન કરે છે. પ્રત્યાખ્યાનાવરણીય કષાય ચાર માસ સુધી ટકે છે, તે સંપૂર્ણ વિરતિને રોકે છે. પણ અમુક અંશે વિરતિ થવા દે છે. અપ્રત્યાખ્યાનાવરણીય કષાયની સ્થિતિ એક વર્ષ સુધી હોય છે અને તે દેશ વિરતિનો પણ પ્રતિબન્ધ કરે છે. અનન્તાનુબન્ધી કષાય જીવન પર્યન્ત રહે છે અને આત્માને અનન્ત ભવભ્રમણ કરાવે છે. (૭)

**वीतरागयतिश्राद्धसम्यग्दृष्टित्वघातकाः ।**
**ते देवत्वमनुष्यत्वतिर्यक्त्वनरकप्रदाः ॥ ८ ॥**

તે સંજ્વલનાદિ કષાયો અનુક્રમે વીતરાગપણું, સાધુપણું. શ્રાવકપણું અને સમ્યગ્દૃષ્ટિપણું રોકે છે, તથા દેવગતિ, મનુષ્યગતિ, તિર્યંચગતિ અને નરકગતિને પ્રાપ્ત કરાવે છે. ૮

સંજ્વલન કષાયના ઉદયે યતિપણું સંભવે છે, પણ વીતરાગપણું હોતું નથી. અને તેનાથી દેવગતિ પ્રાપ્ત થાય છે પણ મુક્તિ પ્રાપ્ત થતી નથી. પ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયે શ્રાવકપણું (અલ્પ વિરતિ) હોય છે, પણ યતિપણું (સંપૂર્ણ વિરતિ) હોતું નથી. અને તેનાથી મનુષ્યગતિ પ્રાપ્ત થાય છે. અપ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયે સમ્ય-

---

૧ અહીં સંજ્વલનાદિ કષાયોની સ્થિતિ સ્થુલ વ્યવહાર નયથી બતાવી છે. કારણ કે બાહુબલી વગેરેને સંજ્વલન માન એક વર્ષ પર્યન્ત રહ્યું છે અને પ્રસન્નચન્દ્ર રાજર્ષિને અનન્તાનુબન્ધી કષાય અન્તર્મુહૂર્ત સુધી રહ્યો છે.

દષ્ટિપણું સંભવે છે, પણ શ્રાવકપણું હોતું નથી તથા તેનાથી તિર્યંચગતિ પ્રાપ્ત થાય છે. અનન્તાનુબન્ધીના ઉદયે સમ્યગ્દષ્ટિપણું હોતું નથી અને તેનાથી નરકગતિ પ્રાપ્ત થાય છે. જો કે અનન્તાનુબન્ધી કષાયના ઉદયે ચારે ગતિ પ્રાપ્ત થાય છે. તેથી અહીં કષાયોનો ગતિની સાથેનો સંબન્ધ સ્થુલ વ્યવહારનયની દષ્ટિથી સમજવો.

**तत्रोपतापकः क्रोधः क्रोधो वैरस्य कारणम् ।**
**दुर्गतेर्वर्तनी क्रोधः क्रोधः शमसुखार्गला ॥ ९ ॥**
**उत्पद्यमानः प्रथमं दहत्येव स्वमाश्रयम् ।**
**क्रोधः कृशानुवत्पश्चादन्यं दहति वा न वा ॥१०॥**

ક્રોધ શરીર અને મનને સંતાપ કરનાર છે વૈરનું કારણ છે, દુર્ગતિનો માર્ગ છે તથા શમરૂપ સુખને રોકનાર આગળો છે. વળી અગ્નિની પેઠે ઉત્પન્ન થતાં જ પ્રથમ તો તે પોતાના આશ્રયને જ બાળે છે અને પછીથી તે બીજાને બાળે છે અથવા નથી પણ બાળતો. (૯-૧૦)

**क्रोधवह्नेस्तदह्नाय शमनाय शुभात्मभिः ।**
**श्रयणीया क्षमैकैव संयमारामसारणिः ॥ ११ ॥**

તેથી ક્રોધરૂપી અગ્નિને જલદી શાંત કરવા માટે સંયમરૂપી બગીચાને પલ્લવિત કરનાર પાણીની નીક સમાન ક્ષમાનો આશ્રય કરવો જોઈએ. (૧૧)

મનુષ્યો સત્વગુણને લીધે અથવા ભાવનાના બળથી ક્રોધને રોકી શકે છે. તેની ભાવના આ પ્રમાણે કરવી. જે મનુષ્ય પાપનો બંધ કરીને મને નુકશાન કરવા ઇચ્છે છે તે ખરેખર પોતાના કર્મથી જ હણાયેલો છે, તો તેના ઉપર કયો વિવેકી મનુષ્ય કોપ કરે? વળી જો તું તારા

અપકાર કરનારા ઉપર ગુસ્સે થાય છે તો વધારે દુ:ખના કારણભૂત તારા કર્મ ઉપર કેમ ગુસ્સે થતો નથી? જે ક્રૂર કર્મની પ્રેરણાથી બીજો તારા ઉપર કોપ કરે છે, તે કર્મની ઉપેક્ષા કરી બીજા ઉપર ક્રોધ કરતાં હું શા માટે શ્વાનવૃત્તિનો આશ્રય કરૂં? શ્રી મહાવીર પરિષહો અને ઉપસર્ગો સહન કરવા માટે મ્લેચ્છ દેશોમાં વિચર્યા, તો વગર યત્ને પ્રાપ્ત થયેલી ક્ષમાને ધારણ કરવા તું કેમ ઇચ્છતો નથી? ત્રણ લોકનો પ્રલય અને રક્ષણ કરવાને સમર્થ એવા મહાપુરૂષોએ જો ક્ષમાનો આશ્રય કર્યો તો કૂળના ગર્ભ જેવા તુચ્છ સત્વવાળા તારે ક્ષમા ધારણ કરવી શું ઉચિત નથી? તેં એવું પુણ્ય કેમ ન કર્યું કે જેથી કાઇ પીડા જ ન કરી શકે. તો અત્યારે તારી ભૂલનો પશ્ચાતાપ કરતાં ક્ષમા સ્વીકારવી જ આવશ્યક છે. કાઇ તને મર્મવેધી વચનોથી પીડા કરે તો તારે વિચારવું કે જો એ સાચું છે તો મારે ગુસ્સે થવાની શી જરૂર છે, જો એ ખોટું હોય તો તે *ગાંડાનું વચન સમજી તેની* ઉપેક્ષા કરવી યોગ્ય છે. જો કાઇ તારો વધ કરવા તૈયાર થાય તો તારે વિસ્મય પામી હસવું કે મારો વધ તો મારા કર્મોથી જ થવાનો છે, તો આ બાપડો નકામો અભિમાનથી કર્મ બાંધે છે. સર્વ પુરૂષાર્થનો ઘાત કરનાર ક્રોધ ઉપર તને ગુસ્સો થતો નથી તો સ્વલ્પ અપરાધ કરનાર ઉપર ક્રોધ કરવો તે ધિક્કારવા યોગ્ય છે. સર્વ ઇન્દ્રિયોને થાક પમાડનારા અને ઉગ્ર દોડતા સાપના જેવા ક્રોધ ઉપર વિજય મેળવવા માટે બુદ્ધિમાન પુરુષ જાંગુલિ મન્ત્ર સમાન નિરવધિ ક્ષમાનો નિરન્તર આશરો લેવો જોઇએ.

**विनयश्रुतशीलानां त्रिवर्गस्य च घातकः ।**
**विवेकलोचनं लुम्पन् मानोऽन्धङ्करणो नृणाम् ॥१२॥**

માન વિનય, વિદ્યા, શીલ તેમ જ ધર્મ, અર્થ અને કામ એ ત્રણે ય પુરુષાર્થોનો ઘાતક છે, વળી તે વિવેકરૂપ ચક્ષુને ફોડી નાંખે છે, તેથી લોકોને આંધળા કરનારો છે. ૧૨

जातिलाभकुलैश्वर्यबलरूपतपःश्रुतैः ।
कुर्वन् मदं पुनस्तानि हीनानि लभते जनः ॥१३॥

જાત, લાભ, કુળ, ઐશ્વર્ય-પ્રભુત્વ, બળ, રૂપ, તપ અને વિદ્યા એ આઠ પ્રકારે મદ કરનાર માણસ એ આઠે હીન પ્રકારનાં પ્રાપ્ત કરે છે. (૧૩)

उत्सर्पयन् दोषशाखा गुणमूलान्यधो नयन् ।
उन्मूलनीयो मानद्रुस्तन्मार्दवसरित्प्लवैः ॥ १४ ॥

દોષરૂપી શાખાઓને ઊંચે ફેલાવનાર તથા ગુણરૂપી મૂળને નીચે લઈ જનાર માનરૂપી વૃક્ષને નમ્રતારૂપી નદીના પ્રવાહથી મૂળથી ઊખેડી નાખવું જોઈએ. (૧૪)

असूनृतस्य जननी परशुः शीलशाखिनः ।
जन्मभूमिरविद्यानां माया दुर्गतिकारणम् ॥ १५ ॥

માયા અસત્યની જનની છે, શીલરૂપી વૃક્ષને છેદવામાં કુહાડીરૂપ છે, અવિદ્યા-અજ્ઞાનની જન્મભૂમિ છે અને દુર્ગતિનું કારણ છે. (૧૫)

कौटिल्यपटवः पापा मायया बकवृत्तयः ।
भुवनं वञ्चयमाना वञ्चयन्ते स्वमेव हि ॥ १६ ॥

કુટિલતામાં કુશળ, પાપકર્મ કરનાર, માયા વડે બગલા જેવી વૃત્તિવાળા, જગતને છેતરનારા માણસો ખરેખર પોતાની જાતને જ છેતરે છે. (૧૬)

तदार्जवमहौषध्या जगदानन्दहेतुना ।
जयेज्जगद्द्रोहकरीं मायां विषधरीमिव ॥ १७ ॥

તેથી જગતનો દ્રોહ કરનારી, માયારૂપી નાગિણીને જગતના આનંદના કારણરૂપ સરળતા રૂપી મહા ઔષધિથી જીતવી. (૧૭)

आकरः सर्वदोषाणां गुणग्रसनराक्षसः ।
कन्दो व्यसनवल्लीनां लोभः सर्वार्थबाधकः ॥१८॥

લોભ બધા દોષોની ખાણ છે, ગુણોનો ગ્રાસ કરી જનાર રાક્ષસ છે. દુઃખરૂપી વેલના મળરૂપ છે, તથા ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ ચારે પુરુષાર્થોનો નાશ કરનાર છે.

धनहीनः शतमेकं सहस्रं शतवानपि ।
सहस्राधिपतिर्लक्षं कोटिं लक्षेश्वरोऽपि च ॥१९॥
कोटीश्वरो नरेन्द्रत्वं नरेन्द्रश्चक्रवर्तिताम् ।
चक्रवर्ती च देवत्वं देवोऽपीन्द्रत्वमिच्छति ॥२०॥
इन्द्रत्वेऽपि हि संप्राप्ते यदिच्छा न निवर्तते ।
मूले लघीयांस्तल्लोभ शराव इव वर्धते ॥२१॥

તદ્દન ગરીબ માણસ સો રૂપિયાની ઈચ્છા રાખે છે, સોવાળો હજારની, હજારવાળો લાખની, લક્ષાધિપતિ કરોડની. કરોડાધિપતિ રાજ્યની, રાજા ચક્રવર્તિપણાની, ચક્રવર્તી દેવપણાની અને દેવ ઇન્દ્રપણાની ઈચ્છા કરે છે. અને ઇન્દ્રપણું મળ્યા પછી પણ ઈચ્છાની નિવૃત્તિ તો થતીજ

નથી. કારણ કે લોભ શરૂઆતમાં બહુ થોડો દેખાય છે પણ શકોરાની માફક એકદમ વધતો જાય છે. (૧૯–૨૧)

**लोभसागरमुद्वेलमतिवेलं महामतिः ।**
**संतोषसेतुबन्धेन प्रसरन्तं निवारयेत् ॥ २२ ॥**

લોભરૂપી અતિ ઉછળતા સમુદ્રને બુદ્ધિમાન પુરૂષે સંતોષરૂપી સેતુ–પાળ બાંધીને આગળ વધતો અટકાવવો. (૨૨)

**क्षान्त्या क्रोधो मृदुत्वेन मानो मायाऽऽर्जवेन च ।**
**लोभश्चानीहया जेयाः कषाया इति संग्रहः ॥२३॥**

એમ ક્ષમાથી ક્રોધને નમ્રતાથી માનને, સરલતાથી માયાને અને સંતોષથી લોભને જીતવો. (૨૩)

**विनेन्द्रियजयं नैव कषायाञ्जेतुमीश्वरः ।**
**हन्यते हैमनं जाड्यं न विना ज्वलितानलम् ॥२४॥**

ઇન્દ્રિયોને જીત્યા સિવાય મનુષ્ય કષાયો ઉપર વિજય મેળવવા સમર્થ થતો નથી. કેમકે શિયાળાની ઠંડી પ્રજ્વલિત અગ્નિ વિના દૂર કરી શકાતી નથી. (૨૪)

**अदान्तैरिन्द्रियहयैश्चलरपथगामिभिः ।**
**आकृष्य नरकारण्ये जन्तुः सपदि नीयते ॥२५॥**

અનિયંત્રિત, ચંચળ, અને ઉન્માર્ગગામી ઇન્દ્રિયરૂપી અશ્વો પ્રાણીને ખેંચીને નરક રૂપી અરણ્યમાં જલદી લઈ જાય છે. (૨૫)

**इन्द्रियैर्विजितो जन्तुः कषायैरभिभूयते ।**
**वीरैः कृष्टेष्टकः पूर्वं वप्रः कैः कैर्न खण्डयते ? ॥२६॥**

જે પ્રાણી ઇન્દ્રિયોથી જીતાયેલો છે, તે કષાયોથી જલદી પરાભવ પામે છે. બળવાન પુરુષોએ પહેલાં જેની એક ઇંટ ખેંચી કાઢી છે તેવા કિલ્લાને પાછળથી કોણ તોડી પાડતું નથી? (૨૬)

**कुलघाताय पाताय बन्धाय च वधाय च ।**
**अनिर्जितानि जायन्ते करणानि शरीरिणाम् ॥२७॥**

ન જીતાયેલી ઇન્દ્રિયો માણસોના કુળનો નાશ, અધઃપાત, બંધ અને વધના કારણ રૂપ થાયછે. (૨૭)

ઇન્દ્રિયોની સર્વથા અપ્રવૃત્તિ તે ઇન્દ્રિયોનો જય નથી, પણ વિષયોમાં રાગદ્વેષ વિના પ્રવૃત્તિ કરવી તે પણ ઇન્દ્રિયોનો જય જ છે. સમીપમાં રહેલા વિષયનો ઇન્દ્રિયોની સાથે સંબન્ધ જ ન થાય એમ બનવું અશક્ય છે, પરન્તુ વિષયોમાં થતા રાગદ્વેષને તો જરૂર નિવારી શકાય છે. સંયમી પુરૂષોની ઇન્દ્રિયો હણાયેલી અને ન હણાયેલી છે. હતકારી વિષયોમાં તેઓની ઇન્દ્રિયો હણાયેલી નથી, પણ અહિત વિષયોમાં હણાયેલી છે. વિષયોમાં પ્રિયપણું કે અપ્રિયપણું વાસ્તવિક રીતે નથી, પરન્તુ એક જ વિષય અમુક હેતુથી પ્રિય થાય છે, અને અમુક હેતુથી અપ્રિય થાય છે. માટે વિષયોનું પ્રિયપણું અને અપ્રિયપણું ઔપાધિક સમજી રાગદ્વેષ દૂર કરવા.

**तदिन्द्रियजयं कुर्याद् मनःशुद्ध्या महामतिः ।**
**यां विना यमनियमैः कायक्लेशो वृथा नृणाम् ॥२८॥**

માટે બુદ્ધિમાન પુરુષે મનની વિશુદ્ધિ વડે ઇન્દ્રિયો

ઉપર વિજય મેળવવો. કારણ કે મનની શુદ્ધિ વિના મનુ-ષ્યોને યમનિયમો વડે નકામો કાયકલેશ થાય છે. (૨૮)

**मनःक्षपाचरो भ्राम्यन्नपशङ्कं निरङ्कुशः ।**
**प्रपातयति संसारावर्त्तगर्त्ते जगत्त्रयीम् ॥२९॥**

ગમે તે વિષયમાં નિર્ભયપણે ભ્રમણ કરતો નિરંકુશ મનરૂપી રાક્ષસ ત્રણ જગતને સંસારરૂપી ચકરાવામાં પાડે છે. (૨૯)

**तप्यमानांस्तपो मुक्तौ गन्तुकामान् शरीरिणः ।**
**वात्येव तरलं चेतः क्षिपत्यन्यत्र कुत्रचित् ॥३०॥**

મુક્તિ પામવાની ઈચ્છાથી તપ તપતા મનુષ્યોને ચંચળ ચિત્ત વંટોળિયાની પેઠે બીજે ક્યાંય ફેંકી દે છે. ૩૦

**अनिरुद्धमनस्कः सन् योगश्रद्धां दधाति यः ।**
**पद्भ्यां जिगमिषुर्ग्रामं स पङ्गुरिव हस्यते ॥३१॥**

મનનો નિરોધ કર્યા વિના જે માણસ 'હું યોગી છું' એવું અભિમાન રાખે છે, તે પગે ચાલીને બીજે ગામ જવા ઈચ્છતા પાંગળા માણસની પેઠે હાસ્યપાત્ર બને છે. (૩૧)

**मनोरोधे निरुध्यन्ते कर्माण्यपि समन्ततः ।**
**अनिरुद्धमनस्कस्य प्रसरन्ति हि तान्यपि ॥३२॥**

મનનો વિરોધ થતાં જ જ્ઞાનાવરણીયાદિ અતિ પ્રબળ કર્મોનો પણ સર્વથા નિરોધ થઈ જાય છે. જેનું મન નિરોધ પામ્યું નથી તેનાં કર્મો ઊલટાં વધી જાય છે. (૩૨)

मनःकपिरयं विश्वपरिभ्रमणलम्पटः ।
नियन्त्रणीयो यत्नेन मुक्तिमिच्छुभिरात्मनः ॥३३॥

માટે મુક્તિને ઇચ્છનારાઓએ સર્વ જગતમાં ભટકતા આ મનરૂપી વાંદરાને પ્રયત્નપૂર્વક વશ કરવો જોઇએ. ૩૩

दीपिका खल्वनिर्वाणा निर्वाणपथदर्शिनी ।
एकैव मनसः शुद्धिः समाम्नाता मनीषिभिः ॥३४॥

પૂર્વાચાર્યોએ એકલી મનની શુદ્ધિને જ મોક્ષમાર્ગ બતાવનારી, કદી ન ઓલવાય એવી દીવી કહેલી છે. ૩૪

सत्यां हि मनसः शुद्धौ सन्त्यसन्तोऽपि यद्गुणाः ।
सन्तोऽप्यसत्यां नो सन्ति सैव कार्या बुधस्ततः॥३५॥

જો મનની શુદ્ધિ હોય તો અવિદ્યમાન ગુણો પણ અસ્તિત્વમાં આવે છે, પરંતુ તે ન હોય તો વિદ્યમાન ગુણોનો પણ અભાવ થાય છે; માટે બુદ્ધિમાન પુરુષે મનશુદ્ધિ જ કરવી. (૩૫)

मनःशुद्धिमबिभ्राणा ये तपस्यन्ति मुक्तये ।
त्यक्त्वा नावं भुजाभ्यां ते तितीर्षन्ति महार्णवम् ॥३६॥

જે લોકો મનની શુદ્ધિ કર્યા વિના મુક્તિ માટે તપ તપે છે તે લોકો નાવને છોડીને હાથ વડે સમુદ્ર તરવાની ઇચ્છા રાખે છે. (૩૬)

तपस्विनो मनःशुद्धिं विना भूतस्य सर्वथा ।
ध्यानं खलु मुधा चक्षुर्विकलस्येव दर्पणः ॥३७॥

જેમ આંખો વિનાનાને દર્પણ નકામું છે, તેમ થોડી પણ મનની શુદ્ધિ વિનાના તપસ્વીને ધ્યાન નકામું છે. ૩૭

**तदवश्यं मनःशुद्धिः कर्तव्या सिद्धिमिच्छता ।**
**तपःश्रुतयमप्रायैः किमन्यैः कायदण्डनैः ॥ ३८ ॥**

માટે સિધ્ધિની ઇચ્છાવાળાએ મનની શુધ્ધિ જ કરવી જોઇએ. તે સિવાય બીજા દેહદમન કરનારા તપ, શ્રુત, યમ, નિયમાદિ ઉપાયો વ્યર્થ છે. (૩૮)

**मनःशुद्ध्यैव कर्तव्यो रागद्वेषविनिर्जयः ।**
**कालुष्यं येन हित्वाऽऽत्मा स्वस्वरूपेऽवतिष्ठते ॥३९॥**

મનની શુધ્ધિ કરવા માટે રાગ દ્વેષનો જય કરવો, રાગ દ્વેષ જીતવાથી આત્મા મલિનતા દૂર કરીને પોતના શુદ્ધ સ્વરૂપમાં સ્થિર થાય છે. (૩૯)

**आत्मायत्तमपि स्वान्तं कुर्वतामत्र योगिनाम् ।**
**रागादिभिः समाक्रम्य परायत्तं विधीयते ॥४०॥**

આત્મામાં લીન કરવા પ્રયત્ન કરતા યોગીઓના મનને પણ રાગ ૅષ અને મોહ ચડી આવીને પરાધીન બનાવે છે. (૪૦)

**रक्ष्यमाणमपि स्वान्तं समादाय मनाग् मिषम् ।**
**पिशाचा इव रागाद्याश्छलयन्ति मुहुर्मुहुः ॥४१॥**

ગમે તેટલુ રક્ષણ કરવામાં આવે છતાં પિશાચના જેવા રાગાદિ થોડું પણ પ્રમાદરૂપ બહાનું મળતાં મનને વારંવાર છેતરે છે. (૪૧)

रागादितिमिरध्वस्तज्ञानेन मनसा जनः ।
अन्धेनान्ध इवाकृष्टः पात्यते नरकावटे ॥ ४२ ॥

જેમ આંધળો માણસ આંધળા માણુસને ખાડામાં નાંખે છે, તેમ રાગાદિ અંધકારથી નાશ પામેલ વિવેકજ્ઞાન-વાળું મન માણુસને ખેંચીને નરકરુપ ખાડામાં નાખે છે. ૪૨

अस्ततन्द्रैरतः पुंभिर्निर्वाणपदकाङ्क्षिभिः ।
विधातव्यः समत्वेन रागद्वेषद्विषज्जयः ॥४३॥

માટે નિર્વાણ પદની ઇચ્છાવાળા પુરુષોએ પ્રમાદનો ત્યાગ કરી સમભાવ વડે એટલે રાગ દ્વેષના હેતુઓમાં મધ્યસ્થ પરિણામ વડે રાગદ્વેષરૂપી શત્રુને જીતવો જોઇએ ૪૩

अमन्दानन्दजनने साम्यवारिणि मज्जताम् ।
जायते सहसा पुंसां रागद्वेषमलक्षयः ॥४४॥

અતિ આનંદજનક સમતારૂપી પાણીમાં ડુબકી મારનારા પુરુષોનો રાગ દ્વેષરૂપી મેલ તત્કાળ નાશ પામે છે. ૪૪

प्रणिहन्ति क्षणार्धेन साम्यमालम्ब्य कर्म तत् ।
यन्न हन्यान्नरस्तीव्रतपसा जन्मकोटिभिः ॥४५॥

માણુસ જે કર્મને કોટી જન્મની કઠિન તપશ્ચર્યાથી પણ નાશ ન કરી શકે તે કર્મને તે સમભાવનો આશ્રય લઇને એક અર્ધા ક્ષણુમાં નાશ કરે છે. ૪૫

कर्म जीवं च संश्लिष्टं परिज्ञातात्मनिश्चयः ।
विभिन्नीकुरुते साधुः सामायिकशलाकया ॥४६॥

જેને આત્મસ્વરૂપનો નિશ્ચય થયો છે એવા સાધુ સામાયિકરૂપી સળી વડે પરસ્પર મળેલા જીવ અને કર્મને જુદાં કરે છે. આત્મજ્ઞાનનો અભ્યાસ કરતાં તથાવિધ આવરણો દૂર થવાથી પુનઃ પુનઃ સ્વસંવેદનથી આત્માનો દૃઢ નિશ્ચય થાય છે, અને તેથી આત્મસ્વરૂપનું આવરણ કરનારા અને આત્મસ્વરૂપથી ભિન્ન એવા કર્મોને પરમ સામાયિકના બળથી નિર્જરે છે. (૪૬)

**रागादिध्वान्तविध्वंसे कृते सामायिकांशुना ।**
**स्वस्मिन् स्वरूपं पश्यन्ति योगिनः परमात्मनः॥४७॥**

સામાયિકરૂપી સૂર્યથી રાગાદિ અંધકારનો નાશ થતાં યોગીઓ પોતાનામાં પરમાત્માનું સ્વરૂપ દેખે છે. બધા આત્માઓ તત્ત્વદૃષ્ટિથી પરમાત્મા જ છે, કેવળ રાગદ્વેષાદિથી મલિન થયેલા હોવાથી પરમાત્મ સ્વરૂપની અભિવ્યક્તિ થતી નથી પરન્તુ સમભાવરૂપ સૂર્યના પ્રકાશથી રાગાદિ અંધકારનો નાશ થતાં આત્માને વિશે જ પરમાત્મસ્વરૂપ પ્રગટ થાય છે. (૪૭)

**स्निह्यन्ति जन्तवो नित्यं वैरिणोऽपि परस्परम् ।**
**अपि स्वार्थकृते साम्यभाजः साधोः प्रभावतः॥४८॥**

પોતના સ્વરૂપની પ્રાપ્તિ માટે સમત્વનું સેવન કરનાર સાધુના પ્રભાવથી નિત્ય વેરવૃત્તિવાળાં પ્રાણીઓ પણ પરસ્પર પ્રેમ કરે છે. (૪૮)

પ્રિય અને અપ્રિય એવા ચેતન અને અચેતન પદાર્થમાં જેનું મન મોહ પામતું નથી તે સમભાવને પ્રાપ્ત થયેલો છે. કોઇ પોતાના હાથવતી ગોશીર્ષ ચન્દનનું વિલેપન કરે કે વાંસલાથી કાપે તો પણ બન્નેમાં

સમાન વૃત્તિ હોય ત્યારે સર્વોત્તમ સમભાવ હોય છે. કોઈ પ્રસન્ન થઈને સ્તુતિ કરે કે ગુસ્સે થઈને ગાળો દે તો પણ જેનું ચિત્ત તે બન્નેમાં સરખું છે તે સમભાવમાં મગ્ન છે. પ્રયત્નથી કરેલા અને ક્લેશજનક રાગાદિની ઉપાસના શા માટે કરવી? પરન્તુ વગર પ્રયત્ને મળી શકે એવા સુખ આપનારા મનોહર સમભાવનો આશ્રય કરવો યોગ્ય છે. ખાવા યોગ્ય, ચાટવા યોગ્ય, ચુસવા યોગ્ય અને પીવા યોગ્ય પદાર્થોથી વિમુખ ચિત્તવાળા યોગીઓ પણ સમભાવરૂપ અમૃત વારંવાર પીવે છે. આમાં કંઇ ગુપ્ત નથી, તેમ કોઈ ગુરુનું રહસ્ય નથી, પરન્તુ અજ્ઞ અને બુદ્ધિમાનોને માટે એક જ ભવ-વ્યાધિને શમન કરનારૂં સમભાવરૂપ ઔષધ છે, જેનાથી પાપીઓ પણ ક્ષણમાત્રમાં શાશ્વત પદ પામે છે. તે આ સમભાવનો પરમ પ્રભાવ છે. જે સમભાવ પ્રાપ્ત થતાં રત્નત્રય સફળ થાય છે અને જેના વિના નિષ્ફળતા પામે છે તે મહાપ્રભાવયુક્ત સમભાવને નમસ્કાર કરૂં છું. હું સર્વ શાસ્ત્રના રહસ્યને જાણી પોકાર કરીને કહું છું કે આ લોક અને પરલોકમાં સમભાવથી બીજી કોઈ સુખની ખાણ નથી. જ્યારે ઉપસર્ગો આવી પડે છે અને મૃત્યુ સામે ઉભું હોય છે ત્યારે તે કાલને ઉચિત સમભાવથી બીજું કંઈ પણ ઉપયોગી નથી. રાગદ્વેષાદિ શત્રુઓનો નાશ કરનાર સમભાવરૂપ સામ્રાજ્યની લક્ષ્મી ભોગવીને પ્રાણીઓ શુભ ગતિને પ્રાપ્ત થાય છે. તેથી જો આ મનુષ્યજન્મ સફળ કરવો હોય તો અમર્યાદ સુખથી પૂર્ણ સમભાવને પ્રાપ્ત કરવા જરા પણ પ્રમાદ ન કરવો.

**साम्यं स्यान्निर्ममत्वेन तत्कृते भावनाः श्रयेत् ।**
**अनित्यतामशरणं भवमेकत्वमन्यताम् ॥ ४९ ॥**
**अशौचमाश्रवविधिं संवरं कर्मनिर्जराम् ।**
**धर्मस्वाख्याततां लोकं द्वादशीं बोधिभावनाम् ॥५०॥**

સમભાવની પ્રાપ્તિ નિર્મમત્વ પ્રાપ્ત થવાથી જ થાય છે અને નિર્મમત્વ પ્રાપ્ત થવા માટે અનિત્યાદિ બાર ભાવનાઓનું અવલંબન કરવું આવશ્યક છે.

અનિત્યભાવના, અશરણભાવના, સંસારભાવના, એકત્વભાવના, અન્યત્વ ભાવના, અશુચિત્વ ભાવના, આસ્રવ ભાવના, સંવર ભાવના, નિર્જરા ભાવના ધર્મસ્વાખ્યાત ભાવના, લોક ભાવના અને બોધિદુર્લભ ભાવના, એ બાર ભાવના છે. (૪૯-૫૦)

### ૧ અનિત્ય ભાવના

**यत्प्रातस्तन्न मध्याह्ने यन्मध्याह्ने न तन्निशि ।**
**निरीक्ष्यते भवेऽस्मिन् ही ! पदार्थानामनित्यता ॥५१॥**

આ જગતમાં જે સવારમાં હોય છે તે બપોરે નથી દેખાતું, અને જે બપોરે હોય છે તે રાત્રે નથી દેખાતું. આ પ્રમાણે પદાર્થની અનિત્યતા સર્વત્ર દેખાય છે. (૫૧)

**शरीरं देहिनां सर्वपुरुषार्थनिबन्धनम् ।**
**प्रचण्डपवनोद्धूतघनाघनविनश्वरम् ॥ ५२ ॥**

બધા પુરુષાર્થોના કારણભૂત પ્રાણીઓના શરીર પ્રચંડ પવનથી વિખરાઇ ગએલા વાદળાં જેવાં વિનાશશીલ છે. (૫૨)

**कल्लोलचपला लक्ष्मीः संगमाः स्वप्नसंनिभाः ।**
**वात्याव्यतिकरोत्क्षिप्ततूलतुल्यं च यौवनम् ॥ ५३ ॥**

લક્ષ્મી મોજાંની જેવા ચંચળ છે, ધન, કુટુંબાદિના સંગમો સ્વપ્ન જેવા છે અને યૌવન વંટોળિયાના સંબન્ધથી ઉડેલા રૂ જેવું છે. (૫૩)

**इत्यनित्यं जगद्वृत्तं स्थिरचित्तः प्रतिक्षणम् ।**
**तृष्णाकृष्णाहिमन्त्राय निर्ममत्वाय चिन्तयेत् ॥५४॥**

આ પ્રમાણે તૃષ્ણારૂપી કાળી નાગણીને વશ કરનાર મંત્રસમાન નિર્મમત્વની પ્રાપ્તિ માટે જગતના અનિત્ય સ્વરૂપનો સ્થિરચિત્તે પ્રતિક્ષણ વિચાર કરવો. (૫૪)

**૨ અશરણ ભાવના**

**इन्द्रोपेन्द्रादयोऽप्येते यन्मृत्योर्यान्ति गोचरम् ।**
**अहो ! तदन्तकातङ्के कः शरण्यः शरीरिणाम् ॥ ५५ ॥**

ઇન્દ્રો, ઉપેન્દ્રો વગેરે પણ જે મૃત્યુને આધીન થયા, તે મરણના ભયથી પ્રાણીને કોણ શરણ આપી શકે એમ છે ? (૫૫)

**पितुर्मातुःस्वसुर्भ्रातुस्तनयानां च पश्यताम् ।**
**अत्राणो नीयते जन्तुः कर्मभिर्यमसद्मनि ॥ ५६ ॥**

પિતા, માતા, બહેન, ભાઈ અને પુત્રો જોઈ રહે છે અને અસહાય જીવને કર્મો યમને ઘેર લઈ જાય છે. (૫૬)

**शोचन्ति स्वजनानन्तं नीयमानान् स्वकर्मभिः ।**
**नेष्यमाणं तु शोचन्ति नात्मानं मूढबुद्धयः ॥ ५७ ॥**

મૂઢ બુધ્ધિવાળા લોકો પોતાના કર્મોએ મૃત્યુ પામતા સ્વજનોનો શોક કરે છે, પણ સ્વકર્મ વડે મૃત્યુ પામનાર પોતાના આત્માનો શોક કરતા નથી. પોતાની નજીક રહેલા મૃત્યુનો શોક નહિ કરતાં દૂર સ્વજનાદિના મૃત્યુનો શોક કરવો તે બુધ્ધિની મૂઢતા જ છે (૫૭)

**संसारे दुःखदावाग्निज्वलज्ज्वालाकरालिते ।**
**वने मृगार्भकस्येव शरणं नास्ति देहिनः ॥ ५८ ॥**

દાવાગ્નિની ભભકતી જ્વાલાથી વિકરાળ દેખાતા વનમાં જેમ મૃગના બચ્ચાનું કોઇ શરણ નથી, તેમ દુઃખરૂપી દાવાગ્નિની બળતી જ્વાળાથી ભયંકર આ સંસારમાં પ્રાણીનું કોઇ શરણ નથી. (૫૮)

## ૩ સંસાર ભાવના

**श्रोत्रियः श्वपचः स्वामी पत्तिर्ब्रह्मा कृमिश्च सः ।**
**संसारनाटये नटवत् संसारी हन्त ! चेष्टते ॥ ५९ ॥**

આ સંસારરૂપી રંગભૂમિ ઉપર પ્રાણી નટની જેમ કોઈ વાર વેદજ્ઞ બ્રાહ્મણ થાય છે તો કોઇ વાર ચંડાળ થાય છે, કોઇ વાર શેઠ થાય છે તો કોઈ વાર નોકર થાય છે, કોઈ વાર પ્રજાપતિ બ્રહ્મા થાય તો કોઇવાર ક્ષુદ્ર કીડો થાય છે, એમ વિવિધ પ્રકારે સંસારી જીવ ચેષ્ટા કરે છે.

**न याति कतमां योनिं कतमां वा न मुञ्चति ।**
**संसारी कर्मसम्बन्धादवक्रयकुटीमिव ॥ ६० ॥**

સંસારી જીવ કર્મના સંબન્ધથી ભાડાની કોટડીની જેમ કઇ યોનિમાં નથી જતો અને કઇ યોનિમાંથી નથી નીકળતો ? (૬૦)

**समस्तलोकाकाशेऽपि नानारूपैः स्वकर्मतः ।**
**वालाग्रमपि तन्नास्ति यन्न स्पृष्टं शरीरिभिः ॥६१॥**

સમસ્ત લોકાકાશમાં વાળના અગ્રભાગ જેટલું પણ કોઇ સ્થાન નથી કે જ્યાં જીવ પોતાના કર્મથી એન્દ્રિયાદિ વિવિધ રૂપો ધારણ કરવા વડે ઉત્પન્ન ન થયો હોય. (૬૧)

### ૪ એકત્વ ભાવના

**एक उत्पद्यते जन्तुरेक एव विपद्यते ।**
**कर्माण्यनुभवत्येकः प्रचितानि भवान्तरे ॥ ६२ ॥**

જીવ એકલો જ ઉત્પન્ન થાય છે અને એકલો જ મરણ પામે છે, તથા ભવાન્તરમાં કરેલાં કર્મો એકલો જ ભોગવે છે. (૬૨)

**अन्यैस्तेनार्जितं वित्तं भूयः संभूय भुज्यते ।**
**स त्वेको नरकक्रोडे क्लिश्यन्ते निजकर्मभिः ॥६३॥**

તેણે ભેગું કરેલું દ્રવ્ય બીજા જ ભેગા મળીને ભોગવે છે; પરંતુ તે પોતે તો નરકમાં પોતાના કર્મોના ફળ ભોગવવા વડે ક્લેશ પામે છે. (૬૩)

પ્રાણી એકલો જ શુભાશુભ કર્મ કરીને સંસારમાં ભમે છે અને તેને યોગ્ય શુભાશુભ ફળ પણ એકલો જ ભોગવે છે. તથા સર્વ સંબન્ધોનો ત્યાગ કરી એકલો જ મોક્ષ લક્ષ્મીનો ઉપભોગ કરે છે. ત્યાં બીજા કોઈનો સંભવ નથી.

### ૫ અન્યત્વ ભાવના

**यत्रान्यत्वं शरीरस्य वैसदृश्याच्छरीरिणः ।**
**धनबन्धुसहायानां तत्रान्यत्वं न दुर्वचम् ॥ ६४ ॥**

જ્યાં આત્માથી શરીરની વિલક્ષણતા હોવાથી અન્યપણું છે, ત્યાં ધન, બન્ધુ અને સહાયકોનું આત્માથી અન્યત્વ હોય એ કહેવું મુશ્કેલ નથી. (૬૪)

**यो देहधनबन्धुभ्यो भिन्नमात्मानमीक्षते ।**
**क्व शोकशङ्कुना तस्य हन्तातङ्कः प्रतन्यते ॥६५॥**

જે માણસ શરીર, ધન અને બંધુઓથી પોતાના આત્માને ભિન્ન જુએ છે તે માણસને શોકરૂપ શલ્ય ક્યાંથી દુઃખ આપે? (૬૫)

આત્માથી દેહાદિ પદાર્થોનો અન્યત્વરૂપ ભેદ સ્પષ્ટ પ્રતીત થાય છે. દેહાદિ પદાર્થો ઇન્દ્રિય ગ્રાહ્ય છે અને આત્મા અનુભવગોચર છે. જો આત્મા અને દેહાદિ પદાર્થોનું અન્યપણું છે તો શરીરને પ્રહારાદિ થતાં દુઃખ કેમ થાય છે એ શંકા કરવા યોગ્ય નથી, કારણ કે જેઓને શરીરાદિમાં ભેદબુદ્ધિ નથી, તેઓના દેહને પ્રહારાદિ થતાં આત્માને પીડા થાય છે, પરન્તુ જેઓને દેહ અને આત્માનું ભેદજ્ઞાન થયું છે તેઓના દેહને પ્રહારાદિ થતાં આત્માને પીડા થતી નથી. નમિરાજર્ષિને આત્મા અને ધનનું ભેદજ્ઞાન થયું હતું, તેથી મિથિલા નગરી બળતી સાંભળીને તેને થયું કે મારૂં કાંઈ બળતું નથી. જે માણસને ભેદજ્ઞાન થયું છે તેને માતાપિતાના વિયોગનું દુઃખ આવી પડતાં દુઃખ થતું નથી અને જેને આત્મીયપણાનું અભિમાન છે તે દાસના દુઃખથી પણ મૂર્છા પામે છે.

## ૬ અશુચિ ભાવના

**रसासृग्मांसमेदोऽस्थिमज्जाशुक्रान्त्रवर्चसाम् ।**
**अशुचीनां पदं कायः शुचित्वं तस्य तत्कुतः ? ॥६६॥**

રસ, લોહી, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, વીર્ય, આંતરડાં, વિષ્ટા વગેરે અપવિત્ર વસ્તુઓના સ્થાનરૂપ આ શરીર છે. તેથી તેની પવિત્રતા ક્યાંથી હોય? (૬૬)

**नवस्रोतःस्रवद्विस्ररसनिःस्यन्दपिच्छिले ।**
**देहेऽपि शौचसङ्कल्पो महन्मोहविजृम्भितम् ॥६७॥**

આંખ, કાન, નાક, મુખ, અધોદ્વાર અને જનનેન્દ્રિય રૂપી નવ દ્વારમાંથી વહેતા દુર્ગંધી ચીકણા રસના સતત

આવવાથી મલિન રહેતા શરીરમાં પવિત્રપણાનું અભિમાન કરવું એ મહામોહનું લક્ષણ છે. (૬૭)

૭ આસ્રવ ભાવના

मनोवाक्कायकर्माणि योगाः कर्म शुभाशुभम् ।
यदाश्रवन्ति जन्तूनामाश्रवास्तेन कीर्तिताः ॥६८॥

મન, વચન અને કાયાની પ્રવૃત્તિરૂપ મનોયોગ વચનયોગ અને કાયયોગથી શુભાશુભ કર્મ આત્મામાં આસ્રવે છે-પ્રવેશ કરે છે, તેથી તે યોગોને આશ્રવ કહે છે. (૬૮)

मैत्र्यादिवासितं चेतः कर्म सूते शुभात्मकम् ।
कषायविषयाक्रान्तं वितनोत्यशुभं पुनः ॥ ६९ ॥

મૈત્રી, મુદિતા, કરુણા અને ઉપેક્ષારૂપી ભાવથી વાસિત કરેલું ચિત્ત શુભ કર્મને પેદા કરે છે અને ક્રોધાદિ કષાયો તથા વિષયોથી વ્યાપ્ત થયેલું ચિત્ત અશુભ કર્મને પેદા કરે છે, (૬૯)

शुभार्जनाय निर्मिथ्यं श्रुतज्ञानाश्रितं वचः ।
विपरीतं पुनर्ज्ञेयमशुभार्जनहेतवे ॥ ७० ॥

સત્ય અને શ્રુતજ્ઞાનાનુસારી વચન શુભકર્મના બન્ધનું કારણ થાય છે અને તેથી વિપરીત વચન અશુભ કર્મના બન્ધનું કારણ છે.

शरीरेण सुगुप्तेन शरीरी चिनुते शुभम् ।
सततारम्भिणा जन्तुघातकेनाशुभं पुनः ॥ ७१ ॥

અસત્ પ્રવૃત્તિ રહિત શરીર વડે જીવ શુભ કર્મ સંચિત કરે છે અને સતત મહારંભી અને હિંસક પ્રવૃત્તિવાળા શરીરવડે અશુભ કર્મ બાંધે છે. (૭૧)

**कषाया विषया योगाः प्रमादाविरती तथा ।**
**मिथ्यात्वमार्तरौद्रे चेत्यशुभं प्रति हेतवः ॥७२॥**

ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયો, રસ શબ્દાદિ વિષયો, મન–વચન–કાયાની પ્રવૃત્તિરૂપ યોગો, અજ્ઞાન સંશય. વિપર્યય, રાગ. દ્વેષ સ્મૃતિભ્રંશ, ધર્મનો અનાદર અને યોગદુષ્પ્રણિધાનરૂપ આઠ પ્રકારનો પ્રમાદ, અવિરતિ-નિયમનો અભાવ, મિથ્યાત્વ. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન બધાં અશુભ કર્મના હેતુઓ છે (૭૨)

## ૮ સંવર ભાવના

**सर्वेषामाश्रवाणां तु निरोधः संवरः स्मृतः ।**
**स पुनर्भिद्यते द्वेधा द्रव्यभावविभेदतः ॥ ७३ ॥**

ઉપર કહેલા બધા આસ્રવોને નિરોધ કરવાનો ઉપાય સંવર કહેવાય છે. તેના દ્રવ્યસંવર અને ભાવસંવર એમ બે ભેદો છે. (૭૩)

**यः कर्मपुद्गलादानच्छेदः स द्रव्यसंवरः ।**
**भवहेतुक्रियात्यागः स पुनर्भावसंवरः ॥ ७४ ॥**

કર્મપુદ્ગલના આસ્રવદ્વારા થતા પ્રવેશને રોકવો તે દ્રવ્યસંવર અને સંસારના કારણભૂત ક્રિયાનો ત્યાગ તે ભાવસંવર. (૭૪)

**येन येन ह्युपायेन रुध्यते यो य आश्रवः ।**
**तस्य तस्य निरोधाय स स योज्यो मनीषिभि ॥७५॥**

જે જે ઉપાયથી જે જે આસ્રવ રોકી શકાય, તે તે આસ્રવના નિરોધ માટે બુદ્ધિમાન પુરુષોએ તે તે ઉપાય યોજવો. (૭૫)

**क्षमया मृदुभावेन रूजुत्वेनाप्यनीहया ।**
**क्रोधं मानं तथा मायां लोभं रुन्ध्याद्यथाक्रमम् ॥७६॥**

જેમકે ક્ષમાથી ક્રોધને રોકવો, નમ્રતાથી માનને રોકવું, સરલતાથી માયાને રોકવી અને સંતોષથી લોભને રોકવો. (૭૬)

**असंयमकृतोत्सेकान् विषयान् विषसंनिभान् ।**
**निराकुर्यादखण्डेन संयमेन महामतिः ॥ ७७ ॥**

બુધ્ધિમાન પુરુષે ઇન્દ્રિયોના અસંયમ-ઉન્માદથી પ્રબળ બનેલા વિષ જેવા વિષયોને ઇન્દ્રિયોના અખંડ સંયમથી રોકવા. (૭૭)

***तिसृभिर्गुप्तिभिर्योगान् प्रमादं चाप्रमादतः ।***
**सावद्ययोगहानेनाविरतिं चापि साधयेत् ॥ ७८ ॥**
**सद्दर्शनेन मिथ्यात्वं शुभस्थैर्येण चेतसः ।**
**विजयेतार्तरौद्रे च संवरार्थं कृतोद्यमः ॥ ७९ ॥**

સંવર માટે પ્રયત્ન કરતા યોગીએ ત્રણ ગુપ્તિ (યોગ-નિગ્રહ)થી મન-વચન-કાયાના વ્યાપારોને રોકવા, અપ્રમાદથી પ્રમાદને રોકવો, બધી સદોષ પ્રવૃત્તિના ત્યાગથી

અવિરતિને રોકવી. સમ્યગ્દર્શનવડે મિથ્યાત્વને રોકવું, તથા શુભધ્યાનરૂપ ચિત્તની સ્થિરતા વડે આર્ત તથા રૌદ્ર ધ્યાનોને રોકવા. (૭૮–૭૯)

રાજમાર્ગમાં રહેલા અનેક દ્વારવાળા ઘરનાં બારણાં ઉઘાડાં હોય તો તેમાં રજ દાખલ થાય છે અને દાખલ થઈને ચીકાશના યોગે ત્યાં ચોંટી જાય છે. પરંતુ બારીબારણાં બન્ધ કર્યાં હોય તો રજ પ્રવેશ થવા પામતી નથી અને ત્યાં ચોંટી જતી પણ નથી. કોઈ સરોવરમાં પાણી આવવાના બધા માર્ગો ઉઘાડા હોય તો તે દ્વારા પાણી આવે છે, પરન્તુ તે બધા માર્ગો બન્ધ કર્યા હોય તો થોડું પણ પાણી સરોવરમાં દાખલ થઈ શકતું નથી. કોઈ વહાણની અંદર છિદ્રો હોય તો તે દ્વારા તેમાં પાણી દાખલ થાય છે, પરન્તુ તે છિદ્રો બન્ધ કર્યાં હોય તો થોડું પણ પાણી વહાણની અંદર પ્રવેશ કરતું નથી તેમ મિથ્યાત્વાદિ આસ્રવદ્વારે ઉઘાડાં હોય તો જીવમાં કર્મ દાખલ થાય છે અને તે દ્વારો બન્ધ થાય તો સંવરયુક્ત જીવમાં કર્મનો પ્રવેશ થતો નથી. સંવરથી આશ્રવના દ્વાર બન્ધ થાય છે. તે સંવર ક્ષમા વગેરે ભેદોથી અનેક પ્રકારનો છે. મિથ્યાત્વના ઉદયને રોકવાથી અવિરતિ સમ્યગ્દૃષ્ટિ આદિ ગુણસ્થાને મિથ્યાત્વનો સંવર હોય છે, દેશવિરતિ આદિ ગુણસ્થાને અવિરતિનો સંવર હોય છે. અપ્રમત્ત સંયતાદિ ગુણસ્થાનકે પ્રમાદનો સંવર હોય છે, ઉપશાન્તમોહ અને ક્ષીણમોહાદિ ગુણસ્થાનકે કષાયનો સંવર હોય છે અને અયોગી કેવલી ગુણસ્થાને સંપૂર્ણ યોગસંવર હોય છે.

## ૯ નિર્જરા ભાવના

**संसारबीजभूतानां कर्मणां जरणादिह ।**
**निर्जरा सा स्मृता द्वेधा सकामा कामवर्जिता ॥८०॥**

સંસારના કારણભુત કર્મને ખેરવી નાખવા તેને નિર્જરા કહે છે. તે સકામ નિર્જરા અને અકામ નિર્જરા. એમ બે પ્રકારની છે. (૮૦)

**ज्ञेया सकामा यमिनामकामा त्वन्यदेहिनाम् ।**
**कर्मणां फलवत्पाको यदुपायात् स्वतोऽपि हि ॥८१॥**

સંયમી પુરુષોને ઈરાદાપૂર્વક તપ વગેરે ઉપાયદ્વારા કર્મનો ક્ષય કરવારૂપ સકામ નિર્જરા હોય છે અને અસંયમીને તે સિવાય વિપાકથી કર્મને ભોગવીને ક્ષય કરવારૂપ અકામ નિર્જરા હોય છે. કારણકે કર્મોનો પાક-નિર્જરા ફળના પાકની પેઠે ઉપાયોથી અને સ્વાભાવિક રીતે થાય છે. (૮૧)

**सदोषमपि दीप्तेन सुवर्णं वह्निना यथा ।**
**तपोऽग्निना तप्यमानस्तथा जीवो विशुध्यति ॥८२॥**

જેમ અશુદ્ધ સોનું પ્રજ્વલિત થયેલા અગ્નિવડે શુદ્ધ થાય છે, તેવી રીતે તપરૂપી અગ્નિ દ્વારા તપાવવામાં આવતો જીવ શુદ્ધ થાય છે. (૮૨)

**अनशनमौनोदर्यं वृत्तेः संक्षेपणं तथा ।**
**रसत्यागस्तनुक्लेशो लीनतेति बहिस्तपः ॥ ८३ ॥**

(૧) અનશન—જીવન પર્યંત કે અમુક કાલ પર્યન્ત આહારનો ત્યાગ કરવો,
(૨) ઔનોદર્ય—સ્વાભાવિક આહારથી અલ્પ આહાર લેવો.
(૩) વૃત્તિસંક્ષેપ-પોતાને ખાવા પીવા વગેરે ઉપયોગમાં આવતી વસ્તુઓનો સંક્ષેપ કરવો.
(૪) રસપરિત્યાગ—દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ અને પકવાન વગેરે વિકારવર્ધક પદાર્થોનો ત્યાગ કરવો.

(૫) કાયક્લેશ—ટાઢ તડકામાં કે આસનો વગેરેથી શરીરને કસવું.

(૬) લીનતા—બાધાવિનાના એકાંત સ્થાનમાં વસવું. અથવા મન, વચન, કાયા, કષાય અને ઇન્દ્રિયોનો સંકોચ કરવો. એ ૭ પ્રકારનું બાહ્ય તપ છે.

**प्रायश्चित्तं वैयावृत्त्यं स्वाध्यायो विनयोऽपि च ।**
**व्युत्सर्गोऽथ शुभं ध्यानं षोढेत्याभ्यन्तरं तपः ॥८४॥**

(૧) પ્રાયશ્ચિત્ત-વ્રતાદિમાં લાગેલા દોષની શુદ્ધિ માટે જે અનુષ્ઠાન કરવામાં આવે તે. (૨) વૈયાવૃત્ય-સેવા, શુશ્રૂષા. (૩) સ્વાધ્યાય (૪) વિનય (૫) વ્યુત્સર્ગ-સદોષ અને જન્તુ સહિત અન્ન પાનાદિ અને કષાયોનો ત્યાગ કરવો. (૬) ધ્યાન. એમ ૭ પ્રકારનું આભ્યન્તર તપ છે. (૮૪)

**दीप्यमाने तपोवह्नौ बाह्ये चाभ्यन्तरेऽपि च ।**
**यमी जरति कर्माणि दुर्जराण्यपि तत्क्षणात् ॥८५॥**

સંયમી પુરુષ બાહ્ય અને આભ્યંતર તપરૂપી પ્રજ્વલિત અગ્નિમાં કષ્ટથી ક્ષય થાય એવાં તીવ્ર કર્મોનો પણ તત્કાલ નાશ કરી નાંખે છે. (૮૫)

### ૧૦ ધર્મસ્વાખ્યાત ભાવના

**स्वाख्यातः खलु धर्मोऽयं भगवद्भिर्जिनोत्तमैः ।**
**यं समालम्बमानो हि न मज्जेद् भवसागरे ॥८६॥**

કેવલજ્ઞાની ભગવંત જિનોએ ધર્મ સારી રીતે કહેલો છે. જેનું આલંબન લેનારો પ્રાણી ભવસાગરમાં બૂડતો

નથી એમ વિચારવું તે ધર્મસ્વાખ્યાત ભાવના છે. (૮૬)

**संयमः सूनृतं शौचं ब्रह्माकिञ्चनता तपः ।**
**क्षान्तिर्मार्दवमृजुता मुक्तिश्च दशधा स तु ॥ ८७ ॥**

સંયમ (અહિંસા), સત્ય, શૌચ (ચૌર્ય ત્યાગ), બ્રહ્મચર્ય, અકિંચનતા (અપરિગ્રહ), તપ, ક્ષમા, મૃદુતા—નમ્રતા, ઋજુતા—સરળતા અને મુક્તિ—નિર્લોભતા એમ ધર્મ દશ પ્રકારનો છે. (૮૭)

**अपारे व्यसनाम्भोधौ पतन्तं पाति देहिनम् ।**
**सदा सविधवर्त्येकबन्धुर्धर्मोऽतिवत्सलः ॥ ८८ ॥**

સદા સમીપવર્તી અદ્વિતીય બન્ધુ સમાન અતિવત્સલ ધર્મ જ અપાર દુઃખસમુદ્રમાં પડતા પ્રાણીને બચાવે છે. (૮૮)

**अबन्धूनामसौ बन्धुरसखीनामसौ सखा ।**
**अनाथानामसौ नाथो धर्मो विश्वैकवत्सलः ॥८९॥**

બંધુરહિતનો બંધુ, મિત્રરહિતનો મિત્ર, અનાથોનો નાથ અને સર્વ જગત ઉપર વત્સલતા રાખનાર ધર્મ જ છે. (૮૯)

### ૧૧ લોક ભાવના

**कटिस्थकरवैशाखस्थानकस्थनराकृतिम् ।**
**द्रव्यैः पूर्णं स्मरेल्लोकं स्थित्युत्पत्तिव्ययात्मकैः ॥९०॥**

કેડે હાથ મૂકીને પહોળા પગ રાખી ઊભેલા પુરુષ જેવી આકૃતિવાળા તથા સ્થિતિ, ઉત્પત્તિ અને વિનાશસ્વરૂપવાળા દ્રવ્યોથી પરિપૂર્ણ લોકના સ્વરૂપનું ચિન્તન કરવું. ૯૦

### ૧૨ બોધિદુર્લભ ભાવના

अकामनिर्जरारूपात् पुण्याज्जन्तोः प्रजायते ।
स्थावरत्वात्त्रासत्वं वा तिर्यक्त्वं वा कथंचन ॥९१॥
मानुष्यमार्यदेशश्च जातिः सर्वाक्षपाटवम् ।
आयुश्च प्राप्यते तत्र कथञ्चित्कर्मलाघवात् ॥९२॥
प्राप्तेषु पुण्यतः श्रद्धा कथकश्रवणेष्वपि ।
तत्त्वनिश्चयरुपं तद् बोधिरत्नं सुदुर्लभम् ॥९३॥

યથાપ્રવૃત્તિ કરણથી મોક્ષની અભિલાષા સિવાય કર્મનો ક્ષય થતા સ્થાવર યોનિમાંથી નીકળી ત્રસયોનિ કે પશુપણું પામે છે. તેમાં પણ અશુભકર્મનો ક્ષય થવાથી પુણ્યના યોગે મનુષ્યપણું, આર્યદેશ ઉત્તમજાતિ, પાંચે ઇન્દ્રિયોની પૂર્ણતા અને દીર્ઘ આયુષ્ય પ્રાપ્ત થાય છે, તેમાં પણ પુણ્યથી ધર્મની અભિલાષા, ધર્મોપદેશક ગુરુ અને તેમના વચનનું શ્રવણ પ્રાપ્ત થવા છતાં તત્ત્વનિશ્ચયરૂપ બોધિરત્ન પ્રાપ્ત થવું અતિદુર્લભ છે.

રાજ્ય, ચક્રવર્તીપણું કે ઇંદ્રપણું પ્રાપ્ત થવું દુર્લભ નથી, પણ બોધિની પ્રાપ્તિ અત્યંત દુર્લભ છે એમ જિન પ્રવચનમાં કહ્યું છે. સર્વ જીવોએ બધા ભાવો પૂર્વે અનંતવાર પ્રાપ્ત કર્યાં છે, પરંતુ તેને કદાપિ બોધિની પ્રાપ્તિ થઇ નથી, તેથી જ સંસારમાં પરિભ્રમણ કરે છે. સર્વે જીવોને અનંત પુદ્ગલ પરાવર્ત વ્યતીત થયા, પરંતુ જ્યારે કંઇક ન્યૂન અર્ધ પુદ્ગલ પરાવર્ત બાકી રહેતાં આયુ સિવાયનાં બધાં કર્મની સ્થિતિ અન્તઃકોટાકોટી સાગ-

રોપમની બાકી રહે ત્યારે કોઇક જીવ ગ્રંથિભેદથી ઉત્તમ બોધિરત્ન પામે છે અને બીજા જીવો યથાપ્રવૃત્તિકરણથી ગ્રંથિની મર્યાદામાં આવેલાં છતાં પાછા પડે છે અને પુનઃ સંસારમાં ભમે છે. કુશાસ્ત્રશ્રવણ, મિથ્યાદષ્ટિનો સંગ, કુવાસના અને પ્રમાદશીલતા એ બધા બોધિના વિરોધી છે. જો કે ચારિત્રની પ્રાપ્તિ દુર્લભ છે, તો પણ બોધિ પ્રાપ્ત થયે ચારિત્રની સફળતા છે, અન્યથા નિષ્ફળતા છે. અભવ્યો પણ ચારિત્ર પ્રાપ્ત કરીને ગ્રૈવેયકાદિ સ્વર્ગમાં જાય છે, પણ બોધિ સિવાય નિર્વાણ પ્રાપ્ત કરી શકતા નથી. જેને બોધિરત્ન પ્રાપ્ત થયું નથી, તે ચક્રવર્તી હોવા છતાં પણ રંક જેવો છે, પરંતુ જેણે બોધિરત્ન પ્રાપ્ત કર્યું છે તે રંક પણ ચક્રવર્તી કરતાં અધિક છે. જેમને બોધિ પ્રાપ્ત થયેલ છે તે જીવો સંસારમાં ક્યાંય આસક્ત થતા નથી, પરન્તુ મમત્વરહિત થઇને એક માત્ર મુક્તિ માર્ગની ઉપાસના કરે છે. જેઓ પરમ પદ પામ્યા છે, પામશે અને પામે છે તે બધા બોધિ પામીને જ તેમ કરી શકે છે માટે બોધિનીજ ઉપાસના કરો. (૯૧-૯૩)

**भावनाभिरविश्रान्तमिति भावितमानसः ।**
**निर्ममः सर्वभावेषु समत्वमवलम्बते ॥९४॥**

આમ આ બાર ભાવનાઓ વડે નિરંતર મનને સુવાસિત કરતો, મમત્વરહિત થઇને બધા પદાર્થોમાં સમત્વને પામે છે. (૯૪)

**विषयेभ्यो विरक्तानां साम्यवासितचेतसाम् ।**
**उपशाम्येत् कषायाग्निर्बोधिदीपः समुन्मिषेत् ॥९५॥**

વિષયોથી વિરકત થયેલા, સમભાવથી સુવાસિત ચિત્તવાળા પુરુષોનો કષાયરૂપી અગ્નિ શાંત થાય છે અને બોધિરૂપી દીપક પ્રગટે છે. (૯૫)

**समत्वमवलम्ब्याथ ध्यानं योगी समाश्रयेत् ।**
**विना समत्वमारब्धे ध्याने स्वात्मा विडम्ब्यते ॥९६॥**

સમત્વનું અવલમ્બન કરી[૧] યોગી ધ્યાન કરી શકે છે. સમબુદ્ધિ પ્રાપ્ત કર્યા વિના જો ધ્યાનની શરૂઆત કરે તો તે પોતાના આત્માની વિડંબના કરે છે. (૯૬)

ઈન્દ્રિયો વશ કરી નથી, મન શુદ્ધ કર્યું નથી, રાગદ્વેષ જીત્યા નથી, નિર્મમત્વ કર્યું નથી, સમતાની સાધના કરી નથી, પરન્તુ ગતાનુગતિકપણે ઉભય લોકના માર્ગથી ભ્રષ્ટ થઇ મૂઢ પુરુષો ધ્યાનનો આરંભ કરે છે.

**मोक्षः कर्मक्षयादेव स चात्मज्ञानतो भवेत् ।**
**ध्यानसाध्यं मतं तच्च तद्ध्यानं हितमात्मनः ॥९७॥**

મોક્ષ કર્મોના ક્ષયથી જ પ્રાપ્ત થાય છે; કર્મનો ક્ષય આત્મજ્ઞાનથી થાય છે અને આત્મજ્ઞાન ધ્યાનથી સધાય છે; તેથી ધ્યાન આત્માનું હિતકારી છે. (૯૭)

ધ્યાન અને સમભાવમાં કોણ વધારે મહત્વનું છે તેવી શંકાનો ઉત્તર આચાર્ય નીચેના શ્લોકમાં આપે છે.

**न साम्येन विना ध्यानं न ध्यानं विना च तत् ।**
**निष्कम्पं जायते तस्माद् द्वयमन्योन्यकारणम् ॥९८॥**

સમભાવ વિના ધ્યાન સંભવતું નથી અને ધ્યાન વિના નિષ્કંપ સમભાવ પ્રાપ્ત થતો નથી, તેથી બન્ને એકબીજાનાં કારણરૂપ છે. (૯૮)

**मुहूर्तान्तर्मनःस्थैर्यं ध्यानं छद्मस्थयोगिनाम् ॥**
**धर्म्यं शुक्लं च तद् द्वेधा योगरोधस्त्वयोगिनाम् ॥९९॥**

એક આલંબનમાં અંતર્મુહૂર્ત પર્યંત ચિત્તની સ્થિરતા તે ધ્યાન. તેના બે ભેદ છે. ધર્મધ્યાન અને શુકલધ્યાન. તે બન્ને પ્રકારના ધ્યાન કેવલજ્ઞાન રહિત સયોગીને હોય છે અને અયોગીને યોગના નિરોધરૂપ ધ્યાન હોય છે.. સયોગી કેવલીને માત્ર યોગ નિરોધ કરવાના સમયે એક શુકલ ધ્યાન હોય છે. (૯૯)

**मुहूर्तात् परतश्चिन्ता यद्वा ध्यानान्तरं भवेत् ॥**
**बह्वर्थसंक्रमे तु स्याद् दीर्घाऽपि ध्यानसंततिः ॥१००॥**

ધ્યાન એક આલંબનમાં મુહૂર્તસુધી સંભવે છે, ત્યારબાદ ચિન્તા હોય અથવા બીજુ આલંબન લેવામાં આવે તો બીજું ધ્યાન હોય. એમ જુદા જુદા વિષયના આલંબનથી ધ્યાનનો પ્રવાહ લંબાવી શકાય. (૧૦૦)

**मैत्रीप्रमोदकारुण्यमाध्यस्थ्यानि नियोजयेत् ।**
**धर्म्यध्यानमुपस्कर्तुं तद्धि तस्य रसायनम् ॥१०१॥**

ધર્મધ્યાનનો પ્રવાહ ચાલુ રાખવા માટે એટલે તૂટતા ધ્યાનને ધ્યાનાન્તરની સાથે અનુસંધાન કરવા મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય એ ચાર ભાવનાઓને આત્મામાં

જોડવી. કારણ કે મૈત્રી આદિ ભાવનાની યોજના તૂટતા ધ્યાન માટે રસાયન રૂપ છે. (૧૦૧)

**मा कार्षीत् कोऽपि पापानि मा च भूत् कोऽपि दुःखितः**
**मुच्यतां जगदप्येषा मतिर्मैत्री निगद्यते ॥१०२॥**

'કોઇ પ્રાણી પાપ ન કરો, કોઈ દુઃખી ન થાઓ, આખું જગત મુક્ત થાઓ' આવી બુદ્ધિ તે મૈત્રી ભાવના કહેવાય છે. (૧૦૨)

**अपास्ताशेषदोषाणां, वस्तुतत्त्वावलोकिनाम् ।**
**गुणेषु पक्षपातो यः स प्रमोदः प्रकीर्तितः ॥१०३॥**

જેમના દોષો દૂર થઈ ગયા છે, અને જેઓ વસ્તુ-સ્વરૂપનું અવલોકન કરનારા છે, તેવા મુનિઓના ગુણો વિષે જે પક્ષપાત તે પ્રમોદ ભાવના છે. (૧૦૩)

**दीनेष्वार्त्तेषु भीतेषु याचमानेषु जीवितम् ।**
**प्रतीकारपरा बुद्धिः कारुण्यमभिधीयते ॥ १०४ ॥**

દીન, પીડિત, ભીત અને જીવિત યાચતા પ્રાણીઓનાં દીનતા વગેરે દૂર કરવાની બુદ્ધિ તે કરુણાભાવના કહેવાય છે. (૧૦૪)

**क्रूरकर्मसु निःशङ्कं देवतागुरुनिन्दिषु ।**
**आत्मशंसिषु योपेक्षा तन्माध्यस्थ्यमुदीरितम् ॥१०५॥**

નિઃશંકપણે ક્રૂર કર્મો કરનારા, દેવગુરુની નિંદા કરનારા તથા આત્મપ્રશંસા કરનારા લોકો પ્રત્યે ઉપેક્ષાબુદ્ધિ તે માધ્યસ્થ્ય ભાવના કહેવાય છે. (૧૦૫)

**आत्मानं भावयन्नाभिर्भावनाभिर्महामतिः ।**
**त्रुटितामपि संधत्ते विशुद्धध्यानसंततिम् ॥१०६॥**

આ ભાવનાઓ વડે આત્માને ભાવિત કરતો બુદ્ધિમાન પુરુષ તૂટેલ વિશુદ્ધ ધ્યાનના પ્રવાહને પણ સાંધી શકે છે.

**तीर्थं वा स्वस्थताहेतु यत्तद्वा ध्यानसिद्धये ।**
**कृतासनजयो योगी विविक्तं स्थानमाश्रयेत् ॥१०७॥**

ધ્યાનની સિદ્ધિ માટે જેણે આસનોનો અભ્યાસ કર્યો છે એવો તીર્થંકરોનાં જન્મસ્થાન, દીક્ષાસ્થાન, જ્ઞાનસ્થાન કે નિર્વાણસ્થાનમાંનું કોઈ તીર્થસ્થાન અથવા ચિત્તની સ્વસ્થતાનું કારણ પર્વતની ગુફા વગેરે કોઈ એકાંત સ્થાનનો આશ્રય કરે.

**जायते येन येनेह विहितेन स्थिरं मनः ।**
**तत्तदेव विधातव्यमासनं ध्यानसाधनम् ॥१०८॥**

જે જે આસન કરવાથી મન સ્થિર થાય તે તે આસનને જ ધ્યાનનું સાધન ગણી કરવું. (૧૦૮)

**सुखासनसमासीनः सुश्लिष्टाधरपल्लवः ।**
**नासाग्रन्यस्तदृग्द्वन्द्वो दन्तैर्दन्तानसंस्पृशन् ॥१०९॥**

**प्रसन्नवदनः पूर्वाभिमुखो वाप्युदङ्मुखः ।**
**अप्रमत्तः सुसंस्थानो ध्याता ध्यानोद्यतो भवेत्॥११०॥**

સુખકર આસન કરી બેઠેલો હોઠ બીડી, નાસિકાના અગ્રભાગ ઉપર બન્ને આંખો સ્થિર કરી, દાંતોને દાંતો સાથે અડકવા નહિ દેતો, પ્રસન્ન મુખવાળો પૂર્વ કે ઉત્તર દિશામાં મોઢું રાખી સારી રીતે ટટાર બેસનાર અપ્રમાદી ધ્યાની ધ્યાન કરવાનો પ્રયત્ન કરે. (૧૦૯–૧૧૦)

+સ્વાનુભવ કથન.

**श्रुतसिन्धोर्गुरुमुखतो यदधिगतं तदिह दर्शितं सम्यक्।**
**अनुभवसिद्धमिदानीं प्रकाश्यते तत्त्वमिदममलम् ॥१॥**

સિધ્ધાંતરૂપ સમુદ્રથી અને ગુરુના મુખથી જે મેં યોગનું તત્ત્વ જાણ્યું હતું તે અહી યથાર્થરુપે દર્શાવ્યું છે. હવે જે નિર્મળ યોગનું તત્ત્વ અને અનુભવસિદ્ધ છે તેને અહીં પ્રકાશિત કરૂ છું. ૧

પ્રથમ મનના ચાર પ્રકાર બતાવે છે--

**इह विक्षिप्तं यातायातं श्लिष्टं तथा सुलीनं च ।**
**चेतश्चतुष्प्रकारं तज्ज्ञचमत्कारकारि भवेत् ॥२॥**

અહીં વિક્ષિપ્ત, યાતાયાત, શ્લિષ્ટ અને સુલીન એમ ચાર પ્રકારનું મન છે. અને તે તેના જાણનારના ચિત્તને ચમત્કાર કરનારૂં છે. ૨

**विक्षिप्तं चलमिष्टं यातायातं च किमपि सानन्दम् ।**
**प्रथमाभ्यासे द्वयमपि विकल्पविषयग्रहं तत्स्यात् ॥३॥**

જ્યાં ત્યાં ભમતું અસ્થિર મન વિક્ષિપ્ત કહેવાય છે. બાહ્ય વિષયોમાં જતું અને વળી કંઇક અંશે આત્મામાં સ્થિર થતું કંઇક આનન્દયુક્ત ચિત્ત યાતાયાત કહેવાય છે. તેમાં જેટલે અંશે આત્મામાં સ્થિર થાય છે તેટલે અંશે આનન્દ સહિત હોય છે. તે બંને પ્રકારના મન પ્રથમ અભ્યાસીને હોય છે અને તે વિકલ્પપૂર્વક બાહ્ય વિષયને ગ્રહણ કરે છે. ૩

---

+ અહીં શ્રી.હેમચંદ્રાચાર્યના સ્વાનુભવરૂપ યોગશાસ્ત્રનો બારમો પ્રકાશ અનુવાદ સહિત આપ્યો છે.

**श्लिष्टं स्थिरसानन्दं सुलीनमतिनिश्चलं परानन्दम् ।**
**तन्मात्रकविषयग्रहमुभयमपि बुधैस्तदाम्नातम् ॥४॥**

સ્થિર અને આનંદવાળુ ચિત્ત શ્લિષ્ટ કહેવાય છે. કારણ કે આત્મામાં સ્થિરતા હોવાથી તે આનંદયુક્ત હોય છે. તથા નિશ્ચલ–અત્યંત સ્થિર અને પરમાનંદયુક્ત ચિત્ત સુલીન કહેવામાં આવે છે. તે બંને પ્રકારનું ચિત્ત માત્ર ચિત્તાગત ધ્યેયરુપ વિષયને ગ્રહણ કરે છે પણ બાહ્ય વિષયને ગ્રહણ કરતું નથી, એમ જ્ઞાની પુરુષોએ કહ્યું છે. ૪

**एवं क्रमशोऽभ्यासावेशाद्ध्यानं भजेन्निरालम्बम् ।**
**समरसभावं यातः परमानन्दं ततोऽनुभवेत् ॥५॥**

આ પ્રમાણે વારંવાર અભ્યાસથી યોગી નિરાલંબન ધ્યાનને પ્રાપ્ત થાય છે. પ્રથમ સ્વાભાવિક વિક્ષિપ્ત ચિત્તથી યાતાયાત ચિત્તનો અભ્યાસ કરે, યાતાયાત ચિત્તથી વિશ્લિષ્ટ ચિત્તનો અભ્યાસ કરે અને વિશ્લિષ્ટ ચિત્તથી સુલીન ચિત્તનો અભ્યાસ કરે. એમ પુનઃ પુનઃ અભ્યાસ કરવાથી નિરાલંબન ધ્યાન પ્રાપ્ત થાય છે. ત્યાર બાદ સમરસભાવની પ્રાપ્તિથી પરમાનન્દને અનુભવે છે. ૫.

સમરસભાવની પ્રાપ્તિનો ક્રમ—

**बाह्यात्मानमपास्य प्रसत्तिभाजाऽन्तरात्मना योगी ।**
**सततं परमात्मानं विचिन्तयेत् तन्मयत्वाय ॥६॥**

યોગી બાહ્યાત્મભાવને દૂર કરી પ્રસન્નતાયુક્ત અન્તરાત્મા વડે પરમાત્મામાં તન્મય થવા માટે પરમાત્માનું ચિન્તન કરે છે.

બાહ્ય આત્મા અને અન્તરાત્માનું સ્વરૂપ—

**आत्मधिया समुपात्तः कायादिः कीर्त्यतेऽत्र बहिरात्मा ।**
**कायादेः समधिष्ठायको भवत्यन्तरात्मा तु ॥७॥**

આત્મબુદ્ધિથી (અહંભાવ અને મમત્વબુદ્ધિથી) શરીરાદિકને ગ્રહણ કરનાર બહિરાત્મા કહેવાય છે. અને કાયાદિકનો અધિષ્ઠાતા—સાક્ષી ( તટસ્થ દ્રષ્ટા ) અન્તરાત્મા કહેવાય છે. ૭.

પરમાત્માનું સ્વરૂપ—

**चिद्रूपानन्दमयो निःशेषोपाधिवर्जितः शुद्धः ।**
**अत्यक्षोऽनन्तगुणः परमात्मा कीर्तितस्तज्ज्ञैः ॥ ८ ॥**

જ્ઞાનસ્વરુપ. આનન્દમય, સમગ્ર ઉપાધિથી રહિત, પવિત્ર, ઇન્દ્રિયોને અગોચર અને અનન્ત ગુણોનું ભાજન પરમાત્મા તેના જાણનાર પુરુષોએ કહ્યો છે.

બહિરાત્મા અને અન્તરાત્માના ભેદજ્ઞાનનું ફળ—

**पृथगात्मानं कायात् पृथक् च विद्यात् सदात्मनः कायम् ।**
**उभयोर्भेदज्ञाताऽऽत्मनिश्चये न स्खलेद्योगी ॥९॥**

શરીરથી આત્માને ભિન્ન જાણે અને સત્ એવા આત્માથી શરીરને જુદું જાણે. એમ જે આત્મા અને શરીરનો ભેદ જાણે છે તે યોગી આત્માનો નિશ્ચય કરવામાં સ્ખલના પામતો નથી. ૯

**अन्तःपिहितज्योतिः संतुष्यत्यात्मनोऽन्यतो मूढः ।**
**तुष्यत्यात्मन्येव हि बहिर्निवृत्तभ्रमो ज्ञानी ॥ १० ॥**

જેની આત્મજ્યોતિ આવરણોને લીધે ઢંકાયેલી છે એવા મૂઢ–અવિવેકી જનો આત્માથી અન્ય બાહ્ય વિષયોમાં સંતોષ પામે છે, પરન્તુ બાહ્ય વિષયોમાં જેની સુખની ભ્રાન્તિ દૂર થયેલી છે એવા જ્ઞાની પુરુષ આત્માને વિષે જ સંતુષ્ટ થાય છે. ૧૦

**पुंसामयत्नलभ्यं ज्ञानवतामव्ययं पदं नूनम् ।**
**यद्यात्मन्यात्मज्ञानमात्रमेते समीहन्ते ॥ ११ ॥**

જો જ્ઞાની પુરુષોને વિના પ્રયત્ને પ્રાપ્ત થઇ શકે તેવું મોક્ષપદ ખરેખર આત્મામાં જ છે તેથી તો આ જ્ઞાની પુરૂષો માત્ર આત્મજ્ઞાન મેળવવા ઇચ્છે છે. ૧૧

**श्रयते सुवर्णभावं सिद्धरसस्पर्शतो यथा लोहम् ।**
**आत्मध्यानादात्मा परमात्मत्वं तथाऽऽप्नोति ॥१२॥**

જેમ સિધ્ધરસના સ્પર્શથી લોઢું સુવર્ણપણાને પામે છે તેમ પરમાત્માના ધ્યાનથી આત્મા પરમાત્મપણાને પામે છે. ૧૨

**जन्मान्तरसंस्कारात् स्वयमेव किल प्रकाशते तत्त्वम् ।**
**सुप्तोत्थितस्य पूर्वप्रत्ययवन्निरुपदेशमपि ॥ १३ ॥**

જેમ નિદ્રામાંથી જાગૃત થયેલા મનુષ્યને પૂર્વે અનુભવેલા પદાર્થોનું કોઇના કહ્યા સિવાય જ્ઞાન થાય છે, તેમ પૂર્વ જન્મના સંસ્કારથી કોઇના ઉપદેશ સિવાય પણ સ્વય-

મેવ આત્મતત્ત્વ પ્રકાશિત થાય છે. તાત્પર્ય એ છે કે જેણે અન્ય જન્મમાં આત્મતત્ત્વનો અભ્યાસ કર્યો છે તેને આ જન્મમાં ગુરુના ઉપદેશ સિવાય પણ આત્મજ્ઞાન થાય છે. ૧૩

अथवा गुरुप्रसादादिहैव तत्त्वं समुन्मिषति नूनम् ।
गुरुचरणोपास्तिकृतः प्रशमजुषः शुद्धचित्तस्य ॥१४॥

અથવા જન્માંતરના સંસ્કાર સિવાય પણ આ જન્મમાં ગુરુના ચરણની સેવા કરનારા, પ્રશમયુક્ત અને શુધ્ધ ચિત્તવાળાને ગુરુની કૃપાથી ખરેખર આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ૧૪.

तत्र प्रथमे तत्त्वज्ञाने संवादको गुरुर्भवति ।
दर्शयिता त्वपरस्मिन् गुरुमेव सदा भजेत् तस्मात् ॥

તેમાં જેણે જન્માંતરમાં તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર્યો છે તેને ગુરુ તે તત્ત્વજ્ઞાનની બાબતમાં દૃઢ પ્રતીતિ કરાવનારા થાય છે. અને જેને જન્માંતરના તત્ત્વજ્ઞાનના સંસ્કાર નથી તેને તત્ત્વજ્ઞાનમાં ગુરુ માર્ગદર્શક થાય છે, માટે બન્ને કારણે ગુરુની સદા ઉપાસના કરવી યોગ્ય છે.

यद्वत्सहस्रकिरणः प्रकाशको निचिततिमिरमग्नस्य ।
तद्वद् गुरुरत्र भवेदज्ञानध्वान्तपतितस्य ॥१६॥

જેમ સૂર્ય ગાઢ અંધકારમાં પડેલી વસ્તુને પ્રકાશિત કરે છે, તેમ અહીં પણ સદ્ગુરુ અજ્ઞાનરૂપ અંધકારમાં પડેલા તત્ત્વને પ્રકાશિત કરે છે. ૧૬

प्राणायामप्रभृतिक्लेशपरित्यागतस्ततो योगी ।
उपदेशं प्राप्य गुरोरात्माभ्यासे रतिं कुर्यात् ॥ १७ ॥

માટે યોગીએ પ્રાણાયામ વગેરેના ક્લેશનો ત્યાગ કરી ગુરુનો ઉપદેશ પામી આત્માના અભ્યાસમાં પ્રીતિ કરવી. ૧૭

वचनमनःकायानां क्षोभं यत्नेन वर्जयेच्छान्तः ।
रसभाण्डमिवात्मानं सुनिश्चलं धारयेन्नित्यम् ॥१८॥

સાધક શાંત થઇ મન, વચન અને કાયાના ક્ષોભનો પ્રયત્ન વડે ત્યાગ કરી રસથી ભરેલાં પાત્રની પેઠે આત્માને હમેશાં નિશ્ચલ [સ્થિર] રાખે. ૧૮

औदासीन्यपरायणवृत्तिः किञ्चिदपि चिन्तयेन्नैव ।
यत्संकल्पाकुलितं चित्तं नासादयेत् स्थैर्यम् ॥ १९ ॥

ઉદાસીનતામાં તત્પર થયેલો તે કોઇ પણ વસ્તુનું ચિન્તન ન કરે. કારણ કે સંકલ્પોથી વ્યાકુલ થયેલું ચિત્ત સ્થિર થતું નથી. ૧૯

यावत्प्रयत्नलेशो यावत्सङ्कल्पकल्पना काऽपि ।
तावन्न लयस्यापि प्राप्तिस्तत्त्वस्य का नु कथा ॥२०॥

જ્યાં સુધી સાધકના પ્રયત્નની ન્યૂનતા છે અને સંકલ્પ વિકલ્પો થયા કરે છે ત્યાં સુધી ચિત્તની લીનતા પણ થતી નથી, તો પછી આત્મજ્ઞાનની વાત જ શી કરવી.

यदिदं तदिति न वक्तुं साक्षाद् गुरुणाऽपि हन्त शक्येत ।
औदासीन्यपरस्य प्रकाशते तत्स्वयं तत्त्वम् ॥२१॥

જે તત્ત્વને 'તે આ છે' એમ સાક્ષાત્ ગુરુ પણ કહી શકતા નથી તે તત્ત્વ ઉદાસીનતામાં તત્પર થયેલાને સ્વયમેવ પ્રગટ થાય છે. (૨૧)

एकान्तेऽतिपवित्रे रम्ये देशे सदा सुखासीनः ।
आ चरणाग्रशिखाग्राच्छिथिलीभूताखिलावयवः ॥२२॥
रूपं कान्तं पश्यन्नपि शृण्वन्नपि गिरं कलमनोज्ञाम् ।
जिघ्रन्नपि च सुगन्धीन्यपि भुञ्जानो रसान् स्वादून् ॥
भावान् स्पृशन्नपि मृदूनवारयन्नपि च चेतसो वृत्तिम् ।
परिकलितौदासीन्यः प्रनष्टविषयभ्रमो नित्यम् ॥२४॥
बहिरन्तश्च समन्ताच्चिन्ताचेष्टापरिच्युतो योगी ।
तन्मयभावं प्राप्तः कलयति भृशमुन्मनीभावम् ॥२५॥

એકાન્તે, અતિપવિત્ર અને રમણીય સ્થળમાં હમેશાં સુખપુર્વક બેસી પગથી માથા સુધીના શરીરના બધા અવયવોને શિથિલ કરી સુન્દર રૂપ જોવે, મધુર મનોહર વાણી સાંભળે, સુગન્ધી પદાર્થોને સુંઘે, સ્વાદિષ્ટ રસોનો આસ્વાદ લે, કોમળ પદાર્થોનો સ્પર્શ કરે અને ચિત્તની વૃત્તિ બીજે જાય તો પણ તેને વારે નહિ, પણ રાગદ્વેષરહિત ઉદાસીનતાને ધારણ કરી વિષયની ભ્રાન્તિને તજી, હમેશાં બહાર અને અન્તરમાં ચિન્તા અને ચેષ્ટાથી રહિત થઇ તન્મયતાને પ્રાપ્ત થયેલો યોગી અત્યન્ત ઉન્મનીભાવને પામે છે. (૨૨–૨૫)

गृह्णन्ति ग्राह्याणि स्वानि स्वानीन्द्रियाणि नो रुन्ध्यात्
न खलु प्रवर्तयेद्वा प्रकाशते तत्त्वमचिरेण ॥ २६ ॥

ઉદાસીનતાને પ્રાપ્ત થયેલા યોગીએ પોતપોતાના વિષયોને ગ્રહણ કરતી ઈન્દ્રિયોને રોકવી નહિ, તેમજ તેને વિષયોમાં પ્રવર્તાવવી નહિ. તેથી થોડા સમયમાં આત્મજ્ઞાન પ્રકાશિત થાય છે. (૨૬)

**चेतोऽपि यत्र यत्र प्रवर्तते नो ततस्ततो वार्यम् ।**
**अधिकीभवति हि वारितमवारितं शान्तिमुपयाति ॥**

મન પણ જ્યાં જ્યાં પ્રવૃત્ત થાય ત્યાંથી તેને વારવું નહિ. કારણ કે તેને જો વાર્યું હોય તો તે પ્રબળ થાય છે અને ન વાર્યું હોય તો શાન્ત થાય છે. (૨૭)

**मत्तो हस्ती यत्नान्निवार्यमाणोऽधिकीभवति यद्वत् ।**
**अनिवारितस्तु कामान् लब्ध्वा शाम्यति मनस्तद्वत् ॥**

જેમ મદોન્મત્ત હાથીને પ્રયત્નથી નિવારો તો તે વધારે જોર કરે છે. અને ન નિવારો તો તે ઇચ્છિત વસ્તુને મેળવી શાન્ત થાય છે, તેમ મન સંબન્ધે પણ જાણવું. (૨૮)

**यर्हि तथा यत्र यतः स्थिरीभवति योगिनश्चलं चेतः ।**
**तर्हि तथा तत्र ततः कथञ्चिदपि चालयेन्नैव ॥२९॥**

જ્યારે, જેમ, જે સ્થળે અને જેથી યોગીનું ચંચલ ચિત્ત સ્થિર થાય ત્યારે, તેમ, તે સ્થળે અને તેનાથી જરા પણ ચલાવવું નહિ. અર્થાત્ અમુક દેશ કાળમાં અને અમુક રીતે ચિત્તને સ્થિર કરવાનો આગ્રહ રાખવો નહિ. (૨૯)

**अनया युक्त्याऽभ्यासं विदधानस्यातिलोलमपि चेतः ।**
**अङ्गुल्यग्रस्थापितदण्ड इव स्थैर्यमाश्रयति ॥ ३० ॥**

આ યુક્તિ વડે અભ્યાસ કરનારનું અતિ ચંચળ ચિત્ત પણ આંગળીના અગ્રભાગ ઉપર રાખેલા દંડની પેઠે સ્થિર થાય છે. (૩૦)

**निःसृत्यादौ दृष्टिः संलीना यत्र कुत्रचित्स्थाने ।**
**तत्रासाद्य स्थैर्यं शनैः शनैर्विलयमाप्नोति ॥ ३१ ॥**

પ્રારંભમાં દૃષ્ટિ નીકળીને કોઇ પણ ધ્યેય પદાર્થમાં લીન થાય છે અને ત્યાંજ સ્થિરતા પામીને ધીમે ધીમે વિલય પામે છે. (૩૧)

**सर्वत्रापि प्रसृता प्रत्यग्भूता शनैः शनैर्दृष्टिः ।**
**परतत्त्वामलमुकुरे निरीक्षते ह्यात्मनाऽऽत्मानम् ॥३२॥**

ચારે તરફ ફેલાયલી પરન્તુ ધીમે ધીમે અંદર વળેલી દૃષ્ટિ પરમાત્મતત્ત્વરૂપ નિર્મલ આરિસામાં આત્મા વડે આત્માને જુએ છે. (૩૨)

**औदासीन्यनिमग्नः प्रयत्नपरिवर्जितः सततमात्मा ।**
**भावितपरमानन्दः क्वचिदपि न मनो नियोजयति ॥**
**करणानि नाधितिष्ठत्युपेक्षितं चित्तमात्मना जातु ।**
**ग्राह्ये ततो निजनिजे करणान्यपि न प्रवर्तन्ते ॥३४॥**
**नात्मा प्रेरयति मनो न मनः प्रेरयति यर्हि करणानि ।**
**उभयभ्रष्टं तर्हि स्वयमेव विनाशमाप्नोति ॥३५॥**

ઉદાસીનતામાં નિમગ્ન, પ્રયત્ન વિનાનો તથા નિરન્તર પરમાનન્દની ભાવનાવાળો આત્મા કોઇ પણ સ્થળે મનને

જોડતો નથી. એમ આત્મા વડે ઉપેક્ષા કરાયેલું મન કદી પણ ઇન્દ્રિયોનો આશ્રય કરતું નથી. તેથી પોતપોતાના વિષયમાં ઇન્દ્રિયો પ્રવૃત્ત થતી નથી. જ્યારે આત્મા મનને પ્રેરણા કરતો નથી, મન ઇન્દ્રિયોને પ્રેરતું નથી ત્યારે ઉભય ભ્રષ્ટ થયેલું મન સ્વયં વિનાશ પામે છે. (૩૪-૩૫)

**नष्टे मनसि समन्तात्सकले विलयं च सर्वतो याते।**
**निष्कलमुदेति तत्त्वं निर्वातस्थायिदीप इव ॥३६॥**

જ્યારે મન ભસ્મથી ઢંકાયેલા અગ્નિની પેઠે દેખાતું નથી અને કલા સહિત સર્વથા પાણીના પ્રવાહની અંદર પડેલા અગ્નિની પેઠે વિલય પામે છે ત્યારે પવન વિનાના સ્થાનમાં રહેલા દીવાની પેઠે સંપૂર્ણ આત્મજ્ઞાનરૂપ તત્ત્વ પ્રગટ થાય છે, (૩૬)

**अङ्गमृदुत्वनिदानं स्वेदनमर्दनविवर्जनेनापि।**
**स्निग्धीकरणमतैलं प्रकाशमानं हि तत्त्वमिदम् ।३७॥**

આત્મજ્ઞાન જેને પ્રાપ્ત થાય છે તેનું શરીર સ્વેદન અને મર્દન સિવાય પણ કોમળતા ધારણ કરે છે, અને તેલ વિના પણ સ્નિગ્ધતા પ્રાપ્ત કરે છે. (૩૭)

**अमनस्कतया संजायमानया नाशिते मनःशल्ये।**
**शिथिलीभवति शरीरं छत्रमिव स्तब्धतां त्यक्त्वा ।३८॥**

અમનસ્કતાની પ્રાપ્તિ વડે મનરૂપ શલ્ય નાશ પામે છે ત્યારે શરીર છત્રની પેઠે જડતાને તજી શિથિલ થાય છે.

**शल्यीभूतस्यान्तःकरणस्य क्लेशदायिनः सततम् ।**
**अमनस्कतां विनाऽन्यद् विशल्यकरणौषधं नास्ति ॥३८॥**

હંમેશાં ક્લેશ આપનારા શલ્યરૂપે થયેલા અન્તઃકરણને શલ્ય રહિત કરવા માટે અમનસ્કતા સિવાય બીજું ઔષધ નથી. (૩૯)

**कदलीवच्चाविद्या लोलेन्द्रियपत्रला मनःकन्दा ।**
**अमनस्कफले दृष्टे नश्यति सर्वप्रकारेण ॥४०॥**

ચંચળ ઈંદ્રિયોરૂપ પાંદડાવાળી અને મનરૂપ કન્દવાળી કેળરૂપ અવિદ્યા અમનસ્કતા રૂપ ફળનું દર્શન થતા સર્વથા નાશ પામે છે. (૪૦)

**अतिचञ्चलमतिसूक्ष्मं दुर्लक्ष्यं वेगवत्तया चेतः ।**
**अश्रान्तमप्रमादादमनस्कशलाकया भिन्द्यात् ॥४१॥**

મન અતિ ચંચલ છે, અતિસુક્ષ્મ છે અને વેગવાળું હોવાથી લક્ષ્યમાં આવે તેવું નથી. તેને પ્રમાદરહિતપણે થાક્યા સિવાય ઉન્મનીભાવરૂપ શસ્ત્રવડે ભેદી નંખવું. (૪૧)

**विश्लिष्टमिव प्लुष्टमिवोड्डीनमिव प्रलीनमिव कायम् ।**
**अमनस्कोदयसमये योगी जानात्यसत्कल्पम् ॥४२॥**

જ્યારે અમનસ્કભાવની પ્રાપ્તિ થાય છે ત્યારે યોગી પોતાનું શરીર છુટું પડી ગયેલુ હોય, બળી ગયેલું હોય, ઉડી ગયેલું હોય; ઓગળી ગયેલું હોય, અને હોય જ નહિ તેમ જાણે છે. (૪૨)

समदैरिन्द्रियभुजगै रहिते विमनस्कनवसुधाकुण्डे ।
मग्नाऽनुभवति योगी परामृतास्वादमसमानम् ॥४३॥

મદોન્મત ઈન્દ્રિયરૂપ સર્પો રહિત અમનસ્કતા રૂપ નવીન અમૃત કુંડમાં મગ્ન થયેલા યોગી અનુપમ પરમ અમૃતનો આસ્વાદ અનુભવે છે. (૪૩)

रेचकपूरककुम्भककरणाभ्यासक्रमं विनाऽपि खलु ।
स्वयमेव नश्यति मरुद्विमनस्के सत्ययत्नेन ॥४४॥

અમનસ્કતા પ્રાપ્ત થતાં રેચક, પૂરક અને કુંભક ક્રિયાના અભ્યાસ વિના પ્રયત્ન સિવાય વાયુ સ્વયમેવ નાશ (સ્થિરતા) પામે છે. (૪૪)

चिरमाहितप्रयत्नैरपि धर्तुं यो हि शक्यते नैव ।
सत्यमनस्के तिष्ठति स समीरस्तत्क्षणादेव ॥ ४५ ॥

લાંબા કાળ સુધી પ્રયત્ન કરવા છતાં જે વાયુ સ્થિર કરી શકાતો નથી તે અમનસ્કતા પ્રાપ્ત થતાં તત્કાળ સ્થિર થાય છે. (૪૫)

जातेऽभ्यासे स्थिरतामुदयति विमले च निष्कले तत्त्वे ।
मुक्त इव भाति योगी समूलमुन्मूलितश्वासः ॥४६॥

અભ્યાસ સ્થિર થતાં અને નિર્મલ અને આવરણ રહિત તત્વ પ્રકાશિત થતાં મુળથી શ્વાસનું ઉન્મૂલન કરનાર યોગી મુક્ત જેવો લાગે છે. (૪૬).

**यो जाग्रदवस्थायां स्वस्थः सुप्त इव तिष्ठति लयस्थः ।**
**श्वासोच्छ्वासविहीनः स हीयते न खलु मुक्तिजुषः ॥**

જે જાગૃત અવસ્થામાં સ્વસ્થ અને લયની અવસ્થામાં સુતેલા જેવા રહે છે, તે શ્વાસોશ્વાસ રહિત યોગી મુક્ત જીવ કરતાં કોઈ પણ રીતે ઉતરતો નથી. (૪૭)

**जागरणस्वप्नजुषो जगतीतलवर्तिनः सदा लोकाः ।**
**तत्त्वविदो लयमग्ना नो जाग्रति शेरते नापि ॥४८॥**

પૃથ્વી ઉપર રહેનારા લોકો છે તે હંમેશાં જાગરણ અને સ્વપ્ન (નીંદ્રા)ની અવસ્થામાં હોય છે. પરન્તુ લયની અવસ્થામાં મગ્ન થયેલા તત્વજ્ઞાનીઓ જાગતા નથી તેમ ઉંઘતા પણ નથી. (૪૮)

**भवति खलु शून्यभावः स्वप्ने विषयग्रहश्च जागरणे ।**
**एतद्द्वितयमतीत्यानन्दमयमवस्थितं तत्त्वम् ॥४९॥**

ઉંઘમાં શૂન્ય ભાવ હોય છે અને જાગૃત અવસ્થામાં વિષયનું ગ્રહણ થાય છે. પરન્તુ એ બન્ને અવસ્થાઓથી પર આનન્દમય તત્વ રહેલું છે. (૪૯).

**कर्माण्यपि दुःखकृते निष्कर्मत्वं सुखाय विदितं तु ।**
**न ततः प्रयतेत कथं निष्कर्मत्वे सुलभमोक्षे ॥५०॥**

કર્મો દુઃખ માટે અને નિષ્કર્મપણું (કર્મરહિત શુદ્ધ આત્મજ્ઞાન) સુખને માટે થાય છે એ પ્રસિદ્ધ છે. તો પછી જેમાં મોક્ષ સુલભ છે એવા આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે કોણ પ્રયત્ન ન કરે? (૫૦)

**मोक्षोऽस्तु मास्तु यदि वा परमानन्दस्तु वेद्यते स खलु ।
यस्मिन्निखिलसुखानि प्रतिभासन्ते न किञ्चिदिव ॥५१॥**

ભલે મોક્ષ પ્રાપ્ત થાઓ કે ન થાઓ, પણ શુદ્ધ આત્મજ્ઞાન પ્રાપ્ત થયે ખરેખર પરમાનન્દનો અનુભવ થાય છે. જેની પાસે સંસારના બધા સુખો તૃણ તુલ્ય પણ લાગતાં નથી. (૫૧)

**मधु न मधुरं नैताः शीतास्त्विषस्तुहिनद्युते-
रमृतममृतं नामैवास्याः फले तु मुधा सुधा ।
तदलममुना संरम्भेण प्रसीद सखे मनः,
फलमविकलं त्वय्येवैतत्प्रसादमुपेयुषि ॥५२॥**

તે અમનસ્કતાના ફળરૂપ પરમાનન્દની આગળ મધુ પણ મધુર નથી, ચન્દ્રના કિરણો પણ શીતલ નથી, અમૃત તો નામનુંજ અમૃત છે, સુધા પણ વૃથા છે. તો હે મિત્ર મન! સુખપ્રાપ્તિના બધા નિષ્ફળ પ્રયત્નો છોડી પ્રસન્ન થા અને તું પ્રસન્ન થઈશ એટલે તને સંપૂર્ણ સુખની પ્રાપ્તિરૂપ ફળ પ્રાપ્ત થશે. (૫૨).

**सत्येतस्मिन्नरतिरतिदं गृह्यते वस्तु दूरा-
दप्यासन्नेऽप्यसति तु मनस्याप्यते नैव किञ्चित् ।
पुंसामित्यप्यवगतवतामुन्मनीभावहेता-
विच्छा बाढं न भवति कथं सद्गुरुपासनायाम् ॥५३॥**

જો મન છે તો પ્રિય અને અપ્રિય વસ્તુ દુર હોય તો પણ ગ્રહણ કરાય છે, અને જો મન નથી તો વસ્તુ નજીકમાં રહેલી હોવા છતાં પણ ગ્રહણ કરાતી નથી. આમ જાણનારા પુરુષોને ઉન્મનીભાવ (અમનસ્કપણું) પ્રાપ્ત કરવા માટે સદ્‌ગુરુનો ઉપાસના કરવામાં તીવ્ર ઇચ્છા કેમ ન થાય? (૫૩)

અમનસ્કતા પ્રાપ્ત કરવા માટે આત્મપ્રસાદની આવશ્યકતા—

तांस्तानापरमेश्वरादपि परान् भावैः प्रसादं नयन्,
तैस्तैस्तत्तदुपायमूढ भगवन्नात्मन् किमायास्यसि।
हन्तात्मानमपि प्रसादय मनाग् येनासतां संपदः,
साम्राज्यं परमेऽपि तेजसि तव प्राज्यं समुज्जृम्भते।

હે ઐશ્વર્યયુક્ત આત્મા! સુખપ્રાપ્તિના અને દુઃખને દુર કરવાના ઉપાયનો અજાણ હોવાથી તું ધન, યશ, વિદ્યા. રાજ્ય અને સ્વર્ગાદિની પ્રાપ્તિ, તથા રોગ, દારિદ્ર, ઉપદ્રવાદિ અનર્થને દુર કરવાના તે તે પ્રકારના અભિપ્રાયથી આત્મા સિવાયના પરમેશ્વર સુધીના પર પદાર્થોને પ્રસન્ન કરવાનો પ્રયત્ન કરતો વૃથા મહેનત શા માટે કરે છે? એક આત્માને જ રજસ્ અને તમોગુણને દુર કરી જરા પ્રસન્ન કર, જેથી સંપત્તિ તો શું પણ પરમજ્યોતિસ્વરૂપ પરમાત્માનું પ્રચુર સમ્રાજ્ય તને પ્રાપ્ત થશે. (૫૪)

या शास्त्रात्सुगुरोर्मुखादनुभवाच्चाज्ञायि किञ्चित्क्वचित्,
योगस्योपनिषद्विवेकपरिषच्चेतश्चमत्कारिणी ।
श्रीचौलुक्यकुमारपालनृपतेरत्यर्थमभ्यर्थना-
दाचायण निवेशिता पथि गिरां श्रीहेमचन्द्रेण सा ॥

વિવેકી પુરુષોની પરિષદ્દના ચિત્તને આનન્દ આપનાર શાસ્ત્ર, સુગુરુ અને અનુભવથી જે યોગનું રહસ્ય જાણ્યું હતું તે ચૌલુકય કુમારપાલ રાજાની અત્યન્ત પ્રાર્થનાથી શ્રીહેમચંદ્રાચાર્યે વાણીના માર્ગમાં ઉતાર્યું. (૫૫)

# શુદ્ધિપત્ર

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૮ | ૧૫ | णिथमा | णियमा |
| ૯ | ૩ | —बिश्रान्ति | —विश्रान्ति |
| ૧૦ | ૮ | —भग्नस्य | —मग्नस्य |
| ૧૧ | ૯ | પત્રિણામના | પરિણામના |
| ૧૧ | ૧૫ | बध्थते | बध्यते |
| ૨૩ | ૨૦ | उव्लर्णं | उल्बणं |
| ૨૬ | ૭ | भावोच्च— | भवोच्च — |
| ૩૭ | ૯ | व्रह्म | ब्रह्म |
| ૬૨ | ૧૪ | शन्यस्य | शून्यस्य |
| ૭૦ | ૧૨ | નુષ્ઠાન | અનુષ્ઠાન |
| ૭૮ | ૬ | श्राया | आया |
| ૧૩૩ | ૧૫ | અવધિજ્ઞા | અવધિજ્ઞાન |
| ૧૩૬ | ૨૦ | ભાતમતિને | ભૌતમતિને |
| ૧૫૩ | ૪ | श्वत्य— | श्चत्य— |
| ૧૫૯ | ૧૬ | ध्याम— | ध्यान |
| ૧૬૭ | ૧ | મધ્યસ્થાન | મઃસ્થાન |
| ૧૭૭ | ૯ | तपा | तपो |
| ૧૮૫ | ૧૪ | ભાવમાન— | ભાવમૌન |
| ૨૦૨ | ૧૬ | क्षमकैव | क्षमैकैव |
| ૨૦૫ | ૧૬ | —ल्लोभ | —ल्लोभः |
| ૨૨૫ | | व्यसनाम्भोर्धे | व्यसनाम्भोधै |
| ૨૨૫ | | बन्धुधर्मो | बन्धुर्धर्मो |
| ૨૨૭ | ૧૯ | समक्त्व | सम्यक्त्व— |
| ૨૩૦ | ૪ | मत्री | मैत्री— |

પૂઠું · દીપક પ્રિન્ટરી · અમદાવાદ